# બોધિ-સમાધિ-નિધાન



(ભાગ-૨)

યશોધર ચરિત્ર | વરાંગ ચરિત્ર | પ્રદ્યુમ્ન ચરિત્ર

: પ્રકાશક :

**નાગરદાસ બેચરદાસ મોદી-પરિવાર**

'ક્રમબદ્ધ-નિવાસ', ૪૫, કહાન નગર સોસાયટી

સોનગઢ (સૌરાષ્ટ્ર) ૩૬૪૨૫૦

सर्वज्ञवीतरागाय नमः।

# બોધિ-સમાધિ-નિધાન

## ભાગ-૨

* યશોધર ચરિત્ર
* વરાંગ ચરિત્ર
* પ્રદ્યુમ્ન ચરિત્ર

: ગુજરાતી અનુવાદક :

**પ્રશમ જિતુભાઈ મોદી, સોનગઢ**

❀

: સંકલનકાર :

**જિતુભાઈ નાગરદાસ મોદી**

**પ્રશમ જિતુભાઈ મોદી, સોનગઢ**

卐

: પ્રકાશક :

**નાગરદાસ બેચરદાસ મોદી—પરિવાર**

**'ક્રમબદ્ધ નિવાસ', ૪૫, કહાન નગર સોસાયટી,**

**સોનગઢ-(સૌરાષ્ટ્ર) ૩૬૪૨૫૦**

પ્રથમાવૃત્તિ પ્રત : ૧૫૦૦

વીર.સં. ૨૫૩૫ વિ. સં. ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૮

પ્રકાશનતિથિ : પ્રથમ પુણ્યતિથિ (માગશર વદ—૫)

જીવની જેવી ભવિતવ્યતા એટલે કે પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવી જ તેની બુદ્ધિ થાય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે.

—આચાર્ય શ્રી અકલંકદેવ

: પ્રાપ્તિસ્થાન :

(૧) જિતુભાઈ નાગરદાસ મોદી
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
સોનગઢ (સૌરાષ્ટ્ર) 364250


(૨) ચેતનભાઈ દલસુખરાય દોશી
મેઈન બજાર
સાવરકુંડલા (સૌરાષ્ટ્ર) 364515

**મૂલ્ય : સ્વાધ્યાય**

: મુદ્રક :

**સ્મૃતિ ઓફસેટ**

સોનગઢ-૩૬૪૨૫૦ ફોન નં. (૦૨૮૪૬) ૨૪૪૦૮૧



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ॐ

સહજ ચિદાનંદ.

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતપ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના
પ્રખર પ્રચારક તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન
અધ્યાત્મયુગના સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના
શબ્દોમાં છૂપાયેલા આચાર્યોના ગૂઢ ભાવોને
ખોલવાની અદ્‌ભુત શક્તિ વડે ભવ્યજીવો
ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
જેઓની શીતળ છત્રછાયામાં આજીવન
વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા
પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર,પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
'બોધિ-સમાધિ–નિધાન',
ભાગ–૨ અર્પણ કરતાં
અમે જીવનની ધન્યતા
અનુભવીએ
છીએ.

–પ્રકાશક

## ✻ આજે જ તારું હિત સાધી લે. વિલંબ ન કર! ✻

સૌ પોતાના પૂર્વના કર્મોના ઉદય પ્રમાણે આયુષ્ય અને સંયોગ લઈને આવે છે. તેમાં અન્ય કોઈ જીવ ફેરફાર કરી શકતો નથી, એક શરણમાત્ર પોતાનો આત્મા છે એમ વિચાર કરીને સજ્જનોએ આત્મિક કામ કરવામાં વાર લગાડવી ન જોઈએ. આવો મનુષ્યદેહ, પાંચ ઈન્દ્રિય અને જૈનધર્મ મળ્યા પછી આત્મહિતના કાર્યમાં વાર ન લગાડીશ. આજે જ કરજે. **—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી**

✻

મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ-અનુભૂતિ કરી આત્મઆરાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. **—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી**

✻

ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવો યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મ-મરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો. **—કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર**

✻

ઉત્તર ક્ષણમેં ક્યા પરિણામ હોગા, ઉસકા વર્તમાન ક્ષણમેં હમેં જ્ઞાન નહીં, તો ભવિષ્યકે લિયે ક્યોં વ્યર્થકી કલ્પના? પરિણામકે અલાવા શરીરાદિકકે ક્રિયામેં તો હમારા કોઈ કર્તૃત્વ હૈ હી નહીં, તો ફિર ઈનકે આશ્રિત વિભાવપરિણામોંકા વ્યર્થ બોઝા ક્યોં લાદા જાયે? **—પૂજ્ય સોગાનીજી**

✻

# ઉપોદ્ઘાત

અકારણ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ સાક્ષાત્ સીમંધરસ્વામીની દિવ્યધ્વનિનું વર્ષો સુધી પ્રત્યક્ષ શ્રવણ કરીને તેમજ સીમંધરસ્વામીના સમવસરણમાં પધારેલાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવના પ્રત્યક્ષ દર્શન કરીને, અહીં ભરતમાં પધારીને, ૪૫-૪૫ વર્ષો સુધી અધ્યાત્મની ગંગા વહેવડાવીને અધ્યાત્મક્રાંતિ વડે વિષમ પંચમકાળને ધર્મકાળમાં પરિવર્તિત કર્યો છે.

અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રધાનપણે તો દ્રવ્યદૃષ્ટિનો મૂળભૂત માર્ગ જ પ્રકાશ્યો છે અને સાથોસાથ એ દ્રવ્યદૃષ્ટિના માર્ગે પ્રયાણ કરવામાં સહાયભૂત એવી વૈરાગ્ય-ભૂમિ તૈયાર કરવા પ્રથમાનુયોગના પુરાણ-પુરુષોના અનેક પ્રસંગોને ખૂબ મલાવીને પ્રબોધેલ છે. તેમાંથી પ્રેરણા લઈને સ્વર્ગીય સંપાદક શ્રી નાગરદાસ બી. મોદીએ ગુજરાતી આત્મધર્મમાં બાવન કથાઓ સારરૂપે પ્રકાશિત કરી છે અને તે બાવન કથાને એક પુસ્તિકારૂપે સંકલિત કરતું **''બોધિ-સમાધિ-નિધાન''** આઠ વર્ષ પૂર્વે પ્રકાશિત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ હિન્દીમાં પ્રકાશિત થયું. તે પછી ગુજરાતી તેમજ હિન્દીમાં વારંવાર તે છાપતાં રહેવું પડ્યું છે તે બતાવે છે કે આ કથાસંગ્રહ પુસ્તક મુમુક્ષુ સમાજમાં અત્યંત રુચિકર બન્યું છે.

અનેક પરિચિત મુમુક્ષુઓ તરફથી ''બોધિ-સમાધિ-નિધાન'' જેવું બીજું કોઈ કથાસંગ્રહ-પુસ્તક પ્રકાશિત કરવા માંગણી થતી રહેલી; તેથી જેમને બધા જ પુરાણો તેમજ કથાકોષનો ઘણો જ અભ્યાસ હતો એવા સ્વ. સંપાદક શ્રી નાગરભાઈને 'બોધિ-સમાધિ નિધાન', ભાગ–૨ પ્રકાશિત કરવાની ભાવના જાગૃત થઈ. પરંતુ ભાગ ૧મા જેમ જુદી જુદી બાવન કથાના સારરૂપ પુસ્તક બનાવેલ તેમ અનેક કથાનું સંકલન કરવાને બદલે વૈરાગ્યથી ભરપૂર હોય એવી એક-બે વિસ્તૃત કથા પ્રકાશિત કરવી જેથી ભવ્ય મુમુક્ષુઓને પોતાના પરિણામની સ્થિતિ વિષે અત્યંત જાગૃતિ રહે અને એ રીતે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઉપદેશને—મુમુક્ષુનું હૃદય ''ભીંજાયેલું હૃદય'' હોવું જોઈએ–એ ઉપદેશને—મુમુક્ષુઓ આત્મપરિણત કરી શકે.

પોતાની આ ભાવનાના ફળસ્વરૂપે, પોતાના દોષિત પરિણામોનું કેટલાય ભવો સુધી કેવું કેવું આકરું ફળ ભોગવવું પડે છે તેનું આબેહૂબ ચિત્રણ કરતું **'યશોધર ચરિત્ર'** બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨ રૂપે પ્રકાશિત કરવાનું તેમણે નક્કી કર્યું અને પોતાની હયાતીમાં જ તેનો ગુજરાતી અનુવાદ તૈયાર કરાવેલ. પુરાણોમાં કથાઓ તો ઘણી જ આવે છે પરંતુ યશોધર ચરિત્રની કથા કોઈ જુદા જ પ્રકારની છે, તેમાં ગૃહીત મિથ્યાત્વની અનુમોદના ઉપર વિશેષ પ્રહાર કરવામાં આવ્યો છે.

વરાંગ ચરિત્ર એક વૈરાગ્ય-પ્રેરક કથા છે, પરંતુ હિન્દીમાં હોવાથી ગુજરાતી મુમુક્ષુસમાજમાં આ કથા બહુ ઓછી પ્રચલિત છે. તેવી જ રીતે પ્રદ્યુમ્ન ચરિત્ર પણ હિન્દીમાં હોવાથી ગુજરાતી મુમુક્ષુસમાજમાં આ કથા બહુ ઓછી પ્રચલિત છે. તેથી આ બંને કથાઓનો ગુજરાતી અનુવાદ કરીને, તેનું સંકલન પણ ભાગ-૨ રૂપે પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ.

સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં ચારેય અનુયોગનો ઉપદેશ હોય છે. તેમાં પ્રથમ અનુયોગનું નામ પ્રથમાનુયોગ છે. દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ અને કરણાનુયોગમાં જે વર્ણન છે તેની દૃષ્ટાંત દ્વારા પ્રસિદ્ધિ એટલે આ પ્રથમાનુયોગ છે. પ્રથમાનુયોગના અભ્યાસથી એ ત્રણેય અનુયોગને સમજવાનું સરળ બને છે.

પ્રથમાનુયોગના અભ્યાસથી:

* પુરાણના પાત્રોના પ્રસંગો વાંચતાં–વિચારતાં દૃઢતા થાય છે કે ક્રમબદ્ધ અનુસાર–હોનહાર અનુસાર પરિણમતા પરિણમનકાળે તેને યોગ્ય પુરુષાર્થ હોય જ છે; ક્રમબદ્ધ અનુસાર પુરુષાર્થ થતો હોય જ છે, કર્તૃત્વપૂર્વક કરવો પડતો નથી પરંતુ સહજપણે તેને યોગ્ય પુરુષાર્થ થયા વિના રહેતો જ નથી; તેથી મારે કર્તૃત્વપૂર્વક પુરુષાર્થ કરવાનો બોજો પણ રહેતો નથી; હું તો માત્ર જ્ઞાતાપણે રહેતો થકો એક જ્ઞાયકભાવ છું.

* જીવોના ભૂતકાળના અને ભવિષ્યકાળના નિશ્ચિત પરિણામોનું વર્ણન જાણીને ક્રમબદ્ધપર્યાયની યથાર્થ શ્રદ્ધા વડે અકર્તા-સ્વભાવની સન્મુખ થવાય છે.

* સંસારી જીવોના પાપમય પરિણામો હોવા છતાં તેની ક્ષણિકતા સમજતાં સ્વભાવમાં સંસારની ગંધ પણ નથી એવો મહિમાવંત જ્ઞાયક હું છું એમ દૃઢતા થાય છે.

* એક જીવ બીજા જીવ ઉપર ક્રોધ કરે તો તેના સંસ્કાર ભવોભવ સુધી રહે છે, રાગ કરે તો તેના સંસ્કાર પણ ભવોભવ સુધી છૂટતા નથી અને કુદેવ-ગુરુ-ધર્મના સેવનથી નરક-નિગોદમાં ચિરકાળ ભ્રમણ કરીને ફરીથી મનુષ્ય થતાં કુધર્મના સંસ્કાર ફરીથી જાગૃત થઈ જતાં હોવાનું જાણીને જીવને વીતરાગધર્મની આરાધનાની વિશેષ જાગૃતિ રહે છે.

**યશોધર ચરિત્રમાં :** રાજા યશોધરના ભવોનું વૃતાંત જાણતાં, કોઈપણ જીવ પ્રત્યે વેરભાવ કરવાથી કેટલાય ભવો સુધી એ વેરભાવ લંબાતો હોવાનું જાણતાં જીવ પોતાના પરિણામમાં વૈરાગ્યભાવનાપૂર્વક સાવધાન રહે છે.

જેના ફળમાં અનેક ભવોપર્યંત ભિષણ દુ:ખો ભોગવવા પડે છે એવા પોતાના ખોટા ભાવોથી બચવાની પ્રધાનપ્રેરણારૂપ આ કથામાં, પત્નીના દુષ્કર્મથી વૈરાગ્ય પામી જિનદીક્ષા ગ્રહણ કરવા ઈચ્છતો રાજા યશોધર, પોતાની માતાની મમતાના કારણે માતાની આજ્ઞાનું પાલન કરવા

લોટના કુકડાની બલિ ચઢાવે છે, તેથી તે મરીને મોર થાય છે. જે માતાની આજ્ઞા પાલન કરવાના ફળમાં મોર થયો તે જ માતા મરીને બિલાડી થઈને પુત્ર-મોરને મારે છે! પછી પણ કેટલીય કુયોનિના ભવોમાં માતાનો જીવ પુત્રના જીવને જ મારતો રહ્યો! મમતાથી માત-આજ્ઞા પાલનમાં ગૃહીત મિથ્યાત્વનું પોષણ કે અનુમોદન કરવાનું આ ફળ! અર્થાત્ આત્મહિત-ઈચ્છુક જીવે કોઈ પણ સગા-સંબંધી કે ઉપકારી કોઈપણ વ્યક્તિની શેહ-શરમમાં આવીને કે માન-મોટાઈ માટે કે મમતા અથવા ભયથી તેમના કોઈપણ મિથ્યાત્વવર્ધક કાર્યમાં જોડાવું નહીં, પોષણ આપવું નહીં કે અનુમોદના કરવી નહીં, ચાહે તો ભલે સમાજમાં માન ન મળે! કેમકે આ કથામાં બન્યું તેમ, અનેક ભવપર્યંત દુર્ગતિભ્રમણ અને ભયંકર દુ:ખનો ભોગવટો પોતાને એકલાને જ કરવો પડશે. તેમજ જેની આજ્ઞા પાલન કરવાના ફળમાં એ જ માતાએ ભવોભવ પોતાને માર્યો તે માતા ઘણા ભવો પછી અત્યંત પ્રિય એવી સગી બેન બની! માટે જ કરુણાથી પૂજ્ય ગુરુદેવશ્રી કહેતાં કે કોને રાજી કરવા ને કોનાથી રાજી રહેવું! એક આત્માનું હિત કરી લેવાનો આ ભવ છે.

**વરાંગ ચરિત્રમાં :**–નિકટ મોક્ષગામી, મહાપુણ્યશાળી વરાંગને જીવનમાં અનેક પ્રકારની અશાતા ભોગવવી પડે છે છતાં સમતાપૂર્વક કેવી રીતે રહે છે! તેમ જ શાતાના ઉદય વખતે કેટલી વૈરાગ્યભાવનાપૂર્વક દીક્ષિત થાય છે! ઈત્યાદિ વર્ણન વાંચીને પાપના ઉદયમાં હતાશ થવું નહીં ને પુણ્યના ઉદયમાં આત્મહિતના લક્ષપૂર્વક જીવન જીવવું ઈત્યાદિ ધર્મભાવનાની વિશેષ પ્રેરણા મળે છે.

**પ્રદ્યુમ્ન ચરિત્રમાં :**–ભાવલિંગી મુનિરાજની હિંસા કરવા ઉદ્યમી થનાર અગ્નિભૂતિ-વાયુભૂતિ જેવા મહાપાપી, સાતમે ભવે પ્રબળ પુણ્યપ્રાપ્ત પ્રદ્યુમ્ન-શંબુકુમારના ભવમાં ગિરનારજી સિદ્ધક્ષેત્રથી મુક્તિ પામે છે. ઈત્યાદિ વર્ણન વાંચતાં, કાલનો કઠિયારો આજે કેવળી થઈ શકે છે— એવી આત્માની અનંત શક્તિ-સામર્થ્યની પ્રતીતિ ઉપજે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ જીવનભર જે મહાન બોધ આપ્યો છે તેની આ ત્રણે કથાઓના ઉદાહરણ વડે દ્રઢ પ્રતીતિ થાય છે. ભયંકર પાપના પરિણામ થયા હોય કે ઊંચા શુભ પરિણામ થયા હોય છતાં જીવની મૂળભૂત શક્તિમાં તેની ગંધ પણ પેસતી નથી. જ્યારે પણ જીવ પોતાના સ્વભાવની પ્રતીતિ કરે ત્યારે પોતે વર્તમાનમાં જ સર્વજ્ઞસ્વભાવી બિરાજી રહ્યો છે એ મૂળભૂત સિદ્ધાંત સરળપણે સમજમાં આવી જાય છે.

ઈત્યાદિ અનેક પ્રકારે કથાનુયોગ આત્મલાભરૂપ બને છે.

આ વૈરાગ્યબોધિની કથાના વાંચન વડે, પોતાના પરિણામોનું વિહંગાવલોકન કરવાની જાગૃતિપૂર્વક, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત દ્રવ્યદ્રષ્ટિના માર્મિક સિદ્ધાંતોનું સરળતાથી ભાવભાસન થાઓ એવી અંતર ભાવના સહ—

—પ્રકાશક

## ✻ નમસ્કાર હો શ્રીગુરુને! ✻

❀ અહા! પર્યાયની સ્વતંત્ર યોગ્યતા અને ક્રમબદ્ધપર્યાય દ્વારા આત્માને અંતર્મુખ કરીને, કર્તૃત્વના કોલાહલો મટાડીને, મુમુક્ષુ ઉપર ગુરુદેવશ્રીએ મહાન ઉપકાર કર્યો છે. નમસ્કાર હો શ્રીગુરુને!

❀ મને આશ્ચર્યકારી મહાન વૈભવોની તો ભાવના થતી નથી પણ સામાન્ય વૈભવો, મહેલો-મકાનો, લક્ષ્મી, મોટી પદવી કે માન-સન્માન મેળવવાની ભાવના થતી નથી. તદ્દન સાદગીભર્યા જીવનમાં રહેવાની ભાવના રહે છે. કોઈના પરિચયો કે સંબંધો વધારવાની ભાવના પણ રહેતી નથી. ફક્ત અધ્યાત્મના ઊંડા ભાવોની તીવ્ર ભાવના રહે છે અને તે માટે પુરાણ-પુરુષોના જીવન જોઈ જોઈ અંતર્મુખ થવાની ભાવના ઘણી જ રહે છે.

❀ શ્રી રામ જેવા મહાપુરુષ, કુશળબુદ્ધિના ધારક છતાં સીતાજીને જાણ કર્યા વિના વનવાસ આપવાનો ભાવ કેમ આવ્યો? ભાઈ! હોનહાર હોય તે અનુસાર બુદ્ધિ કામ કરે છે અને પ્રયત્ન પણ એવો જ થાય. સીતાજીએ પૂર્વે એવું પાપ કરેલ, તેનો ફળ આવવાનો કાળ હોય ત્યારે રામને બુદ્ધિ પણ તે અનુસાર નિમિત્તરૂપ હોય ને! એ રીતે અંજના પ્રત્યે પવનજીને અણગમો થવો, હનુમાનજીને ગર્ભમાં આવવાના કાળે પવનજીને અંજના ઉપર પ્રેમ થવો, રાવણને અઢાર હજાર રાણીઓ છતાં સીતાજી ઉપર મોહ થવો, મેનાસુંદરીને કોઢીયો શ્રીપાળ વર મળવો, દ્વારિકા સળગવી, શ્રીકૃષ્ણનું મૃત્યુ થવું આદિ પ્રસંગે હોનહાર અનુસાર બુદ્ધિ કાર્ય કરે છે—એમ આ બધા પ્રસંગો ક્રમબદ્ધપર્યાયને સિદ્ધ કરીને જીવને એકલો જ્ઞાયક બતાવે છે.

❀ અહો! જિનેન્દ્ર પ્રભુ! હે ગુરુદેવશ્રી! આપના પવિત્ર શરણમાં અનેક વર્ષો થયા આત્મહિતકારી લાભ લઈ રહ્યો છું. આપશ્રીના બતાવેલા અધ્યાત્મભાવોથી હૃદય સિંચાયું છે. આત્માની શાશ્વત પરમેશ્વરતા અપૂર્વ રુચિગત થઈ છે. હવે દેહ છૂટવાનો કાળ નજીક આવી રહ્યો છે. આપે બતાવેલ કૃતકૃત્ય સ્વરૂપ સદાય હૃદયમાં જીવન પર્યંત ગૂંજતું રહે એવી આજના દિવસે (–શ્રાવણ વદ-૧૧, ૮૬મા જન્મદિને) ભાવના ભાવું છું. આપે બતાવેલી ક્રમબદ્ધપર્યાય દ્વારા અકર્તાપણું–જ્ઞાયકભાવ આદિ અપૂર્વ અપૂર્વ ભાવો હૃદયમાં ખૂબ ઘૂંટાયા કરે છે. કૃતકૃત્યભાવ અને પર્યાયની યોગ્યતા–સ્વતંત્રતા વડે જીવનમાં અપૂર્વ શાંતિ વેદાય છે. નમસ્કાર હો! નમસ્કાર હો!

*—સ્વ. નાગરદાસ બી. મોદી*
*(સંપાદક, ગુજરાતી આત્મધર્મ)*

# શ્રદ્ધેય બાપુજી

વ્હાલા પિતાજીની છત્રછાયા ગુમાવ્યાનું દુઃખ તો સર્વ-અનુભૂત છે જ; પરંતુ ચાર ગતિના ભયંકર દુઃખોથી શીઘ્ર છુટકારો અપાવવા પૂજ્ય ગુરુદેવશ્રીના સત્ સાન્નિધ્યમાં અમોને આજીવન સ્થાયી આશરો અપાવનાર—સ્થાયી સોનગઢમાં વસવાટ કરાવનાર તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના વિયોગમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરુપેલાં પરમ અધ્યાત્મના ઊંડા તત્ત્વજ્ઞાનની અમોને સતત સમજણ આપનાર, એક ગુરુસમાન પિતાજીના ચિરવિયોગથી જાણે અમે નિરાધાર બની ગયા હોઈએ એવી વિરહ-વેદના અનુભવાઈ.

જેમ કોઈ ભયંકર અટવીમાં ભૂલા પડેલા વટેમાર્ગુને જંગલી હિંસક પ્રાણીઓથી સુરક્ષિતપણે જંગલમાંથી બહાર કાઢનાર ભોમિયો સ્વયં અદૃશ્ય થઈ જાય ત્યારે વટેમાર્ગુ કેવો હત્પ્રભ થઈ જાય! જેમ ભયંકર તૂફાની સમુદ્રમાં ફસાયેલા વહાણમાં સફર કરી રહેલા મુસાફરોને કુશળપણે કિનારે લઈ જવા મથતો નાવિક સ્વયં અદૃશ્ય થઈ જાય ત્યારે મુસાફરો કેવા હત્પ્રભ થઈ જાય! તેમ અમને ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનવડે સંસાર-પાર કરવા મથતાં વાત્સલ્યમૂર્તિ પિતાજીના વિયોગનું દુઃખ અનુભવાયું.

માગશર વદ-૫, શુક્રવાર ને તા. ૨૮-૧૨-૨૦૦૭ની સવારે તો તમે અમારી સાથે હતા; અરે! લગભગ ૧ વાગ્યા સુધી તો અમારી સાથે હતા ને સાંજે પાા વાગ્યે તો આપના શરીરની રાખ પણ હવામાં ભળવા લાગી ગઈ! શું આટલી બધી નશ્વરતા! આપે હજારો વાર આ નશ્વરદેહની ક્ષણભંગુરતા સમજાવેલી, તે જ નશ્વરતાને આપે જ જાણે પ્રયોગાત્મકપણે સમજાવી! હજી એક મહિના પહેલાં તો એવી કોઈ બિમારી પણ ન હતી, રોજના નિત્યક્રમ મુજબ દેવ-દર્શન, બે ટાઈમ પ્રવચન-શ્રવણ અને દિવસભર શાસ્ત્રવાંચન-ચિંતન આદિ સારી રીતે સ્વતંત્રપણે કરતા હતા જાણે કે હજી પાંચ-સાત વર્ષ સુધી તો આયુષ્ય હશે જ અને એકાએક એક મહિનાની બિમારીમાં ચિરવિદાય! આટલી ભયંકર ક્ષણભંગુરતા! ચિરવિરહની એ વસમી ઘડી અમે જીવનમાં ક્યારેય વિસરી શકીયે તેમ નથી, કેમ કે એ ઘડી અમારા માટે પૂજ્ય ગુરુદેવશ્રીના મૂળભૂત તત્ત્વજ્ઞાનની રુચિ વૃદ્ધિગત કરવા માટેનું પ્રેરણાસ્રોત બની ગઈ છે.

પૂજ્ય ધનલક્ષ્મી ફૈબાના વિશેષ આગ્રહથી, વિધિની એક ધન્યપળે આપે સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો પરિચય કરવાનો નિર્ણય કર્યો ને ફળસ્વરૂપે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ સત્સમાગમે અમારા સૌના સાતિશય સૌભાગ્યથી આપે આજીવન નિવૃત્તિપૂર્વક સોનગઢ સ્થાયી થવાનો નિર્ણય લીધો. ૨૮ વર્ષની યુવાન વયે અમદાવાદથી વ્યાવસાયિક પ્રવૃત્તિ બંધ કરીને, નાનાભાઈ શ્રી ઉમેદભાઈ સહિત સોનગઢ વસવાટ કર્યો. તમારા આ નિર્ણયમાં વડીલબંધુ શ્રી મોહનભાઈનું સવિશેષ યોગદાન રહ્યું તથા મારી બાની અત્યંત અનુમોદના રહી. ક્યારેય સંસ્થાકીય કે કોઈ અન્ય ધાર્મિક શુભપ્રવૃત્તિમાં જોડાયા વિના આપે પૂજ્ય ગુરુદેવશ્રી આદિ ધર્માત્માઓના સત્શ્રવણમાં તેમજ સ્વતંત્ર શાસ્ત્ર-સ્વાધ્યાય અને

અંગત સાધર્મીઓ સાથે તત્ત્વચર્ચા આદિમાં જ જીવન વ્યતીત કર્યું. ફળસ્વરૂપે પૂજ્ય ગુરુદેવશ્રીના હાર્દને આપ અત્યંત ઊંડાણથી સમજવામાં સફળ રહ્યા. તેથી જીવનપર્યંત આપે તે તત્ત્વજ્ઞાનના મર્મને જ ઘૂંટ્યા કરેલું. આપને પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન એકેએક સિદ્ધાંતો અત્યંત પ્રિય હતા ને તેનું ઘોલન કરતા રહેલા. પૂજ્ય ગુરુદેવશ્રીના નિશ્ચયને જ માત્ર નહીં પરંતુ તેઓશ્રીના વ્યવહારને પણ આપ ઊંડાણથી સમજ્યા હતા તેથી આપે પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યવહારને જીવન-શૈલીમાં અપનાવ્યો હતો. આપના જીવનમાં એકપણ વ્યક્તિ એવી ન હતી કે જેના પ્રત્યે આપને અણગમો રહ્યો હોય. સર્વે સાધર્મીઓ પ્રત્યે અંતરમાં ખૂબ વાત્સલ્ય હોવાથી કોઈ મુમુક્ષુઓને આપે ક્યારેય વિરોધી માન્યા ન હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીનો નિશ્ચય અને વ્યવહાર એ આપના જીવનનો આદર્શ રહ્યો હતો. આપનું જીવન ખરેખર ધન્ય હતું કેમ કે પૂજ્ય ગુરુદેવશ્રીનો સતત ૩૨-૩૩ વર્ષ સુધી લાભ પ્રાપ્ત થયો જ હતો પણ તે ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રસિદ્ધિ પામેલા સર્વે ધર્માત્માઓની આપના ઉપર અંગત કરુણા વર્ષી હતી. પૂજ્ય બહેનશ્રી-બેને અંગત રસ લઈને આપની તત્ત્વવિચારણા, તત્ત્વરુચિ આદિ સંબંધી પૂછપરછ કરીને ઘણું ઘણું માર્ગદર્શન પૂરું પાડેલું. પૂજ્ય સોગાનીજીની પણ આપના પર ઘણી કરુણા હોવાથી અંગત રીતે પૂછતાં કે 'ક્યા પ્રોગ્રેસ હુઆ?'—આદિ પૂછીને પુરુષાર્થની પ્રેરણા આપતા.

પ્રથમાનુયોગના એકપણ પુરાણ કે એક પણ નાના-મોટા કથાકોષ એવા નહીં હોય કે જેનો આપે સ્વાધ્યાય ન કર્યો હોય! આપને પુરાણોના પ્રસંગો એટલા બધા સ્મૃતિમાં વર્તતા હતા કે આપના પરિણામોમાં પુરાણ-પ્રસંગનો વિશેષ પ્રભાવ રહેતો જેના ફળસ્વરૂપે તત્ત્વજ્ઞાનમાં ખૂબ દૃઢતા રહેતી હતી. પુરાણના પાત્રોની ભવાવલી કંઠસ્થ હોવાથી ચારગતિના ભયંકર દુઃખોનું ચિતરામણ નજરે તરવરવાથી આપ હંમેશા અંગત વ્યક્તિને એક જ ભલામણ કરતાં કે દુર્લભ મનષ્યભવ પામીને રાખને માટે રતનને બાળવા જેવું ન કરશો, વહેલામાં વહેલા નિવૃત્તિપૂર્વક આત્મહિતની સાધનામાં લાગી જાઓ. આ દુર્લભ મનુષ્યભવ શું છાણના પોદળા ભેગા કરવા માટે જ મળ્યો છે! મગરમચ્છના મુખમાં બેસીને મજા માણતાં મનુષ્યને કોણ ઉગારે?—એમ કરુણા ઉપજતી. ફળસ્વરૂપે આપે સ્વયં તો નિવૃત્તિપૂર્વક આજીવન સોનગઢ વસવાટ કરીને ધર્મ-આરાધનામાં જીવન વ્યતીત કર્યું જ, પણ આપના પરિવારને—પુત્ર તેમજ પૌત્રોને સૌને સોનગઢ સ્થાયી વસવાટ કરાવ્યો.

વર્તમાનકાળે આ જગતનું સર્વોત્કૃષ્ટ આશ્ચર્ય—અચંબો એવા કહાન ગુરુની શીતળ છત્રછાયા અમને જન્મથી જ પ્રાપ્ત કરાવીને એ મહાન ગુરુના તત્ત્વજ્ઞાનની છત્રછાયામાં આત્મહિતના પંથે પ્રયાણ કરતાં રહેવાની પ્રેરણા આપીને આપે આપના પરિવાર ઉપર—અમારા સૌ ઉપર જે શબ્દાતીત ઉપકાર કર્યો છે તે આપના તરફથી અમને પ્રાપ્ત થયેલો અણમૂલો ખજાનો છે.

આપે પ્રાપ્ત કરેલ મહાન ગુરુની અધ્યાત્મદેશના વડે ૫૮ વર્ષો સુધી આત્મલક્ષી પુરુષાર્થ કર્યો હતો. કુંદકુંદાચાર્યદેવે મંગલાચરણરૂપે શ્રી સમયસારની પહેલી ગાથામાં જ ભવ્ય જીવોને પોતાને સિદ્ધપણે દેખવાના જે આશીર્વાદ આપ્યા છે તે વાત તો આપને કાળજે સોંસરવટ ઉતરી ગઈ હતી; તેથી જ આપને સ્વભાવની અસ્તિની મસ્તિ વિશેષ રહી હતી. આપે સેંકડો વાર કહેલ કે ભોગ-સામગ્રીની

વિશેષ ઉપલબ્ધિવાળા આ વિષમકાળમાં જે જીવોને પૂજ્ય ગુરુદેવશ્રીની દ્રવ્યદષ્ટિપ્રધાન વાત સાંભળતાં જ અંદરથી ઉલ્લાસ આવે છે —હૃદય ઉછળે છે તે ભવ્ય જીવ નિકટ મોક્ષગામી જ હોય.

જીવનમાં એક જ વાત માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ કહેલ કે આ તો અમારો શાસ્ત્રોના મંથનનો નિચોડ છે, અહીંથી—અંદરથી આવેલી વાત છે એવો મહાન સિદ્ધાંત અર્થાત્ ક્રમબદ્ધપર્યાય આપની રગેરગમાં વસી ગઈ હતી. પ્રથમાનુયોગના વિશાળ અભ્યાસના કારણે ક્રમબદ્ધ અને યોગ્યતા દ્વારા આપને પુરુષાર્થની સચોટ સમજ રહી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીએ રાગથી ભેદજ્ઞાન કરાવવા જીવનભર શંખનાદ ફૂંકીફૂંકીને ''રાગાદિનો સ્વામી પુદ્ગલ દ્રવ્ય છે, કર્તા પુદ્ગલ દ્રવ્ય છે, એ સઘળુંય પુદ્ગલનું ચિતરામણ છે, ઈત્યાદિ'' જોરશોરથી પ્રરૂપણા કરેલ તેની આપે જીવનભર મસ્તી માણેલી. સ્વપરપ્રકાશક સ્વભાવપણામાં જ્ઞાયકની જ પ્રસિદ્ધિ થઈ રહ્યાનું આપને ભાસતું હતું. આપને સ્વભાવની દષ્ટિના જોરમાં પૂરણ પરમેશ્વરતાનો એટલો દઢ નિર્ણય વર્તતો હતો કે સ્વાનુભૂતિ તેના સ્વ અવસરે પ્રગટ્યા વિના રહેશે જ નહીં—એમ આપને અસ્તિની મસ્તી જ વર્તતી રહી હતી.

૧૯૭૫, નવેમ્બરથી આપે ગુજરાતી આત્મધર્મના સંપાદક તરીકેની જવાબદારી સંભાળેલી; તેમાં **''જ્ઞાનગોષ્ટી''** લેખમાળા પ્રકાશિત કરવાનું શરૂ કરેલ. આ લેખમાળામાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગારો તેમજ તત્ત્વચર્ચા પ્રત્યક્ષ સાંભળીને તે જ વખતે લખીને પ્રકાશિત કરતાં હતા. પાછળથી તે લેખમાળાનું **''દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, પર્યાયદૃષ્ટિ વિનશ્વર''** નામનું પુસ્તક પ્રકાશિત કરેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં આવેલા અભ્યાસી મુમુક્ષુઓને આ પુસ્તક એટલું રુચિકર થઈ ગયું કે વાંચતી વખતે જાણે કે પૂજ્યશ્રીને સાક્ષાત્ સાંભળતાં હોઈએ એવું લાગતું. પૂજ્ય ગુરુદેવશ્રીનો ચિર-વિયોગ થયા બાદ પ્રથમાનુયોગની કથાઓને સંક્ષેપમાં આત્મધર્મમાં ક્રમશઃ પ્રકાશિત કરતાં રહ્યા ને પાછળથી **''બોધિ સમાધિ—નિધાન''** પુસ્તકરૂપે પ્રકાશિત કર્યું. આ પુસ્તક પણ ગુજરાતી ઉપરાંત હિન્દી સમાજમાં એટલું રુચિકર બન્યું કે તેનું પણ 'દ્રવ્યદષ્ટિ જિનેશ્વર'ની જેમ હિન્દીમાં પ્રકાશન કરવું પડ્યું. આ ઉપરાંત આત્મધર્મમાં પ્રકાશિત થતા રહેલા 'આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો' **''પરમાગમ ચિંતામણિ''** પુસ્તકાકારે પ્રકાશિત થયેલું જેમાં ૧૦૦ દિગમ્બર શાસ્ત્રોમાંથી સંકલિત વચનામૃતો પ્રકાશિત કરવામાં આવેલા. તે પહેલાં **''દૃષ્ટિના નિધાન''** પુસ્તક દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના, પૂજ્ય બહેનશ્રીના તેમજ પૂજ્ય શ્રીમદ્જીના વચનામૃતો પ્રકાશિત કરવામાં આવેલા. આ દરેક સંકલનકાર્યમાં આપના નાનાભાઈ શ્રી ઉમેદભાઈ કે જેઓ પણ ૫૮-૫૯ વર્ષથી સોનગઢ સ્થાયી વસેલા છે તેમનો સંપૂર્ણ સહયોગ રહેલો. આ બધા પ્રકાશનો આપના અંતરંગ ઘોલનની પ્રસિદ્ધ કરી રહ્યા છે.

જેના માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ ''રુડો જીવ છે'' એમ કહેલ એવા આપે આ દુષમ પંચમકાળમાં, આર્થિક કે વ્યાવહારિક બાબતની ચિંતા કર્યા વિના, આત્માહિતલક્ષે સ્વયં આજીવન સોનગઢ સ્થાયી વસવાટ કરવાનો જે નિર્ણય લીધો તે જ આપની 'ભવસમુદ્ર તરી જવા માટેનો આ ભવ છે'—એવી તીવ્ર ભાવનાનું પ્રતિક છે.

આપે જીવનભર આત્મસાધના તો કરી જ પણ સાથોસાથ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં થયેલ, ગામોગામના મંદિરોની પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓ, વેદી-પ્રતિષ્ઠાઓ તથા જન્મજયંતીઓનો પણ લાભ લીધો હતો; પૂજ્ય ગુરુદેવશ્રી સાથે બધી જ તીર્થયાત્રાઓનો પણ લાભ લીધો હતો.

આપની એ ભાવના રહેલી કે આખરી બિમારીના પ્રસંગે સોનગઢ છોડીને ક્યાંય બહારગામ લઈ ન જવા, પરંતુ આપની બિમારી એવા પ્રકારની હતી કે હોસ્પિટલમાં દાખલ થયા વિના છૂટકો ન હતો, તેથી લાચારીથી ભાવનગર-અમદાવાદ તથા ફરીથી ભાવનગર હૉસ્પિટલમાં એક મહિનો વીતાવવો પડ્યો. આપ હૉસ્પિટલમાં પણ, શારીરિક અનેક તકલીફો વચ્ચે પણ આત્મિક રીતે તદ્દન જાગૃત અને સ્વસ્થ રહ્યા. 'શરીર વેદનાની મૂર્તિ છે—તે જોવાઈ ગયું, છતાં જ્ઞાયકનું રટણ છૂટતું નથી—હું જ્ઞાયક છું એ હૂંફ છૂટતી નથી' એમ કહેતાં. બિમારી દરમ્યાન વચ્ચે તબિયત એકદમ સુધારા ઉપર હતી ત્યારે પણ કહેતાં કે મને ખબર છે કે એકાએક ફેરફાર થઈ જશે!

આપને સાધર્મીઓ પ્રત્યે એટલો બધો વાત્સલ્યભાવ રહેતો કે હૉસ્પિટલમાં હોવા છતાં સોનગઢ સાધર્મીજમણ આપવાનું અનેક વખત કહેલ હતું. સાધર્મી વાત્સલ્યભાવ ખૂબ જ હોવા છતાં આપને પરિચય વધારવો બિલકુલ ગમતું નહીં. તેથી સતત ૫૮ વર્ષો સોનગઢ સ્થાયી રહેવા છતાં બહુ જ ઓછા મુમુક્ષુઓ આપને ઓળખતાં. પૂજ્ય ગુરુદેવશ્રીના ચિર-વિયોગ બાદ આપ વારંવાર એકાંતમાં રહીને વિશેષ સાધના કરવા માટે શ્રી તારંગાજી, શ્રી માંગીતુંગીજી, શ્રી શિખરજી, શ્રી ગિરનારજી તથા શ્રી શત્રુંજય આદિ ક્ષેત્રોમાં ઘણો સમય રહેતાં. એકાંતમાં રહીને તત્ત્વ-વિચારણા—ચિંતન-ઘોલન કરવું એ આપને સર્વાધિક પ્રિય હતા. ''તત્ત્વ-ચિંતન એ તો આત્માર્થીના શ્વાસોચ્છવાસ છે''—એમ આપ માનતા ને કહેતા.

જેવી રીતે આપની આત્મસાધનામાં પૂજ્ય ગુરુદેવશ્રીનો, પૂજ્ય સોગાનીજીનો તથા અધ્યાત્મના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અનેક શાસ્ત્રોનો વિશેષ પ્રભાવ રહ્યો હતો, તેવી રીતે આપના વ્યવહારું જીવનમાં વર્તનમાં પુરાણના પ્રસંગોનો તથા પૂજ્ય શેઠીયાજીનો વિશેષ પ્રભાવ રહ્યો હતો. આપના પરિણામમાં પૂજ્ય બહેનશ્રીની એ વાત વ્યાપી રહી હતી કે ''આત્માર્થીનું હૃદય ભીંજાયેલું હોય''. તેથી આપને ક્યારેય જો ઉદયવશ પરાધીનપણે કોઈ વ્યક્તિને દુઃખ પહોંચવામાં નિમિત્ત બન્યા હોવાનું જણાતું તો તેમની હૃદયપૂર્વક ક્ષમાયાચના કરી લેવામાં આપ પ્રસન્નતા અનુભવતા—આવું આપનું પ્રેરણાદાયી આદર્શ જીવન હતું.

છેલ્લે, જે રીતે અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમકૃપાદૃષ્ટિ જીવનમાં ક્યારેય વિસરી નહીં શકાય તેવી રીતે આપના આત્મહિત પ્રેરણાદાઈ ઉપકારો પણ અમારા જીવનપર્યંત સ્મૃતિપટ પર છવાયા રહો અને અમને સંસાર-સમુદ્રથી ઉગરવા આપ દીવાદાંડીરૂપ બની રહો એવી પ્રભુ-પ્રાર્થનાપૂર્વક ગદ્ગદ્ભાવે આપના ઉપકારો પ્રતિ ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલિ.

લિ.

અનસૂયાબેન

જીતુ-જ્યોતિ

ચિંતન-જિનલ, પ્રશમ-નમ્રતા

❀

ૐ

શ્રી વીતરાગાય નમઃ

**શ્રી પુષ્પદંતકવિકૃત**

# યશોધર ચરિત્ર

જે અનેક દ્વીપ તથા સમુદ્રોથી વેષ્ટિત છે તથા અનેક સંપદાઓનું સ્થાન છે એવા જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં યૌધેય નામનો દેશ છે. તે દેશ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચારેય પુરુષાર્થોના ઉપકરણોનું ઉત્પત્તિ સ્થાન છે.

એ દેશમાં કુકવિઓની માફક ભમરાઓના સમૂહ ભ્રમણ કરે છે કેમ કે કુકવિઓના હૃદય પણ કાળા છે અને ભમરાઓ પણ કાળા છે. આ દેશની શોભાનું વર્ણન કરતાં કેટલું કહેવું? વિધાતાએ સ્વર્ગલોકની ઈર્ષ્યા કરીને જાણે કે બીજું સ્વર્ગલોક જ બનાવ્યું છે કે જે દેશમાં ધન-ધાન્ય, વન-વાટિકા આદિથી સુશોભિત ગ્રામ–નગર આદિ છે.

એ યૌધેય નામક દેશમાં એક રાજપુર નામનું વિશાળ નગર હતું. એ રાજપુર નામક નગરમાં મારિદત્ત નામના રાજા રાજ્ય કરતો હતો.

એ રાજા ધન દેવામાં કર્ણ સમાન, વૈભવથી ઈન્દ્ર સમાન, રુપથી કામદેવ સમાન, કાંતિથી ચંદ્રમા સમાન, પ્રચંડ દંડ દેવામાં યમરાજ સમાન અને અન્ય રાજાઓના બળરૂપ વૃક્ષને મૂળથી ઉખાડી ફેંકવામાં પ્રચંડ પવન સમાન હતો. એ રાજા ધન અને ધાન્યના રક્ષણમાં ચતુર હતો પણ એક ધર્મથી અનભિજ્ઞ હતો. તેનામાં યૌવનમદ અને ધનમદની પ્રબળતા હતી પણ એક ધર્મ વિના પ્રચુર અંધકાર વ્યાપી રહ્યો હતો. સત્ય જ છે કે જ્ઞાનના ઉદય વિના સારભૂત શુભ માર્ગનું અવલોકન કેવી રીતે થઈ શકે છે!! સત્ય જ છે કે ઉત્તમ જ્ઞાનીઓ વિના ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે!!

મહારાજ મારિદત્તના ધન–ધાન્યથી પૂર્ણ રાજપુર નગરમાં ભૈરવાચાર્યનું આગમન થયું. એ ભૈરવાચાર્ય જગતને–પોતાને અનુકૂળ પુરુષોને નિજમતની શિક્ષા આપતો. એ ભૈરવાચાર્ય કાનમાં મુદ્રા ધારણ કરતો, બત્રીસ અંગુલ પ્રમાણ દંડ હાથમાં રાખતો, ગળામાં યોગ વૃત્તિ, પગમાં પાવડી ધારણ કરતો, નૃસિંગાનો અવાજ કરતો અને સિંહપૃચ્છનો ગુચ્છો લગાવી પોતાને મહાત્મા જાહેર કરતો. લોકોના પૂછ્યા વિના જ પોતાની સ્તુતિ કરતા કહેતો કે—

ચાર યુગ વ્યતીત થવા છતાં હું વૃદ્ધ નથી થયો; નળ, નહુષ, વેણુ આદિ મહાપ્રતાપી અને પૃથ્વીના ભોક્તા મહારાજા મારી સામે જ થઈ ગયા; રામ અને રાવણના ઘોર સંગ્રામમાં રાક્ષસોનું પતન મેં જોયું છે; ભાઈઓ સહિત યુધિષ્ઠિરને જોયો તથા કૃષ્ણની આજ્ઞાથી વિરુદ્ધ અભિમાની એવા દુર્યોધનને પણ જોયો છે. હું ચાર યુગથી જીવિત છું, તેમાં તમે કિંચિત્ પણ ભ્રમ નહીં કરો.

હું બધા લોકોને શાંતિ પ્રદાન કરીશ. મારામાં એટલું સામર્થ્ય છે કે અતિ પ્રચંડ વેગયુક્ત દિવાકરના વિમાનને અવરોધી શકું છું. મને બધી જ વિદ્યાઓની ઉપલબ્ધી છે; યંત્ર, મંત્ર, તંત્ર તો મારી આગળ આગળ ચાલે છે–ઈત્યાદિ વાતો કરતો લોકોને રંજીત કરતો નગરમાં ભ્રમણ કરતો હતો.

જ્યારે તેની કથા પૂરા નગરમાં ફેલાઈ ગઈ ત્યારે મહારાજ મારિદત્તને પણ સાંભળવા મળી ત્યારે તેણે તે સમયે અતિ કૌતુકવશ થઈને મંત્રીને કહ્યું કે તમે એકાંતમાં જઈને એ ગુણગરિષ્ઠ ભૈરવાચાર્યને નમ્રતાપૂર્વક અહીં લઈ આવો.

મંત્રી :—મહારાજની આજ્ઞાનુસાર હું હમણાં જ તેમને લઈને આવું છું. આ રીતે મંત્રીએ વિનયપૂર્વક રાજાનો આદેશ સંભળાવી ભૈરવાચાર્યને કહ્યું કે “અહો મહાત્મન્! આપના દર્શનથી મહારાજને શીઘ્ર શાંતિ થાય.”

ભૈરવાચાર્ય :—જો રાજાની એવી જ ઈચ્છા છે તો હું શીઘ્ર જ જઈને રાજવંશમાં શાંતિ સ્થાપન કરીશ. એમ કહીને મંત્રીની સાથે રાજદરબારમાં ઉપસ્થિત થયો. ત્યાં તેણે તેજપુંજ નારાયણતુલ્ય મહારાજને સિંહાસન પર બેઠેલા જોયા. ત્યારબાદ રાજાએ પણ અનેક આડંબરયુક્ત ભૈરવાચાર્યને જોઈને સિંહાસનથી ઊઠીને સન્મુખ જઈને દંડવત્ નમસ્કાર કર્યા.

ભૈરવાચાર્ય :—મહારાજનું કલ્યાણ થાવ. રાજન્! હું સાક્ષાત્ ભૈરવ છું; તારી જે ઈચ્છા હોય તે પ્રગટ કર. હું તેને પૂર્ણ કરીશ.

આ સાંભળીને મહારાજે પ્રસન્નચિત્ત થઈને ભૈરવાચાર્યને ઉચ્ચાસન પર સ્થાપિત કરીને પોતે તેના ચરણોમાં બેસી પ્રાર્થના કરવા લાગ્યો :

મહારાજ :—સ્વામિન્! મારી તકલીફ દૂર કરો. નાથ! તમે તો સૃષ્ટિસંહારક યોગીશ્વર છો. આપના ચરણોના પ્રસાદથી મારા મનોભિલાષિત કાર્યની સિદ્ધિ થશે. હું આપનો સેવક છું, આપ મારા પર પ્રસન્ન થાઓ. તમે જે આજ્ઞા કરશો તેને શિરોધાર્ય કરી પૂર્ણ કરીશ.

દુષ્ટ ભૈરવાચાર્ય મનમાં વિચારવા લાગ્યો કે હું જે જે ઉપદેશ આપીશ તેનાથી મારા ઈન્દ્રિયસુખની પૂર્તિ થશે અને હું જે આદેશ કરીશ તેનું ભક્ષણ થશે.

ભૈરવાચાર્ય :—નૃપવર! મને સમસ્ત ઋદ્ધિઓ લક્ષ્ય માત્રથી સ્ફુરાયમાન થાય છે. મને બધી જ વિદ્યાઓ સિદ્ધ છે, હું સંહાર કરવામાં પૂર્ણ સમર્થ છું, જે કોઈ મારાથી મહાન પદાર્થોની યાચના કરે છે તેને તત્કાલ આપું છું. મારા માટે કોઈ પણ પદાર્થ અલભ્ય નથી.

મહારાજ :—હે દેવ! આકાશમાર્ગથી ગમન કરવાની મારી અભિલાષા છે.

ભૈરવાચાર્ય :—નૃપવર! તું રાજકુળનો પ્રકાશક ચન્દ્રમા છે. અગર જો તું નિર્વિકલ્પ ચિત્તથી મારો ઉપદેશ ગ્રહણ કરીશ તો અવશ્ય તને આકાશમાર્ગે ગમન કરાવીશ.

સત્ય છે કે જે ગૃહીત મિથ્યાત્વથી લિપ્ત હોય છે તે જ્ઞાનીજનોના ઉપદેશને ગ્રહણ નથી કરતો. જેવી રીતે આંધળો માણસ સુમાર્ગ–કુમાર્ગનું અવલોકન નથી કરતો, જેમ અંકુશની પ્રેરણાથી હાથીની સૂંઢ બધી બાજુ ગમન કરે છે તેમ ભૈરવાચાર્યની પ્રેરણાથી મારિદત્તનું ચિત્ત જીવોંની હિંસામાં તત્પર થઈ બધી બાજુ ગમન કરવા લાગ્યું. જોકે મારિદત્ત ભવ્ય છે પરંતુ અશુભોદયથી કુસંગતિનાં યોગથી કુમાર્ગ પ્રતિ ગમન કરવા લાગ્યો.

એ મારિદત્ત રાજાના પ્રચંડ શત્રુઓની વિધ્વંસકારિણી ચંડમારી નામની કુળદેવી વેતાલ કાળ (સંધ્યા સમય) માંસનું અવલોકન કરતી રાજપુર નામક નગરની દક્ષિણ દિશામાં સ્થિત આવાસમાં નિવાસ કરતી હતી. જેણે ગળામાં ખોપડીઓની માળા ધરી હતી, શરીર રાખથી લેપાયેલું હતું, સર્પાચ્છાદિત ચરણયુગલ, માંસ રહિત ભયંકર અસ્થિ ચર્મ, મયૂર શીખા સમાન કઠોર અને ઉન્નત કેશ, મૃતકોની આંતથી વિભૂષિત ભુજા ઇત્યાદિ મહાબીભત્સ રૂપ ધારણ કરતી ચંડમારીદેવી જીવોને ત્રાસિત કરતી જિનેન્દ્રમાર્ગનો તિરસ્કાર કરતી હતી. તે દેવી હિંસામાર્ગને પ્રગટ કરતી, દયાધર્મ દૂર ભગાવતી, નગ્ન શરીરવાળી, માંસ ખાવા માટે મોઢું ફાડેલી, કપાલ–કબન્થ અને ત્રિશૂલ ધારણ કરતી બેઠી હતી અને તેનો જ ભક્ત મારિદત્ત રાજા હતો.

ભૈરવાચાર્ય :—રાજન્! જો આકાશમાર્ગનું પથિક બનવું હોય અને વિદ્યાધર શત્રુઓનો વિજય કરી દિગ્વિજય કરવો હોય તો જલચર, નભચર અને સ્થળચર જીવોના યુગલોનું ચંડમારીદેવીને માટે હવન કર. આવું કરવાથી તારા બધા કાર્ય સિદ્ધ થશે.

મહારાજ :—આચાર્યવર! આપની આજ્ઞાનુસાર કોટવાલને મોકલીને બધા પ્રકારની જાતિના જીવોના યુગલ મંગાવું છું.

આ રીતે કહીને મહારાજે કોટવાલને બોલાવવા માટે અમાત્યને કહ્યું કે કોટવાલને બોલાવીને બધી જ જાતિના જીવોના યુગલ ચંડમારીદેવીના મંદિરમાં એકત્રિત કરો.

અમાત્ય :—જેવી મહારાજની આજ્ઞા. હું હમણાં જ કોટવાલને બોલાવીને આપનો હુકમ સંભળાવું છું.

કોટવાલ :—(અમાત્યને) હું આપની આજ્ઞાનુસાર ઉપસ્થિત થયો છું. મારા માટે શું હુકમ છે?

અમાત્ય :—મહારાજે આદેશ આપ્યો છે કે જળચર, નભચર અને સ્થળચર તેમ જ બધી જાતિના જીવોના યુગલ ચંડમારીદેવીના મંદિરમાં એકત્રિત કરવાની નોકરોને આજ્ઞા કરો.

કોટવાલ :—જેવી આજ્ઞા. હમણાં જ કિંકરોને બોલાવીને જીવોને લાવવાનો આદેશ જણાવું છું.

આ પ્રમાણે કહીને કોટવાલે તત્કાલ કિંકરોને બોલાવીને સમસ્ત જીવોના યુગલ લાવવાની આજ્ઞા કરી. પછી તે હિંસક કિંકરોએ બધે જ રખડીને સમસ્ત જીવોના યુગલ ચંડમારીદેવીના મંદિરમાં એકત્રિત કરી કોટવાલને સૂચના આપી.

કોટવાલ :—શ્રી મહારાજ! આપની આજ્ઞાનુસાર બધા યુગલ ઉપસ્થિત છે. હવે શું આજ્ઞા છે?

મહારાજ :—સ્વામિન્! (ભૈરવાચાર્ય) આપની આજ્ઞાનુસાર સર્વ યુગલ ઉપસ્થિત થઈ ગયા છે.

ભૈરવાચાર્ય :—તો હવે દેવીના મંદિર પ્રતિ ચાલવું જોઈએ.

મહારાજ :—જેવી આજ્ઞા.

આમ કહીને મંત્રી આદિ બધા ચંડમારીદેવીના મંદિર તરફ જવા લાગ્યા. ત્યાં પહોંચી રુધિરથી વ્યાપ્ત અને ચક્ર, ત્રિશૂલ તથા ખડ્ગ ધારણ કરેલી ચંડમારીદેવીને જોઈને રાજા જય જય ધ્વનિપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો—હે પરમેશ્વરિ! તારા નિર્મળ સ્વભાવથી મારા પાપોને હરો.

પછી મંદિરમાં સ્થિત નભચર, જળચર અને સ્થળચર જીવોના યુગલોનું અવલોકન કરી મહારાજ મારિદત્તે ભૈરવાચાર્યને નિવેદન કર્યું—સ્વામિન્! આપની આજ્ઞાનુસાર સમસ્ત યુગલ ઉપસ્થિત છે, હવે કાર્યની શરૂઆત કરો.

ભૈરવાચાર્ય :—રાજન્! સમસ્ત યુગલ દેવીની સન્મુખ ઉપસ્થિત કરાવો, હું કાર્યારંભ કરું છું.

ત્યારબાદ સમસ્ત યુગલો દેવીની સન્મુખ ઉપસ્થિત કરી હવન પ્રારંભ થયો. મારિદત્ત રાજા ચંડમારી ચંડિકાના અગ્રભાગમાં અનેક પ્રકારના મૃગાદિ સમસ્ત જીવોને મારે છે. તે મૂઢમતિ પરને મારીને પોતાના જીવિતવ્યની વાંછા અને શાંતિની કામના કરે છે.

**વિષ ભક્ષણથી જીવિતવ્યની આશા, બળદનાં શિંગડાથી દૂધની આશા, શિલાતળમાં ધાન્યની પ્રાપ્તિ, નીરસ ભોજનથી કાંતિમાં વૃદ્ધિ, ઉપશમ ભાવ વિના ક્ષમા અને પર જીવોને મારીને શાંતિવૃદ્ધિ શું થઈ શકે છે? નહીં! નહીં! કદાપિ નહીં!!!**

એ અવિવેકી મારિદત્ત રાજા જે સમયે તૃણભોજી ગાય આદિ પશુઓને મારવામાં તત્પર હતો તે સમયે ભૈરવાચાર્ય સમસ્ત યુગલોને અવલોકન કરીને ફરી રાજાને કહેવા લાગ્યો—

ભૈરવાચાર્ય :—નૃપવર! આપે સમસ્ત યુગલ તો એકત્રિત કર્યા પણ મનુષ્ય યુગલ તો મંગાવ્યું જ નહીં.

મહારાજ :—આપની આજ્ઞાનુસાર મનુષ્ય યુગલને પણ મંગાવું છું.

એમ કહીને ચંડકર્મ કોટવાલને બોલાવીને રાજાએ આજ્ઞા કરી કે પ્રશંસાયોગ્ય મનુષ્યનું યુગલ શીઘ્ર લઈને આવો.

કોટવાલ :—જેવી આજ્ઞા પૃથ્વીનાથની. હું હમણાં કિંકરને આદેશ આપી ઉત્તમ મનુષ્ય યુગલ મંગાવું છું.

એમ કહી કિંકરને બોલાવી કોટવાલે કહ્યું કે અતિ મનોજ્ઞ મનુષ્ય યુગલને શીઘ્ર લાવીને ઉપસ્થિત કરો.

કિંકર :—આપના આદેશાનુસાર શીઘ્રતર અહીં-તહીંથી મનુષ્ય યુગલને લાવીને આપની સન્મુખ ઉપસ્થિત કરું છું.

ત્યારબાદ અનેક ચંડકર્મા કિંકરો નર યુગલને શોધવા નદી કિનારે, નગર, ઉદ્યાન, ઉપવન, પર્વત અને ગુફા આદિમાં ગમન કરવા લાગ્યા. ત્યાં એ હિંસાના અવસરમાં પાર્થિવાનંદ નામના વનમાં સંઘ સહિત સુદત્ત નામના આચાર્ય આવ્યા.

મદનનો નાશ કરવાવાળા શ્રી સુદત્તાચાર્યએ વનનું અવલોકન કરીને એ પ્રકારે કહ્યું કે અહીં પત્ર અને ફળોનો નાશ થતો હોવાથી આ વનમાં સમ, દમ અને યમી સત્ય પુરુષોએ નિવાસ કરવો યોગ્ય નથી.

ત્યારબાદ ઉગ્ર તપથી દેદીપ્યમાન આચાર્યવર યમસ્થાન તુલ્ય સ્મશાન સ્થળે પહોંચ્યા. એ સ્મશાન શિયાળોએ વિદારેલા મૃતકોના સમૂહ અને ભયંકર અવાજ કરતાં કાગડા અને ગૃદ્ધ પક્ષિઓથી ભરેલું હતું. એ સ્મશાન નિષ્ફળ વૃક્ષોના શુષ્ક પત્રો, રાક્ષસોના મુખથી નીકળતાં ઉષ્ણ શ્વાસ તથા શૂળી પર ચઢાવેલા મૃતકોના કલેવરથી અત્યંત ભયંકર હતું.

એ સ્થાન ચોરોના સમૂહથી વ્યાપ્ત અને માંસભક્ષી પક્ષીઓ તથા નિશાચરના અવાજથી ગુંજતું હતું. એ ભયાનક સ્થાનમાં ઈન્દ્ર, ચન્દ્ર અને નાગેન્દ્રોના સમૂહ દ્વારા સ્તુતિયોગ્ય મુનિ, આર્યિકા, શ્રાવક અને શ્રાવિકા–એ પ્રકારે ચતુર્વિધ સંઘ સહિત શ્રી સુદત્તાચાર્ય પ્રાસુક અને પવિત્ર શિલા ઉપર બેઠા. એ મુનિસંઘ જીવોની દયામાં તત્પર મહા તપશ્ચરણ વડે શરીરનું શોષણ કરતા હતા. સ્મશાન સ્થળમાં જિનદીક્ષાનું પાલન કરતાં ક્ષુલ્લક યુગલ કામદેવ નાશક પરમ ઈશ્વર ગુરુને નમસ્કાર કરી તેમની આજ્ઞા લઈને ભિક્ષા માટે ગમન કરવા લાગ્યા.

એ ક્ષુલ્લક યુગલ વિવિધ લક્ષણ સહિત ગાત્ર, પ્રહર્ષિત શરીર, કમલદલનેત્ર, જિનચરણોના ભક્ત, વિષયોથી વિરક્ત, પાપમળ અને મદથી રહિત, જૈન ધર્મમાં પૂર્ણ આસક્ત, નિજ ગુણોથી મહાન, નિજ શરીરની કાંતિથી સૂર્યને આચ્છાદિત કરતા, હાથમાં પાત્ર ધારણ કરેલા, નગર તરફ ગમન કરવા લાગ્યા. એ સમયે નિર્મળ અને તીક્ષ્ણ ખડ્ગ હાથમાં ધારણ કરેલા પાપકર્મમાં તત્પર ચંડકર્મા કિંકરોએ એ બાળવય ક્ષુલ્લક યુગલને જોઈને કહ્યું :

કિંકર :—હે બાળયુગલ! તમારું મળવું ખૂબ જ કષ્ટસાધ્ય હતું જે સહજમાં જ મળી ગયું—એમ કહીને યુગલની નજીક પહોંચી ગયા. ત્યાં દુ:ખનાશક, પાપવિઘાતક, સુંદરગાત્ર અને લાવણ્યપુરિત શરીરવંત યુગલને જોઈને કિંકરો પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા.

એક :—ભાઈ! સત્ય કહેજે કે ગમે તેટલી શોધ કરત તોપણ ક્યાંય આવું રૂપવાન યુગલ મળી શકતું હતું? ક્યારેય નહીં.

બીજો :—મિત્ર! આમને લઈ જવાથી મહારાજ પારિતોષિક તો અવશ્ય આપશે જ. ભાઈ! આમના હાથ–પગ કેટલા કોમળ છે? આમનું સૌમ્ય શરીર કેવું હૃદયગ્રાહી છે? હવે જલ્દી આમને લઈને ચાલો, વિલમ્બનો સમય નથી.

ત્રીજો :—ભાઈ! જુઓ તો ખરા, આપણે એમને ઘેરી લીધા હોવા છતાં તેમના મુખમંડળ પર જરા પણ મલીનતા નથી દેખાતી.

અન્ય :—ભાઈ! તું પણ મૂર્ખ જ છો; ધૈર્યવાનોનું કોઈ વિપત્તિમાં મ્લાન મુખ થાય છે શું? ક્યારેય પણ નહીં.

અન્ય :—અરે ભાઈ! તમે બધા જ ઉત્તમ શ્રેણીના મૂર્ખ છો કેમ કે જેમ તેમ કરીને ઈચ્છિત વસ્તુનો લાભ થયો તેમાં પણ પોત પોતાના ગપ્પા મારો છો અને વ્યર્થમાં મોડું કરો છો. હવે જલ્દીથી ચંડિકાના મંદિરે લઈ ચાલો.

આ રીતે બધા કિંકરો ક્ષુલ્લક યુગલને ચંડિકાના મંદિરે લઈ ગયા. જે સમયે કિંકરોએ ક્ષુલ્લક યુગલનો હાથ બાંધીને મનુષ્યોને ભયકારક મસ્તક છેદ કરવાની વાત કરી તે શબ્દો સાંભળીને મદન વિજેતા અભયકુમાર નામના ક્ષુલ્લક મહારાજે પોતાની ક્ષુલ્લિકા બહેનને આ પ્રકારે સંબોધન કર્યું :

ક્ષુલ્લક :—બહેન! આ અવસરમાં મરણની શંકા કરી જરા પણ ભય નહીં કરતી, પરંતુ ભગવાન વીતરાગ અરિહંતદેવને પોતાના હૃદયમાં સ્થાપીને આ પ્રકારે વિચાર કર કે પૂર્વભવમાં જે અશુભ કર્મનું બંધન કર્યું છે તેના ઉદયથી શારીરિક કષ્ટ અવશ્ય થાય છે; તે કારણે કોઈ પણ મારા શરીરનું છેદન કરો, ભેદન કરો, મારા શરીરના રસ, રુધિર આદિનું પાન કરો, માંસનું ભક્ષણ કરો, ગર્દન કાપો પરંતુ ચિરકાળથી જે શાંતિભાવનો અભ્યાસ કર્યો છે તેના અનુસાર મનને શાંત કરવાવાળા મુનિજન અષ્ટગુણ સંયુક્ત સિદ્ધ પર્યાયને પ્રાપ્ત થઈ જાય છે.

કન્યા! કોઈ રાક્ષસ-રાજા તથા કિંકર જો આપણા પૌદ્ગલિક શરીરનો ઘાત કરે તો કરો પરંતુ તે જ્ઞાનપૂર્વક આપણા આત્માનો ઘાત નથી કરી શકતા. આવા અવસરમાં જૈનધર્મના જ શરણનું અનુસરણ કરવું યોગ્ય છે.

આ પ્રકારે પોતાના ક્ષુલ્લક ભાઈના ઉપદેશપૂર્ણ વચન સાંભળીને તે ચંદ્રમુખી ક્ષુલ્લકી આ પ્રકારે કહેવા લાગી :

ક્ષુલ્લકી :—ભ્રાતૃવર! તમે જે જિન સૂત્રાનુસાર નિર્મળ અને પવિત્ર ઉપદેશ આપ્યો તે સર્વથા યોગ્ય છે. મેં આપના કથનની પૂર્વે જ આ વિચાર કરી રાખેલ છે કે મારા આ નાશવાન શરીરનું કોઈ પણ ઘાત કરો પરંતુ હું મારા જીવનને જીર્ણ તૃણ સમાન ગણું છું. મેં ચિરકાળથી જે ઉપશમનો અભ્યાસ કર્યો છે તેને જ નિજ હૃદયમાં ધારણ કરી કર્મોદયના ફળને ભોગવીશ.

આ ઉપર્યુક્ત પ્રકારે પરસ્પર વાર્તાલાપ કરતાં, જિનેન્દ્રનું સ્મરણ કરતાં ક્ષુલ્લક યુગલને યમરાજ સમાન રુદ્ર પદાતિઓ દ્વારા ભૈરવાનંદના કુટુંબને આનંદકારક દેવીના મંદિર પ્રતિ લઈ જવામાં આવ્યા.

એ મંદિરમાં તે ભૈરવાચાર્ય મહાધ્વનિ કરતો, ધનુષ્ય ઉઠાવતો, લોહદંડને ઘુમાવતો, લોખંડ–પિત્તળનાં આભૂષણો ધારણ કરતો, હાથમાં તીક્ષ્ણ છરી રાખતો, પોતાના ગુરુતાભાવને પ્રગટ કરતો, પોતાનું મહત્ત્વ દેખાડતો, સમસ્ત શરીર પર મૃગચર્મ લપેટેલો, પગમાં ઘુંઘરુથી ઝનકાર અને થપથપ શબ્દ કરતો તથા પોતાના વાળને ખોલીને પિશાચ સમાન પૂર્ણ માંસભક્ષી સદૃશ, ચંડિકાના ચરિત્રનું વર્ણન કરતો, નૃત્ય કરતો, અપૂર્વ દૃશ્ય બનાવી રહ્યો હતો.

એ જ સમયે ચંડિકા પોતાના નિવાસમાં મોઢામાં મસ્તક ખંડ ધારણ કરી નૃત્ય કરતી હતી. તે દેવીગૃહ પશુઓના રુધિરથી સિંચાયેલું, પશુઓના હાડકાઓની માળા લટકતી, પશુની જીભના પાત્રથી પૂજા થતી, પશુઓની ચરબીના દીપકથી પ્રકાશ થતો ઇત્યાદિ ભયંકર દૃશ્યયુક્ત દેવીગૃહમાં ચંડિકાદેવી અનેક ક્રીડા કરતી મહાભયાનક દૃશ્ય દેખાડતી હતી.

માંસલોલુપી નરનાથ મારિદત્ત પણ તે દેવીગૃહમાં બિરાજમાન હતા. દેવીગૃહમાં સ્થિત મારિદત્ત મહારાજે સમાગત શાંતિમુદ્રાયુક્ત અભયરુચિકુમાર ક્ષુલ્લક અને ચંદ્રમુખી ક્ષુલ્લકીનું અવલોકન કરી ઊભા થઈને હાથ જોડી આ પ્રમાણે શબ્દોચ્ચાર કર્યા :

મહારાજ :—શ્રીમાન્ ક્ષુલ્લક મહારાજ અને ક્ષુલ્લીકાજીને મારા સવિનય નમસ્કાર.

ક્ષુલ્લક :—હે શુદ્ધવંશની લક્ષ્મીરુપ કમલિનીના હંસ! હે રાજ ગણેશ! હે ગુણશ્રેણિયુક્ત યોગિરાજ! હે સ્નેહપૂર્ણ દાતા! હે ફળયુક્ત વૃક્ષવત્ નમ્ર! હે કલાકુલકલિત કલાધર! હે જલપુરિત સમુદ્રતુલ્ય ગંભીર! હે રાજન્! તારી ધર્મવૃદ્ધિ હો!

આ પ્રકારે પૂર્ણ નિશાકર સમાન બાળયુગલના શાંતિપૂર્ણ આશીર્વાદ સાંભળીને મહારાજ મારિદત્તના હૃદયમાંથી સમસ્ત રોષનું વિસર્જન થઈ ગયું. એ સમયે મહારાજા પોતાના હૃદયમાં વિચારવા લાગ્યા :

આહાહા! કેવું અનુપમ રૂપ વિધાતાએ બનાવ્યું છે! હા! દુષ્ટ વિધાતા! આ બંને સુકુમાર બાળક ક્યાં આવી ગયા? તેમણે જે સ્વજનોના સુખનો ત્યાગ કર્યો તે સમુદ્રપર્યંત પૃથ્વીનો ભોગ કેમ ન કર્યો?

આ બંને બાળકો આનંદયુક્ત પ્રશંસાયોગ્ય, વિદ્યાધરોના ઈન્દ્ર અથવા નાગેન્દ્રનું પાતાળ ભેદીને આવ્યા છે અથવા આ મધ્યલોકની લક્ષ્મીને જોવા સ્વર્ગમાંથી સુરેન્દ્ર અથવા પ્રભાધન ચંદ્રમા આવ્યો છે અથવા બાળકનો વેષ ધારણ કરી મુરારી મહાદેવ કે કામદેવ એ બે માંથી કોઈ આવ્યું છે અથવા અવ્યક્ત રૂપ ધારણ કરી ધૃતિ, ક્રાંતિ, લક્ષ્મી, શાંતિ સહિત અનેક સિદ્ધિની પૃથ્વી છે અથવા યશનું સ્થાન, ગુણોની શ્રેણિ, દુઃખનાશક કવિઓની વાણી અને પુણ્યની ભૂમિ છે. આ ઉપશાંત બદન શાંતમૂર્તિ ચંડમારીદેવી જ શું મનુષ્યનું રૂપ ધારણ કરી મારી પરીક્ષા કરવા અહીં આવી છે અથવા મારા કોઈ સંબંધી દીક્ષા ગ્રહણ કરી સંસારનો અંત કરવા અહીં ઉપસ્થિત થયા છે! ઈત્યાદિ ચિંતવન કરતાં મહારાજ મારિદત્તે પુનઃ પ્રગટરૂપથી ક્ષુલ્લકને પ્રશ્ન કર્યો.

મહારાજ :—અહો મહાનુભાવ! આપ કોણ છો? શું રાજ્યથી ભ્રષ્ટ થઈને શત્રુનાં ડરથી ભોગવી રહેલા સુખને છોડીને અહીં આવ્યા છો કે ક્યાંકના રાજપુત્ર છો જે નારાજ થઈને પોતાનો વેશ બદલીને ગુપ્ત રીતિથી અહીં આવ્યા છો? અને આ શાંતમૂર્તિ મહારૂપવતી કુળાનંદદાયિની કન્યા કોની પુત્રી છે? અહો! આ બાળ- અવસ્થામાં વ્રતપૂર્વક દીક્ષા, ઘરે–ઘરે ભિક્ષા અને મહાન્ ગુણોની પરીક્ષા એકથી એક અદ્‌ભુત લાગે છે.

હે રાજકુમાર! હે મુનિ!! આ અમારા શુદ્ધ અને કીર્તિ ગૃહસ્વરૂપ શ્રેષ્ઠ નગરમાં આ કુમારી સહિત આપ કેવી રીતે પધાર્યા? તે આપની પાપનાશક અને સુખદાયક કથા જણાવશો.

મહારાજ મારિદત્તના આવા વચનો સાંભળીને નૃપતિને હર્ષોત્પાદક ક્ષુલ્લક મહારાજ આ પ્રકારે કહેવા લાગ્યા :

ક્ષુલ્લક :—રાજન્! જેવી રીતે અંધની સામે નૃત્ય, બહેરાની સમીપ ઉત્તમ ગાન, નપુંસક પુરુષ પ્રતિ તરુણ બાળાના કટાક્ષોનું નિક્ષેપણ, લવણ રહિત વિવિધ પ્રકારનું વ્યંજન, અજ્ઞાનીઓમાં તીવ્ર તપનું આચરણ, નિર્બળનું શરણ, શુભ ધ્યાન રહિત પરંતુ અતિ રૌદ્ર સહિત પુરુષનું સમાધિમરણ, નિર્ધનનું નવયૌવન, કૃપણનું ધન સંચય કરવું, નિઃસ્નેહીમાં કામનીય-કામિનીનું રમણ, અપાત્રને દાન, મોહરૂપ ધૂળથી ધૂસરિત મનુષ્યને ધર્મનું વ્યાખ્યાન, દુષ્ટસ્વભાવી પુરુષથી ગુણોનું વર્ણન તથા રણમાં રુદન જેમ વૃથા–નકામું છે, તેમ આપની સન્મુખ અમારું ચારિત્ર કહેવું વ્યર્થ છે. કેમ કે માથામાં શૂળ સમાન, જિનેન્દ્રને નહીં માનતા પુરુષને, જે ગુરુ શુદ્ધ વચનો દ્વારા પરમાગમનું કથન કરે છે તે શુદ્ધ દૂધને સર્પના મુખમાં આપીને પોતાનો નાશ કરે છે.

ક્ષુલ્લક મહારાજ હજી કહેવા લાગ્યા કે રાજન્! જેમ મૂર્છિત પુરુષને શીતલ જલ અને પવનથી સચેત્ત કરવામાં આવે છે, તેવી જ રીતે ઉપશાંત પુરુષને ધર્મોપદેશ દેવામાં આવે છે; પરંતુ જેવી રીતે શુષ્ક વૃક્ષનું સિંચન વ્યર્થ છે, તેવી જ રીતે અવિનયીને સંબોધન પણ વ્યર્થ છે.

નૃપવર! મારી જે કથા છે તે ધર્મવિદ્યાનો ઉપદેશ છે, જે ઉત્તમ પુરુષોને શ્રવણ અને પૂજનયોગ્ય છે, એ કારણે જો મારા ચરિત્રનું શ્રવણ કરવા ચાહો તો શાંતચિત્ત થઈને શ્રવણ કરો.

આ પ્રકારના અભયરુચિ કુમાર ક્ષુલ્લકના વચનો સાંભળીને ઉપશાંત હૃદય બનીને મહારાજ મારિદત્તે ભંભા, ભેરી, દુંદુભિ અને પ્રચંડ ડમરૂના શબ્દોનું નિવારણ કરી, મનુષ્યોના હિંસાના વિનોદનું નિરાકરણ કરી વિનયપૂર્વક ક્ષુલ્લક મહારાજથી ફરી પ્રાર્થના કરી :

મારિદત્ત :—હે દયાપાલક! હે સ્વામિન્! તમારી આજ્ઞાનુસાર અત્યારે સમસ્ત સભા સાંભળવા સ્તબ્ધ થઈ રહી છે. હે શ્રમણેશ! જુઓ, બધા મનુષ્ય વિનય સહિત તમારી વાણીની અભિલાષાથી કેવા બેઠા છે કે માનો પ્રવીણ ચિત્રહારના રચેલા ચિત્ર જ છે. હવે તમે તમારા ચરિત્રનું વર્ણન કરો.

ક્ષુલ્લક :—નૃપવર! જો તમારી પૂર્ણ અભિલાષા હોય તો હું મારું ચરિત્ર કહું છું તેને એકાગ્રચિત્તથી શ્રવણ કરો.

હે પૃથ્વીપાલ મહારાજ મારિદત્ત! દુષ્ટ શ્રુતાનુભૂત રહસ્યનું તમારી સન્મુખ વર્ણન કરું છું. આ જ જમ્બુદ્વીપના ભરતક્ષેત્રમાં પૃથ્વીના તિલક સમાન અવન્તી નામનો દેશ છે. એ રમણીક અવન્તી દેશમાં સ્વર્ગપુરી સમાન ઉજ્જયિની નામની નગરી છે. આ નગરીનો રાજા મહા પ્રતાપી યશોર્ધ હતો.

તે ક્ષત્રીય કર્મનો ધરનાર યશોર્ધ રાજા યૌવનાવસ્થામાં એવો શોભતો હતો માનો ગુણોનો સમૂહ કે તપનો પ્રભાવ કે પુણ્યનો સમૂહ કે કલાનો સમૂહ કે કુળનું આભૂષણ કે યશનો ભંડાર કે ન્યાયનો માર્ગ કે જગતનો સૂર્ય જ હોય.

એ યશોર્ધ નામના પૃથ્વીપાલકને કામની વિદ્યા, કામની શક્તિ, કામની દિપ્તિ, કામની કીર્તિ, કામબાણોની પંક્તિ અને કામના હાથની વીણા સમાન ચંદ્રમતિ નામની મહારાણી હતી. એ મહારાણીના ઉદરથી સુકવિની બુદ્ધિથી કાવ્યાર્થની જેમ 'યશોધર' નામનો (હું) પુત્રરત્ન જન્મ્યો.

રાજન્! જ્યારે હું બાલ્યાવસ્થામાં આવ્યો ત્યારે પહેલાં તો મારી ઉંમરના બાળકો સાથે ઘરમાં જ રમવા લાગ્યો. પછી જ્યારે ભણવાયોગ્ય થયો ત્યારે મારા માતા–પિતાએ યોગ્ય અધ્યાપકની પાસે મને ભણવા માટે રાખ્યો. ત્યાં પહેલાં તો વર્ણમાત્રાદિ ક્રમનું શિક્ષણ પ્રાપ્ત કરી ત્યારબાદ ક્રમપૂર્વક વ્યાકરણ, કોષ, ન્યાય, કાવ્ય, છન્દ, અલંકારમાં નિપુણ થયો. પછી મેં

જ્યોતિષ, સામુદ્રિક, વૈદ્યકનો અભ્યાસ કર્યો. ત્યારબાદ સંગીતવિદ્યા તથા નવરસ યુક્ત નૃત્યકલા અને વાજિંત્ર વગાડવાની વિદ્યામાં પણ જ્યારે પ્રવીણ થઈ ગયો ત્યારે રત્નપરીક્ષા, ગજરાજ, ઘોટક, વૃષભ આદિ પશુઓની પરીક્ષાના શાસ્ત્રોનું મનન કર્યું.

ત્યારબાદ ચિત્રલેખન અને કાષ્ઠકર્મનો પણ અભ્યાસ થઈ ગયો. ત્યારબાદ હાથી, ઘોટક આદિ આરોહણ, ધનુષવિદ્યા, યુદ્ધકલા, મલ્લવિદ્યા, જલ તરણ આદિ અનેક કળાઓમાં પ્રવીણ થયો. ધરાનાથ! જ્યારે મેં લાવણ્યરૂપ જળથી સીંચેલી તરુણતામાં પ્રવેશ કર્યો ત્યારે જોકે હું અંગ સહિત હતો છતા અનંગ (કામદેવ) સમાન દેખાતો હતો. જ્યારે મારા પિતાને હું યુવાન થયો એમ લાગ્યું ત્યારે રૂપ–લાવણ્યની સરિતા સમાન પાંચ રાજકન્યાઓ સાથે મારા લગ્ન થયા. હું પણ સુખસાગરમાં એવો મગ્ન થયો કે વ્યતીત થતા સમયને જરાય પણ ન જાણી શક્યો. ત્યારબાદ મારા પિતા વૈરાગ્ય પામ્યા.

યશોર્ધ મહારાજ ચંદ્રમાના કિરણ સમાન ઉજ્જ્વલ કેશને જોઈને ચિંતવન કરવા લાગ્યા :—અરે દુઃખ! રતિરૂપ સપત્નીને મથવાવાળી અને દુર્ભાગ્યની રાશી આ વૃદ્ધાવસ્થાએ શું મારા વાળને ગ્રહણ કરી લીધા? આ સફેદ વાળ જ મારી વૃદ્ધાવસ્થાનું સૂચક છે. આ વૃદ્ધાવસ્થામાં મુખમાંથી જે લાળ પડે છે તે એવી જણાય છે કે જાણે પુરુષના શરીરમાંથી શક્તિ જ લાળનું રૂપ લઈને નીકળી રહી છે તથા વૃદ્ધના મોઢામાંથી જે દાંત પડે છે તે જાણે કે પાપોદયથી પુણ્યની સૃષ્ટિ જ પડી રહી છે.

આ વૃદ્ધાવસ્થામાં કામિનીની ગતિ સમાન દૃષ્ટિ મંદ થઈ જાય છે, એ સમયે હાથમાં લાકડી સ્થિર નથી રહેતી. તે સત્ય જ છે કે નવી આવેલી જરારૂપી વનિતાના સંસર્ગથી લાકડી રૂપી સ્ત્રી કેવી રીતે સ્થિર રહી શકે? આ વૃદ્ધાવસ્થામાં કુકવિના કાવ્યની જેમ પગ પણ ચાલતાં નથી અર્થાત્ જેવી રીતે કુકવિના કાવ્યના પદ ચાલતાં નથી તેવી રીતે વૃદ્ધ પુરુષના પગ પણ નથી ચાલી શકતા.

વૃદ્ધ પુરુષના શરીરમાંથી જે લાવણ્યતા નષ્ટ થાય છે તે એવી જણાય છે કે માનો જરારૂપ સરિતાના અભંગ તરંગોથી ધોયેલી છે.

યશોર્ધ મહારાજ વિચારવા લાગ્યા કે દેશ, કોષ, શાસ્ત્ર, સેના, અમાત્ય, ગઢ અને મિત્ર— એ રાજ્યનાં સાત અંગ તથા બે હાથ, બે પગ, નિતંબ, કુલા, પીજ અને મસ્તક –એ શરીરના આઠ અંગ કોઈના પણ ત્રણ ભુવનમાં શાશ્વત સ્થિર નથી રહેતા. તેથી હું ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આંકિચન્ય અને બ્રહ્મચર્ય—એ દશ ધર્મોનું પાલન કરું છું અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા પરિગ્રહત્યાગ એ પાંચ મહાવ્રતોને ધારણ કરું છું.

મેં મારી અજ્ઞાનતાથી વિષય-ભોગોમાં મગ્ન થઈને પોતાના કુટુંબીઓના સ્નેહમાં તલ્લીન થઈને આટલો સમય વ્યર્થ બગાડ્યો. મેં આ વાતનો કિંચિત્ પણ વિચાર ન કર્યો કે આ

પંચેન્દ્રિયના વિષયો વિષમિશ્રિત મિષ્ટાન્નની જેમ પ્રાણઘાતક અને દુર્ગતિઓમાં લઈ જઈને અનેક દુઃખોને પાત્ર બનાવે છે.

યશોર્ધ મહારાજે એમ પણ વિચાર્યું કે આ પુત્ર, મિત્ર, કલત્ર આદિ સમસ્ત કુટુંબસમૂહ સ્વાર્થપરાયણ છે એનો વિચાર કર્યા વગર તેમના સ્નેહમાં ફસાઈને ઉચિતનો વિચાર ન કરતાં પાપ કાર્યોમાં તત્પર થઈ રહ્યો હતો પણ હવે સર્વ કાર્યોનો ત્યાગ કરીને જિનદીક્ષા ગ્રહણ કરીને મહાન તપશ્ચરણ કરી સંસાર-ભ્રમણથી નિવૃત્ત થઈ જઈશ ઈત્યાદિ વિચાર કરીને મહારાજ યશોર્ધે સમસ્ત રાજ કર્મચારીઓને પોતાનો આંતરિક વિચાર જણાવ્યો. તે સમયે સમસ્ત કર્મચારીગણ જોકે પોતાના હૃદયમાં ખૂબ જ દુઃખી થયા પરંતુ મહારાજને દૃઢ જોઈને કાંઈપણ કહેવાનું સાહસ ન કરી શક્યા અને મહારાજની આજ્ઞાનુસાર બધી જ સામગ્રી ભેગી કરીને યશોધર–મને બોલાવીને રાજ્યતિલક કર્યો. ત્યારબાદ યશોર્ધ મહારાજે જૈન પથના પથિક બનીને વન પ્રતિ ગમન કરી જૈનાચાર્યની સમીપ જૈનેશ્વરી દીક્ષા પ્રાપ્ત કરી.

રાજન્! યશોર્ધ મહારાજ તો કામરૂપ મદના વિઘાતક હોઈ શિવરાજ્ય અર્થે પ્રયત્ન કરવા લાગ્યા. યશોધરે–મેં વૃદ્ધ મંત્રીઓની સહાયતાથી આન્વીક્ષિકી રાજવિદ્યા દ્વારા ઈન્દ્રિયવિજયી જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્રયી નામની વિદ્યાથી બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને ક્ષૂદ્ર એ ચારેય વર્ણોના આચાર–વિચાર જાણ્યા; દંડનીતિ નામની વિદ્યાથી ખોટા મદયુક્ત દુષ્ટોને યોગ્ય દંડનું સ્વરૂપ જાણ્યું અને વાર્તા નામની વિદ્યાથી ધનાદિ સંચયની રીતિ–નીતિનું શિક્ષણ પ્રાપ્ત કર્યું.

ત્યારબાદ લોકનીતિજ્ઞ અને ધર્મજ્ઞ વૃદ્ધ પુરુષોનાં સંસર્ગથી દ્યૂત, માંસ, સુરા, વૈશ્યા, ચૌર્ય અને પરાંગના–એ સાત વ્યસનોનો ત્યાગ કરી ક્રોધ, મોહ, માન આદિ કર્મોનું વિસર્જન કર્યું.

નૃપવર! એ સમયે યશોધર–હું કામવિનોદનું નામમાત્ર સેવન કરતો હતો તોપણ હર્ષોત્પાદક અંગોથી નિશ્ચિત દૂર રહેતો હતો. મંત્રીઓ દ્વારા વિગ્રહ, યાન, આસન, આશ્રય આદિ રાજ્યના અંગોનું જ્ઞાન જે સમયે મારા હૃદયમાં સ્ફુરાયમાન થવા લાગ્યું તે જ સમયથી ભૃત્યસમૂહ કાંપવા લાગ્યા તથા નિજ કાર્યોમાં તત્પર થવા લાગ્યા. જે મારાથી ડરતા હતા તે નગર–ગ્રામના નિવાસ છોડીને અરણ્યમાં વાસ કરવા લાગ્યા. જે દુષ્ટ મંત્રીઓના બહકાવેલા રાજા રણાંગણમાં યુદ્ધ માટે આગળ આવ્યા તે ચંચળ વિજળી સમાન લુપ્ત થઈ ગયા તથા જે નમ્ર ધરાધીશ હતા તે સુખ પૂર્વક નિજ જીવિતવ્ય વ્યતીત કરવા લાગ્યા.

નૃપવર! રણાંગણમાં યશોધરે–મેં દુર્નિવાર તલવારની ધારથી બીજા રાજાઓનો નાશ કર્યો અને દિશાઓમાં ફેલાતા પોતાના તેજથી સૂર્ય અને ચંદ્રમા પર વિજય પ્રાપ્ત કર્યો.

રાજન્! રાજા યશોધર નિજ સ્ત્રીના પ્રેમમાં આસક્ત–ચિત્ત થતો એમ વિચારવા લાગ્યો કે સ્વચ્છમતિ, હંસગતિ, મારી પ્રિય ભાર્યા અમૃતમયી મારા હૃદયમાં વાસ કરતી નેત્રના ટિમકાર

માત્ર વિરહથી વ્યાકુળ થઈ જાય છે તો હું પણ તેની સાથે ભોગ ભોગવીશ; પછી ભલે નૃપપૂજ્ય રાજ્ય નષ્ટ થઈ જાય, ચાહે લક્ષ્મી ઉપર વજ્રપાત થાય, ચાહે શરમ નષ્ટ થઈ જાય પણ એ હૃદયવાસિનીથી એક ક્ષણમાત્ર પણ પૃથક્ નહીં થાવ. ગુણોના સમૂહથી યુક્ત અને યશ તથા જપનું ધામ એવા યશોમતિ નામક નિજપુત્રને રાજ્ય સિંહાસન પર સ્થાપીને રાજ્યભાર તેને જ સમર્પણ કરીને પછી ઈષ્ટ પ્રાપ્તિ માટે અમૃતરતિના ઘરે જઈને એ પ્રિયતમા સહિત વિલાસ કરીશ અને તેની સાથે જ ઈચ્છિત ભોજન પણ કરીશ.

એ સુકોમળ મનોહરમુખી પ્રિયા સહિત નિર્જન વનમાં વાસ પણ ઉત્તમ છે, સમસ્ત સુખોનું કારણ અને લક્ષ્મીનો નિવાસ છે પણ પ્રિયતમા વિના સ્વર્ગનો વાસ પણ સારો નથી ઈત્યાદિ અનેક વિચાર કરવા લાગ્યા.

મહારાજ મારિદત્ત! જે સમયે યશોધર મહારાજ આમ વિચારી રહ્યા હતા તે વખતે સંધ્યાનો સમય થઈ ગયો. તે સમયે મહારાજ યશોધરના હૃદયમાં નિજ પ્રિયાને મળવાની ખૂબ લાલસા થવાથી દ્વારપાળને આદેશ આપ્યો કે તું મહારાણીના મહેલમાં જઈને સમાચાર આપ કે મહારાજ આવી રહ્યા છે.

દ્વારપાલ :—મહારાજની જેવી આજ્ઞા. હું હમણાં જ જઈને સમાચાર આપું છું.

આમ કહીને દ્વારપાલે મહારાણીના મહેલમાં જઈને મહારાજના આવવાના સમાચાર આપ્યા. ત્યાંની બધી વ્યવસ્થા ઠીક કરીને પાછો આવ્યો.

દ્વારપાલ :—શ્રી પૃથ્વીનાથ! સ્વર્ગતુલ્ય મહારાણીના મહેલ તરફ પધારો.

આ પ્રકારે દ્વારપાલનું નિવેદન સાંભળીને મહારાજ–હું તત્કાલ જવા માટે તૈયાર થયો. તે સમયે તિમિરનાશક દીપક હાથમાં લઈને એક સેવક આગળ જતો હતો. આ પ્રકારે હું મણિમય શિખરયુક્ત અમૃતાદેવીના મહેલમાં પહોંચ્યો. તે મહેલ ક્યાંક ક્યાંક રત્નો જડેલ ભીંતોથી શોભતો હતો.

રાજન્! જે સમયે યશોધર મહારાજે–મેં તે અતિ સુન્દર મંદિરમાં સાત પ્રકારની ભૂમિને જોઈ તે સમયે મારી બુદ્ધિ એવી કમ્પાયમાન થવા લાગી કે માનો નરકમાં જ પ્રવેશ કર્યો હોય!

પૃથ્વીનાથ! એ સમયે કામના ઉદ્વેગથી વિષસહિત સર્પની જેમ મારા સર્વાંગમાં કમ્પ ઉત્પન્ન થયો અને મને પ્રિયા સુધી પહોંચવું કઠીન થઈ ગયું.

પ્રજાપાલક! પછી હું દ્વારપાળના હાથનું અવલંબન લઈને રાણીના મહેલમાં અંદર પહોંચી ગયો. અંદર પ્રવેશ થતાં જ દૈવે મારી બુદ્ધિનું હરણ કરી લીધું. એ સમયે નિજ પ્રિયાના મુખથી સુગંધિત સ્વાદયુક્ત વચનાલાપ સાંભળીને મેં મારા નાક અને કાનને આનંદિત કર્યું. તેના અતિ

ઉત્તમ રૂપનું અવલોકન કરીને નેત્રને તૃપ્ત કર્યા. એ ચંદ્રવદનીના અધરામૃતનાં સ્વાદથી જીભને સંતોષિત કરી અને એ સુકોમળ શરીરના સ્પર્શથી સર્વ અંગ સુખપૂર્ણ કર્યું.

રાજન્! એ સમયનું અવલોકન, સંભાષણ, દાન, આલિંગન, વિશ્વાસ, પ્રિયાનો મેળાપ અને રતિક્રીડા અમૃતાદેવીના સંસર્ગથી જે મને પ્રાપ્ત થયા તે બીજા કોઈને પ્રાપ્ત નહીં થયા હોય.

ન્યાયમૂર્તિ! સમસ્ત ક્રીડાથી નિશ્ચિંત થઈને હું શયનસ્થ થયો. આંખ બંધ કરીને હું તે કમલદલનેત્રા, ચંદ્રવદની, ગજગામિની પ્રિયાનું સ્મરણ કરતો હતો એટલામાં તે પર–પુરુષ આસક્ત મારા બાહુપાશમાંથી નીકળી ધીમે ધીમે ગમન કરવા લાગી. તત્કાલ હું પણ ઊઠીને જોવા લાગ્યો કે આટલી અર્ધરાત્રીમાં તે ક્યાં જાય છે? એવો વિચાર કરીને હાથમાં તલવાર લઈને હું ગુપ્ત રીતિથી તેની પાછળ જઈને જોવ છું કે તે કૂબડાની સામે હાથ જોડીને ઊભી છે.

પૃથ્વીનાથ! એ કૂબડો પુરુષાર્થમાં અનુદ્યમી, સર્વજન નિંદ્ય, મોટા દાંતવાળો, ખૂબ મોટા અને વિષમ હોંઠ, ફાટેલા ખરબચડા અને કઠોર હાથ–પગ, સૂક્ષ્મ અને કઠોર હૃદય, રુક્ષ વાળથી ભયાનક, બીજાના જુતાનું રક્ષણ કરવાવાળો, હાથી–ઘોડાના બચેલા અન્નથી પેટ ભરતો હતો એવા મહાભયાનક કૂબડાએ જેવી અમૃતાદેવીને જોઈ તરત જ વક્રદષ્ટિથી બોલવા લાગ્યો :

કૂબડો :—સદ્‌ભાવ રહિત દાસી! તેં આટલી વાર કેમ લગાડી? રોજની માફક જલ્દી કેમ ન આવી? ઈત્યાદિ બક બક કરતો ચાબુક હાથમાં લઈને તે અમૃતાદેવીને મારવા લાગ્યો. ત્યારબાદ વાળ પકડીને જમીન પર પછાડીને લાતો મારવા લાગ્યો. એ સમયે કૂબડાના ચરણોમાં નમસ્કાર કરતી અમૃતાદેવી નમ્રભાવથી કહેવા લાગી :

અમૃતાદેવી :—સ્વામી! આજ ઘરકામથી અવકાશ ન મળવાથી થોડું મોડું થઈ ગયું. નાથ! આપ કામદેવ સમાન મારા હૃદયમાં વાસ કરો છો તે કારણે આપના નારાજ થવાથી મારા છત્ર, ચમર, આસન, મહેલ, હાથી, ઘોડા, રથ, પ્યાદા, વસ્ત્ર, આભૂષણ અને સમુદ્રાંત પૃથ્વીનું રાજ્ય–એ બધું જ વ્યર્થ છે.

પ્રાણવલ્લભ! આપના વિના કુંકુમનું વિલેપન, રત્નસુવર્ણજડિત આભૂષણ, ઉત્તમ બહુમૂલ્ય વસ્ત્ર અને મુક્તાહાર–આ બધું જ અગ્નિજ્વાળા સમાન સર્વાંગને બાળે છે. હે વિધાતા! તે આને ઉચ્ચ કુળમાં ઉત્પન્ન કરીને મારો પતિ કેમ ન બનાવ્યો? અને એવું જ કર્યું તો મને જીવિત કેમ રાખી?

પ્રિયવર! આપના વિના જે દિવસ વ્યતીત થાય છે તે એમ લાગે છે કે પૂર્વસંચિત પાપ કર્મનું ફળ આજે ભોગવું છું.

જો કદાચ યશોધર મહારાજ યમપુર પહોંચી જાય તો હું નૃત્ય કરીશ અને ચૈત્રમાસમાં નૈવેદ્યથી કાત્યાયિની દેવીની પૂજા કરીશ.

રાજન્! એ અમૃતાદેવી ઉપરોક્ત પ્રકારે નમ્ર વચનો દ્વારા પોતાના પ્રેમી કૂબડાને સન્તોષિત કરી ગાઢ આલિંગન કરવા લાગી. એ વખતે બન્ને પ્રેમી પ્રેમસાગરમાં નિમગ્ન થઈને ભય અને લજ્જાને એકદમ ભૂલી ગયા.

નૃપવર! એ સમયે એ બંનેની અવસ્થા જોવાથી મારા–યશોધરના ગુસ્સાનો પાર ન રહ્યો. તત્કાલ ખડ્ગ બાર કાઢીને બંનેને મારવા ઉદ્યત થયો જ હતો કે તે જ સમયે મનમાં વિચાર આવ્યો કે જે ખડ્ગથી વીરોનો સંહાર કર્યો, જે ખડ્ગથી રાજાઓનો વિનાશ કર્યો, જે ખડ્ગથી મહા ભયંકર સિંહોનો નાશ કર્યો તે જ ખડ્ગથી આ બંનેને કઈ રીતે મારું? જે ખડ્ગથી યોદ્ધાઓને માર્યા તે ખડ્ગથી આવા રંકને કઈ રીતે મારું? ઈત્યાદિરૂપ ચિંતવન કરી મેં ક્ષમારૂપ જળથી ક્રોધાગ્નિને શાંત કરી. ત્યારબાદ તલવારને મ્યાનમાં રાખી જે પ્રકારે આવ્યો હતો તે પ્રકારે ગુપ્તરીતિથી જઈને શય્યા પર સૂતો સૂતો હૃદયવાસિની દુષ્ટાના ચરિત્રનું સ્મરણ કરવા લાગ્યો. કે —હા! ધિક્કાર છે તારી બુદ્ધિને! તને જરા પણ વિચાર ન આવ્યો કે ક્યાં તો મારું ઉચ્ચ ક્ષત્રિય કુળ અને ક્યાં તો આનું રંક કુળ? ક્યાં તો સમુદ્રાંત પૃથ્વીના અધિપતિની પ્રાણવલ્લભા અને ક્યાં તો આ હાથી–ઘોડાઓની બચેલી એંઠમાં આજીવિકા ચલાવીને પેટ ભરવાવાળો દરિદ્રી કૂબડો?

હા! ધિક્કાર! તેં એ પણ વિચાર ન કર્યો કે મારો પતિ રાજાધિરાજ છે અને એક નવયૌવન પુત્ર વિદ્યમાન હોવા છતાં આવા નીચ, દરિદ્રી, ઉચ્છિષ્ટ ભોજી, મલિનગાત્ર, કૂબડાની સાથે કેવી રીતે રમણ કરું છું?

હા! અમૃતા! તારી બુદ્ધિ એકસાથે જ નષ્ટ થઈ ગઈ. તને આ નીચ કૃત્ય કરતા કિંચિત્ પણ લજ્જા ન આવી. જે વૃક્ષની શાખા પર હંસ બેસે છે તે જ વૃક્ષની શાખા પર બગલો પણ બેસે છે!

રાજન્! ઉપરોક્ત વિચાર કરતાં કરતાં યશોધર મહારાજ ગોપવતી, વીરવતી અને રક્તા– એ દુરાચારી સ્ત્રીઓનાં ચરિત્રનું સ્મરણ કરવા લાગ્યા.

## ગોપવતીનું ચરિત્ર

કોઈ એક ગામમાં મહાવ્યભિચારિણી કુલટા ગોપવતી નામની સ્ત્રી પોતાના પતિ સાથે રહેતી હતી. એક વખત તેના પતિએ તેણીના કુચારિત્રથી વ્યાકુળ થઈને અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી લીધા. આ સમાચાર મળતાં તે દુષ્ટા ખૂબ જ ક્રોધિત થઈ. એક દિવસ નવવિવાહિતા સ્ત્રી સહિત તેનો પતિ સૂતો હતો તે જોઈ વિષધારિણી સર્પિણીની જેમ ફુંકાર કરતી તીક્ષ્ણ તલવારથી પોતાની 'શોક'નું માથું કાપી કોઈ ગુપ્ત જગ્યા પર રાખી દીધું.

જ્યારે તેનો પતિ તે સ્ત્રીના અગ્નિસંસ્કારથી નિશ્ચિંત થઈને ભોજન માટે ગોપવતીના ઘરમાં ગયો અને ત્યાં મૃત્યુ પામેલી સ્ત્રીનાં શોકમાં ઉદાસમુખ ભોજનમાં અરુચિ કરવા લાગ્યો ત્યારે પતિની આ દશા જોઈ ગોપવતીએ 'શોક'નું મસ્તક લાવીને પતિના ભોજનની થાળીમાં મૂક્યું અને કહેવા લાગી કે હવે આને ખા. આવું જોઈને ડરીને પતિ ભાગવા લાગ્યો પણ એ કુલ્ટાએ તેને ભાગવા ન દીધો અને તેને પણ પકડી છરીથી ગળું કાપીને પછી નિશ્ચિંત થઈ, મનમાનો વ્યભિચાર કરવા લાગી ઈત્યાદિ.

## વીરવતીનું ચરિત્ર

સુદત્ત નામના એક પુરુષે વીરવતી સ્ત્રી સાથે લગ્ન કર્યાના થોડા દિવસ પછી તેને લેવા તેના સસુરાલ ગયો. વીરવતી અંગારક નામના એક ચોરમાં આસક્ત હતી પરંતુ સુદત્તના ત્યાં પહોંચી જવાથી અંગારક પાસે જવાનો સમય વીરવતીને મળતો ન હતો. એ કારણે રાત–દિવસ તડપતી રહેતી હતી. એક દિવસ કોઈ કારણે સ્મશાનમાં અંગારકને શૂળીની સજા કરવામાં આવી, તેના સમાચાર જોકે વીરવતીને મળી ગયા હોવા છતાં દિવસના ન જઈ શકવાથી રાત્રિ થતાં જ્યારે તેનો પતિ 'ઘોડા વેંચીને' સૂઈ ગયો ત્યારે અડધી રાતે પોતાના પ્રેમીને મળવા પહોંચીને શૂળીની નીચે મૃત પુરુષોનો ઢગલો કરીને તેની ઉપર ઊભી રહીને ચોરનું આલિંગન કર્યું. પછી જ્યારે અંગારકે વીરવતીના હોઠ ઉપર ચુંબન કર્યું તે જ સમયે અંગારકનું મૃત્યુ થવાથી તેનું મોઢું બંધ થઈ ગયું.

આ બાજુ મડદાઓનો જે ઢગલો કર્યો હતો તે ખસકી જવાથી વીરવતીનો હોઠ કપાઈને અંગારકના મુખમાં રહી ગયો. પછી વીરવતી જે પ્રકારે ગુપ્તરીતિથી આવી હતી તે જ પ્રકારે મોઢું છુપાડીને પોતાના ઘરમાં જઈને પોતાના પતિની નજીક સૂઈ ગઈ.

ત્યારબાદ એ દુષ્ટા વ્યભિચારિણીએ યુક્તિપૂર્વક બુમો પાડવાનું શરૂ કર્યું કે હાય હાય! મારા પતિએ મારો હોઠ કાપી લીધો. તેનો અવાજ સાંભળી પરિવારનાં બધા લોકો ભેગા થઈ ગયા. જ્યારે સવાર થઈ ત્યારે રાજદરબારમાં જઈને રાજાને બધી વાત કરી. રાજાએ તરત જ સુદત્તને આરોપી જાણી શૂળી પર ચડાવવાનો આદેશ આપ્યો.

જ્યારે રાજ કર્મચારી સુદત્તને લઈને ચાલવા લાગ્યા ત્યારે એક વીરભટ નામના પથિકે કે જે વીરવતીના દુશ્ચારિત્રનો પૂરી રીતે જાણકાર હતો તેણે રાજાને સમસ્ત રહસ્ય કહી દીધું. કહ્યું કે શ્રી મહારાજ! જો મારી વાત સત્ય ન લાગતી હોય તો મૃતક અંગારકનું મુખ જોવામાં આવે તેમાં વીરવતીનો કપાયેલો હોઠનો ટુકડો અવશ્ય હશે. આ સાંભળીને જ્યારે મહારાજની આજ્ઞાનુસાર મૃતક અંગારકનું મુખ જોવામાં આવ્યું તો તેમાંથી હોઠનો ટુકડો નીકળ્યો.

પછી રાજાએ વીરવતીનું ચારિત્ર જાણી સુદત્તને મુક્ત જાહેર કર્યો અને વીરવતીને શૂળીની સજા જાહેર કરી. એ સમયે બધા લોકોએ કુલ્ટા વીરવતીનું સાહસ જોઈને અત્યંત આશ્ચર્યથી કહ્યું કે જુઓ! આ પાપિણીએ પોતાનું દુષ્કર્મ છુપાવવા માટે નિરપરાધ બિચારા સુદત્તને અપરાધી જાહેર કર્યો.

## રક્તારાણીની કથા

અયોધ્યા નગરીનો અધિપતિ દેવરતિ નામક રાજા હતો. તે રક્તા નામની રાણીમાં એવો આસક્ત હતો કે સમસ્ત રાજ્યકાર્ય છોડીને અન્તઃપુરમાં નિવાસ કરવા લાગ્યો હતો. એક દિવસ રાજ્યમંત્રીએ આવીને કહ્યું કે હે રાજન્! આ રીતે આપના ભોગાસક્ત થઈ રણવાસમાં જ રહેવાથી સમસ્ત પ્રજા અન્યાયમાં પ્રવર્તવા લાગી છે. તેથી અગર તો આપ પ્રજાને ન્યાય કરો અથવા ગૃહવાસ છોડી વનવાસ કરો ત્યાં તમારા માટે સમસ્ત ભોગ-સામગ્રી એકત્રિત કરી આપવામાં આવશે કેમ કે અહીં રહેવાથી બધા લોકોના હૃદયમાં અનેક પ્રકારની કુશંકાઓ ઉત્પન્ન થાય છે અને લોકો અનેક પ્રકારના ગપ્પ મારતાં થકા અન્યાય માર્ગમાં ઉદ્યત થઈ રહ્યા છે.

આ પ્રકારે મંત્રીના વચન સાંભળીને રક્તારાણીમાં આસક્ત રાજા વનમાં જવા માટે ઉદ્યત થઈ ગયો. નદી કિનારે કે જ્યાં મહારાજનો મોટો બગીચો હતો ત્યાં જ સમસ્ત સામગ્રી એકત્રિત કરી નિવાસ કરવા લાગ્યો.

રાજાના તે વનમાં એક પંગુ માળી રહેતો હતો કે જે મીઠા અવાજમાં સારું ગીત ગાતો હતો. એકવાર એ પંગુ માળીનું ગીત સાંભળી રક્તારાણી તેના પ્રતિ આસક્તચિત્ત થઈને તેને એકાંતમાં બોલાવી કહેવા લાગી—'હું તારા ઉપર ખૂબ જ પ્રસન્ન છું. તું મારી સાથે ભોગ ભોગવ અને ઉત્તમ પ્રકારના ભોજન નિત્ય જ કર્યા કર.'

આ સાંભળી પંગુએ કહ્યું :–'સ્વામિની! આપની આજ્ઞા શિરોધારણ કરું છું; પરંતુ મહારાજના રહેતાં આ કામ હું કરી શકતો નથી કેમ કે એમાં પ્રાણનો સંશય છે. કદાચિત્ રાજાએ આ દુષ્કર્મ જોઈ લીધું તો આપણે બન્ને મરાઈ જઈશું.'

આ પ્રકારે સાંભળી રાણીએ કહ્યું :—'તું આ વાતથી જરા પણ ભય નહીં કર કેમ કે મેં મહારાજને મારવાનો ઉપાય પહેલેથી જ શોધી રાખ્યો છે. હવે તું એક કામ કર કે ફૂલોની માળા તંતુમાં પરોવીને બનાવ અને તારી પાસે રાખ. જ્યારે હું મંગાવું ત્યારે લઈને આવજે.' એમ કહીને પંગુને રવાના કર્યો અને પોતે ઉદાસ મોઢું બનાવીને રાજાની નજીક જઈને રુદન કરવા લાગી; ત્યારે રાજાએ મધુર વાક્યોમાં પૂછ્યું :

પ્રિયે પ્રાણેશ્વરી! આજે રુદન કરવાનું તારું કારણ શું છે? આ સાંભળી રાણીએ ગદ્ગદ્

અવાજમાં કહ્યું :—'પ્રાણેશ! આજે આપનો જન્મદિવસ છે. જ્યારે નગરીમાં રહેતાં હતા ત્યારે કેવો ઉત્સવ થતો હતો? જો આજે નગરીમાં હોત તો શું તેવો જ ઉત્સવ આજે ન હોત? પરંતુ ઉત્સવ તો દૂર રહ્યો આપ તો અહીં નગરીથી અતિ દૂર નદી કિનારે નિર્જન સ્થાનમાં વાસ કરો છો.'

આવું સ્નેહપૂર્ણ વચન સાંભળી રાજાએ કહ્યું :—'પ્રાણેશ્વરી! જો તારી એવી જ ઇચ્છા છે તો અહીં પણ બધું જ થઈ શકે છે કેમ કે પ્રિય વસ્તુનો સમાગમ થતાં નિર્જન વન પણ સ્વર્ગતુલ્ય લાગે છે; તારી જે કરવાની ઇચ્છા હોય તે કર.

આ સાંભળી રાણીએ ઉત્તમ પ્રકારનો આહાર તૈયાર કરી રાજાની સાથે ભોજન કર્યું. પછી નદી કિનારે બેસીને વિનોદપૂર્વક તાંતથી બનાવેલો ફૂલોનો હાર પંગુ માળી પાસે મગાવીને હાસ્ય-પૂર્વક રાજાના ગળામાં નાખી તત્કાલ ફાંસીના ફંદાથી જટકો આપીને રાજાને નદીમાં ફેંકી દીધા.

હે રાજન્! રક્તારાણી રાજાને નદીમાં ફેંકી પોતે નિર્ભય બની પેલા પંગુ માળી સાથે સ્વેચ્છાપૂર્વક રમણ કરવા લાગી. પછી પોતાના પ્રાણ–વલ્લભ પાંગુલને ખભા ઉપર બેસાડી ઘૂમવા લાગી. પાંગુલ પોતાની ગીત–વિદ્યાથી લોકોને ખુશ કરી પૈસા કમાતો હતો.

પુણ્યનો ઉદય જ્યારે થાય છે ત્યારે મનુષ્ય ભયાનક દુઃખમાંથી પણ બચી જાય છે. રાજા દેવરતિનો પણ એવો જ કોઈ પુણ્ય-ઉદય થયો કે જેથી નદીમાંથી બચી ગયો. નદીમાંથી નીકળીને મંગળપુર શહેર પાસે પહોંચ્યો. કેટલાક દિવસથી ચાલતાં રહેવાથી તે થાકી ગયો હતો તેથી પોતાની થકાવટ દૂર કરવા એક છાંયાદાર વૃક્ષ નીચે સૂઈ ગયો, માનો કે જાણે કે જૈનધર્મની છત્રછાયામાં નિંદ લઈ રહ્યો છે.

મંગલપુરના રાજા શ્રીવર્ધન નિઃસંતાન હતો તેનું તે વખતે મૃત્યુ થઈ ગયું. તેથી મંત્રીઓએ વિચાર કર્યો અને એક હાથીને જળભરેલો કળશ આપીને છોડ્યો. તે હાથી જેના ઉપર અભિષેક કરે તે રાજા બને. કર્મની લીલા અપરંપાર છે. કર્મ રાજાને રંક અને ભિખારીને રાજા બનાવી દે છે. દેવરતિનો સમય જ્યારે પ્રતિકુળ હતો ત્યારે રસ્તાનો ભિખારી બનાવી દીધો ને પુણ્યોદય થતાં તેને રાજગાદી ઉપર બેસાડી દીધો.

દેવરતિ ઝાડ નીચે સૂતો હતો તે વખતે હાથીએ આવીને તેનો અભિષેક કર્યો અને મોટી ધામધૂમથી શહેરમાં લાવ્યા અને રાજ્યસિંહાસન ઉપર બેસાડ્યા. પુણ્યનો ઉદય થવાથી આપત્તિ પણ સુખરૂપે થઈ જાય છે. તેથી સુખની ઇચ્છા કરવાવાળાએ સદા ધર્મ ઉપર ભરોસો કરી પૂજાદાન આદિ શુભકાર્ય કરવું જોઈએ.

દેવરતિ ફરીને રાજા થઈ ગયો. તેની હાલત હવે પહેલાં જેવી રહી નથી. તે સ્વયં રાજકાજ સંભાળવા લાગ્યા. જે બુરાઈઓથી રાજ્યથી ભ્રષ્ટ થવું પડ્યું હતું તેને હવે તેની પાસે ફરકવા

નથી દેતો. સ્ત્રી નામથી તેને ઘૃણા થાય છે. એક કુલકલંકીનો બદલો વાળી સ્ત્રીઓને કુલકલંકીની કહેવા લાગ્યો. એમાં એનો દોષ પણ શું હતો? દૂધથી દાઝેલો મનુષ્ય છાશને પણ ફૂંકી ફૂંકીને પીવે છે. એ દાન આપતો હતો પણ એક લુલા લંગડાને એક દાણો દેવામાં પણ પાપ સમજતો હતો.

અહીં રક્તારાણીએ કેટલાય દિવસ રહીને તે અપંગની સાથે મજા કરી. પછી અપંગને એક ટોપલામાં નાખીને દેશ વિદેશ ફરવા લાગી. તે જ્યાં જતી ત્યાં પોતાને એક મહાસતી જાહેર કરતી કે માતા-પિતાએ જેના હાથે મને સોંપી તે જ પ્રાણનાથ છે. આ ઠગાઈમાં લોકો ઘણા જ પૈસા આપતા હતા. એ પ્રકારે ભીક્ષાવૃતિ કરતી કરતી તે મંગળપુર પહોંચી. ત્યાં પણ તેના સતીત્વ ઉપર લોકોને ખૂબ શ્રદ્ધા થઈ; સાચું છે જે સ્ત્રીઓએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવતાઓને પણ ઠગી લીધા છે તેની જાળમાં સામાન્ય લોકો ઠગાઈ જાય તેમાં શું આશ્ચર્ય?

એક દિવસ એ બંને જણા ગાતાં ગાતાં રાજમહેલ સામે આવ્યા, દ્વારપાળે રાજાને પ્રાર્થના કરી કે મહારાજ! એક સ્ત્રી પોતાના અપંગ પતિને ટોપલામાં લઈને ઊભી છે અને તે બંને ખૂબ જ સારા ગાયન ગાય છે અને મહારાજના દર્શન કરવા ઈચ્છે છે. આજ્ઞા હોય તો તેને અંદર આવવા દઈએ. સભાસદોએ પણ તે બંનેને જોવાની ઈચ્છા જાહેર કરી.

રાજાએ એક પરદો આડો નખાવીને તે બંનેને આવવાની આજ્ઞા આપી. સતી માથા ઉપર ટોપલો લઈને અંદર આવી ને તેણે ગાયન ગાયા તેથી સૌ મુગ્ધ થઈ ગયા.

રાજાએ અવાજ સાંભળીને તે સતીને ઓળખી લીધી. પડદો દૂર કરીને કહ્યું—અહા આ તો મહાસતી છે, તેનું અતીત હું સારી રીતે જાણું છું. તે પછી રાજાએ પોતાની હકીકત (રામકહાણી) સભાને જણાવી. લોકો એ હકીકત સાંભળીને ઘણા જ આશ્ચર્યચકિત થઈ ગયા અને રક્તાને શહેરથી બહાર કાઢી મૂકવામાં આવી. સ્ત્રીઓનું ચરિત્ર દેખી રાજા દેવરતિને વૈરાગ્ય થઈ ગયો. તેણે પોતાના પુત્ર જયસેનને અયોધ્યાથી બોલાવી આ રાજ્યનો ભાર પણ તેને સોંપી દીધો અને પોતે યમધર આચાર્યની પાસે દીક્ષા લઈ તપશ્ચર્યા કરવા લાગ્યા. અંતમાં સમાધિએ શરીર છોડીને સ્વર્ગમાં ઋદ્ધિધારી દેવ થયા.

**આ પ્રમાણે સ્ત્રીઓનું ચરિત્ર ખૂબ જ અગાધ છે.**

મારિદત્ત મહારાજને ક્ષુલ્લક મહારાજ ફરી કહેવા લાગ્યા:—રાજન્! આ પ્રકારે વ્યભિચારિણી સ્ત્રીઓનાં દુષ્ચારિત્રનું ચિંતવન કરતો કરતો જ્યારે હું-યશોધર સૂતો હતો ત્યારે જ તે પસીનાથી ભીંજાયેલ શરીરે અમૃતાદેવી પોતાના પ્રેમી કૂબડાથી રમણ કરી મલીન મુખ લઈને મારા બાહુપાશમાં આવીને સૂતા તે મને વિષપૂર્ણા સર્પિણી સમાન લાગી અથવા મૃતક ડાકિની જ મારી નિકટ આવી મને લાગી.

નૃપવર! તે સમયે જોકે તે મારી બાજુમાં જ સૂતી હતી છતાં પણ હું મનમાં ચિંતવન કરવા લાગ્યો કે જેમ ખાજ ખુજલાવવામાં સુખ થયા પછી દુઃખી કરે છે તે જ પ્રકારે વિષય સેવનમાં સુખ થાય છે. જે આભરણોનો ભાર છે તે સર્વ અંગોનું દમન કરે છે અને નૃત્ય આહારનું દમન કરે છે. જે શરીરની લાવણ્યતા છે તે અશુચિ રસને ઉત્પન્ન કરવાવાળી છે.

જે સ્નેહનું બંધન છે તે દુઃખનું કારણ છે. જે સ્ત્રીના રૂપાદિકનું અવલોકન છે તે કામજ્વરને વધારવાવાળું છે. પ્રિયાનું આલિંગન છે તે શરીરને પીડા કરવાવાળું છે.

જે સ્ત્રીના નિરંતર અનુબંધમાં રાગ છે તે દુઃખપૂરિત કારાગાર–જેલ છે અને જે પ્રેમ છે તે ઈર્ષ્યાની અગ્નિ છે, તેમાં બળતો પુરુષ આકુલિત થાય છે અને સ્ત્રી-સેવનાદિ ક્રિયાથી ઉત્પન્ન થતો કામ છે તે સ્ત્રીઓના હાથનું તીક્ષ્ણ હથિયાર છે. તેના દ્વારા જ દુષ્ટા વ્યભિચારિણી પરપુરુષરતા વનિતા પોતાના પતિનો ઘાત કરીને પશ્ચાત્ પોતે પણ મરણને પ્રાપ્ત થઈને સંસારવનમાં ભ્રમણ કરે છે.

જીવોને જે બાધાકારક વિસ્તીર્ણ અને ઉત્કૃષ્ટ દુષ્કૃત્યનું ઘર તથા ભારે દુઃખ છે તે ઈન્દ્રિયજનિત સુખનું પંડિત લોકો કેવી રીતે સેવન કરે? ક્યારેય પણ નથી કરતા.

આ જે મનુષ્યનું શરીર છે તે રોગોનું સ્થાન છે કેમ કે આ શરીર ધોવા છતાં પવિત્ર નથી થતું, સુગંધિત કરવા છતાં સૌરભિત નથી થતું પરંતુ શરીરનાં સંસર્ગથી ઉત્તમ સુગંધિત પદાર્થ પણ દુર્ગંધમય થઈ જાય છે.

આ ક્ષણભંગુર શરીર પુષ્ટ કરવા છતાં પણ બલવાન નથી થતું, પ્રસન્ન કરવા છતાં પોતાનું નથી થતું, દીક્ષાથી દીક્ષિત કરવા છતાં ક્ષુધાને માટે અનેક પ્રયત્ન કરવા પડે છે, અનેક ઉત્તમ શિક્ષા દેવા છતાં અવગુણોમાં રમણ કરવા લાગે છે, શાંત કરવા છતાં પણ દુઃખી રહે છે, ધર્મશિક્ષા દેવા છતાં પણ ધર્મથી વિમુખ રહે છે.

આ નાશવાન શરીર તેલાદિનું મર્દન કરવા છતાં પણ રુક્ષ રહે છે, દવાનું સેવન કરવા છતાં પણ પ્રચુર રોગોથી ઘેરાય જાય છે, અલ્પાહાર કરવા છતાં પણ અજીર્ણથી વ્યાપ્ત થઈ જાય છે, ઠંડા પદાર્થોનું સેવન કરવા છતાં પણ પિત્તાદિથી વ્યાકુળ થાય છે, વાતનાશક તેલાદિનું મર્દન કરવા છતાં પણ વાતવ્યાધિથી પિડીત રહે છે, અનેક પ્રકારે પ્રક્ષાલન કરવા છતાં પણ કોઢથી ગળતું રહે છે.

વધારે ક્યાં સુધી કહેવું? આ શરીર અનેક પ્રકારે રક્ષિત કરવા છતાં પણ યમરાજના મુખનો કોળિયો બની જાય છે. જોકે આ શરીર ઉપરોક્ત પ્રકારે વિપરીત પ્રવર્તમાન થાય છે છતાં રાગી પુરુષ આ શરીરનાં અર્થે અનેક પ્રકારના પાપકર્મોમાં તત્પર રહે છે.

આ પ્રકારે મારા જેવો મૂર્ખ મનુષ્ય પોતાની સ્ત્રીને વશ થઈ પાપ- કર્મ કરતો અને વ્યાપાર આદિમાં સંલગ્ન થઈ મરીને નરકમાં જાય છે.

આ શરીરની આ અવસ્થા છે અને જેના માટે અનેક પાપકર્મ કરું છું એ પ્રિયતમાની પણ આ દશા છે તો હવે મારે પણ સમસ્ત કાર્યોને ત્યાગવા જોવે. માટે હવે સવાર થતાં જ નગર, પરિવાર અને રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી ગહન વન અને સઘન પર્વતોની ગૂફાનો આશ્રય કરીશ તથા દેવેન્દ્ર, ધરણેન્દ્ર અને નાગેન્દ્રો દ્વારા પૂજ્ય મુનિપદ ધારણ કરી મહાતપ આચરણ કરીશ.

ધરાનાથ! આ પ્રકારે ચિંતવન કરતાં કરતાં સવાર થઈ ગઈ ત્યારે પ્રભાત સંબંધી વાજિંત્રોનો અવાજ સાંભળીને પથારીમાંથી ઊભો થયો. પછી સ્નાનાદિ નિત્ય ક્રિયા પતાવીને મેં વિચાર્યું કે જ્યારે હવે મને આ શરીરથી જ મમત્વ નથી તો પછી આ રત્નજડીત આભૂષણો અને બહુમૂલ્ય વસ્ત્રોથી શું પ્રયોજન?

આ શરીરસંસ્કારથી કામની વૃદ્ધિ થાય છે કે જે કામદેવનું ફળ મને પ્રત્યક્ષ મળી ગયું છે. માટે એને ધારણ કરવું સર્વથા અનુચિત છે. તે જ સમયે બીજો એ પણ વિચાર આવ્યો કે જો હું અત્યારે જ સર્વ આભૂષણ દૂર કરીશ તો સમસ્ત અંતઃપુરમાં આ વાર્તા વિસ્તરિત થઈ જશે કે મહારાજે અવશ્ય કાંઈ અમનોજ્ઞ જોયું છે માટે ઉદાસચિત્ત થઈને આભૂષણોનો ત્યાગ કર્યો છે તથા મારી સભાની પંડિત મંડળી સમસ્ત અભિપ્રાયોની જાણકાર છે. તેમનાથી આ વાત કોઈ પણ પ્રકારે ગુપ્ત નહીં રહી શકે.

આ ઉપરાંત આ વાત અનેક રૂપ ધારણ કરી સમસ્ત નગરમાં ફેલાઈ જશે તો પ્રજાજનોના ચિત્તમાં અનેક પ્રકારના વિકલ્પો ઉત્પન્ન થવા લાગશે; તેમાં પણ જો અમૃતાદેવીને ખબર પડશે તો પોતે તો મરશે પણ મને મારવાનું ષડ્યંત્ર બનાવશે. આ રીતે અનેક વિચારો કરીને મેં પૂર્વવત્ બધાં વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં. તે મને એવા લાગતા હતા માનો કે સર્વ દુઃખોનો સમૂહ મારા સર્વ ગાત્રોમાં વળગી રહ્યો છે.

**રાજન્! સર્વ શુભાશુભ, જીવન, મરણ, લાભ, અલાભ, સુખ, દુઃખ અને શત્રુકૃત ઘાતનાં જ્ઞાતા, વિપુલ બુદ્ધિના ધારક તથા સમસ્ત ઋદ્ધિના સમૂહ જેને હસ્તગત છે એવા યોગીશ્વર પણ સ્ત્રીઓના ચરિત્રને નથી જાણી શકતા તો પછી અન્ય પુરુષોની તો વાત જ શું?**

**હાથી બાંધી શકાય છે, સિંહ રોકી શકાય છે અને સંગ્રામમાં પ્રબળ શત્રુ પણ જીતી શકાય છે પરંતુ પરપુરુષાસક્ત સ્ત્રીના ચિત્તને કોઈ પણ બાંધી શકતું નથી.**

નૃપવર! આ પ્રકારના વિચાર કરતો હું ઉદાસચિત્ત સભામાં ગયો અને ત્યાં રત્નજડીત

સિંહાસન પર ઉપસ્થિત થયો. તે સમયની સમસ્ત સભા જોકે સુખકર હતી તોપણ મને–યશોધર મહારાજને દુઃખકર લાગતી હતી.

રાજન્! એ સમયે વિદ્વાન પંડિતોએ સરળ વાર્તા કરવાનું ચાલુ કર્યું કે જેથી મારા હૃદયમાં હર્ષ ઉત્પન્ન થવા લાગ્યો. તે સમયે સભામંડપમાં સુકવિના કાવ્યની જેમ મારી માતા ચંદ્રમતિનું શુભાગમન થયું. તે સમયે મેં તપશ્ચરણનો ઉપાય મનમાં વિચારીને મિથ્યા સ્વપ્નનો વૃત્તાંત માતાને કહ્યો.

મેં કહ્યું :—હે માતા! આજે રાત્રે મેં એક ભયાનક સ્વપ્ન જોયું કે એક વિકરાળ પુરુષ હાથમાં શસ્ત્ર લઈને મારી સામે ઊભો હતો અને મને કહેતો હતો કે તું જિનરાજની દીક્ષા ધારણ કર, નહીં તો હું તને યમપુર પહોંચાડી દઈશ. એમ કહીને એ તરત જ અદૃશ્ય થઈ ગયો. માતા એ વિકરાળ મૂર્તિ હજી મારી આંખની સામે ફરે છે એટલે મને કાંઈ ગમતું નથી. કોની પૃથ્વી અને કોનું રાજ્ય? કોની સ્ત્રી અને કોનો પુત્ર? મને કોઈથી કાંઈ પ્રયોજન નથી. હવે તો કેવળ આત્મકલ્યાણ જ ઈષ્ટ છે. એનાથી સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીશ અને દુઃસહ ઈન્દ્રિયો પર જીત મેળવી જિનદીક્ષા ધારણ કરીને મહાતપ કરીશ.

હે માત! રાત્રે જે મેં નિકૃષ્ટ સ્વપ્ન જોયું છે તેનાથી મેં એ નક્કી કર્યું છે કે યશોમતિ નામનો મારો જે પુત્ર છે તેને રાજાના પદ પર સ્થાપવો યોગ્ય છે.

માતા! દુષ્ટ સ્વપ્નની શાંતિને માટે જિનદીક્ષા સિવાય બીજો કોઈ રસ્તો નથી. આવું સાંભળીને મુનિના ગુણોનો ઘાત કરનારી અને મિથ્યાત્વના વિષથી દૂષિત મારી માતા કહેવા લાગી:

પુત્ર! ચિંતિત મનોરથ અને સમસ્ત આજ્ઞાઓને પૂરી કરનારી કુળદેવી–ચંડમારી પાસે સમસ્ત જીવોના યુગલની બલિ આપવાથી દુઃખ, ક્લેશ, કલહ અને દુઃસ્વપ્ન આદિ સમસ્ત કષ્ટ શાંત થઈ જાય છે, તો તને પણ અવશ્ય શાંતિ થશે. માટે હે પુત્ર! તું પણ કુળદેવીની સેવામાં તલ્લીન થઈને શાંતિ કરવાનો ઉપાય કર.

ક્ષુલ્લક :—અહો રાજન્ મારિદત્ત! જ્યારે મારી માતાએ દયારહિત ઉપર્યુક્ત વચન કહ્યા તે સમયે કરુણાથી કંપિત હૃદયે મેં (યશોધર રાજાએ) આ પ્રકારે કહ્યું :

અહો માતા! મહાપાપનું કારણ એવું પ્રાણીઓનું વધ કરવું કેવી રીતે ઉચિત છે? કેમ કે જીવહિંસા સમાન ન કોઈ પાપ થયું છે અને ન થશે. જે બીજા જીવનું અકલ્યાણ–બૂરું કરી પોતાની રક્ષા કરવા માગે છે તે અગ્નિથી શીતળતાની ચાહના કરે છે.

આ તો પ્રત્યક્ષ છે કે જે બીજાનું ભલું કરે છે તેનું ભલું થાય છે અને જે બીજાનું બુરું કરે છે તેનું બુરું થાય છે, તેનું ભલું ત્રણ કાળમાં પણ નથી થઈ શકતું. કારણ કે જીવવધમાં પ્રત્યક્ષ પાપ છે અને પાપનું ફળ દુઃખ છે, તો તેનાથી શાંતિ કેમ થાય? ક્યારે પણ ન થાય.

માતુશ્રી! જે જીવનો ઘાતક છે તે પેલા જીવથી અનેક પ્રકારે હણાય છે. આ પ્રકારે પાપરુપી નૌકામાં બેસીને વિઘ્નરૂપી નદી કેવી રીતે પાર કરી શકાય?

આ સિવાય એક વાત એ પણ છે કે જો જીવવધમાં જ ધર્મ હોય અને તેનાથી જ વિઘ્નોની શાંતિ થતી હોય તો પાપ ક્યા કાર્યમાં થશે?

આ વાતને બધા ધર્મવાળા માને છે અને આ વાક્ય કાયમ બોલવામાં આવે છે કે 'અહિંસા પરમો ધર્મઃ'. આ વાક્યથી વિરોધી કોઈ નથી તો પછી 'જીવવધમાં ધર્મ થાય' એવું કહેવાવાળું કોણ હોય?

માતા! પહેલાંના સમયમાં અસંખ્ય મહાપુરુષ કાળનો કોળિયો થઈને પરલોકવાસી થઈ ગયા; તો શું તે સમયે ચંડમારીદેવી ન હતી કે નૈવેદ્ય અને પશુઓના સમૂહ ન હતા? કે મદ્ય–માંસનું સરસ ભક્ષણ ન હતું? કે પછી આ વિધિનું કોઈ જાણકાર ન હતું કે જે ચંડમારીદેવીને પશુ તથા મદ્ય આદિની બલિ આપીને સંતુષ્ટ કરી મરણથી બચી જાય?

આનાથી આ નિશ્ચય થાય છે કે ચંડમારીદેવીમાં એવી શક્તિ નથી કે કોઈ જીવને કાળથી બચાવી શકે અને તેને શાંતિપ્રદાન કરી શકે.

**સંસારમાં જેટલા જીવ છે તે પોતપોતાનાં કર્મોને આધીન સુખ–દુઃખનો ભોગ કરે છે. કોઈ પણ કોઇને ઉપકાર નથી કરતું પણ શુભાશુભ કર્મ જ અપકાર અને ઉપકારના કર્તા થાય છે.**

રાજન્! આ પ્રકારે મારા વચનો સાંભળી માતા ફરી કહેવા લાગી :

પ્રિય પુત્ર! સમસ્ત જગતમાં ધર્મરૂપ વૃક્ષનું મૂળ વેદ છે. માટે વેદ દ્વારા જે માર્ગ સંપાદિત છે, રાજાઓએ તેના જ પથિક બનવું ઉચિત છે અને વેદમાં દેવતાઓને માટે પશુઓનો ઘાત કરવો પૂજનીય અને પ્રશંસનીય કહ્યો છે. એનાથી જ જીવવધ પુણ્ય માનવામાં આવે છે અને તે કરવાવાળા મહાપુરુષ સ્વર્ગના અધિકારી માનવામાં આવે છે.

જે પશુનો ઘાત કરે છે અને માંસનું ભક્ષણ કરે છે તે સ્વર્ગ અને મોક્ષ તરફ ગમન કરે છે. જેવું બ્રહ્માએ વર્ણન કર્યું છે તે જ પ્રકારે વિપુલમતિના ધારક સુરગુરુ તથા ભૈરવાચાર્ય પ્રતિપાદન કરે છે.

પ્રિય પુત્ર! ઉપર્યુક્ત કથનાનુસાર કુળદેવી ચંડમારીને માટે પશુઓનું બલિદાન આપી શાંતિની સ્થાપના કર. એ મહાદેવીની પાસે જીવોનું હવન કરવાથી તારા સમસ્ત શત્રુગણ ત્રાસયુક્ત થતા થકા તારા ચરણોમાં નમસ્કાર કરશે અને તારો યશ દિશાઓમાં વ્યાપી જશે.

રાજન્! મારી–યશોધરની–માતા ઉપરોક્ત ઉપદેશ આપીને જ્યારે મૌન થઈ ત્યારે મેં ફરી કહ્યું :

પ્રિય માતા! તેં જે કાંઈ પણ કહ્યું તે બધું સર્વથા અનુચિત અને મિથ્યા છે કેમ કે જે હિંસામાર્ગના પ્રરૂપક, હિંસાના પ્રણેતા અને હિંસાના ઉપદેશના શ્રોતા છે તે મહાઘોરતર પાપના કરવાવાળા મહાપાપી છે; અને જે પુરુષ તીક્ષ્ણ ખડ્ગની ધારથી પશુઓનો ઘાત કરે છે તે નિકૃષ્ટ અને પાપી છે.

જે પુરુષ દીન પશુઓને બંધનમાં નાખી ત્રાસ આપે છે, તેમને મારીને તેમના માંસનું ભક્ષણ કરે છે તથા મદ્યપાન કરી દેવતાની ભક્તિમાં લીન થઈને નૃત્ય કરે છે, ગીતો ગાય છે અને વાદિંત્રો વગાડે છે તે સાતેય નરકની ભૂમિમાં ઉત્પન્ન થઈને તાડન, મારણ, શૂલીરોહણ આદિ અસંખ્ય કષ્ટોના પાત્ર બને છે. જ્યારે ત્યાંથી બહાર નીકળી કોઈ હિંસક તિર્યંચ થઈને અતિરૌદ્ર દુઃખરૂપ કુયોનિઓમાં ભ્રમણ કરી કોઈ પુણ્યના યોગથી જો મનુષ્યપર્યાય ધારણ કરે તો ક્ષુધાવંત, મૂક, પંગુ, બહેરો, આંધળો, નિર્બળ, દીન, દરિદ્રી, દુઃખથી પીડિત, નપુંસક, શક્તિહીન, તેજરહિત, અવિવેકી, ગૌ આદિ પશુઓનો ઘાતક, ચાંડાલ, નીચકર્મથી આજીવિકા કરવાવાળો, હિંસક અને ક્રૂર પરિણામી થાય છે.

પછી મરીને સિંહ, શાર્દૂલ, માર્જાર આદિ પશુ તથા સર્પ, ગૃદ્ધ આદિ પક્ષીઓની યોનિમાં ભ્રમણ કરીને મહાવેદના ભોગવે છે. પશુઓનો વધ કરવાથી અને પરની હિંસાથી જ જો ધર્મ થતો હોય તો બહુગુણી અને મુનિઓને પાપી જીવ શું કામ નમસ્કાર કરે છે?

મંત્રસંસ્કારપૂર્વક તીક્ષ્ણ ખડગ્ની ધારથી પશુઓનો વધ કરો, દિશાઓમાં બલિ ચઢાવી અગ્નિમાં હવન કરી મુંડન કરાવીને કષાયલા લાલ વસ્ત્ર ધારણ કરો, અનેક નદીઓમાં–સરોવરોમાં સ્નાન કરી શરીર પર રાખ લગાવો, મોટી જટા ધારણ કરો, ઇન્દ્રિયોનું દમન કરીને પંચાગ્નિ તપ તપો, ધૂમ્રપાન કરો, નગ્ન મુદ્રા ધારણ કરો, વન–પર્વત અને ગુફાઓમાં વાસ કરો, આતાપન–ચંદ્રાયણ અને શુદ્ધોદન આદિ વ્રતોનું ચિરકાળ માટે પાલન કરો, ઇત્યાદિ બીજા અનેક દુષ્કર તપોનું આચરણ કરો પરંતુ જીવદયા, વિના સમસ્ત નિષ્ફળ જ નહીં પરંતુ તેના ધારક ઘોર વેદનાયુક્ત નરકોના કષ્ટોને સહન કરી અનંત કાળ સુધી ભ્રમણ કરે છે.

**કરોડો શાસ્ત્રોનો સાર એક જ છે કે જે પાપ છે તે હિંસામાં છે અને જે ધર્મ છે તે જીવદયામાં છે.**

જે જીવ જીવોની હિંસા કરે છે તે અનેક જન્મોમાં અનેક રોગોથી ગ્રસિત થતો ખૂબ ભારને સહન કરવાવાળો થાય છે. જે પર જીવોને ત્રાસ આપે છે તે અનેક ભવોમાં અનેક દુઃખોનો ભોક્તા થાય છે.

હે માતા! હું પણ અમર તો નથી તો પછી આ શરીરને માટે પર જીવોનો ઘાત કઈ રીતે કરી શકાય? એમ કહીને તીક્ષ્ણ ખડ્ગ મ્યાનમાંથી કાઢી જ્યાં નિજ મસ્તકને કાપવા ગયો કે મારી માતાના હાહાકાર કરવાથી બાજુમાં બેઠેલા નર–રત્નોએ મારી તલવાર પકડી લીધી.

ત્યારબાદ વૃદ્ધ માતાએ મારા પગમાં પડીને કહ્યું કે હે પુત્રરત્ન! મેં વાસ્તવમાં અસત્ય કહ્યું છે. પરંતુ જીવ ચેતનતત્ત્વ ગુણ-વિશિષ્ટ છે અને શરીર અચેતન છે. આ કારણે શરીરનો ઘાત કરવાથી પૌદ્ગલિક શરીરને એવી ખબર નથી પડતી કે મને કાપવામાં આવે છે અથવા મારા શરીરમાં કોઈ પ્રકારની પીડા થાય છે. આ ઉપરાંત શરીરનો નાશ થવાથી નિત્ય આત્માનો નાશ નથી થતો.

તેથી હે પુત્ર! આપણી કુળપરંપરાથી ચાલ્યો આવેલો જે માર્ગ છે તેને સ્વીકાર કરવો જ સર્વથા ઉચિત છે. પગમાં પડેલી માતાએ આમ કહ્યું ત્યારે મેં–યશોધર મહારાજે કહ્યું કે હે માતા! આ કાર્યમાં જોકે અધર્મ જ છે છતાં તારી આજ્ઞાનું પાલન કરીશ. ત્યારબાદ તપશ્ચરણ ધારણ કરીશ. આ સાંભળી મારી માતા સહર્ષ ઊભી થઈ.

તત્પશ્ચાત્ લેપકારને બોલાવીને લોટનો કૂકડો લાવવાનો આદેશ આપ્યો. મારી માતાએ જ્યારે હાસ્ય પૂર્વક લેપકાર પાસે લોટનો કૂકડો મંગાવ્યો કે તરત જ તે ઉત્કૃષ્ટ વર્ણનો ધારક મુર્ગો લઈ આવ્યો. એ કૂકડાના રંગ–રૂપ જોઈને એમ જ લાગે કે આ લોટનો નહીં પણ સાચો જીવતો જ કૂકડો છે અને હમણા ચાલવા લાગશે.

મહારાજ! જ્યારે મારી–યશોધર મહારાજની–દૃષ્ટિ તે કૂકડા પર પડી કે તરત જ મારી માતાના આદેશથી ઢોલ, નગારા, મૃદંગ, શંખ, બાંસુરી અને ઝાંઝ આદિ વાદિંત્રોના અવાજથી આકાશ પુરાઈ ગયું.

રાજન્ મારિદત્ત! તે સમયે મારી માતાએ કહ્યું કે પ્રિય પુત્ર! હવે વિલંબનો સમય નથી. હવે તરત જ દેવીને માટે બલિ ચઢાવવી જોઈએ. આ પ્રમાણે માતાની આજ્ઞાનુસાર ઊઠીને સમસ્ત મંડળી તથા પૂજા કરવાવાળા બ્રાહ્મણોના સમૂહની સાથે મહોત્સવ પૂર્વક કુળદેવીના મંદિર તરફ રવાના થયા. ત્યાં અમે બંને માતા–પુત્રે દેવીની પ્રદક્ષિણા કરીને સામગ્રીથી દેવીનું પૂજન કર્યું પછી દેવીની સામે તીક્ષ્ણ છરીથી કૂકડાનો ઘાત કરીને તેમાંથી નીકળતા લાલ રંગના પાણીમાં રુધિરની કલ્પના કરીને દેવીના અંગોનું સિંચન કર્યું અને તે લોટથી બનેલા શરીરમાં માંસની કલ્પના કરી દેવોની સન્મુખ ચડાવી દીધું. ત્યારબાદ અમે બંને માતા–પુત્રે દેવીની પ્રાર્થના કરી કે—

હે માતા! આ અપૂર્વ કાર્ય પૂર્ણ થાય. આ પ્રમાણે ત્રણવાર કહીને પછી ઘી, મધ આદિ મિશ્રિત તે લોટના કૂકડામાં માંસની કલ્પના કરીને દેવીનો પ્રસાદ ગણી બધાને વહેંચી દીધો અને બધાએ ખાધો.

તે સંકલ્પી હિંસા અને કલ્પનામાત્ર માંસ ભક્ષણથી જે પાપનો બંધ થશે તે વચન અગોચર છે.

ત્યારબાદ દેવીને નમસ્કાર કરી મેં કહ્યું કે હે માતા! તને જોઈને સંતોષી મનુષ્ય સંતાપથી મુક્ત થઈ જાય છે. હે દેવી! તારી કૃપાથી મને જંઘાબળ, બાહુબળ અને અચળ જીવિતવ્ય મળે. હે સુરેશ્વરી! ભયંકર રણ, અતિ કષ્ટ અને પ્રિયજન વિયોગમાં મારી રક્ષા કરો. આ પ્રકારે પ્રાર્થના કરતો દેવીના શરણને પ્રાપ્ત થયો. પરંતુ નજદીક આવેલા મૃત્યુને બિલકુલ જાણી ન શક્યો.

ત્યારબાદ મહેલ પાછા ફરીને પોતાના પુત્રનો સુવર્ણ કળશોથી અભિષેક કરાવીને રાજ્યાસન પર સ્થાપિત કર્યો. જે સમયે હું સમસ્ત કાર્યોથી નિશ્ચિત થઈને તપોવન જવા માટે ઉદ્યત થયો જ હતો કે એટલામાં અમૃતાદેવીએ પોતાનો સંકલ્પ દઢ કર્યો અર્થાત્ તે પોતાના હૃદયમાં વિચારવા લાગી કે રાત્રિ સમયે કુબડાની સાથે જે ક્રિયા કરી તે સ્વામીને ખબર પડી ગઈ છે અને એટલા માટે જ સામંત, મંત્રી અને સમુદ્રાંત પૃથ્વીનું રાજ્ય છોડીને તપશ્ચરણની ઇચ્છા કરે છે. મેં મહારાજનો ભાવ તેમના શરીરની આકૃતિ પરથી જાણી લીધો છે. આ પ્રકારે ચિંતવન કરતી અમૃતાદેવી પોતાના હૃદયમાં દઢ સંકલ્પ કરી મારી બાજુમાં આવી કહેવા લાગી :

સ્વામી! તમે જે આ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો છે તે અતિ ઉત્તમ છે, પરંતુ મારી એક પ્રાર્થના છે તે સહર્ષ સ્વીકાર કરો પછી તપોવન તરફ પ્રયાણ કરજો.

પ્રાણેશ્વર! તમારી મંગળ કામના માટે સમસ્ત અંતઃપુર અને નગરનિવાસી લોકોને આમંત્રણ આપ્યું છે તો તમે પણ દેવીનાં પ્રસાદનું ભોજન ગ્રહણ કરો. ત્યારબાદ આપણે બંને જિનદીક્ષા ગ્રહણ કરશું કેમ કે આપના વિના હું આ જીવિતવ્યને કઈ રીતે રાખી શકીશ?

પ્રાણનાથ! આજનો દિવસ હજી ઘરમાં રહો, સવાર થતાં જ જેમ કામદેવને રતિ, ઈન્દ્રને શચી, નારાયણને લક્ષ્મી, રામચંદ્રને સીતા તથા મહામુનિને શુદ્ધ બુદ્ધિ અનુગામીની હોય છે તેવી રીતે આપના ચરણોની દાસી આપની પાછળ તપોવનમાં ચાલશે.

નાથ! આપની સાથે જ હું તપશ્ચરણ ધારણ કરીશ. યમ–નિયમનું પાલન કરીશ. પ્રિયપતે! આપના વિના બધા લોકો મારી યુવાની પર આંગળી કરશે કે જેનો પતિ તો સમસ્ત પરિગ્રહનો ત્યાગી થઈને વનવાસી થઈ ગયો અને આ હજી ઘરમાં રહીને સુખનો ભોગ કરે છે.

રાજન્ મારિદત્ત! ભવિતવ્ય ખૂબ જ બળવાન છે કેમ કે મારા ચરણોમાં પડેલી અમૃતાદેવીના વચનો સાંભળીને, જોકે મારું મન તેનાથી વિરક્ત થઈ ગયું હતું તેમ છતાં, ભવિતવ્યતા અનુસાર ફરી તેના પ્રેમની જાળમાં ફસાઈ ગયો. નૃપવર! તે સમયે હું ફરી જ્ઞાનનેત્રવિહીન થઈને તે પરપુરુષાસક્ત દુષ્ટિનીના રાત્રિકૃત કર્મને સ્વપ્ન સદશ જાણવા લાગ્યો.

ત્યારબાદ ચરણોમાં પડેલી અમૃતાના કોમળ હાથને પકડીને તેને ઊભી કરીને કહ્યું કે

પ્રિયે! હું તારી ઈચ્છા પૂર્ણ કરીશ. આ સાંભળી તે કપટવેષા પ્રફુલ્લિત થતી હાસ્ય પૂર્વક રસોઈયાને ઉત્તમોત્તમ ભોજન તૈયાર કરવાની આજ્ઞા કરતી કહેવા લાગી કે ભોજનમાં શું વિલંબ છે? જલ્દી તૈયાર કરો.

રસોઈદાર :—(હાથ જોડીને) સ્વામિની! ભોજન તો તૈયાર છે. બસ મહારાજના પધારવાની રાહ છે.

અમૃતાદેવી :—પ્રાણપતિ! રસોઈ તૈયાર છે, જમવા માટે જલ્દી પધારો કેમ કે જ્યારે તમારું ભોજન થઈ જશે ત્યારે બીજાને જમાડીશ.

મહારાજ મારિદત્ત! આ પ્રકારના પ્રેમપૂર્ણ અમૃતાદેવીના વચનો સાંભળીને હર્ષિત થતો કર્મોથી પ્રેરાયેલો હું અમૃતાના મહેલ તરફ જવા લાગ્યો. ત્યાં સ્ફટિકભૂમિમાં ઉજ્જ્વલ આસન ઉપર માતા સહિત બેઠો. સુવર્ણના થાળમાં સરસ વ્યંજન સમૂહ સુકવિના કાવ્યની જેમ સરસ અતિ મનોજ્ઞ દેખાવા લાગ્યા તથા ભોજન સમયની સભા પણ કાવ્યની જેમ સરસ્વતી લાગતી હતી.

તે અતિ કોમળ સરસ નિર્મળ અને સફેદ ઉત્તમ ભાતનું ભોજન કૃતઘ્નીની જેવું લાગતુ હતુ. તે સમયે નવા સુવર્ણમયી ફોતરા સહિત અને બે ભાગવાળી દાળ મારી થાળીમાં રાખેલી એવી લાગી કે માનો ખંડ કરેલા યમરાજના બાણ જ ન હોય!

રાજન્! તે રસોઈયાએ ગરમ દૂધ, ઘી અને ઉત્તમ દહીં મારી થાળીમાં રાખ્યા તે એવા લાગતા હતા માનો દુષ્ટ ગૃહિણીના સંગમમાં યમપુરનો માર્ગ જ એકત્રિત થયો છે.

ત્યારબાદ મોદક પણ દેવામાં આવ્યા. તે તીવ્ર વિષયુક્ત મોદક તે જ અમૃતાદેવીએ પ્રેમપૂર્વક આપ્યા. તેણે કહ્યું :—પ્રાણનાથ! આ મોદક મારી માતાએ મોકલ્યા હતા જે મેં આપના માટે રાખી મૂક્યા હતા. આજે આપને આપું છું. તેથી આપ સૌથી પહેલાં આ અમૃતમય અતિ સ્વાદિષ્ટ મોદકનો સ્વાદ લ્યો. ત્યારબાદ અનેક મસાલા સહિત તીક્ષ્ણ તલવાર જેવા શાક પણ પીરસવામાં આવ્યા.

નૃપવર! જોકે હું દુષ્ટ પત્નીના ચરિત્રથી વિરક્ત હતો તોપણ તેની પ્રેમસહિતની મોહની વાતોથી મોહિત થઈને જ્ઞાનશૂન્ય થઈ ગયો. એ સમયે મને કાંઈ પણ વિચાર ન રહ્યો અર્થાત્ સમસ્ત ઉત્તમ વ્યંજનોને છોડી પ્રથમ મોદકનું જ ભક્ષણ અમે બંને માતા–પુત્રએ કર્યું.

તે તીવ્ર વિષની વેદનાથી તત્કાલ બંનેનું માથું ફરવા લાગ્યું. જ્યારે મેં જાણી લીધું કે આમાં હલાહલ વિષ છે ત્યારે મારા મોઢામાંથી વૈદ્ય.....વૈદ્ય......શીઘ્ર વૈદ્યને બોલાવો.....એટલા જ શબ્દ નીકળી શક્યા કે તરત જ હું મૂર્છિત થઈ ધરાશાયી થઈ ગયો.

તે જ સમયે તે દુષ્ટા કપટી મારી પત્ની અમૃતા હા નાથ! હા નાથ! શબ્દો બોલતી બૂમો

પાડવા લાગી. ત્યારબાદ મારી ઉપર પડીને ખૂબ જ કઠોરતાથી મારું ગળુ દબાવીને મને માર્યો.

રાજન્! પછી તેણે વિચાર્યું કે જો વૈદ્ય આવશે તો મારું કપટ પકડાઈ જશે તેથી કાંઈક એવો વિચાર કરું કે વૈદ્યના આવી જવાથી પણ મારી માયાચારીની જાણ ન થાય. આમ વિચારી તેણે પોતાના દાંતથી મારું ગળું દબાવી મને માર્યો અને હા નાથ! હા નાથ! કરી લોકોને દેખાડવા માટે બૂમો પાડવા લાગી. તેના અવાજથી સમસ્ત પરિવાર અને સમસ્ત અંતઃપુર એકત્રિત થઈ ગયું.

**રાજન્! જે પુરુષ વ્યભિચારિણી કુલટાના વચનોનો વિશ્વાસ કરે છે તે મારી જેમ નષ્ટ થઈ જાય છે.**

તે સમયે સજ્જન પુરુષોના મન અને નેત્રોને આનંદદાયક મારા પુત્રને સૂચના મળતાં શરીર કાંપવા લાગ્યું અને ધરતી પર એવી રીતે પડ્યું કે જેમ વજ્રપાતથી પર્વત પડે!

ત્યારબાદ સચેત થઈને "હા નાથ! હાય પિતા! આપના વિના સમસ્ત જગત અંધકારમય જણાવા લાગ્યું છે. હવે આ અવંતીનો સ્વામી કોણ થશે? હે પિતા! આપના વિના આ રાજ્ય હવે રુચિકર થવાને બદલે હવે દુઃખદાયક થઈ ગયું. હે પિતા! આ વિશાળ રાજ્ય પર હવે વજ્રપાત થાય તોપણ મને કાંઈ પ્રયોજન નથી" ઈત્યાદિ પ્રકારે રુદન કરતો કરતો પોકારવા લાગ્યો.

હે રાજન્! એ સમયે મારા પુત્રની આવી દશા જોઈને વૃદ્ધ મંત્રી, સેનાપતિ આદિ મુખ્ય કર્મચારીગણ અને વૃદ્ધ કુટુંબીજન તેને સંબોધન કરવા લાગ્યા કે હે પૃથ્વીનાથ! જેમ બને તેમ આ દુઃખ સહિત આ અશ્રુપાતને રોકીને ચિતમાં સમાધાન કરો.

આ સમસ્ત સંસારમાં જેટલા મહાપુરુષ થયા તે બધા જ કાળનો કોળીયો બની ગયા છે. આ પૃથ્વી પર મહારાજ નળ, નહુષ, સગર આદિ મોટા મોટા પ્રજાપાલક થયા પરંતુ બધા જ કાળને વશ થઈને મૃત્યુ પામ્યા છે. આ પૃથ્વી પર વેણુપાલ આદિ મહાબલી રાજા થયા તેમનો પણ કાળે નાશ કર્યો. મહારાજ! પૂર્વે નારાયણ, પ્રતિનારાયણ, હલધર, ચક્રવર્તી અને કામદેવ આદિ મહાપ્રતાપી ત્રણ ખંડ અને છ ખંડના નાથ અનેક રાજાઓ થયા. તેઓએ પૃથ્વી ઉપર અનેક અદ્‌ભુત કાર્ય કર્યા પરંતુ તેઓ પણ યમરાજના મુખનો કોળિયો થઈ ગયા.

હે ચિરંજીવ! જે જન્મ ધારણ કરે છે તે મરણને સાથે લાવે છે; તેથી સંસારની અવસ્થા જાણીને શોકનો ત્યાગ કરો અને શાંત- ચિત્તથી નિજ પિતા અને દાદીનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરો.

એ સમયે સમસ્ત કર્મચારીઓ અને મંત્રીના સંબોધનથી યશોમતિ શોકનો ત્યાગ કરીને પિતા અને દાદીના અગ્નિદાહનો પ્રબંધ કરવા લાગ્યો. તે સમયે સમસ્ત કુટુંબીઓના મુખ મંડળની કાંતિ નષ્ટ થઈ ગઈ પરંતુ તે દુષ્ટા અમૃતાદેવીએ જોકે બાહ્ય દેખાવથી રુદન કર્યું તથાપિ તેના મુખની શોભા પ્રસન્ન જણાવા લાગી.

ઉદાસચિત્ત યશોમતિ ફરી મનમાં તપ્ત થવા લાગ્યો અને કહેવા લાગ્યો કે પિતાના વિના શું જીવિતવ્ય છે?

પૃથ્વીનાથ! મારા શોકથી આખા અંતઃપુરની સ્ત્રીઓ શોકસૂચક લાલ કપડા ધારણ કરીને અનેક લોકોની સાથે મારા મૃતદેહની પાછળ આવતી એવી લાગતી હતી જાણે સૂર્યની પાછળ સંધ્યા ગમન કરતી હોય. મારા શબની સાથે જતા બધા લોકો એવા લાગતા હતા જેમ કે ચંદ્રમાની સાથે અનેક નક્ષત્ર સમૂહ ગમન કરે છે. આવી જ રીતે રુદન કરતાં કરતાં મહાકાળ નામના યક્ષના મંદિરની દક્ષિણ દિશા તરફ સ્મશાનમાં લઈ ગયા. ત્યાં બધા જ પરિવારજનો, અન્ય દેશના રાજાઓ અને અન્ય ગામના લોકો આવ્યા પરંતુ મલિનભાવની ધારવાવાળી દુષ્ટા પાપિણી કૂબડામાં આસક્ત અમૃતા ન આવી.

નૃપવર! ઉપરોક્ત સમુદાયની વચ્ચે યશોમતિએ પિતા–દાદી બંનેનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યારબાદ મારા નામે અનેક બ્રાહ્મણોને ભેગા કરીને તેમને અનેક ગાયો, રત્ન, સુવર્ણહાર, બહુમૂલ્ય ઉત્તમ વસ્ત્ર અને અનેક ગામ આપ્યા. આંધળા, લૂલા, લંગડા, ભિખારી, દરિદ્રી જીવોને અનાજ, કપડા આદિ દીધા પછી પરિવારના લોકોને ઉત્તમ ભોજનાદિથી સંતુષ્ટ કર્યા.

પૃથ્વીનાથ! મારા માટે યશોમતિએ અનેક પ્રકારના દાન કર્યા તોપણ હું સમસ્ત યોનિઓમાં ઉત્કૃષ્ટ મનુષ્યપર્યાયને પ્રાપ્ત ન થયો.

રાજન્! જુઓ, સંસારી જીવ મિથ્યાત્વકર્મના ઉદયથી કેવા મોહિત થઈ રહ્યા છે કે જેમને એ વાતની પણ ખબર નથી કે જીવ પોતાના જ શુભાશુભ ભાવોથી અનેક પ્રકારના કર્મ બાંધીને સંસારમાં ભ્રમણ કરે છે અને તેમના માટે અન્યજન કેટલું પણ દાન–પુણ્ય કરે પરંતુ તેમને કાંઈ પણ પ્રાપ્ત નથી થતું, ઉલ્ટાનું મિથ્યાત્વનો બંધ થાય છે.

તે અજ્ઞાની પ્રત્યક્ષ જોઈ રહ્યા છે કે પિતાના ખાવાથી પુત્રનું પેટ નથી ભરાતું તેવી રીતે પુત્રના ભોજન કરવાથી પિતાનું પેટ નથી ભરાતું. જ્યારે બાજુમાં બેઠેલાનું પેટ નથી ભરાતું તો પછી જે બીજી ગતિમાં ચાલ્યો ગયો છે તેના નિમિત્તે જે કાંઈ આપવામાં આવે તે તેની પાસે કેવી રીતે પહોંચી જાય?

વિષયાસક્ત જીવ ત્યાં સુધી અતિઘોર સંસારમાં જ ભ્રમણ કરે છે જ્યાં સુધી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત નથી કરતાં કે તેમનું ચિંતવન નથી કરતાં.

પ્રજાપતિ! એ તો નિશ્ચય છે કે સમસ્તજીવ પોતાના કરેલા કર્મો અનુસાર સંસારમાં ભ્રમણ કરી અનેક યોનિઓમાં ઉત્પન્ન થાય છે.

તે જ પ્રમાણે હું પોતાના કર્મોને આધિન મૃત્યુ પામીને હિમવાન પર્વતની દક્ષિણ દિશાના

ક્ષુદ્રવનમાં મયુરના ઉદરમાં ઉત્પન્ન થયો. તે વન વાઘ, સિંહ, હાથી, ગેંડા, હરણ અને રીંછોના સમૂહથી ભયાનક છે. તે વનમાં વાઘના સમૂહો હરણોનો ઘાત કરે છે અને સિંહગણ મદોન્મત હાથીઓના સમૂહથી યુદ્ધ કરે છે.

તે નિર્જન વનમાં ક્યાંક ગીધ આદિ પક્ષીઓના સમૂહ નિવાસ કરે છે, ક્યાંક સાપ અને નોળિયા યુદ્ધ કરે છે, ક્યાંક ભીલોનો સમૂહ રાહદારને લૂંટવા માટે રાહ જોઈને ઊભો છે, ક્યાંક વાંદરો અને લંગૂરો વૃક્ષોની શાખાઓને કંપિત કરતાં ઘોર શબ્દ કરે છે, ક્યાંક અષ્ટાપદના સમૂહો વિચરે છે, ક્યાંક કસ્તૂરીને અર્થે હરણોના ઘાતમાં અનેક દુષ્ટજન વિચરી રહ્યા છે.

વૃક્ષોના સમૂહથી સઘન વનમાં અશુભ પરિણામોના યોગથી દુ:ખથી વ્યાપ્ત મયૂર કુળમાં મને કુકર્મે ઉત્પન્ન કર્યો.

રાજન્! એ ભયાનક વનમાં મયૂરીના તીવ્રાગ્નિ યુક્ત ઉદરમાં ઉત્પન્ન થયો. હું ત્યાં, જેવી રીતે દુષ્ટજનોના વચનોથી સજ્જન પુરુષ બળે છે તે જ પ્રકારે, મયૂરની ઉદરાગ્નિમાં બળવા લાગ્યો. જેવી રીતે તપાવેલી કડાઈમાં નારકી દુ:ખી થાય છે તેવી જ રીતે હું પણ દુ:ખી થયો. પછી મારી માતા મયૂરીએ મને જન્મ આપી બિલાડી આદિ હિંસક જીવોના ભયથી કાંટાવાળા વૃક્ષોના ખંડથી ઢંકાયેલ રેતીમાં પોતાની પાંખથી ઢાંકી પેટની ગરમીથી સંતપ્ત કર્યો.

ત્યારબાદ દિવસો પૂર્ણ થતાં મને ઈંડામાંથી બહાર કાઢ્યો. પછી જ્યાં સુધી હું ચાલવા અને ઉડવા યોગ્ય ન થયો ત્યાં સુધી મારી માતાએ મને પોતાની ચાંચથી અન્નકણ ખવડાવ્યા, તેનાથી જ મારું ઉદર પૂર્ણ થતું હતું.

આ રીતે કાળ વ્યતીત કરતાં કરતાં એક દિવસ વનમાં ભ્રમણ કરતી માતાને દુષ્ટ ભીલે મારી અને મને જીવતો જ પકડી લીધો. પછી માતાને એક વસ્ત્રમાં બાંધી અને મને બીજા વસ્ત્રમાં લપેટી પોતાના ઘરે ચાલતો થયો.

નૃપવર! તે સમયે હું અનેક પ્રકારે રુદન પણ કરતો હતો પરંતુ એ દુષ્ટ શિકારીના હૃદયમાં જરા પણ દયા ન આવી. તે ભીલે ગામમાં જઈને મારી મૃત માતાને તો કોટવાલને વેંચી દીધી અને મને પોતાને ઘેર લઈ જઈને પીંજરામાં બંધ કરી દીધો. ત્યારબાદ મને જોઈ ભીલનીએ પોતાના પતિને કહ્યું કે :

રે દુષ્ટ પાપિષ્ઠ! તું આ બાળકને કેમ લાવ્યો? તેને મારવાથી શું થશે? તેનો એક કોળીયો પણ નહીં થાય. શું તેનાથી પેટ ભરાઈ જશે? તું મોટી મયૂરી તો કોટવાલને દઈ આવ્યો અને નાનું બાળક અહીં લાવ્યો છે. હવે શું તને ખાવ? રે નીચ! હવે તું મારી સામેથી ચાલ્યો જા, મને તારું મોઢું નહીં દેખાડ!

આ પ્રકારના પોતાની પત્નીના કઠોર અને લૂખા વચનો સાંભળી ભીલ કહેવા લાગ્યો:

અરે દુષ્ટની! તું કેમ ઘબરાય છે? હમણાં જઈને આ બચ્ચાને પણ વેંચી આવું છું. તેનાથી જે કાંઈ પૈસા મળશે તેનું અનાજ લાવીને તને આપું છું. પછી સરખી રીતે પેટ ભરી લેજે.

આમ કહી ભીલે મને (મયૂર બાળક) પણ લઈ જઈને કોટવાલને વેચી દીધો. કોટવાલે મને માર્યો નહીં પરંતુ મારું પાલન પોષણ કર્યું તથા કૂતરા, બિલાડી આદિ જીવોથી મારી રક્ષા કરી.

પૃથ્વીનાથ! એ કોટવાલના ઘરમાં હું હંસની જેમ તેની જેવી કાંતિયુક્ત શરીરવાળો થયો. ત્યાં હું અનાજના દાણા ખાઈને મનુષ્યોને આનંદિત કરતો સુમધુર શબ્દ કરતો હતો.

નૃપશ્રેષ્ઠ! પાપી જીવોના શરીર પણ આહારની સાથે બંધાયેલા હોય છે. મેં કોટવાલના ઘરમાં પેટ ભરીને ભોજન કર્યું જેનાથી પંચવર્ણના રત્નોની માળા જેવા પીછાઓ થયા તથા મારું સમસ્ત શરીર અતિ શોભાયુક્ત થયું. મને જોઈ હર્ષિત થઈ કોટવાલે વિચાર્યું કે આ બાળકને ઉજ્જૈની નગરી જઈને મહારાજ યશોમતિને ભેટ કરીશ.

મદમતી ચંદ્રમતિ નામની મારી માતાનો જીવ તે જ ઉજ્જૈની નગરીમાં વિસરસ કૂતરાની યોનિમાં ઉત્પન્ન થયો.

રાજન્! મારી માતા ચંદ્રમતિ કે જે વિષ્ણુના ચરણોની ભક્ત, બ્રાહ્મણોના ભોજન બાદ બચેલા માંસનું ભોજન કરવાવાળી, બ્રાહ્મણોને સંતુષ્ટ કરવાવાળી, નિરંતર ચંડીકાદેવીને પૂજવાવાળી, દેવીને માટે અનેક પશુઓને મારવાવાળી, ગંગાનદીના પાણીને પવિત્ર માનવાવાળી, બકરા–હરણ–પાડા આદિથી કુળદેવી અને મૃત પિતૃજનોને તૃપ્ત કરવાવાળી અને જૈન મતાનુયાયી જીવમાત્રના રક્ષક નગ્ન દિગંબર મુનિઓની હંમેશા નિંદા કરવાવાળી હતી. તે પોતાના અશુભ કર્મોની પ્રેરણાથી કૂતરાની યોનિમાં ઉત્પન્ન થઈ.

તે સ્વાન મહાબળવાન પવન સમાન વેગનો ધારક, ચંચળ અને કુટિલ વજ્ર સમાન કર્કશ નખવાળો, જે હાથના પ્રહાર વડે હરણોના સમૂહનો વિદારક હતો. તે મહાવિકરાળ અને પાપ ક્રિયામાં રત સ્વાન મહારાજ યશોમતિને ભેટમાં આવ્યો અને તે દિવસે જ મને–મયુરને પણ કોટવાલે લઈ જઈને મહારાજને આપ્યો.

રાજન્! એ બંનેને જોઈને મહારાજ યશોમતિ અતિ હર્ષિત થયો અને મને ઘરની શોભા બનાવ્યો અર્થાત્ મહેલમાં રાખવાનો આદેશ આપ્યો. તે સમયે મારા પુત્ર યશોમતિએ પ્રેમપૂર્વક મારા સમસ્ત અંગો પર હાથ ફેરવ્યો અને અત્યન્ત પ્રશંસા કરતો પોતાના હૃદયમાં આ પ્રકારે વિચારવા લાગ્યો :

નિપુણ વિધાતાએ આ કેવો મનોરંજક મયૂર બનાવ્યો છે! જેવો મનોજ્ઞ મયૂર છે તેવો જ મનોરંજક શ્વાન પણ છે. એ તો સિંહ સમાન બળવાન પોતાના વેગથી હરણોના સમૂહનો ઘાતક છે તથા મને તો એવું લાગે છે કે આ શ્વાનની સામે તો વિષ્ણુ મહારાજનો સૂકર પણ ન બચી શકે!

રાજન્! આ પ્રકારે વિચારતો તરત જ કૂતરાને શ્વાનપાલકોને હસ્તગત કર્યો. તેઓએ તેને યમરાજ તુલ્ય જાણી સુવર્ણની સાંકળથી બાંધ્યો. મને મહેલની વચ્ચે છોડી દીધો જેથી હું આકાશમાં ઉડતો મહેલના શિખર પર ક્રીડા કરવા લાગ્યો. તે સમયે આકાશમાં ગર્જના કરતાં અને ગ્રીષ્મરૂપ રાજાને ભગાડવા માટે ઈન્દ્રધનુષનું ધનુષ ધારણ કરતાં વાદળો જોયા.

તે સમયે વર્ષાકાળનું આડંબર જોઈને હું રોમાંચિત થઈ નૃત્ય કરવા લાગ્યો. પછી જન્માંતરનું જાતિસ્મરણ થવાથી અશ્રુપાત કરતાં રુદન કરવા લાગ્યો. તે જ સમયે જમીન પર બેઠો કૂબડો અને તેના પ્રતિ આસક્ત અમૃતારાણીને જોયા. તત્કાલ પૂર્વના વેરથી ઈર્ષાના આવેશમાં હું તેમની ઉપર પડ્યો. પુંછ અને નખથી તથા ચાંચ દ્વારા ઘાત કરવા લાગ્યો.

તે સમયે રુધિરની ધારાથી વ્યાપ્ત અતિ વિહ્વળ થઈને બંને જણા હાથ ઊંચા કરી હાહાકાર કરતાં પૃથ્વી પર પડ્યા. પછી અમૃતાદેવીએ તરત જ ઊઠીને મણિની માળાથી મારો પગ તોડી નાખ્યો તેથી હું વિચારવા લાગ્યો :

જે સમયે હું સામર્થ્યવાન અદ્વિતિય રાજા હતો તે સમયે તો આમનો ઘાત ન કર્યો પણ આ સમયે આ કૂબડા પર પ્રહાર કર્યો તેથી સંક્લેશનું કારણ થયો.

રાજન્! આમ વિચાર કરતો હું, જોકે મારો પગ તૂટી ગયો હતો તોપણ ત્યાંથી જેમ તેમ કરીને ભાગ્યો પરંતુ અમૃતાના બૂમો પાડવાથી અનેક દાસી મારી પાછળ દોડી અને જેના હાથમાં જે આવ્યું તે લઈને મને મારવા લાગી. અનેક દાસીઓ વિવિધ પ્રકારથી મને મારવા લાગી છતાં પણ હું ભાગતો જ ગયો.

પરંતુ દૈવે ફરી પ્રાણ બચવા ન દીધા. માતાના જીવ કૂતરાએ અચાનક આવીને એવી રીતે મારું ગળુ પકડ્યું કે જેથી મારા પ્રાણ ન રહ્યા.

જે માતા મારા અશોભનમાં વિહ્વળ થઈ જતી હતી તે જ માતાના જીવ કૂતરાએ દાંતથી મને એવો પકડ્યો કે મારા પુત્રએ–મહારાજ યશોમતિએ—મને છોડાવવા ઘણી મહેનત કરી પણ તે દુષ્ટ કૂતરાએ ન છોડ્યો ત્યારે યશોમતિએ ક્રોધિત થઈને કૂતરાના માથા પર એવો દંડ પ્રહાર કર્યો કે તત્કાળ માથાના બે ભાગ થઈ ગયા અને કૂતરાના પ્રાણ નીકળી ગયા.

નૃપવર! જુઓ, કર્મોનો વિકાર કેવો વિચિત્ર છે? કે માતાના જીવ કૂતરાએ પુત્રના જીવ મયૂરને માર્યો તથા પૌત્રએ દાદીના જીવ કૂતરાને માર્યા પછી વિલાપ કર્યો.

મહારાજ! એ સમયે મારા મૃત શરીરને જોઈને યશોમતિ આ પ્રકારે વિલાપ કરવા લાગ્યો કે હા મયૂર! હા ઘરની લક્ષ્મીના આભૂષણ! તારા વિના મહેલના શિખર અને ધ્વજાઓની શોભા ક્યાં છે?

હા શિખિરાજ! તારા વિના ઘરની વાવડીમાં ફરતાં સર્પ કેવી રીતે નષ્ટ થશે? હા શિખંડ! તારા વિના વિચિત્ર પુષ્પોની વચ્ચે કામિનિયોના શબ્દ સાંભળી કોણ નૃત્ય કરશે? ઈત્યાદિ મયૂરના શોકથી નિવૃત્ત ન'તો થયો કે એટલામાં કૂતરાનું મૃત શરીર જોઈ ફરી વિહ્વળ થતો વિલાપ કરવા લાગ્યો.

અહો શ્વાન! કેસરપત્રનું ભક્ષણ અને સ્વચ્છ જળને કેમ પીતો નથી? હા શ્વાન! હવે અહીં કેવી રીતે શયન કરી રહ્યો છે? મારા કુરુવિન્દુજાળ નામક વનમાં નિવાસ કેમ નથી કરતો? શું મારા એક જ દંડ પ્રહારથી મારાથી નારાજ થઈ ગયો? આ જો, સુવર્ણના પાત્રમાં ઉત્તમ ભોજન દૂધ મિશ્રિત રાખેલું છે તે કેમ નથી ખાતો? ઝડપથી ભાગવાવાળા હરણો વનમાં સ્વેચ્છાચારી થઈ રહ્યા છે. તેથી હે શ્વાન! આ સમયે તે હરણોને મારવા માટે તારા સિવાય બીજા કોણ સમર્થ છે?

રાજન્! ઉપરોક્ત પ્રકારે ચિંતવન કર્યા પછી જેવી રીતે યશોધર અને ચંદ્રમતિનો અગ્નિસંસ્કાર થયો હતો તેવી જ રીતે મયૂર અને શ્વાનનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. ત્યારબાદ તે જ પ્રકારે પિંડદાન, બ્રાહ્મણ ભોજન આદિ સમસ્ત કાર્ય કરવામાં આવ્યું.

નરાધીશ! જુઓ, મોહવશ થઈને સુપુત્ર વસ્ત્ર, આભૂષણ, ભોજન આદિ સામગ્રી બ્રાહ્મણોને એ કામનાથી આપે છે કે મારા મૃત પિતાની પાસે પહોંચી જશે પરંતુ ત્યાં કાંઈ પણ નથી પહોંચતું. બ્રાહ્મણોની વાણીજાળમાં ફસાઈને લોકો આમ કરે છે, જેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી.

ધરાધીશ! જે સમયે હું પ્રાણ રહિત થયો કે તત્કાલ સુવેલગિરિના પશ્ચિમ ભાગમાં મહા શુભ અરણ્યના મધ્યમાં કાણી ન્યૌલીના ગર્ભમાં ઉત્પન્ન થયો. એ નિર્જન અને ભયંકર વનમાં એ ક્ષુધા–તૃષાથી પીડિત શુષ્કસ્તના ન્યૌલીના ઉદરથી જેવો મારો જન્મ થયો કે હું પણ તેના દૂધ રહિત સ્તનોને ચાટવા લાગ્યો, પણ દૂધ વિના મારી તૃપ્તિ કઈ રીતે થાય? પછી ગ્રીષ્મની જ્વાળાથી સંતપ્ત થતા મેં એક તુચ્છ સર્પ જોયો કે તરત જ હું તેને ગળી ગયો.

તે સમયે મને સર્પનો સ્વાદ સારો લાગવાથી મેં ઘણા સર્પોને ખાધા. હવે હું–નોળીયો સર્પોને ખાતો વૃદ્ધિને પ્રાપ્ત થતો સમય પસાર કરવા લાગ્યો.

ધરાધીશ! મારી માતાનો જીવ શ્વાનની પર્યાયમાંથી તે જ વનમાં સૂક્ષ્મ જીવોનું ભક્ષણ

કરતો તીક્ષ્ણ વિષનો ધારક ભયંકર સર્પ થયો. તે વિષધર વનમાં ક્રીડા કરતો જેવો પોતાના બિલમાં જવા લાગ્યો કે તરત જ મેં તેની પુંછનો ભાગ મુખથી પકડીને તેને ખાવા લાગ્યો.

રાજન્! જેવી મેં તેની પૂછ કાપી કે તત્કાળ તેણે પાછા ફરીને વિકરાળ ફેણના ઘાતથી મારા મોઢામાં વિષાગ્નિ છોડી દીધી પછી મજબૂત દાંતોથી મારી પીઠની ચામડી અને હાડકાં તોડી નાખ્યા જેથી લોહીની ધારા વહેવા લાગી.

આ અવસ્થા જોઈ ફરી પાછા મેં ઉછળીને તેની ફેણને એવું બટકું ભર્યું કે તે તત્કાળ મરણાંત થઈ ગયો અને મેં પણ તેના ઝેરના કારણે મારા પ્રાણ છોડી દીધા.

નૃપશ્રેષ્ઠ! આ સંસારમાં એવું કોણ છે કે જે કર્મોના ફળનું ઉલ્લંઘન કરી શકે? એ કર્મના અનુસાર જ અસંખ્ય જીવ એકબીજાના ભક્ષક બની રહ્યા છે. જેવી રીતે સ્થાવર–જંગમ જીવોનું બે–ત્રણ–ચાર ઈન્દ્રિય જીવો ભક્ષણ કરે છે તેવી જ રીતે તે વિકલેન્દ્રિય જીવોને પંચેન્દ્રિય જીવો ખાય છે. જે પ્રકારે પૂર્વ વૈરના કારણે જીવો એકબીજાને મારતાં રહે છે, તેવી જ રીતે મારી માતાના જીવ સર્પે અને મારા જીવ નોળીયાએ પરસ્પર એકબીજાને મારીને કુયોનિમાં ઉત્પન્ન થઈને ઘણા દુઃખનો અનુભવ કર્યો.

રાજન્! આ પ્રકારે મારા કથનને સાંભળીને જો હિંસાનો ત્યાગ કરીશ તો મદ રહિત પરમાત્મદશાને પ્રાપ્ત કરીશ.

રાજન્! ઉજ્જૈની નગરીમાં સિપ્રા નામની નદી છે. હું તે નિષ્ઠુર સર્પના ઘાતથી મરણને પ્રાપ્ત થઈને પાછો સિપ્રા નદીમાં માછલીના ગર્ભમાં આવીને સ્થિર રહેવા લાગ્યો.

ત્યારબાદ માછલીના ગર્ભથી જન્મ લઈને ક્રમપૂર્વક વૃદ્ધિ પામતો મોટા મોટા મગરમચ્છોના શરીરને ચીરવામાં સમર્થ તથા આકાશમાં ઉછળવું, ઉલટું પડવું, પાણીમાં ફરવું ઈત્યાદિ કાર્યોમાં અતિ પ્રવીણ થઈ ગયો. આ પ્રમાણે સિપ્રા નદીના અતિ નિર્મળ સ્વચ્છ અને ચંચળ જળમાં વિચરતા–તરતા અને મત્સ્યોના સમૂહને નિગલતા કાળ વ્યતીત કરવા લાગ્યો.

મહારાજ! મારી માતાનો જીવ કે જે સર્પ થયો હતો તે મારા ઘાતથી મરીને ઘોર કર્માનુસાર તે જ નદીમાં જીવોનો અધિપતિ શંશુમાર થયો. દૈવયોગથી મને જોઈને પૂર્વ વેરના કારણે જ્યાં મને તીક્ષ્ણ નખ અને દાંતોથી પકડી મારવાનું ચાલુ કર્યું કે એટલામાં મહારાજ યશોમતિના મહેલની કોમલાંગી ચંદ્રવદના દાસી નિજ–નૂપુરોના શબ્દોનો ઝનકાર કરતી, સુંદર સુંદર વસ્ત્રાભરણોથી શોભાયમાન, દિવ્ય સુગંધથી પૂરિત, કંઠગત મુક્તાહારની પંક્તિથી દિવ્યરુપાકાર વિનોદપૂર્વક સરિતાના સ્વચ્છ જળમાં રમત કરવા લાગી.

એ પ્રકારે જળમાં નિશ્ચલ તરતી તરતી એક દાસીએ બીજી દાસીને ધક્કો માર્યો તો દૈવની

વિચિત્રતા જુઓ કે તે મારી ઉપર આવીને પડી. તે સમયે શંશુમારે જે મને પકડ્યો હતો તે મને તો છોડી દીધો પણ તત્કાલ તે દાસીને પકડીને નખ અને દાંતથી વિદારવા લાગ્યો.

નૃપવર! તે સમયે હાહાકાર કરતી ભયંકર કંપિત થતી બધી દાસીઓ પાણીથી ભાગવા લાગી. ત્યારબાદ રાણીના સેવકોએ મહારાજ યશોમતિ પાસે જઈને વિજ્ઞપ્તિ કરી કે શ્રી મહારાજ! આપની માનિતી કુબ્જા દાસીને જળકેલી કરતાં માંસલુબ્ધ શંશુમાર નામક નદીનો જીવ નખ અને દાંતોથી ચિરવા લાગ્યો છે.

આ સાંભળી ક્રોધિત થઈ મહારાજ યશોમતિએ કહ્યું કે આવો જીવ કોને પ્રિય હોય? જેણે સૂકર, ભાંસર આદિ વનવાસી જીવોને જલપાન કરતાં સમયે ભક્ષણ કર્યું તથા સ્નાન ક્રીડા કરતાં સમયે અનેક સ્ત્રી–પુરુષોને ખાધા એવા દોષની ખાણ એવા શંશુમાર નામક જીવને તરત જ નેત્રોને અસુંદર અને અગ્નિની જ્વાળા સમાન યમરાજના નગરમાં મોકલી દ્યો.

આમ કહી અનેક યોદ્ધાઓ સહિત મહારાજ યશોમતિ સ્વયં નદી કિનારે જઈને ધીવરોને આદેશ આપ્યો કે શીઘ્રતર આ નદીના ઊંડા બીલમાંથી જેમ બને તે પ્રકારે ગોતીને તે શંશુમારને પકડો.

નૃપવર! મહારાજ યશોમતિના ક્રોધપૂર્ણ શબ્દોથી આકાશ પુરાઈ ગયું. આ સાંભળીને અનેક ધીવરો તરત જ સિપ્રા નદીમાં પડ્યા. ત્યારબાદ ધીવરો ફરતાં ફરતાં કોલાહલ શબ્દ કરીને શંશુમારને પકડી તેનો કંઠ છેદીને બહાર કિનારા પર લઈ આવ્યા.

નૃપવર! એ સમયે શંશુમારને જોઈને ક્રોધિત ભાવમાં મહારાજે આદેશ આપ્યો કે આ દુષ્ટ જીવને અગ્નિમાં શેકો. એ સાંભળીને કિંકરોએ અગ્નિ પ્રજ્વલિત કરી શંશુમારને અગ્નિમાં હવન કરી દીધો.

રાજન્! જ્યારે હું નદીમાં ક્રીડા કરતો હતો તેટલામાં જેમણે મારવાનો વિકલ્પ કર્યો છે એવા ધીવરો બૂમો પાડતાં આગળ આવ્યા. એ ધીવરોએ સઘન જાળ મારા ઉપર નાખી જેથી હું યુદ્ધમાં હારેલા શત્રુની જેમ જાળમાં ફસાઈ ગયો. તે સમયે હું, જેવી રીતે તીવ્ર મોહના ઉદયને વશ થઈને સંસારી જીવ પીડિત થાય છે તેવી રીતે, જાળમાં ફસાઈને ધીવરોના પગના પ્રહારથી ખૂબ ક્લેશ પામ્યો.

પૃથ્વીનાથ! જે સમયે ધીવરોએ જાળમાં ફસાવીને મને નદીના કિનારે રાખ્યો કે તે જ સમયે એક પુરુષે કહ્યું કે આ મત્સ્યને મારતાં નહીં કેમ કે આને મારવાથી ખૂબ જ દુર્ગંધ ફેલાશે. એમ કહી પૂર્વ ભવના પુત્ર યશોમતિને દેખાડ્યો. યશોમતિએ મારું શરીર જોઈને આગમવેદી બ્રાહ્મણોથી મારું શારીરિક વર્ણન કરવા કહ્યું ત્યારે બ્રાહ્મણો મને ઉલટપલટ કરી સામુદ્રિક શાસ્ત્રથી લક્ષણ કહેવા લાગ્યા :

આ પાંડુરોહિત જાતિનો ક્રૂર મચ્છ નદીના પ્રવાહ સન્મુખ તરે છે તથા આ મચ્છ દેવ અને પિતૃજનોની બલિને યોગ્ય છે. શ્રી વિષ્ણુ ભગવાને જગતની રક્ષા માટે મત્સાવતાર ધારણ કરી છ અંગયુક્ત વેદને સમુદ્રમાંથી કાઢ્યું છે. માટે બ્રાહ્મણોએ વેદને અતિ પવિત્ર માન્યું છે.

ઈત્યાદિ કહીને બ્રાહ્મણોએ રાજાને સંમતિ આપી કે આ મચ્છ મહારાણી અમૃતાદેવીના મહેલમાં મોકલવો જોઈએ. પછી શું હતું, તરત જ મહારાજે મચ્છને મહેલમાં લઈ જવાની આજ્ઞા આપી દીધી. તેથી દુષ્ટકર્મા કિંકરોએ મને (મચ્છને) અમૃતાદેવીના મંદિરમાં પહોંચાડી દીધો અને ઘણા સમય સુધી મને જીવિત રાખ્યો.

નૃપવર! ત્યાં પહોંચી જવાથી બ્રાહ્મણોનું પ્રયોજન સિદ્ધ થઈ ગયું અર્થાત્ કોઈ એક પ્રસંગે બ્રાહ્મણોએ અમૃતાને કહ્યું કે હે માતા! પરમાર્થતઃ આ રોહિત મચ્છ સમસ્ત મચ્છોમાં ઉત્તમ માનવામાં આવ્યો છે, આની પૂંછનું જો બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે તો અવશ્ય જ પિતૃજનોને તૃપ્તિ થાય છે.

પૃથ્વીનાથ! એ વખતે "બ્રહ્મવાક્યં જનાર્દનઃ"ની કહેવતને સત્ય ઠહેરાવતી અમૃતાએ મારી પૂંછ કપાવીને સૂંઠ, મરચું આદિ મસાલામાં પકાવીને બ્રાહ્મણોને આપી, જેથી તે બધા જ બ્રાહ્મણોએ પેટ ભરીને ભોજન કરી આશીર્વાદ આપીને પોતાના ઘરે ગયા.

ત્યારબાદ મારા બચેલા શરીરને અનેક મસાલાઓમાં મેળવીને ગરમ તેલના લોયામાં જે સમયે પકાવ્યું, હે રાજન્! તે સમયની જે કાંઈ વેદના થઈ તે હું જ જાણું છું અથવા કેવળી ભગવાન જ જાણી શકે છે.

રાજન્! જે સમયે તપેલા તેલમાં પડેલો હું પકાવાય રહ્યો હતો તે જ સમયે જાતિસ્મરણ થવાથી મેં આખા પરિવારને જાણી લીધા. જેથી એક તો માનસિક દુઃખ અને બીજું શારીરિક કષ્ટ—આ રીતે બંને પ્રકારના ક્લેશનો અનુભવ કર્યો.

નૃપશ્રેષ્ઠ! તમે પણ એ વાતનો અનુભવ કરી શકો છો કે જે સમયે નમક, મરચા આદિ મસાલામાં મિલાવીને મને ગરમ તેલમાં પકાવ્યો હશે તે સમયની વેદના શું નરકની વેદનાથી કોઈ પ્રકારે ઓછી હોઈ શકે છે? ક્યારેય પણ નહીં. નરકોમાં તો કેવળ ગરમ તેલમાં જ પકવવામાં આવે છે, પરંતુ મને તો નમક, મરચું, સૂંઠ આદિ તીક્ષ્ણ મસાલામાં મિશ્રિત કરી પકાવ્યો જેમાં એક તો અગ્નિની વેદના અને બીજી મસાલાની તકલીફ; તેમાં પણ પક્વ થઈ ગયું છે કે નહીં તેની પરીક્ષા કરવા માટે લોઢાના અણીદાર સૂયાઓથી વારેવારે છેદાવું ઈત્યાદિ કષ્ટોનું ક્યાં સુધી વર્ણન કરું કે જે દુઃખોને વાગ્વાદિની પણ નથી કહી શકતી.

પછી રહેલાં મારા શરીરને તાવેથાઓથી હલાવી હલાવીને રસોઈદારોએ મને પકાવ્યો. ત્યારબાદ ખૂબ જ જીરું, મરચું, નમક આદિ નાખીને મારા શરીરના સ્વાદને ચાખવા લાગ્યા.

રાજન્! તે સમયે સાતમી નરકના નારકીની જેમ ઉછાળી ઉછાળીને પકાવાયો. પછી એ પચેલાં શરીરને છરાથી કટકા કરીને લોઢાના કાંટાથી બ્રાહ્મણોએ ખાધા. ત્યારપછી મારા પુત્ર યશોમતિ, મારી સ્નેહવતી અમૃતાદેવી તથા તેનો કૂબડો આદિ સમસ્ત પરિવારે ભોજન કર્યું.

નૃપશ્રેષ્ઠ! જોઈ સંસારની વિચિત્રતા! કે પિતૃના નિમિત્તે મને જ ખાધો આ અશોભનીય કર્મ જિહ્વાલંપટી માંસભક્ષી વિષયાસક્ત બ્રાહ્મણોનું જ કર્તવ્ય છે, કારણ કે બ્રાહ્મણોના ઉપદેશથી બધા જ અજ્ઞાની લોકો હિંસાના કાર્યને ધર્મ માનીને અંગીકાર કરે છે, તે કારણે બધો જ દોષ બ્રાહ્મણો ઉપર જ છે.

મારી માતાનો જીવ જે શંશુમારના શરીરમાંથી નીકળી પાર્શ્વગામમાં બકરી થઈ હતી, હું પણ મચ્છની પર્યાયથી પ્રાણ ત્યાગ કરીને દૈવયોગથી તે જ બકરીના ગર્ભથી ઉત્પન્ન થઈ બકરો થયો.

ત્યારબાદ ક્રમપૂર્વક વૃદ્ધિ પામતો જ્યારે યુવાન થયો ત્યારે કામાંધ થતો પોતાની માતા બકરી સાથે જ મૈથુન કર્મ કરવા લાગ્યો. તે જ સમયે યૂથના સ્વામી બકરાએ ઈર્ષાયુક્ત ક્રોધના આવેશમાં મને માર્યો. ત્યાંથી મરીને હું મારા જ વીર્યથી તે જ બકરીના ગર્ભથી બકરો ફરીથી થયો.

અહીં કોઈ શંકા કરે કે પોતાના જ વીર્યથી પોતાનો જન્મ કઈ રીતે થઈ શકે છે? તો તેનું સમાધાન આ પ્રકારે છે કે જે સમયે માદાનુ રુધિર અને નરના વીર્યનો સંયોગ થાય છે તે સમયથી સાત દિવસ સુધી તેમાં જીવ આવે છે, જે સાત દિવસ સુધી મળેલું રહે છે અને જો સાત દિવસની અંદર જીવોત્પતિ ન થાય તો તે જુદું થઈને ખરી જાય છે.

આ રીતે, જે સમયે બકરીનું રુધિર અને બકરાના વીર્યનો સંયોગ થયો તે જ સમયે બકરાનું મરણ થયું. જેથી તે તરત જ તેના જ ગર્ભમાં જઈને ઉત્પન્ન થઈ ગયો અને ફરી બીજા ભવમાં પણ બકરો જ થયો.

રાજન્! તિર્યંચોમાં શરમ નથી હોતી. માતાને સ્ત્રી બનાવી લેવાનું સહજ હોય છે. એ જ પ્રકારે મેં પણ માતાની સાથે ભોગ લીધો. જેથી જે સમયે મને એ વાતની યાદ આવે છે ત્યારે મને તીવ્ર વેદના થાય છે. જ્યારે હું ફરી બકરીના ગર્ભમાં આવ્યો અને ક્રમપૂર્વક વૃદ્ધિને પ્રાપ્ત થવા લાગ્યો ત્યારે યશોમતિ મહારાજ શિકાર કરવા માટે વનમાં આવ્યા. તેમણે હરણ માટે આખા વનમાં પરિભ્રમણ કર્યું પરંતુ એક પણ હરણ ન મળ્યું.

તે સમયે જ્યારે ફરીને પાછા આવ્યા તો શું જોયું કે મારી માતા બકરી અને યૂથનાયક બકરો–તે બંને મૈથુન કર્મ કરી રહ્યા હતા. તે સમયે ક્રોધના આવેશમાં યશોમતિ મહારાજે પોતાના

ભાલાથી બંનેનો ઘાત કર્યો. પછી નજીક આવીને જુએ છે કે બકરા–બકરી બંને બે ભાગ થઈને રુદન કરતાં મરી ગયા તથા ગર્ભમાં રહેલા મારા આઠેય અંગ કંપાયમાન જોયા.

તે સમયે યશોમતિ મહારાજે બકરીના ગર્ભમાંથી બહાર કઢાવી મને બકરાપાલકને હસ્તગત કરવામાં આવ્યો. તેણે કાળજીપૂર્વક અન્ય બકરીઓથી દૂધ પીવડાવી પાલન પોષણ કર્યું જેથી હું તેના ઘરમાં વૃદ્ધિને પ્રાપ્ત થયો. પરંતુ પશુયોનિ સંબંધી અજ્ઞાનદશાને કારણે માતા, પુત્રી અને બહેન સાથે મૈથુન સેવન કરતો યૂથનો સ્વામી બની સુખપૂર્વક કાળ વ્યતીત કરવા લાગ્યો.

એટલામાં, એક દિવસ યશોમતિ મહારાજે કુળદેવી સન્મુખ આ પ્રકારે પ્રાર્થના કરી કે હે માતા! હે ભટ્ટારકે! હે મહિષ-વિદારીણી! હે ભગવતી! તારી કૃપાથી મને હરણનો લાભ થાય તો વેગવાન બકરાની બલિ ચડાવીશ. આમ કહીને રાજાએ શિકાર માટે મહારણ્યમાં પ્રવેશ કર્યો અને ત્યાં તરત જ શિકારનો લાભ થયો. પછી પાછા ફરીને ઘરે આવ્યા અને દેવીને માટે સ્થૂળ બકરો બોલાવાયો અને તેને મારીને તેનું માંસ દેવીને ચડાવ્યું.

તે જ વખતે રસોઈદારોએ મને યૂથનાયક બકરાને લાવીને ત્યાં જ બાંધી દીધો જેથી દૈવયોગથી કોઈ ચીલ પક્ષીએ કોઈ જંતુનું માંસ લાવીને મારી બાજુમાં નાખી દીધું જેને સુંઘીને હું તરત જ ઊછળી ગયો. ત્યારે મને ફરી લાંબી દોરીથી એવી રીતે બાંધ્યો જેવી રીતે સંસારીજીવ કર્મોના બંધનથી બંધાઈ જાય છે.

રાજન્! અજ્ઞાની લોકો હિંસા કાર્ય કરતાં કિંચિત્ પણ ભયભીત થતા નથી. તે મિથ્યામાર્ગીઓના હૃદયમાં એ વાતનો પૂર્ણ વિશ્વાસ છે કે દીન પશુઓની બલિ દેવાથી દેવી પ્રસન્ન થઈને બધા જ કાર્યોની સિદ્ધિ કરે છે.

**હા! ધિક્કાર છે તે મૂર્ખાઓની બુદ્ધિ પર કે જે પરજીવોનો ઘાત કરી પોતાના કાર્યની સિદ્ધિ માને છે.**

ત્યારબાદ અન્ય લોકોને માટે બકરાના માંસના ગ્રાસ આપ્યા તથા ભૂખ દૂર કરવાવાળા અનેક રસયુક્ત મદિરા અને મગની દાળ પણ આપી.

ત્યારબાદ અનેક વસ્ત્ર અને ગાયોનું દાન કરીને યશોમતિ મહારાજે કહ્યું કે આ અમારું બધું જ ધન સ્વર્ગમાં બેઠેલા અમારા પિતા પાસે પહોંચે.

રાજન્! એ સમયે ક્ષુધા–તૃષાથી પીડિત હું–બકરો તે જ જગ્યાએ દૃઢ દોરીથી બંધાયેલ હતો, તેથી મહારાજ યશોમતિના વાક્યોથી જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થવાથી હું મારા હૃદયમાં વિચારવા લાગ્યો કે આ સમયે તો હું વસ્ત્ર–અલંકારથી રહિત ભૂખ્યો–તરસ્યો રસ્સીથી બંધાયેલો છું. મારા પુત્રએ ગર્વ સહિત અનેક પ્રકારનું દાન કર્યું જે બાજુમાં જ બેઠેલા મને કાંઈ મળ્યું નથી તો અન્ય દૂર રહેલા જીવોને કઈ રીતે મળતું હશે?

રાજન્! તે સમયે મારું આખું પરિવાર અનેક રસયુક્ત વાનગીઓનું ભોજન કરતું હતું અને હું ત્યાં જ ભૂખ–તરસથી પીડિત બધાના મોઢા સામે જોતો હતો પરંતુ કોઈએ એમ ન કહ્યું કે એક કોળિયો આને પણ આપીએ. મારા નિમિત્તે ખૂબ જ ધનનું દાન કરવામાં આવ્યું અને નજીકમાં જ બેઠેલા મને કાંઈ ન મળ્યું તો નિશ્ચય થયો કે તે સમસ્ત દાન બ્રાહ્મણોના ઉદરની પૂર્તિ માટે જ થાય છે, કોઈ જીવને નથી મળતું.

શ્રીનાથ! જે સમયે મારો પુત્ર યશોમતિ નિજ માતા સહિત ભોજન કરતો નજીકના જીવોને રંજિત કરતો હતો તે સમયે મેં સમસ્ત પરિવાર તેમજ અંતઃપુરને જોયું પરંતુ નિજ પ્રિયા અમૃતાદેવીને ન જોઈ. એટલામાં સડેલા માંસની તીવ્ર દુર્ગંધ આવી. તે વખતે દાસીઓ વાતો કરતી હતી કે—

પ્રિય બહેન! કેવી મરેલાં બકરાના સડેલાં માંસની દુર્ગંધ આવે છે. આટલી દુર્ગંધ ક્યાંથી આવે છે?

બીજી દાસી :—અરે! તું તો ખરી ભોળી લાગે છે. આવી દુર્ગંધ બકરાની થોડી હોય? બહેન, આ તો માછલીના સડેલાં માંસની વાસ છે.

ત્રીજી દાસી :—અરે! અહીંથી ચાલો. આ દુર્ગંધથી ઉલટી થાય છે. મને તો લાગે છે કે મહારાણી અમૃતાવતીના ગળિત કોઢની આ બીભત્સ દુર્ગંધ આવે છે.

અન્ય દાસી :—અરે! તમે બધી પાગલ થઈ ગઈ છો કે શું? તમને કાંઈ ખબર છે કે એમ જ બોલે જાવ છો? સાંભળો હું તમને કહું છું તેમ છે. તમે બધી કસમ ખાવ કે મારું નામ કોઈને કહેતા નહીં. આ દુષ્ટા અમૃતાવતીએ પ્રિય જાર કૂબડાને કારણે પોતાના પતિ યશોધર મહારાજા અને પોતાની સાસુ ચંદ્રમતિને ભોજનમાં હલાહલ ઝહેર નાખીને મારી નાખ્યા છે. તેના પાપના ઉદયે તેનું આખું શરીર ગલત કોઢથી ગલીત થઈ રહ્યું છે અને આ તેની જ દુર્ગંધ છે.

નૃપવર! ઉપરોક્ત પ્રકારે દાસીના વચનો સાંભળીને મારી નજર પણ ઘરમાં રહેલી અમૃતા તરફ ગયું. તે સમયે તેનું મોઢું જોયું તો મને એવું લાગ્યું કે ભોજન સમયનું માંસનું પિંડ જ કેમ ન હોય! તે સમયે અશુભ ગાત્રા અમૃતાને મેં જોઈ પણ હું તેને ઓળખી જ ન શક્યો.

પૃથ્વીનાથ! તે સમયની રાણીની દશા જોઈને એમ જ નક્કી થતું હતું કે પરપુરુષાસક્તા વ્યભિચારિણીથી નારાજ થઈને કર્મોએ તેની આ અવસ્થા બનાવી છે અર્થાત્ જે હોઠ જારની દૃષ્ટિમાં બિંબાફળ જેવા લાગતા હતા તે ઓગળી ગયા, જે નખ પ્રિય જારના વક્ષસ્થળને ચિહ્નિત કરતા હતા તે અતિશય નષ્ટ ભ્રષ્ટ થઈ ગયા, જે આંખ જારની દૃષ્ટિમાં કમલ તુલ્ય હતી તે ફૂટી કોડી તુલ્ય થઈ ગઈ.

અર્થાત્ જે જે અંગ પ્રિય જાર કૂબડાએ પોતાના હાથથી સ્પર્શ કર્યા તે સર્વ ગાત્ર કર્મોએ ક્રોધિત થઈને કર્મનું ફળ દેખાડવા નષ્ટ–ભ્રષ્ટ કરી નાખ્યા.

**નૃપવર! અતિ તીવ્ર પાપનું ફળ પ્રત્યક્ષ હોય છે અને જો એમ ન હોત તો આખી દુનિયા કેમ કરીને પાપથી ડરેત! પરંતુ પ્રત્યક્ષ જોતાં પણ દુષ્ટ લોકોને બોધ નથી થતો તે એમના ભવિતવ્યનો દોષ છે.**

નૃપવર! જ્યારે હું એ વિચારોમાં મગ્ન હતો કે એટલામાં તો પાપિણી અમૃતાએ રસોઈદારને બોલાવી કહ્યું—

જે દેવ અને બ્રાહ્મણોને માટે ભોગ ચડાવાયેલું હતું તે ઘૃણાસ્પદ, ગ્લાનિકારક બકરાનું માંસ જે મને આપ્યું તે મને નથી ભાવતું. હવે મારા માટે સૂકર કે હરણનું માંસ જલદી આપો જે હું પ્રેમપૂર્વક ખાઈશ.

આ પ્રકારે રાણીનો અવાજ સાંભળીને બાજુમાં બેઠેલા યશોમતિ મહારાજે કહ્યું કે આ સમયે સૂકર કે હરણનું માંસ મળવું તો દુષ્કર છે, પરંતુ બકરાનું માંસ પણ ભટ્ટ લોકોએ પવિત્ર કહ્યું છે; માટે હે રસોઈદાર! તું આ બકરાના પાછળના પગને કાપીને તેને પકાવીને માતાને ખાવા માટે આપ.

નૃપવર! તે સમયે બાજુમાં જ બંધાયેલો હું–બકરો કંપિત થતો વિચારવા લાગ્યો કે હા! ખૂબ જ દુઃખ છે કે મારો જ દીકરો મારો પગ કાપીને મારી સ્ત્રીના ભોજન માટે આપવા આજ્ઞા કરે છે તો હવે મારી રક્ષા કોણ કરી શકે? આથી કર્મનું ફળ વિચારતો દીનતાપૂર્વક ચૂપ થઈ ગયો.

ત્યારબાદ મહારાજ યશોમતિની આજ્ઞા ન પાળવામાં અસમર્થ રસોઈયાએ છરીથી મારો પગ કાપીને તેમાં ઉત્તમ મસાલા નાખીને તેને પકાવીને અમૃતાને આપ્યું જેથી તે કુષ્ટ વ્યાધિથી પીડિત દુર્ગંધા દુષ્ટાએ રુચિપૂર્વક ખાધું.

પૃથ્વીનાથ! માંસભક્ષી જિહ્વાલંપટી વિપ્રોની વાતમાં આવીને જે મનુષ્ય હિંસા કર્મ કરે છે તે અવશ્ય જ તીવ્ર વેદનાયુક્ત નરકોમાં જઈને અનેક કષ્ટ સહન કરે છે અને અનંતકાળ પર્યંત કુયોનિઓમાં ભ્રમણ કરતાં અસંખ્ય દુઃખના પાત્ર બને છે.

પૃથ્વીનાથ! તે સમયે એક પગ કપાઈ જવાથી તીવ્ર વેદના સહન કરતો ત્રણ પગે ઊભો ઊભો ચારે બાજુએ નજર કરતો વિચાર કરવા લાગ્યો કે હવે હું કોનું શરણ ગ્રહણ કરું કે જ્યારે મારા પુત્રએ જ આદેશ આપીને મારો પગ કપાવડાવ્યો?

જે માતા ચંદ્રમતિનો જીવ બકરી થઈને પાપફળ ભોગવતી હતી તે મરીને અમરસિંધુ દેશમાં ભેંસના ગર્ભથી મહાબલી ભેંસો થયો.

રાજન્! એક દિવસ ભ્રમણ કરતો તે ભેંસો સિપ્રા નદીના પાણીમાં નાહી રહ્યો હતો તે જ સમયે ખડ્ગધારી યોદ્ધાઓથી રક્ષિત મહારાજ યશોમતિની સવારીનો ઘોડો પાણી પીવા આવ્યો. તે સમયે તે ઘોડાને જોઈ જાતીય વેરને કારણે ક્રોધિત થઈને ભેંસાએ પોતાના માથાથી અને શિંગડાથી ઘોડાને માર્યો.

પછી રાજ્યકિંકરોએ તે ભેંસાને જેમ તેમ કરીને બાંધી મહારાજ યશોમતિ પાસે લઈ જઈને નિવેદન કર્યું કે શ્રી મહારાજ! આપની સવારીનો ઘોડો આ દુષ્ટ ભેંસાએ માર્યો છે, તેથી આ દોષિત છે માટે આપ જે આજ્ઞા કરો તે કરવામાં આવશે.

નૃપવર! તે સમયે યશોમતિ પોતાના ઘોડાના મરણના સમાચાર સાંભળી સ્તબ્ધ જ થઈ ગયો. ત્યારબાદ ક્રોધિત થઈને આદેશ આપ્યો કે ઘોડાને મારનાર આ દુષ્ટ ભેંસાને એ પ્રકારે મારો કે જેથી ઘણા ટાઈમ સુધી તરફડીને તેનું જીવન પૂરું થાય. ત્યારબાદ રસોઈયાને બોલાવીને મહારાજે કહ્યું કે આ ભેંસાને જીવતો જ પકાવો જેથી તેને ઘોડાને મારવાનો ગૂનો યાદ રહે.

પૃથ્વીનાથ! આ પ્રકારે મહારાજના આદેશથી રસોઈયાઓએ તરત જ તે ભેંસાના નાકમાં દોરી નાખી તેનું મોઢું અને પગ બાંધી લોઢાનાં તેલના કડાયામાં નાખી દીધો. પછી અગ્નિ કરી કડાયામાં નમક, સૂંઠ, મરચું, પીપર આદિ તીખા પદાર્થો નાખ્યા.

નૃપશ્રેષ્ઠ! એક તો અગ્નિની તીવ્ર વેદના અને તેમાં તીખા અને ખારા પદાર્થોને કારણે ભેંસો તડપતો અને જીભ કાઢીને વિરસ અવાજ કરતો હતો. તૃષ્ણાથી શોષાઈને જેવું તેણે તે ખારું પાણી પીધું કે તરત જ તેના પેટમાં ખૂબ જ પીડા થઈ અને આંતરડાનો સમૂહ પશ્ચિમદ્વારથી બહાર નીકળી ગયો. જ્યાં થોડો પકવા લાગ્યો ત્યારે રસોઈયા દ્વારા તીક્ષ્ણ શસ્ત્રથી કપાઈને પછી ચંદ્રમતિના નામથી ઉત્તમ બ્રાહ્મણોને આપવામાં આવ્યું.

રાજન્! મારી માતા ચંદ્રમતિની તો આવી હાલત થઈ. હવે મારી શું હાલત થઈ તે પણ સાંભળો અર્થાત્ જ્યાં ભેંસાની આ દશા થઈ રહી હતી ત્યારે રક્ષા રહિત કપાયેલા પગની વેદનાથી ચિલ્લાતા મને રાજાની આજ્ઞાનુસાર પકડીને પ્રાણઘાતક પ્રજ્વલિત અગ્નિમાં ફેંકી દીધો. પછી જેમ જેમ હું પક્વ થતો હતો તેમ તેમ કાપી કાપીને બ્રાહ્મણોને મહારાજ યશોધરની તૃપ્તિ માટે આપતા હતા અને બ્રાહ્મણ સમૂહ ખૂબ સ્વાદથી ખાતા હતા અને આશીર્વાદ દેતા હતા.

રાજન્ મારિદત્ત! સંસારની વિચિત્રતા અને બ્રાહ્મણની સ્વાર્થપરાયણતા જોઈ કે અમારી તૃપ્તિ માટે અમારા જ શરીરનો ઘાત કરવામાં આવે અને બ્રાહ્મણોનું પેટ ભરવામાં આવે. ધિક્કાર છે આ માયાચારીપૂર્ણ ચતુરતા કે જેના ઉપદેશથી અસંખ્ય જીવોનું અધઃપતન થાય છે.

પૃથ્વીનાથ! આ પણ એક આશ્ચર્ય છે કે પેટ ભરાઈ કોઈનું અને તૃપ્તિ થાય કોઈને!

પણ અજ્ઞાની મૂર્ખ લોકો આવા જ નિંદ્ય ઉપદેશને સાંભળી તરત તેને માની લે છે અને પોતાનું અકલ્યાણ કરી લે છે. ધિક્.......ધિક્......અનંતવાર ધિક્કાર!

શ્રીમાન્! તે સમયે અગ્નિની તીવ્ર વેદનાથી અમારા બંનેના અર્થાત્ ભેંસા અને બકરાના પ્રાણ એક સાથે નીકળ્યા જેથી ત્યાંથી ઉજ્જૈનની નજીક માતંગ ભીલોના નગરના વાડામાં મુર્ગીના ગર્ભમાં ઉત્પન્ન થઈ પછી બંને બાળક નવીન કુળના ધારક ઈંડાથી બહાર નીકળ્યા.

રાજન્! અમારા બંનેનો જન્મ થયા પછી અમારા પિતા મૂર્ગાને બિલાડાએ એવો પકડ્યો કે તેના ગળાનું હાડકું તૂટી ગયું અને તે મરી ગયા. ત્યારબાદ થોડો કાળ વ્યતીત થયા પછી અમારી માતાને પણ બિલાડો ખાઈ ગયો. હવે અમે બંને બાળકો તે ભીલના અમનોજ્ઞ ઘરના આંગણામાં વિચરવા લાગ્યા. તે સમયે ઘરની માલકીનને અમારો અવાજ સહન ન થવાથી તેણે એક હાડકાના ટુકડાથી અમારા બંનેના પગ તોડી નાખ્યા. આટલાથી પણ તેને શાંતિ ન મળી તો તેણે અમારા–બંને મુર્ગાના–પગ બાંધીને માંસલિપ્ત અને ક્લેવરપૂર્ણ ઘરમાં ચામડાથી બનેલાં ઢાકણા નીચે બંધ કરી દીધા. એ સમયે ઉદયાગત કર્મફળ ભોગવતા તે ઘરમાં સમય પસાર કરવા લાગ્યા.

નૃપવર! પૂર્વે જ્યારે હું યશોધર નામનો મંડલેશ્વર રાજા હતો અને તે સમયે મેં જે રીતે અનેક નૃપગણોને બંદી બનાવીને કારાગ્રહમાં નાખ્યા હતા તે કર્મનું આ ફળ મળ્યું કે ભીલના દુર્ગંધપૂર્ણ ઘરમાં પગ બાંધી અમને બંનેને રાખવામાં આવ્યા.

**પૃથ્વીનાથ! આ જીવ જે સમયે બીજા જીવને દુઃખ આપતા કુત્સિત કર્મ કરે છે તે સમયે તેને એ વાતનો કિંચિત્ પણ વિચાર નથી હોતો કે આ દુષ્કર્મનું મને શું ફળ મળશે?** પરંતુ જ્યારે તે કર્મના ફળને ભોગવે છે તે સમયે આ વિચાર ઉત્પન્ન થાય છે કે મેં પૂર્વ અવસ્થામાં જે અશુભ કર્મ કર્યા હતા તેનાથી અસંખ્યાત ગુણિત દુઃખોનું પાત્ર બનવું પડ્યું. તે સમયે પશ્ચાત્તાપ કરે છે કે અરે! પૂર્વ દશામાં જો મેં પાપકર્મ ન કર્યું હોત તો આ દુઃખ સહન ન કરવું પડેત!

ઈત્યાદિ અનેક પ્રકારે જીવો પીડિત થાય છે તે જ પ્રકારે અમે બંને મુર્ગા ભીલના ઘરમાં પડ્યા પડ્યા પશ્ચાત્તાપરૂપ અગ્નિથી સંતપ્ત થઈ રહ્યા હતા. ઠંડા–ગરમ પવનથી પીડાતા અને ક્ષુધા–તૃષાથી આસક્ત ભીલના ઘરમાં રહેતા દુઃખોની પરંપરાને પ્રાપ્ત થયા.

નૃપવર! એ ભીલના ઘરમાં દુઃષહ કષ્ટ પડવાથી દુખતા અંગે અમે અન્ય પ્રાણીઓના પ્રાણને પીડિત કરતા તેમને ખાવા લાગ્યા. હવે અમે બંને સુંદર અને તીક્ષ્ણ ચાંચથી ભૂમિગત સૂક્ષ્મ જીવોનું ભક્ષણ કરતા આમતેમ ફરવા લાગ્યા.

આ પ્રકારે ભ્રમણ કરતાં અમને બંનેને કોટવાલે જોયા. પ્રસન્નચિત્ત થઈને ભીલ દ્વારા

પોતાની નજીક બોલાવીને અમારા શરીર ઉપર સ્નેહપૂર્વક હાથ ફેરવ્યો તો અમને આનંદ થયો માનો કે પૂર્વભવના પુત્ર યશોમતિના હાથમાં જ હોઈએ!

નૃપવર! એક દિવસ અમે બંને કોટવાલના દરવાજાની બાજુમાં ક્રિડા કરતા હતા એટલામાં દૈવયોગથી મહારાજ યશોમતિની સવારી ત્યાંથી નીકળી. મહારાજ યશોમતિ અમને બંનેને સ્નેહપૂર્ણ નેત્રોથી જોઈ કોળવાલને કહેવા લાગ્યા કે આ બંને મુર્ગા શારીરિક લક્ષણોની પરીક્ષા કરવાથી અતિ ઉત્તમ જણાય છે, તેથી આ બંને બચ્ચાઓને ઘરના જળ અને અન્નથી તૃપ્ત કરી આ બંનેનું પાલન પોષણ કરો.

કોટવાલ! જ્યારે આ બંને યુવાન થશે ત્યારે પોતાની સુંદર ચાંચ અને તીક્ષ્ણ નખોથી શત્રુ વર્ગનો ક્ષય કરશે. આ બંને બાળક યૌવનારંભમાં પોતાના પગના ઘાતથી પૃથ્વીતળને ખોદતા, રક્ત નેત્ર કરતા, ભૃકુટીના વિકારને પ્રકાશિત કરતા જ્યારે યુદ્ધ કરશે તે સમયે ગમન કરતા પથિકજનોના મનને મોહિત કરશે. તે જ સમયે અમે પણ તેમના યુદ્ધની કુશળતા જોશું તે કારણે તું એને યત્નપૂર્વક રાખ.

રાજાનો ઉપરોક્ત પ્રમાણે આદેશ સાંભળીને કોટવાલે બંનેને પોતાના ઘરમાં રાખ્યા અને જ્યારે રાત્રિ વ્યતીત થઈને સવાર થઈ ત્યારે પિંજરામાં રાખેલા અમને બંનેને વનમાં જ્યાં રાજા ઉપસ્થિત હતા ત્યાં લઈ ગયો. તે રમણીક વનમાં મહારાજ યશોમતિનો રમણીક અને સ્વચ્છ મહેલ હતો. જેના અવલોકનથી એવું જણાતું હતું કે માનો દેવ–વિદ્યાધરોએ રમણ કરવા માટે માયામયી મહેલ બનાવ્યો છે. અમને બંનેને તેના આંગણામાં પિંજરામાં રાખવામાં આવ્યા.

નૃપવર! ભવિતવ્યતા અનુસાર તે ચોર નિવારક, પર સ્ત્રી લંપટી ને વિઘ્નસ્વરૂપ અને હિંસામાં પ્રવર્તક કોટવાલે અશોક વૃક્ષની નીચે પ્રાસુક શીલા ઉપર ધ્યાનારૂઢ બેઠેલા એક મુનિરાજ જોયા.

તે મુનિરાજ આલોક અને પરલોકની આશાના બંધનથી રહિત, રાગદ્વેષાદિ દોષોથી વિરક્ત, શુભ મન–વચન–કાય એ ત્રણે યોગ-યુક્ત, અશુભ યોગથી વિરક્ત, માયા, નિદાન અને મિથ્યાત્વ એ ત્રણ શલ્યોના નાશક, ત્રણલોકના વિજેતા, કામદેવનું ખંડન કરનાર, ત્રણ લોકનું મંડન કરનાર, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે રત્નોથી વિભૂષિત, ક્રોધ–માન–માયા–લોભ એ કષાય ચતુષ્કનો નાશ કરવા અગ્નિ સમાન, આહાર–ભય–મૈથુન–પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓથી દૂર, પાંચ સમિતિના પ્રતિપાલક તથા સત્તાવન આસ્રવોના (પાંચ મિથ્યાત્વ, બાર અવ્રત, પચીસ કષાય, પંદર યોગના) નિરોધક હતા.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા પાંચ મહાવ્રતના ભારને સહન કરવા ધુરંધર, પંચ પરમેષ્ઠીના ભાવના પ્રકાશક, પાંચ પરમેષ્ઠીમાં પંચમ પદના ધારક, સાધુઓના

નાયક, પંચમગતિ મોક્ષના વિધાયક, પાંચ આચારોના ધારક, ત્રસ અને સ્થાવર જીવોની દયામાં અતિ તત્પર હતા.

સાત ભયરૂપ અંધકારના નાશ માટે સૂર્ય સમાન, આઠ મદ દૂર કરવામાં આદરયુક્ત, સિદ્ધના આઠ ગુણોમાં તલ્લીન, નવ પ્રકારના બ્રહ્મચર્યના ધારક, આત્માના જ્ઞાતા, ઉત્તમક્ષમાદિ દશ ધર્મોના પ્રતિપાલક તથા પાંચ ઈન્દ્રિય ત્રણ બળ, સ્વાસોચ્છ્વાસ અને આયુ એ પ્રકારે દશપ્રાણધારી જીવોના રક્ષક ઈત્યાદિ અનેક ગુણોના ભંડાર એવા મુનિરાજ કોટવાલે જોયા. તે નગ્નમુદ્રાધારક પરમ દિગંબર શાંતમૂર્તિ શ્રી આચાર્યવર્યને જોઈને ગુસ્સે થતો કોટવાલ વિચારવા લાગ્યો કે આ દુષ્ટ ગર્વિષ્ઠ પાપિષ્ઠ મલિનગાત્ર અને કલેશિત નગ્ન મુનિએ આ અતિ ઉત્તમ સ્થાનને અપવિત્ર કર્યું તથા મહા અપશુકન કર્યું તે કારણે મહારાજ યશોમતિના મનોરંજક સ્થાનથી આ શ્રમણને અવશ્ય બહાર કાઢીશ. પરંતુ આ સમયે ઉદાસીન ભાવે રહેવું યોગ્ય છે. પછી થોડી રાહ જોયા પછી એવો અટપટો પ્રશ્ન કરીશ કે જેનો જવાબ જ ન બને. પછી હું તરત જ મૂર્ખ બનાવીને આ વસ્ત્રરહિતને કાઢી મૂકીશ.

આ પ્રકારે વિચાર કરી માયાવી કપટી યમરાજ તુલ્ય કોટવાલે મુનિરાજને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. મુનિરાજનું ધ્યાન પૂર્ણ થતાં જોકે મુનિરાજને ખબર પડી ગઈ હતી કે આ અભક્ત દુષ્ટચિત્ત છે, તેમ છતાં મુનિરાજે તેને જિનેન્દ્ર કથિત ધર્મની વૃદ્ધિ હો–એવા આશીર્વાદ આપ્યા.

તૃણ અને કંચન છે સમાન જેમને એવા મહાઋષીશ્વર નિંદકો પ્રતિ માત્સર્યભાવ નથી કરતાં અને પ્રશંસકોમાં હર્ષ નથી ધરાવતાં તે મહામુનિઓને શત્રુ–મિત્રમાં સમાન દૃષ્ટિ હોય છે.

કોટવાલ :—ઋષિવર! તમે જે ધર્મવૃદ્ધિરૂપ આશીર્વાદ આપ્યા તે શિરોધારણ કર્યા પરંતુ વીર યોદ્ધાઓના મતમાં તો ધનુષ જ ધર્મ છે તથા તેની પ્રત્યંચા તે ગુણ અને શત્રુના નાશ માટે જે બાણ છોડવામાં આવે છે તે જ મોક્ષ છે. તેના સિવાય ન કોઈ ધર્મ છે, ન કોઈ ગુણ કે ન કોઈ મોક્ષ છે. તેથી જ્યારે મોક્ષ જ નથી તો મોક્ષ સંબંધી સુખ કેવી રીતે કહેવાય? તે કારણે પંચેન્દ્રિયના વિષયમાં જે આનંદ છે તે જ સુખ છે અને તે સુખને જ હું સુખકર માનું છું.

મુનિરાજ! તમે આ વનમાં નિવાસ કરી શું કરો છો? આ દુર્બળ શરીર તેમાં પણ વસ્ત્ર નહીં, ઓઢવાનું નહીં, પગમાં પગરખા નહીં, માથા પર પાઘડી નહીં, તમારા તો આઠેય અંગ ક્ષીણ ખેદખિન્ન અને મળલિપ્ત પ્રક્ષાલ રહિત છે, આંખ કપાળમાં અંદર ઘુસી ગઈ છે. રાત–દિવસમાં એક નિમેષમાત્ર પણ ઊંઘ નથી લેતા. આ પ્રકારે આંખ બંધ કરી કોનું ધ્યાન કરો છો? આમાં તો અમારી જેવા મનુષ્યોને ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. આ કૃત્યમાં તમને શું લાભ થશે? એનાથી તો ઉત્તમ એ છે કે આ કોરા આડંબરને છોડી વિષય- ભોગોનું રુચિપૂર્વક સેવન કરો.

મુનિરાજ :—ભાઈ! જીવ અને કર્મ એ બંનેનો વિભાગ કરી પરમાત્મામાં લીન થઈને

અજર અમર અને શાશ્વત સ્થાન જે નિર્વાણ છે ત્યાં જવાની ઇચ્છાથી બેઠા છીએ અને તેનું જ ધ્યાન કરી બેઠા છીએ.

પ્રિયવર! તમે જે દુર્બળ મલિન અને વસ્ત્ર રહિત શરીરની નિંદા કરી તો આ સંસારચતુર્ગતિમાં ભ્રમણ કરતાં આ જીવ પુરુષ, સ્ત્રી, નપુંસક, સૌમ્ય, શાંત, ક્રૂર, યમદૂત તુલ્ય રાજા, પયાદા, સેવક, દીન, દરિદ્રી, રુપવાન, કુરુપ, ધનવાન્, ઉજ્જ્વલ ગાત્ર, નીચકુળ, ઉત્તમગોત્ર, બળહીન અને અતુલબળી પણ અનેકવાર થયો. આ ભ્રમણસ્વભાવી સંસારમાં એવી કઈ પર્યાય છે જેને આ જીવે ધારણ ન કરી હોય? આ સંસારની ગતિ અતિ વિષમ છે.

આ ચતુર્ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરતાં આ જીવ ભયાનક અરણ્યમાં માંસાહારી ક્રૂર પશુ થયો, તૃણભોજી તિર્યંચ થયો. ત્યારબાદ રત્નપ્રભા આદિ નરકોની ભૂમિમાં મહાઘાતને સહન કરવાવાળો નારકી થયો. ફરી જળચર, સ્થળચર અને નભચર તિર્યંચ થઈને પાપાચારી દેવ થયો. આ પ્રમાણે જન્મ–મરણરૂપ ભઁવરમાં પડ્યો. રત્નત્રય રહિત અનંત શરીર ધારણ કર્યા. આ પ્રકારે જીવતા–મરતા દુઃખોને સહન કરતાં અને પાપફળ ભોગવતા અનંતાનંત કાળ વ્યતીત થયો.

કોટરક્ષક! અનરક્ષક સંસારમાં જે જે ક્લેશ મેં સહન કર્યા છે તે હું જાણું છું. તે જ કારણે ઇન્દ્રિયજનિત સુખથી વિરક્ત થઈને ભિક્ષાભોજન કરું છું, નિર્જન વનમાં નિવાસ કરી મૌનપૂર્વક રહું છું, કદાચિત્ ધર્મનો ઉપદેશ પણ આપું છું, મોહથી પૃથક્ થતો નિદ્રા પણ નથી કરતો.

સામ્યજળથી ક્રોધાગ્નિને શાંત કરું છું, વિનયથી માનને ભગાવું છું, સરળ ભાવથી કપટને દૂર કરું છું, સંતોષથી લોભનો તિરસ્કાર કરું છું, હસતો નથી, લીલા વિલાસ નથી કરતો, ઉદ્વેગ નથી કરતો, તપાગ્નિથી મદનના વેગને ભસ્મ કરું છું, ભય રહિત હોવાથી શોક નથી કરતો, હિંસા આરંભના આડંબરથી અતિ દૂર રહેતો નિજ આત્માના ધ્યાનમાં મગ્ન રહું છું. હું સ્ત્રીના અવલોકનમાં આંધળો, ગીત સાંભળવામાં બહેરો, કુત્સિત તીર્થમાં ગમન કરવામાં લંગડો અને વિકથા કરવામાં મુંગો છું.

કોટરક્ષક! જીવના આધારભૂત જે શરીર છે તે જોકે અચેતન છે તથાપિ બળદ દ્વારા ચલાવતા ગાડાની માફક, ચેતન દ્વારા ચલાવાતું શરીર ચેતન જેવું જ દેખાય છે. જેમ બળદ વિના ગાડું નથી ચાલતું તેમ પુદ્ગલ પરમાણુઓનો પિંડ જે શરીર છે તે ચેતન જીવ વિના નથી ચાલી શકતું તોપણ જીવ પૃથક્ છે અને શરીર પૃથક્ છે.

આવો વિચાર કરી હું દિગંબર થયો. તેથી અન્ય કોઈની અભિલાષા નથી કરતો પરંતુ કેવળ મોક્ષની ઇચ્છા કરતો ધ્યાનારૂઢ બેસું છું. હું અરણ્યવાસ કરતો આર્ત–રૌદ્ર કુત્સિત ધ્યાનથી વિરક્ત થઈને ધર્મધ્યાન અને શુક્લધ્યાનના યોગથી આત્માનું અવલોકન કરું છું.

જોકે હું શરીરની સ્થિરતા માટે આહાર ગ્રહણ કરું છું પરંતુ તેમાં ગૃદ્ધતા નથી રાખતો તથા ઇન્દ્રિયોના બળનું દમન કરતો પાપાસ્રવોનું વિસર્જન કરું છું. આ દશામાં જે આનંદ છે તે ત્રણ લોકમાં ક્યાંય નથી.

કોટવાલ :—મુનિરાજ! તમે કહ્યું તે સત્ય છે પરંતુ દેહ અને આત્માને ભિન્ન કહો છો તે યોગ્ય નથી કારણ કે જેમ ગાયના શીંગડામાંથી દૂધ ન આવે અને છત્ર વિના છાયા હોય નહીં તે જ પ્રકારે શરીર વિના મોક્ષ હોય નહીં. તમે જે આત્માને તપાગ્નિથી સંતપ્ત કરો છો તે કેવળ ક્લેશ ભોગવો છો. માટે જેમ હું કહું તેમ કરો તો અવશ્ય સુખ પ્રાપ્ત થશે.

મુનિવર! જેમ ફુલથી સુગંધ ભિન્ન નથી તે પ્રકારે આત્મા પણ શરીરથી પૃથક્ નથી પરંતુ જેમ ફુલના નાશ થવાથી ગંધનો વિનાશ થઈ જાય છે તે પ્રકારે દેહના નષ્ટ થવામાં આત્માનો અભાવ થઈ જાય છે. માટે દેહને કષ્ટ આપવામાં આત્મા કષ્ટયુક્ત થઈ જાય છે.

મુનિરાજ :—કોટવાલ! આત્મા અને શરીરની ભિન્નતા પ્રત્યક્ષ છે. જેમ ચંપાનું ફુલ તેલમાં નાખવાથી તેની સુગંધ પૃથક્ થઈ જાય છે પરંતુ ફુલ બની રહે છે તેમ દેહથી આત્મા ભિન્ન થઈ જાય છે.

કોટવાલ :—જ્યારે તમે દેહને આત્માથી ભિન્ન માનો છો તો દેહમાં આવતા જતા આત્માને કોઈએ જોયો છે? અગર તમે જોયો છે તો તમે જ કહો કે અમે આત્મા જોયો છે.

આ શરીર શોણિત અને શુક્રના ઘરરૂપ ગર્ભાંતરમાં વૃદ્ધિને પ્રાપ્ત થતા જોઈએ છીએ, ત્યાં અન્ય જીવ ક્યાંથી આવી જાય!

મુનિરાજ :—હે કોટવાલ! તે કહ્યું કે જીવ આવતો જતો દેખાતો નથી તો એ વાત સાચી છે કે પોતાના અમૂર્તત્વ ગુણના સંબંધથી યથાર્થમાં જીવ દેખાતો નથી. પરંતુ દૃષ્ટિગત ન હોવાથી શું વસ્તુનો અભાવ થઈ જાય છે? ક્યારેય નહીં.

મિત્રવર! જે શબ્દ દૂરથી આવે છે તે શું આંખ દ્વારા જોઈ શકાય છે? પરંતુ કાન દ્વારા જણાય જાય છે તેવી જ રીતે સંસારમાં અનેક યોનિમાંથી આવેલો જીવ પોતાના સૂક્ષ્મત્વ ગુણને કારણે દેખાતો નથી પરંતુ અભાવ નથી થતો; અનુમાનજ્ઞાનથી જાણી અવશ્ય શકાય છે.

તેનું મુખ્ય કારણ એ જ છે કે જે ઇન્દ્રિયનો જે વિષય છે તે તે જ ઇન્દ્રિય દ્વારા જણાય છે. એક ઇન્દ્રિયના વિષયને બીજી કોઈ ઇન્દ્રિય દ્વારા જાણી શકાતું નથી. જેમ નાકનો વિષય ગંધ છે તે કાન, આંખ, જીભ કે સ્પર્શ દ્વારા નથી જણાતો. જે સ્પર્શ ઇન્દ્રિયનો વિષય સ્પર્શ છે તે જીભ, નાક, આંખ અને કાન દ્વારા નથી જણાતો.

પ્રિયવર! આ તો મૂર્તિમાન પદાર્થનું વિધાન કર્યું અર્થાત્ મૂર્તિક ઇન્દ્રિયોનો વિષય પણ મૂર્તિક જ હોય છે અને મૂર્તિવન્ત વિષયને મૂર્તિક ઇન્દ્રિય જ ગ્રહણ કરી શકે છે પરંતુ અમૂર્તિક વસ્તુને નથી જાણી શકતી.

કોટરક્ષક! આ જીવ નામનો પદાર્થ અમૂર્તિક છે. તે અમૂર્તિક કેવળજ્ઞાનનો જ વિષય છે અર્થાત્ જીવદ્રવ્યનો અમૂર્તિક કેવળજ્ઞાન દ્વારા બોધ થાય છે. તેથી કેવળી ભગવાન તે અમૂર્તિવન્ત જીવદ્રવ્યને પ્રત્યક્ષ જાણે દેખે છે. આ પ્રકારે શરીરસ્થ હોવા છતાં પણ દેહથી પૃથક્ જીવ નામના પદાર્થની સિદ્ધિ છે.

કોટરક્ષક :—મુનિશ્રેષ્ઠ! આપની આ વાત તો મેં માની પણ એ તો કહો કે આ જીવને અનેક યોનિઓમાં કોણ લઈ જાય છે?

મુનિરાજ :—આ ચૈતન્ય આત્માને અનેક યોનિઓમાં લઈ જવાવાળું અચેતન કર્મ છે. તે જ જીવને ચાર ગતિ અને ચોર્યાસી લાખ યોનિઓમાં નાચ નચાવે છે.

કોટવાલક! આ લોકમાં કર્મોદય જ બળવાન છે. જેવી રીતે લોહચુંબક દ્વારા આકર્ષિત થયેલું લોખંડ નાચવા લાગે છે તેવી જ રીતે જીવના રાગ–દ્વેષ આદિ ભાવોનું નિમિત્ત પામીને પુદ્‌ગલ પરમાણુ કર્મસ્વરૂપ પરિણમિને ચાર ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરાવે છે.

પ્રિયવર! જો શરીરને જ આત્મા માનશો તો શરીર જડ હોવાથી આત્મા પણ અચેતન માનવો પડશે અને જ્યારે આત્મા અચેતન થયો તો શય્યાસનનું સ્પર્શન, અનેક રસોનો સ્વાદ, અનેક ગંધનું સુંઘવું, અનેક શબ્દોનું સાંભળવું અને અનેક વર્ણોનું દેખવું કોને થશે? આથી દેહને આત્મા માનવો સર્વથા વિરુદ્ધ છે પરંતુ દેહસ્થિત હોવા છતાં પણ આત્મા દેહથી ભિન્ન અને જ્ઞાની છે.

આ પ્રકારે મુનિરાજના વચનો સાંભળી કોટવાલે પોતાના માથે હાથ મૂકી મુનિરાજની સ્તુતિ કરતો મુનિરાજ કથિત વાક્યોને પ્રમાણભૂત જાણી તેનો સ્વીકાર કર્યો.

કોટવાલ :—હે મદનભંજક! હે ભટ્ટારક! હે જગતતારક! તમે મુનિમાર્ગનું પ્રતિપાદન કરો. હું યથાશક્તિ તેનું પ્રતિપાલન કરીશ.

મુનિરાજ :—કોટરક્ષક! તું સર્વજ્ઞ વીતરાગી અને હિતોપદેશક એવા જિનરાજ કથિત ધર્મનું સેવન કર કારણ કે આ જ ધર્મથી સ્વર્ગ–મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને જો મનુષ્ય થાય તો નારાયણ, બલભદ્ર, વિદ્યાધરેશ, ચક્રવર્તિ આદિ પદવી ધારક થાય છે. આ ધર્મથી ધરણેન્દ્ર, ઇન્દ્ર અને અહમિન્દ્ર પદ પ્રાપ્ત થાય છે.

પ્રિયવર! આ ધર્મના ધારણ કરવાથી જ, જેમના ચરણ–કમલોના દાસ ઇન્દ્રાદિક દેવ જેમનો જન્માભિષેક ક્ષીરસાગરના જળથી કરે છે એવું જિનેન્દ્ર પદ પ્રાપ્ત થાય છે.

આ ધર્મના જ ફળથી મનુષ્યપર્યાય ધારણ કરી ઉત્તમ ધનવાન્ ગૃહસ્થ થાય છે. ત્યાં ચન્દ્રવદની, કર કમલી, હંસ ગામીની, કમલદલ નેત્રા, સુગંધમય સ્વાસોચ્છ્‌વાસ સહિત મનોહર, અનેક કૌતુક ઉત્પાદિકા અને ઉત્તમ વસ્ત્રાભૂષણોથી વિભૂષિત ઇત્યાદિ પ્રકારે દેવાંગના તુલ્ય સ્ત્રીરત્નની પ્રાપ્તિ કરીને સાંસારિક સુખોનો અનુભવ પ્રાપ્ત કરે છે.

પ્રિયવર! આ સંસારમાં ધર્મ સમાન અન્ય કોઈ મિત્ર નથી તથા તેનાથી વિપરીત પાપ સમાન દુઃખદાયક બીજો કોઈ શત્રુ નથી.

જે પરજીવની હિંસા કરે છે અર્થાત્ અન્ય જીવનાં પ્રાણને દુઃખ આપે છે તે પાપી ગણવામાં આવે છે અને તે જ પાપના ફળમાં આ જીવ ચતુર્ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરતો અનેક કુયોનિઓમાં અસંખ્ય દુઃખોનો પાત્ર બને છે.

કોટરક્ષક! જે હિંસક છે તે સંસારવનમાં ભટકતો કોઈ પુણ્યયોગથી મનુષ્યપર્યાય ધારણ કરે તો દુઃખી, દરિદ્રી, દીન, મલિનગાત્ર, દુર્બળ, રુક્ષ હસ્તપાદ આદિ દુર્ગંધયુક્ત વક્ર શરીર, મહા ઘૃણિત, લોકોની એઠથી જીવન વ્યતીત કરનાર અને મેલા તથા ફાટેલા કપડાથી આયુ પર્યંત દુઃખ ભોગવતો કાળ વ્યતીત કરે છે.

જે મહા હિંસાદિ પાપકર્મથી જો મનુષ્યપર્યાયમાં સ્ત્રી થાય તો મલિનગાત્રા, જાર પુરુષોથી રમણ કરવાવાળી પરપુરુષાસક્તા, વ્યભિચારિણી, પરધન હરણ કરવામાં પ્રવીણ, પીત નેત્રા, રુક્ષ કેશવાળી, શુષ્ક કપોલતા, ભગ્નસ્તની, દુર્ભાગીણી, દુષ્ટિણી, કુળમાર્ગથી ભ્રષ્ટ, કઠોર, ધીઠ, નિર્લજ્જ, પાપકર્મમાં લીન, સ્નેહ રહિત, દુર્ગંધ શરીર, પ્રલયકાળ સમાન કજીયાળી, શોભા રહિત, દારિદ્રય પીડિત, કઠોર અને કર્કશ બોલનારી થાય છે.

પાપકર્મથી કદાચ ગૃહસ્થ પણ થાય તો ઉપરોક્ત ગુણ–વિશિષ્ટા સ્ત્રી, મહામૂર્ખ અનેક પુત્ર સહિત પોતે ગરીબ થાય અને કદાચિત્ કોઈની પાસેથી કાંઈક મળે તો તેમાં પણ ખોળ અને ફોતરાથી આખા ઘરને પેટ ભરવું પડે.

જ્યાં ત્યાં બાળક રોતા ફરે છે, તેનું નાક વહેતું હોય છે, ઘરમાં ક્યાંક ફૂટેલા વાસણો પડ્યા છે, ક્યાંય કોઈથી માંગીને લાવેલા જુના ફાટેલા કપડા પડ્યા હોય છે, જેને કોઈ પરિવાર સહાયક ન હોય, ઘર પણ એવું હોય કે તૃણથી આચ્છાદિત અને હજારો છેદવાળું હોય છે.

**વધારે ક્યાં સુધી કહેવું! આ સંસારમાં જે માત્ર દુઃખ છે તે બધું પાપરૂપ વૃક્ષનું ફળ છે અને તે પાપ પણ પર પીડાથી જ છે.**

કોટવાલ! આ પ્રકારે જાણીને જેમ બને તેમ જેમાં જીવનો વધ ન થાય એવો ધર્મ કરો.

કોટવાલ :—હે મુનિરાજ! અમારા ગુરુ આ પ્રકારે કથન કરે છે કે જે પુરુષ પશુઓનો ઘાત કરી માંસ ખાય છે તે નિશ્ચયથી સ્વર્ગમાં અસંખ્ય કાળ સુધી સુખ ભોગ કરે છે.

મુનિરાજ :—મહાશયવર! જે નિશ્ચિત શુદ્ધ જ્ઞાન છે તે ઇન્દ્રિય રહિત અતીન્દ્રિય છે તથા તે જ જ્ઞાન જીવનો નિજ સ્વભાવ છે, તે પરાધીન નથી. અતીન્દ્રિય જ્ઞાનના ધારક શ્રી કેવળી ભગવાને જે પ્રતિપાદન કર્યું છે તે સર્વથા સત્ય છે, તેમાં લેશમાત્ર પણ અન્યથા નથી.

કારણ કે વસ્તુસ્વભાવના યથાર્થ કથનમાં પ્રથમ તો સર્વજ્ઞ હોવા જોઈએ અને કદાચ સર્વજ્ઞ હોય અને રાગદ્વેષથી મલિન હોય તોપણ તે યથાર્થ નથી કહી શકતો. તેથી જે વીતરાગ અને સર્વજ્ઞ છે તે જ હિતોપદેશી છે, તે જ આપ્ત છે, તેનું કહેલું વચન પ્રમાણ છે.

મિત્રવર! આપ્ત ભગવાને ચૈતન્યગુણ વિશિષ્ટ અમૂર્તિક જીવનું જેવું સ્વરૂપ પ્રતિપાદિત કર્યું છે તેને ઇન્દ્રિયજનિત જ્ઞાનનો ધારક સ્વપ્નમાં પણ નથી જાણી શકતો. કારણ કે જે ઇન્દ્રિયજનિત જ્ઞાન છે તે મૂર્તિક છે. તે મૂર્તિકજ્ઞાન અમૂર્તિક આત્માને જાણનાર કેવી રીતે હોય શકે?

કોટરક્ષક! તારો જે દેવ છે તે ઇન્દ્રિયજનિત જ્ઞાનનો ધારક છે તેથી તે ઇન્દ્રિયજનિત જ્ઞાનથી વસ્તુસ્વભાવને જન્માંતરમાં પણ જાણી–દેખી નથી શકતો. જેવી રીતે મદોન્મત, મૂર્છાવાન અને શયનસ્થ પુરુષના મોઢામાં કૂતરો પેશાબ કરી જાય અને તેને ખબર નથી પડતી તેવી જ રીતે અતીન્દ્રિય જ્ઞાનથી રહિત છદ્મસ્થ જ્ઞાતા ત્રૈકાલિક વસ્તુને ક્યારેય પણ નથી જાણી શકતો.

જો મીનભક્ષી બગલા જ પૂજ્યપદને પ્રાપ્ત થઈ જશે તો છ કાયના જીવોના રક્ષક, સંયમના પ્રતિપાલક અને સમભાવથી યુક્ત મુનિઓની શું દશા થશે? અર્થાત્ તેમની વંદના પૂજા કોણ કરશે?

કોટરક્ષક! તમે જ મનમાં વિચાર કરી જુઓ કે નદી કિનારે વસવાટ કરી માછલીઓનો ખાનાર બગલો કેવી રીતે પવિત્ર હોઈ શકે? તે પ્રમાણે જે જિહ્વાલંપટ માંસભક્ષી છે તે પૂજ્ય કેવી રીતે થઈ શકે?

પાપકર્મના ઉદયથી બકરી, હરણી અને ગાય આદિ પશુ જાતિ સમસ્ત તૃણભોજી છે તથા તે કોઈ જીવના ઘાતમાં પ્રવૃત્તિમાન નથી થતા. એ દીન પશુઓનો ઘાત કરી પોતાને ઉચ્ચકુળી અને પવિત્ર માનીને ભોળા જીવોથી પોતાની પૂજા કરાવે અને કહે કે અમને પરમેશ્વરે આ માટે ઉત્પન્ન કર્યા છે કે અમે ગમે તેવું નીચકર્મ કરીએ તોપણ પૂજ્ય છીએ અને જે અમારી નિંદા કરે છે તે જ્યાં સુધી સૂર્ય–ચંદ્ર છે ત્યાં સુધી નરકવાસ કરે છે તથા જે અમારા વચનોમાં દૂષણ લગાવે છે તે વૈતરણીના પાણી પીવે છે, આથી, અમારું કહેલું જે વાક્ય છે તે જનાર્દન ભગવાન તુલ્ય છે.

ભવ્યવર! હવે તું વેદમાર્ગને ત્યાગીને શ્રી ઋષભદેવ આદિ તીર્થનાથ દ્વારા પ્રકાશિત ધર્મને અંગીકાર કર. શ્રી ઋષભદેવસ્વામીએ દયામય ધર્મનું પ્રરુપણ કરી ફરી તે દયામય ધર્મ મુનિ અને ગૃહસ્થના ભેદથી બે પ્રકારે પ્રતિપાદિત કર્યું છે.

તેમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ તેર પ્રકારના ચારિત્રથી યુક્ત મુનિ ધર્મ મહા દુર્ધર છે તથા પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવૃત્ત—એ પ્રમાણે બાર વ્રતરૂપ શ્રાવક ધર્મ છે તેનું તમે પાલન કરો. કારણ કે આ શ્રાવક ધર્મમાં એકદેશ હિંસાનો ત્યાગ છે તેથી તું હિંસા, જૂઠ, ચોરી, કુશીલ સેવન અને પરિગ્રહની તૃષ્ણા—એ પાંચ પાપોનો એકદેશ ત્યાગ કરીને અહિંસા, સત્ય, અચૌર્ય, સ્વદારાસંતોષ અને પરિગ્રહપરિમાણ—એ પાંચ અણુવ્રતને ધારણ કર.

પુરુષોત્તમ! ઉપરોક્ત વ્રત સિવાય રાત્રિભોજન ત્યાગ, મધુ, માંસ, મદિરા એ ત્રણ મકાર તથા ઉમર, કઠૂમર, પીપળાનું ફળ અને વડનું ફળ અને પાકર–એ પાંચ ઉદંબર ફળોનો ત્યાગ કરવો. દશે દિશાઓમાં ગમનનું પ્રમાણ અને ભોગોપભોગની સંખ્યા નક્કી કરીને આઠ મદનો ત્યાગ કરવો જોઈએ.

એ સિવાય અન્ય કુશાસ્ત્રોનો ત્યાગ, વર્ષાકાળમાં ગમનનો નિષેધ, પ્રાણઘાતક આજીવિકાનો ત્યાગ કરીને પોતાના શસ્ત્ર કોઈને આપવા ન જોઈએ.

આઠમ અને ચૌદશનાં દિવસે સ્ત્રીનો સ્પર્શ ન કરવો તથા ઉપવાસ પૂર્વક એકાંત નિર્જન સ્થાનમાં વાસ કરવો અથવા એક વખત અને નીરસ આહાર કરવો જોઈએ.

હે કોટરક્ષક! પ્રત્યેક પર્વના દિવસે ઉપવાસ અથવા ધર્મધ્યાન પૂર્વક શ્રી જિનમંદિરમાં બેસીને પાપોનો ત્યાગ કરવો.

એ સિવાય પાત્રદાન કરવું અર્થાત્ સમ, દમ, વ્રત, નિયમ આદિનું પાલન કરવાવાળા ઉત્તમ મુનિ ઉત્તમ પાત્ર, સમ્યગ્દ્રષ્ટિ શ્રાવક મધ્યમ પાત્ર તથા અવૃત્તિ સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય પાત્ર—એ ત્રણ પ્રકારના પાત્રને માટે ઔષધ, શાસ્ત્ર, અભય અને આહાર—એ ચાર પ્રકારનું દાન સત્કારપૂર્વક દેવું જોઈએ.

આ પ્રકારે દાન કરવાથી પુણ્યની ઉત્તરોત્તર વૃદ્ધ થશે. પછી પંચકલ્યાણક-પ્રતિષ્ઠા આદિમાં દ્રવ્યનો વ્યય કરવો અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રયનું નિરંતર આરાધન કરવું તથા ત્રિકાળ સામાયિક કરવું.

મુનિરાજનાં વચન સાંભળીને કોટવાલ કહેવા લાગ્યો—હે મુનિશ્રેષ્ઠ! અમારા કુળમાં જીવોનો વધ પ્રથમ છે તેથી એ જીવઘાત સિવાય અન્ય જે ધર્મ સંબંધી ક્રમવર્ણન કર્યો તે મેં ગ્રહણ કર્યો.

હે મુનિપુંગવ! હું નગરનો શ્રેષ્ઠ કોટવાલ છું તેથી જીવોનો વધ કરવો અને કારાગૃહમાં બંધ કરવા એ મારું પ્રથમ કર્તવ્ય છે તેથી આ વ્રતને હું પાલન નથી કરી શકતો.

હે આચાર્યવર! મારા પિતામહ, પ્રપિતામહ અને પિતાના સમયથી જીવના વધનો ક્રમ ચાલુ છે તેથી ક્રમથી હું બંધાયેલો છું. તેથી આ વૃત્તને હું ગ્રહણ નથી કરી શકતો પરંતુ અન્ય બધા જ ધર્મો ગ્રહણ કરું છું.

શ્રીમુનિ :—હે કોટવાલ! વધારે કહેવાથી શું લાભ? આ જો! તારી બાજુમાં જે કુર્કુટ યુગલ બેઠા છે તેમણે જે પ્રકારે સંસાર ભ્રમણ કરી મહાન્ કષ્ટો સહન કર્યા છે તે પ્રકારે તું પણ કરીશ!

કોટવાલ :—હે દિગંબરેશ! આ કુર્કુટ યુગલના ભવભ્રમણની કહાનીનું આપ વર્ણન કરો કે જે સાંભળીને મને સંબોધન મળે.

શ્રીમુનિ :—મહારાજ યશોધર અને તેની માતા ચન્દ્રમતિએ અત્યંત કુસંગતિના યોગથી કર્કશભાવ ઉત્પન્ન કર્યા જેથી કૃત્રિમ કુર્કુટ મારીને કુળદેવીને બલિદાન કર્યું.

હે કોટવાલ! મિથ્યાત્વના યોગથી તે બંને નિજ ધન અને શરીરનો ત્યાગ કરીને મહાભયભીત થતા ક્ષુધાતુર મયૂર અને શ્વાન થયા. ફરી પાછા મરીને મત્સ અને શંશુમાર થયા. ત્યાંથી પ્રાણ ત્યાગીને બકરો–બકરી થયા. ત્યારબાદ બકરો અને મરિચ થયા. ત્યાં પ્રાણ ત્યાગ કરીને નવીન પુચ્છના સેહરા સહિત કુર્કુટ યુગલ થયા જે તારી બાજુમાં બેઠા છે.

આ પ્રકારે શ્રીમુનિ દ્વારા કુર્કુટ યુગલના ભવભ્રમણનું સંક્ષેપ કથન સાંભળીને કોટવાલે સમસ્ત કુળધર્મનો ત્યાગ કરી શ્રાવકના વ્રત ગ્રહણ કર્યા. ત્યારબાદ મન–વચન–કાયથી શ્રીમુનિને ભાવ સહિત નમસ્કાર કર્યા.

ક્ષુલ્લક મહારાજ :—રાજન્! જે સમયે શ્રીમુનિએ અમારા બંને કુર્કુટોના ભવભ્રમણનું વર્ણન કર્યું તે સાંભળી હર્ષપૂર્વક અમે બંને જીવદયાનું પ્રતિપાલન કરી અપૂર્વ લાભના યોગથી અત્યન્ત સંતોષ પામ્યા.

પશ્ચાત્ અમે ઉત્કંઠાપૂર્વક જ્યાં મધુર શબ્દનું ઉચ્ચારણ કર્યું ત્યાં તરત જ એ સાંભળીને મૈથુનકર્મમાં ઉપસ્થિત મારા પુત્ર યશોમતિએ ધનુષમાં બાણ લગાવીને પોતાની પત્ની કુસુમાવલીને કહ્યું—પ્રિયે! અત્યારે તને શબ્દભેદી ધનુર્વેદ દેખાડું. આ પ્રકારે કહી રાજાએ બાણ છોડી દીધું જેથી પિંજરામાં સ્થિત અમારા બંનેનું શરીર છિન્ન થવાથી અમે બંને મરી ગયા.

રાજન્! અમે બંને મુર્ગા તે તીક્ષ્ણ બાણ દ્વારા મરીને જન્માંતરના પુત્ર યશોમતિની કુસુમાવલીના ગર્ભાશયમાં ઉત્પન્ન થયા.

નૃપવર! પાપોની પરંપરાથી હું નિજ પુત્રનો પુત્ર અને મારી માતા ચંદ્રમતિ નિજ પૌત્રની

પુત્રી થઈ. મારો જીવ તો અભયરુચિ કુમાર નામક પુત્ર અને મારી માતાનો જીવ અભયમતિ નામની પુત્રી થઈ.

પૃથ્વીનાથ! અમે બંને ભાઈ–બહેન કામની શક્તિ સમાન રુપ લાવણ્ય યુક્ત ચંદ્રકલા સમાન વૃદ્ધિગત થવા લાગ્યા. અમે બંને કલા-ગુણથી પ્રવીણ નિજ સૌજન્યતા અને વિનયગુણથી સમસ્ત કુટુંબી-જનોનું મન હર્ષિત કરતા આનંદપૂર્વક કાળ વ્યતીત કરવા લાગ્યા.

કાળાંતરમાં અમારા પિતાએ યુવરાજપદનો પટ્ટ મારા મસ્તક પર આરોહણ કરી પોતે શિકાર કરવા પાંચસો કૂતરા અને અનેક શસ્ત્રધારી સુભટોને સાથે લઈને મહાવન તરફ ગમન કર્યું. ત્યાં માર્ગમાં રમણીક ઉપવનમાં એક વૃક્ષની તળેટીમાં પ્રાસુક શિલા પર ઉગ્ર તપના તપથી ક્ષીણ શરીર અને કામદેવના વિદારક સુદત્ત નામક ભટ્ટારક જોયા.

રાજા યશોમતિ ચિંતવન કરવા લાગ્યા કે સિદ્ધિનાં વિનાશક અપશુકન કરનારા સાધુ ક્યાંથી આવ્યા? બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણેથી બાહ્ય આ મારા દ્વારા મર્યા વગર ક્યાં જશે? એમ વિચારી એ જન્માંતરના પુત્ર અને વર્તમાનના પિતા યશોમતિએ મુનિને મારવા માટે વિજળીના વેગ સમાન અને પવનવેગ તુલ્ય તીક્ષ્ણ નખો યુક્ત પાંચસો કૂતરા છોડ્યા.

એ કૂતરા એવા જણાતા હતા કે માનો મૃગાદિ જીવોને મારવાનું શસ્ત્ર જ હોય. એ કૂતરાઓની વક્ર પુચ્છ પાપીઓના ચિત્ત સમાન, જીભ હિંસારુપ વૃક્ષના પલ્લવ તુલ્ય અને નખ હિંસારૂપ વૃક્ષના અંકુર સમાન દૃષ્ટિગત થતા હતા.

એ હરણોના વિદારક કૂતરા શ્રી મુનિરાજના તપના સામર્થ્યથી મુનિ પાસે જઈને તેમના ચરણોમાં નમસ્કાર કરી વિનયપૂર્વક ચરણસમીપ બેસી ગયા.

જ્યારે કૂતરાને છોડવા નિરર્થક થયા ત્યારે રાજા યશોમતિ સ્વયં ખડ્ગ લઈને શ્રીમુનિને મારવા ઉદ્યત થયા. એ સમયે કલ્યાણમિત્ર નામના રાજશ્રેષ્ઠી કે જે મુનિરાજની નજીક બેઠા હતા તે રાજા યશોમતિ અને મુનિરાજની વચ્ચે આવીને વિનયપૂર્વક કહેવા લાગ્યા—રાજા મનુષ્યોની પીડાને હરવાવાળા હોય છે તો જો રાજા જ વ્રતયુક્ત યતિવરને મારશે તો વિંધ્યાચલ પર્વતપર વાસ કરનારા ભીલોની શું દશા થશે? અર્થાત્ વિધ્યાંચલ પર્વત પર વાસ કરતાં ભીલ્લજન મુનિ હત્યામાં પ્રવર્તે છે પરંતુ રાજા તો મુનિરાજની રક્ષા કરે છે અને જો રાજા જ મુનિહત્યામાં પ્રવર્તશે તો ભીલ્લજન શું કરશે?

એ કારણે હે પ્રજાપાલક! મુનિરાજની હત્યાથી નિવૃત્ત થઈને પવન, વરુણ, વૈશ્રવણ દ્વારા સ્તુતિ કરવા યોગ્ય અને વિષયોથી વિરક્ત શ્રી મુનિપુંગવને નમસ્કાર કરવા જ યોગ્ય છે.

યશોમતિ :—કલ્યાણમિત્ર! જે નગ્ન છે, સ્નાન રહિત છે, તે અમંગળ અને કાર્યના વિનાશક છે તેને માર્યા વગર કેમ છોડું? મને યમરાજની આજ્ઞાનું પાલન કરવું પસંદ છે અને

તું કહે છે કે હું નમસ્કાર કરું તો હું પ્રણામ કેવી રીતે કરું? કારણ કે જે અયોગ્ય છે તેનો વિનય કરવો વેદમાર્ગી દ્વારા નીતિ વિરુદ્ધ છે તે કારણે આને અવશ્ય મારીશ.

કલ્યાણમિત્ર :—શ્રીમાન્! જો નગ્ન જ અમંગળ છે તો નગ્ન અને ધૂળથી ધૂસરીત શરીર મહાદેવ તથા કતરની હાથમાં લઈ નગ્ન મૂર્તિ ક્ષેત્રપાલ પણ છે.

એ સિવાય અરુણ ચરણોમાં ઘૂંઘરું બાંધીને લોખંડનો કડો હાથમાં લઈને અસ્થિના આભૂષણ પહેરેલી, મનુષ્યોના માંસને ખાનારી, હાથમાં કપાલ અને સ્મશાનમાં વાસ કરવાવાળી, નગ્નશરીરા યોગિની કઈ રીતે મંગળ હોઈ શકે? કેમ કે જે જીવદયાના ઘાતક અને હિંસાનું સ્થાન હોય તે મંગળ ન હોય.

નૃપવર! જે જીવદયાના પ્રતિપાલક સંયમના ધારક સાધુ ભટ્ટારક નગ્ન દિગંબર છે તે અમંગળ નહીં પરંતુ સાચા મંગળ તે જ છે. જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આભૂષણોના ધારક અને નગ્ન છે તેમને દૂષણ લગાવવાથી પાપાર્જન થાય છે.

પૃથ્વીપતિ! તમે સ્નાન રહિત મુનિને નિંદારૂપ વચન કહ્યા તો યજ્ઞકર્મમાં સ્નાન ક્યાં છે? જેવી રીતે ક્ષારદ્રવ્યથી વસ્ત્ર મળરહિત થઈ જાય છે તેવી રીતે મળથી ભરેલું ઘટ સમાન આ શરીર સ્નાન કરવાથી શુદ્ધ નથી થતું.

સ્નાન કરવાથી, સુગંધાદિ લેપ અને પુષ્પમાળા આદિ ધારણ થવાથી દેહ પવિત્ર અને નિર્મળ નથી થતું પરંતુ શરીરના સંયોગથી સુગંધાદિ વિલેપન અપવિત્ર થઈ જાય છે.

આ શરીર ક્રોધ, માન, માયા, લોભ અને મોહ આદિથી પૂર્ણ છે, તે સપ્તધાતુ–ઉપધાતુમય અપવિત્ર છે છતાં પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપથી પવિત્ર થઈ જાય છે.

હે રાજન્! દુર્દ્ધર તપના ધારક ઋષીઓનું સર્વાંગ પવિત્ર હોય છે કારણ કે તેમની લાળનો રસ અને શરીરનો મેલ પણ રોગીઓના રોગનો નાશ કરે છે.

નૃપવર! જે ઋષીશ્વરોના ચરણોની રજ જ પાપરુપ પંકનો નાશ કરે છે તે કારણે તે ઋષીશ્વરોને ઈર્ષારહિત પ્રણામ કરવા જ સર્વથા યોગ્ય છે. કારણ કે જે મુનીશ્વરોને આમર્ષૌષધિ, શ્રેષ્ઠ ખિલ્લૌષધિ, વિડૌષધિ, અક્ષીણમાનસઋદ્ધિ અને સર્વૌષધિના પ્રભાવથી સર્પ ડસતા નથી તથા સિંહ, શાર્દૂલ, ભિલ્લ, પુલિંદ આદિ દુષ્ટજીવ પણ વિનય સહિત પ્રણામ કરે છે.

એ મુનિપુંગવ અગર રોષ કરે તો ઈન્દ્રનું પણ સ્વર્ગમાંથી પતન કરે અને મેરુ સહિત ત્રણ લોકને પલટી નાખે! ત્રણ લોકમાં એવો કયો બળવાન તેજસ્વી પુરુષ છે જે ઋદ્ધિયુક્ત શ્રીમુનિની સન્મુખ રહી શકે?

પ્રજારક્ષક! તે મહાશક્તિના ધારક શ્રીમુનિ પ્રણામ કરવાવાળા સજ્જનથી પ્રસન્ન નથી થતા

અને જે નિંદા કરે છે તેના પ્રતિ રોષ નથી કરતાં પરંતુ શત્રુ–મિત્ર બંનેથી સમભાવ રાખે છે. તે મહામુનિને શત્રુ, મિત્ર, તૃણ, કંચન, ગૃહ, સ્મશાન અને ધૂળ તથા રત્નમાં સમભાવ છે. આવા શાંતચિત્ત તપોનિધિ મહામુનિની ઉપર ખડગ્ ઉઠાવવું ક્યાં સુધી યોગ્ય છે?

તે મહામુનિવર સમસ્ત પરિગ્રહરહિત સમસ્ત જીવોના ઉપકારી છે, જેનો પ્રભાવ શ્રાવકો સિવાય દેવેન્દ્રો ઉપર પણ પડે છે. નૃપેશ! તમે પણ પ્રત્યક્ષ જોઈ રહ્યા છો કે મહાક્રૂર સ્વભાવી, હિસંક પાંચસો શ્વાન તમે મહામુનિને મારવા માટે છોડ્યા પરંતુ શ્રી મુનિરાજના પ્રભાવથી તે શાંતચિત્ત થઈને વિનયવાન શિષ્યની જેમ મુનિરાજના પાદમૂળમાં પૂંછ હલાવતા બેઠા છે.

રાજન્! અજ્ઞાન અવસ્થા અને ક્રોધથી વિમુક્ત થઈને શ્રી સાધુના ચરણોની વંદના કરો. ઈત્યાદિ કહીને કલ્યાણમિત્ર શેઠે શ્રી મુનિનો વધારે પરિચય આપતા કહ્યું કે :

ગુણોના સમૂહની નિધિ કલિંગ દેશના સુદત્ત રાજા કુસુમાલ ચોરના બંધન અને વધથી ઉદાસ થઈને પરમ યતિ થયા છે.

જે સમયે કુસુમાલ ચોરને બંધનમાં નાખીને કોટવાલે રાજા સુદત્તની સન્મુખ ઉપસ્થિત કર્યો તે સમયે રાજકર્મચારીગણ શ્રેષ્ઠ બ્રાહ્મણોએ નૃપતિને વિજ્ઞપ્તિ કરી કે સ્વામિન્! આ અપરાધી ચોરને હાથ, પગ અને મસ્તક છેદનો દંડ દેવો જોઈએ–એવું સાંભળી રાજાને સંસાર, દેહ, ભોગથી વૈરાગ્ય ઉત્પન થઈ ગયો.

આ સુદત્તાચાર્ય મહારાજ! તૃણવત્ રાજ્યને છોડીને પરમ દિગંબર થઈને ગિરિ અને વનના વાસી થયા છે. આમ કહીને કલ્યાણમિત્ર શેઠે કહ્યું કે—હે રાજન્! યશોમતે! હવે રોષમુક્ત થઈને હાથ જોડી શ્રીમુનિ મહારાજના ચરણોમાં પ્રણામ કરો.

આ રીતે કલ્યાણમિત્રના કલ્યાણરૂપ વચનો સાંભળીને સમસ્ત જીવોમાં મૈત્રીભાવ ધારણ કરી શ્રીમુનિરાજની મહાભક્તિપૂર્વક મહારાજ યશોમતિએ ચરણમાં નમસ્કાર કર્યા.

ત્યારે શ્રી આચાર્યવરે 'ધર્મવૃદ્ધિ હો!'—એવા વાત્સલ્યપૂર્વક અમૃતતુલ્ય વચન કહ્યા.

એ સાંભળી યશોમતિ નૃપ હૃદયમાં ચિંતવન કરવા લાગ્યા કે આ મુનિ મહારાજ સુમેરુ સમાન અચળ, પૃથ્વી સમાન ક્ષમાવાન, સમુદ્ર સમાન ગંભીર, દિનકર સમાન પ્રતાપી અને ચન્દ્રમા સમાન સૌમ્ય છે.

આ શ્રી મુનિપુંગવ સંયમના પુંજ, તપની શક્તિ, મહાત્મ્યના સાર, જિનવરની ભક્તિના નિવાસ, દયાદેવીની ક્રિયાના પર્વત, ક્ષમારૂપ કમલિનીના સરોવર અને સાધુવૃત્તિના ભંડાર, જીવોના પ્રતિપાલના કરતાં બેઠા છે. મેં પાપી કૃતઘ્ની દુષ્ટાત્માએ આવા મહાત્માને મારવાનો સંકલ્પ કર્યો તે અત્યંત અયોગ્ય કાર્ય કર્યું.

રાજા યશોમતિ વિચારવા લાગ્યા કે આ દુષ્ટ ચેષ્ટાનું પ્રાયશ્ચિત મારું મસ્તક છેદીને કરીશ. આ પ્રકારે નૃપતિના હૃદયસ્થ આશયને જાણીને શ્રીમુનિ મહારાજે શ્રવણોને સુખદાયક વચન કહ્યા :

નરનાથ! આ શું અશુભ ચિંતવન કરે છે? શું ભ્રમરના કુળ સદૃશ કેશ સહિત મસ્તકના છેદવાથી જ પ્રાયશ્ચિત્ત થાય છે?—નહીં નહીં. પરંતુ પોતાની નિંદા અને ગર્હાથી પણ પ્રાયશ્ચિત્ત થાય છે.

યશોમતિ :—શ્રીમુનિ! મારા મનની ગુપ્ત વાત તમે કેવી રીતે જાણી?

કલ્યાણમિત્ર :—રાજન્! તમારા મનની વાત શ્રીમુનિએ જાણી એમાં શું આશ્ચર્ય છે? શ્રી કેવળી ભગવાન તો લોકાલોક સંબંધી ત્રિકાળવર્તી સમસ્ત ચરાચર વસ્તુઓને એક જ સમયમાં જાણી લે છે.

નૃપતિ :—(હાથ જોડીને) શ્રી ઋષિવર્ય! હું એક વાર્તા પૂછું છું, તે આપ કૃપા કરી વર્ણન કરો.

શ્રીમુનિ :—નૃપવર! તારી જે ઇચ્છા હોય તે પૂછ. હું જે કાંઈ જાણું છું તે કહીશ.

યશોમતિ :—(મસ્તક નમાવીને) શ્રીમુનિ! એ બતાવો કે પિતા યશોધર મહારાજ નિજ માતા સહિત મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયા છે?

શ્રીમુનિ :—નરનાથ! તમારા પિતામહ મહારાજ યશોર્ધ જ્યારે સફેદ વાળ જોઈને જે સમયે વૈરાગ્યભૂષિત થઈને તારા પિતા યશોધરને રાજ્યલક્ષ્મી સમર્પણ કરી પોતે મદનનું મદ ભંજન કરતાં તપશ્ચરણના યોગથી સ્વર્ગમાં ગયા તે સમય બાદ યશોધર મહારાજ રાજ્યાસન પર બેઠા ન્યાયપૂર્વક પ્રજાપાલન કરવા લાગ્યા.

રાજન્! એક દિવસ તમારી કુળદેવીને માટે યશોધર અને ચંદ્રમતિએ ચૂર્ણ વિનિર્મિત કુક્કટનું બલિદાન કર્યું. તત્પશ્ચાત્ વિષમિશ્રિત ભોજન કરી મરણ પ્રાપ્ત કરીને માતા–પુત્ર બંને શ્વાન અને મયૂર થયા. તે બંને તારા જ ઘરમાં વૃદ્ધિને પ્રાપ્ત થઈને શ્વાન દ્વારા મયૂરનું મરણ થયું જોઈ તેં કૂતરાને માર્યો.

ત્યારબાદ તારા પિતા યશોધરનો જીવ મયૂરની પર્યાય છોડી નોળીયો અને તારી દાદીનો જીવ કૂતરાની પર્યાયથી ભયાનક સર્પ થયો. ત્યારબાદ બંને પરસ્પર યુદ્ધ કરી પહેલાં નોળીયાએ સર્પને માર્યો પશ્ચાત્ નોળીયો પણ મૃત્યુ પામ્યો.

નૃપવર! ત્યારબાદ તારી દાદીનો જીવ સર્પના શરીરનો ત્યાગ કરી સિપ્રા નદીમાં શંશુમાર થયો જે તારી કુબ્જિકા દાસીને મારવાના અપરાધમાં તેં મરાવ્યો અને તારા પિતાનો જીવ નોળીયાની પર્યાયથી તે જ સિપ્રામાં મત્સ થયો. શંશુમારની ખોજ કરતાં સમયે ધીવરોએ મત્સયને પકડ્યો. પછી વેદાભ્યાસી ભટ્ટ બ્રાહ્મણોને માટે પકાવીને આપવામાં આવ્યો.

નૃપશ્રેષ્ઠ! આ પ્રકારે શંશુમાર અને મત્સ બંને મૃત્યુ પામ્યા. તેમાં તારી દાદીનો જીવ શંશુમારની પર્યાયથી વનમાં બકરી થઈ અને તારા પિતાનો જીવ મત્સ્યની પર્યાયથી તે જ બકરીના ઉદરથી બકરો થયો.

રાજન્! સંસારની વિચિત્રતા તો જુઓ! કે તે બકરો પોતાની માતા બકરીની સાથે સંભોગ કરી યૂથના સ્વામી બકરા વડે મૃત્યુ પામીને પોતાના જ વીર્યથી પોતાની માતાના ઉદરમાં ફરી બકરો થયો.

રાજેશ્વર! એક દિવસ તું શિકાર માટે વનમાં ગયો હતો ત્યાં કોઈ હરણ ન મળ્યું તે કારણે ત્યાંથી પાછો આવી રહ્યો હતો ત્યારે માર્ગમાં બકરી અને યૂથપતિ બકરાનું મૈથુન જોઈ ક્રોધિત થઈ તેં ભાલાથી તેમને માર્યા તેથી બકરીના ઉદરથી જે બકરો નીકળ્યો તે અજપાલકોને સોંપ્યો. તેમણે તે બકરાનું પાલન–પોષણ કર્યું.

તે બકરી મરીને મહા ભયાનક મહિષ થયો તેણે તારી (યશોમતિનાં) સવારીનો ઘોડો માર્યો તેથી તેં, તે મહિષને જીવતો બાળ્યો પછી પક્વ થઈ ગયા બાદ તેનું માંસ સમસ્ત બ્રાહ્મણોને ખાવા માટે દીધું.

તે સમયે તારી માતા અમૃતમતિ કે જે કુષ્ટરોગથી વ્યાકુળ હતી તેને મહિષનું માંસ ન ભાવ્યું તેથી રસોઈદારોએ તે જ બકરાનો પગ કાપી તારી માતાને તૃપ્ત કરી, ત્યારબાદ બકરાને મારી પિતૃજનોના શ્રાદ્ધ માટે બ્રાહ્મણોને આપ્યો.

નૃપ! તું યાદ કર કે તેં, તે બકરો અને મહિષનાં ખંડ ખંડ કરીને શ્રાદ્ધ પક્ષમાં બ્રાહ્મણોને ખાવા માટે દીધા હતા કે નહીં?

તે બંને—બકરો અને મહિષ મૃત્યુ પામીને કુર્કુટ યુગલ થયા. નંદનવનમાં તેમનો અવાજ સાંભળીને તેં બાણથી તેને માર્યા જે મરીને તારી કુસુમાવલી રાણીના ગર્ભથી ઉત્પન્ન થઈ અભયમતિ નામની કન્યા અને અભયરુચિકુમાર નામનો પુત્ર થયો.

રાજન્! આ પ્રકારે તારા પિતા યશોધર અને તારી દાદી ચંદ્રમતિ એ બંને મિથ્યાત્વના યોગથી સંસારભ્રમણ કરી પુણ્યના યોગથી તારા પુત્ર–પુત્રી થઈ તારા ઘરમાં બેઠા છે.

તારી માતા અમૃતાદેવી નિશાચારી સમાન માંસનું ભક્ષણ કરવાવાળી, ગુણ સમૂહરૂપી મહાઋષીશ્વરોની નિંદા કરવાવાળી, કુગુરુ-કુધર્મ-કુદેવની વંદના કરવાવાળી, જીવતા મત્સ્યને તપ્ત ઘૃતમાં પકાવીને બ્રાહ્મણોને ભોજન કરાવી પશ્ચાત્ પોતે ખાઈને મદિરા પાન કરી જારની સાથે રમણ કરી નિજ પતિ અને સાસુને વિષ આપી મારનારી, જેથી મહા કષ્ટથી પીડિત થઈને આર્ત–રૌદ્ર ધ્યાનના યોગથી મરણને પ્રાપ્ત થઈ છટ્ઠી નરકમાં મહા દુઃખોને સહન કરવાવાળો નારકી થયો.

ક્ષુલ્લક મહારાજ :—રાજન્ મારિદત્ત! શ્રી સુદત્તાચાર્યના મુખથી મારા ભવ સંબંધી ચરિત્રને સાંભળીને યશોમતિ મહારાજનું શોકપૂર્ણ હૃદય કંપાયમાન થઈ ગયું તથા હૃદયસ્થ શોક આખા શરીરમાં વ્યાપ્ત થઈને પછી નયન માર્ગથી અશ્રુધારારૂપે બહાર નીકળવા લાગ્યો.

યશોમતિ :—(શ્રીમુનિના ચરણોમાં પડીને) સ્વામિન્! જેણે મારા પિતાનો ઘાત કર્યો તે અવશ્ય નિર્દયી અને પાપી છે.

હે દયાનિધે! હે કરુણાસાગર! હું શીઘ્ર પાપશત્રુનો નાશ કરી ફરી કોઈ પણ જીવમાત્રથી વેર નહીં કરું કેમ કે મારા પિતા યશોધર મહારાજ અને દાદી ચંદ્રમતિ એ એકવાર જ પિષ્ટનિર્મિત કૂકડાને કુળદેવી સન્મુખ બલિદાન કર્યું જેથી સંસારભ્રમણ કરી અસંખ્ય કષ્ટના ભાજન બન્યા અને દુષ્ટ–પાપી મારા દ્વારા અનેક વાર મરાયા.

શ્રીમુને! હું એવો મૂર્ખ થઈ ગયો કે મને એ વાતનું કિંચિત્ પણ જ્ઞાન નહીં રહ્યું કે મારા પૂજ્ય પિતા અને પિતામહીનું વધ કઈ રીતે કરું છું?

સાચું જ છે કે જિહ્વાલંપટી માંસભક્ષી બ્રાહ્મણોના મિથ્યા ઉપદેશથી અસંખ્ય જનસમૂહ નરક નિગોદના પાત્ર બની ગયા.

સ્વામિન્! જે ધર્મ રહિત તથા અધર્મ યુક્ત શ્રાદ્ધ લક્ષણ અને યજ્ઞધર્મ પ્રરુપક શાસનમાં સર્વજ્ઞ નથી તે સંપ્રદાયમાં જીવદયારૂપ વિવેક કેવી રીતે હોય? જે ધર્મમાં વનચર, નભચર અને જળચર જીવોનો વધ કરી તેને ધર્મ બતાવ્યો તે ધર્મમાં દયાનું નામ પણ નથી પરંતુ અજ્ઞાનતાથી નિજ કુટુંબીઓનો પણ વધ કરવામાં આવે છે.

નાથ! મેં પણ વેદાભ્યાસી વિપ્રોના ઉપદેશથી અનેક જીવોનો વધ કર્યો, એટલું જ નહીં પોતાના પિતા અને પિતામહીના જીવનો પણ અનેક વાર ઘાત કર્યો તે જોવા કોણ સમર્થ છે?

આ પ્રકારે યશોમતિ મહારાજે શ્રીમુનિની સન્મુખ પશ્ચાત્તાપરૂપ વચન કહ્યા બાદ કલ્યાણમિત્ર શેઠને કહેવા લાગ્યા—

વાણિગ્વર શ્રેષ્ઠિન્! તમે અમારા પર ખૂબ મોટો ઉપકાર કર્યો છે. તમારા સંસર્ગથી મુનિહત્યાથી મુક્ત થઈને સંસારભ્રમણથી પણ રહિત થઈ જઈશ. તે માટે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી પાણિપાત્ર આહાર કરીશ.

શ્રેષ્ઠિવર! આપ શ્રીમુનિને મારી તરફથી કહો કે મારા પર પ્રસન્નચિત્ત થઈને જિનદીક્ષા આપે.

પ્રિય મિત્ર કલ્યાણમિત્ર! હું તો જિનદીક્ષા ગ્રહણ કરું છું અને તમે નગરમાં જઈને સમસ્ત નગર, રાજકર્મચારીગણ અને અંતઃપુર નિવાસીઓને સૂચિત કરો કે યશોમતિ રાજાએ દીક્ષા ગ્રહણ

કરી તથા અભયરુચિકુમારને રાજ્ય આપ્યું અને કેલિકંદ સદેશ સુકુમારશરીરા હરણીનયના અભયમતિ કુમારીનું અહિછત્ર નગરના રાજાના અરિદમન નામના પુત્ર સાથે પાણિગ્રહણ કરો.

આ પ્રકારે મહારાજે જ્યારે ઉપરોક્ત વાર્તા કલ્યાણમિત્રને કહી જે તત્કાલ વિજળીની જેમ સમસ્ત નગરમાં એ પ્રકારે ફેલાઈ ગઈ કે મહારાજને ખૂબ જ ઉત્તમ પ્રકારના શિકારનો લાભ થયો અર્થાત્ શ્રીમુનિના દર્શનથી ધર્મનો લાભ મળ્યો.

ઉપરોક્ત સમસ્ત રહસ્ય નગરવ્યાપી થઈને અંતઃપુરમાં પણ પહોંચી ગયા. તે સમયે રણવાસમાં કોલાહલ થઈ ગયો. બધી રાણીઓ વિલાપ કરતી મસ્તક અને ઉરસ્થળ કૂટતી નંદનવનમાં જ્યાં શ્રીમુનિ મહારાજની નિકટ યશોમતિ મહારાજ જિનદીક્ષા માટે ઉદ્યમી હતા ત્યાં પહોંચી.

નખની પ્રભાથી મણિઓની દીપ્તિને તિરસ્કાર કરતી અને ચલાયમાન હારોની મણિઓથી યુક્ત રમણીઓએ મહારાજ યશોમતિથી આ પ્રકારે પ્રાર્થના કરી—

સ્વામિન્! દૈવે લક્ષ્મીસુખના ઘાતક તપશ્ચરણ દ્વારા આપને ઠગી લીધા.

પ્રાણવલ્લભ! આપ સ્વર્ગસુખ માટે તપશ્ચરણ કરો છો તો અમે બધી સ્ત્રીઓ અપ્સરા છીએ, સુંદર મનોહર મહેલ વિમાન છે અને પ્રિય સંગમ છે તે જ સુખ છે.

અહીં આપને સ્વર્ગ–સુખથી કઈ વાતની કમી છે જે આપ વર્તમાન સુખનો ત્યાગ કરીને આગામી સુખની વાંછા કરી તપશ્ચરણના કષ્ટને સહન કરો છો?

આ રીતે, ધૂર્તા સ્ત્રીઓએ અનેક પ્રકારે સ્નેહરુપ પાશથી યશોમતિને રોકવા પ્રયત્ન કર્યો, પરંતુ રાજાના ચિત્તમાં કાંઈ પણ ન આવ્યું અને જિનદીક્ષા માટે દતચિત્ત રહ્યો.

ક્ષુલ્લક :—(મારિદત્ત રાજાને) રાજન્! જ્યારે મને અને મારી બહેન અભયમતિને આ સમસ્ત વૃતાંતના સમાચાર મળ્યા કે તરત જ અમે બંને અનેક વાજિંત્રોના સમૂહથી વ્યાપ્ત મદોન્મત હાથી ઉપર ચઢી નંદનવનમાં જ્યાં શ્રીમુનિ વિરાજમાન હતા ત્યાં પહોંચ્યા.

અમે બંને ભાઈ–બહેનોએ યશોમતિ મહારાજને સમસ્ત રાજ્ય પરિકર ધ્વજા અને ચામરથી રહિત તથા ચારિત્રરત્ન માટે હાથ ફેલાવી જમીન પર સામાન્ય મનુષ્યની જેમ બેઠેલા જોયા.

નૃપવર! તે સમયે અમે પણ ત્યાં બેસી ગયા. ત્યારબાદ શ્રી મુનિરાજના મુખ કમળથી અમારા ભવાંતરની કથા સાંભળી તરત જ અમને જાતિસ્મરણ થયું અને તત્કાલ બંને મૂર્છાયુક્ત થઈને જમીન પર પડ્યા. તે સમયે અમારી માતા સ્નેહથી મુગ્ધ થઈને વિલાપ કરવા લાગી.

તત્કાળ દાસીઓએ શીતલ ઉપચાર કરી અમને બંનેને સચેત કર્યા. જેવી અમારી મૂર્છા દૂર થઈ કે અમે બંને શ્રી મુનિરાજના ચરણોને નમસ્કાર કરી બેઠા.

નૃપવર! તે સમયે મારી માતા કુસુમાવલી મને મુનિ ચરણોની નજીક બેઠો જોઈ મારો હાથ પકડી પોતાની ગોદમાં બેસાડતી મુખ ચૂમતી કહેવા લાગી—

પ્રિય પુત્ર! તું કેમ ઉદાસચિત્ત થઈ ગયો? તું તો હજી બાળક છે. તું આ વાતોને શું સમજે છે? ઉઠ, ઘરે ચાલ. પિતાનું દીધેલું રાજ્યશાસન કર ઈત્યાદિ વચન બોલતી પોતાનું ઉરસ્થળ કૂટતી વિલાપ કરવા લાગી.

પશ્ચાત્ વિહ્વળચિત્ત થઈને મૂર્છાથી પૃથ્વી પર પડી. તે સમયે અંતઃપુરની સમસ્ત રાણીઓએ અનેક પ્રકારે શીતોપચાર કરી સમજાવ્યું અને આ પ્રકારે પ્રિય વાક્ય કહેવા લાગી:

એક રાણી :—પ્રિય બહેન! ઉઠ–ઉઠ. પ્રિય વચન બોલ. નાથના કહેલાં વચનો ધારણ કર. તેં મારા દુર્ભાગ્યનો તિરસ્કાર કરી સૌભાગ્ય દીધું તો હવે શા માટે વિલાપ કરે છે?

બીજી રાણી :—હે સખી! તું કેમ દુઃખી થાય છે? તેં મને વસ્ત્રાભૂષણોથી ભૂષિત કરી ભર્તાર પાસે મોકલી હતી તો હવે ભર્તાર તપશ્ચરણમાં તત્પર છે તો જો તું આવું કરીશ તો મારી ખબર કોણ લેશે?

અન્ય રાણી :—પ્રિય બહેન! કેમ દુઃખી થાય છે? હે કલ્યાણ રૂપી! કરુણારૂપી વ્રત ગ્રહણ માટે જતા પોતાના ભર્તારનું અનુકરણ કર.

તે સમયે કુસુમાવલી મહારાણી પોતાના હૃદયમાં વિચારવા લાગી—આ બંને બાળકો શ્રીમુનિના વચનોને શ્રવણ કરી કેમ મૂર્છિત થઈ ગયા?

કુસુમાવલી :—પ્રિય પુત્ર! શ્રીમુનિ તો પોતાના સ્વચ્છ જ્ઞાન દ્વારા જગતના સમસ્ત ચરાચર પદાર્થોને જાણે છે. તમે શું જાણ્યું અને જોયું કે જેથી મૂર્છિત થઈને પૃથ્વી પર શયન કરવા લાગ્યા (–મૂર્છિત થઈ ગયા)?

અભયરુચિકુમાર :—માતુશ્રી! અમે બંનેએ શ્રીમુનિના મુખ કમળથી અમારી ભવાવલિનું શ્રવણ કર્યું. તેનું જ સ્મરણ થવાથી અમે બંને મૂર્છિત થઈ ગયા કેમ કે જ્ઞાની મુનિના વચન ક્યારેય અન્યથા નથી હોતા.

કુસુમાવલી :—પ્રિય પુત્ર! શ્રી મુનિરાજે તમારા ક્યા પ્રકારના ભવોનું વર્ણન કર્યું તે સાંભળવાની મને વિશેષ ઉત્કંઠા થઈ રહી છે, તો શું તું ફરી પ્રતિપાદન કરી શકીશ?

અભયરુચિકુમાર :—માતા, હું સંક્ષેપમાં કહું છું. તું તે સાંભળ.

અંબિકે! અમે બંને રાજા યશોધર અને ચંદ્રમતિ હતા. તે ભવમાં લોટનો મુર્ગો બનાવીને દેવીને માટે બલિ ચડાવી. તે મિથ્યા કર્મના પ્રભાવથી વિષ મિશ્રિત ભોજનના યોગથી મરણ પ્રાપ્ત

કરી મયૂર અને શ્વાન થયા. ત્યાંથી અરણ્યમાં નોળીયો અને સર્પ, ત્યાંથી સિપ્રા નદીમાં શંશુમાર અને મત્સ્ય, ત્યાંથી બકરો અને બકરી, ત્યાંથી બકરો અને મહિષ, ત્યાંથી કુર્કટ યુગલ અને ત્યાંથી તારા સ્વચ્છ ઉદરથી પુત્ર-પુત્રી થયા.

તે કારણે હે વર્તમાન ભવની માતા! હે પૂર્વ ભવની પુત્રવધૂ! હવે તું શ્રીમુનિના ચરણોમાં પ્રણામ કર.

આ પ્રકારે અમારા કહેવાથી શ્રીમુનિને પ્રણામ કરી, મહારાજ યશોમતિના આદેશથી, મહારાજ યશોમતિ અને અમે નગરપ્રતિ ગમન કર્યું. અમારી સાથે બધી રાણીઓ, રાજા, કર્મચારી અને કલ્યાણમિત્ર શેઠ પણ નગરમાં પહોંચી ગયા.

કલ્યાણમિત્ર શેઠ :—પ્રિય ભાઈ અભયરુચિકુમાર! તારા પિતા મહારાજ યશોમતિ તો દીક્ષા માટે ઉદ્યમી છે. હવે તમે આ સપ્તાંગ રાજ્યનું ન્યાયપૂર્વક પાલન કરો અને કુટુંબીજનો તેમ જ પોતાની માતાને સંતોષિત કરો.

અભયરુચિકુમાર :—શ્રેષ્ઠિવર! આ યશોમતિ પૂર્વ ભવાંતરમાં નેત્રાનંદદાયક મારો પુત્ર હતો. તેને મેં જ રાજ્યાસન પર સ્થાપન કર્યો હતો. હવે આ ભવમાં ચંદ્રમા સમાન હું તેનો પુત્ર થયો છું. શેઠજી! દૈવે કેટલી ઉત્તમ શિક્ષા કરી?

વણિગ્વર! હવે તમે જ કહો કે દાન ક્રમને શું હું ઉલ્લંઘન કરું? અર્થાત્ પોતાના હાથે દીધેલા દાનને ફરી ગ્રહણ કરું?

હવે તો મોહ પટલરુપ સઘન વસ્ત્રથી વેષ્ટિત સ્નેહરૂપ પર્વતની ગૂફાનું સ્ફોટન કરી તપોલક્ષ્મીનું સુખાવલોકન કરીશ.

કલ્યાણમિત્ર :—પ્રિય કુમાર! અત્યારે તપશ્ચરણનો ક્યાં સમય છે? આ સમયે તો તમારે સૌ પ્રથમ રાજ-વિદ્યાની શિક્ષા લેવી આવશ્યક છે કેમ કે રાજ વિદ્યા વિના રાજ્યશાસન કરવું દુ:સાધ્ય છે અને રાજ્યશાસન વિના સમસ્ત પ્રજા અન્યાય માર્ગમાં પ્રવર્તવા લાગે છે. તેનાથી શ્રાવક ધર્મ અને મુનિ ધર્મ બંને નષ્ટ થઈ જાય છે. જ્યારે જિનરાજ કથિત બંને ધર્મ ધરાતલથી જતા રહે તો રાજગૃહમાં આપનો જન્મ લેવો જ વ્યર્થ થઈ ગયો! માટે રાજ્ય કરવું પરમાવશ્યક કાર્ય છે.

ક્ષમા, ઇન્દ્રિયોનું દમન, સમભાવ, સત્ય અને નિર્મળ શૌચ દ્વારા જ જીવદયા પ્રતિપાદિત કરવામાં આવી છે. તેથી પૂર્ણ દયાના પાલક મુનિઓનો ધર્મ ગૃહસ્થોથી જ ચાલે છે એ મેં નિશ્ચિત જાણ્યું છે.

ઇન્દ્ર, ધરણેન્દ્ર, નરેન્દ્ર અને ખગેન્દ્રો દ્વારા પૂજિત શ્રી ભગવાન સર્વજ્ઞભાષિત જે ધર્મ છે તે રાજ્યશાસન વિના નષ્ટ થઈ જાય છે.

અભયરુચિકુમાર ક્ષુલ્લક મહારાજ મારિદત્તને હજી કહેવા લાગ્યા—નૃપશ્રેષ્ઠ! જોકે તે સમયે હું સંસારના દુઃખોથી અત્યંત ભયયુક્ત હતો તેમ છતાં પિતા દ્વારા દીધેલ પાપરૂપ રાજ્યને અંગીકાર કર્યું જ.

રાજન્! જે સમયે મારો રાજ્યાભિષેક થયો તે સમયે વિવિધ પ્રકારના રત્નજડિત વસ્ત્ર–આભૂષણોથી ભૂષિત દિવ્ય અંગનાઓનો સમૂહ ચામર ઢાળતો હતો.

અનેક પ્રકારની શોભા અને ઉત્સવ સહિત મારા પિતા યશોમતિ મહારાજે મારો રાજ્યાભિષેક કર્યો. ત્યારબાદ મને અને મારી માતા આદિ સમસ્ત કુટુમ્બને સંબોધિત કરી વનમાં ગમન કરી ગયા. ત્યાં શ્રી મુનિરાજને વિનયપૂર્વક નમસ્કાર કરી ભવ-ભ્રમણ નાશિની દિગંબરી દીક્ષા ધારણ કરી.

નૃપવર! મારા પિતા યશોમતિએ જે સમયે તપશ્ચરણ ગ્રહણ કર્યું તે જ સમયે અંતઃપુરની રાણીઓએ પણ અર્જિકાનું વ્રત ગ્રહણ કર્યું.

યશોમતિ મહારાજે દીક્ષા ગ્રહણ કરતા સમયે પોતાના હાથ દ્વારા કેશનું લુંચન કર્યું તે માનો અંતરંગમાંથી કૃષ્ણ–નીલ લેશ્યાનો જ તિરસ્કાર કર્યો! જે વસ્ત્રાભૂષણ અને શસ્ત્ર આદિ સમસ્ત પરિગ્રહનો ત્યાગ કર્યો તે માનો અંતરંગ રાગ-દ્વેષનો જ પરિહાર કર્યો.

નૃપરાજ! મારા પિતાએ ઋષિઓના ચારિત્રને ગ્રહણ કરી ઘોર વીર તપશ્ચરણનો આરંભ કર્યો. જે તપશ્ચરણ જન્મ–મરણાદિ વ્યાધિઓનો નાશક છે તેને જ ધારણ કરી યશોમતિ મુનિ રાગ–દ્વેષ, માન, મત્સર આદિ ભાવોનો ત્યાગ કરી કર્મરૂપ પાપનો નાશ કરવા માટે નિર્જન વન, સ્મશાનભૂમિ અને ગિરિગૂફા આદિમાં નિવાસ કરતાં બેલા, તેલા, પક્ષ, માસોપવાસ ધારણ કરતા હતા.

ગુણરૂપ મણિઓથી ભૂષિત અમારા પિતાએ ઘરના મોહને છોડી પોતાના મનને રોકી માયા, મિથ્યા અને નિદાન એ ત્રણે શલ્યોનું ખંડન કર્યું તથા પાંચે ઇન્દ્રિયોને દંડિત કરી તેના પર જીત મેળવી.

રાજન્! અમારા પિતા યશોમતિ તો ઉપરોક્ત પ્રકારે તપશ્ચરણથી પોતાના કર્મોને નષ્ટ કરવા લાગ્યા અને હું સંસારથી ઉદાસ તો હતો જ પરંતુ પિતા અને કલ્યાણમિત્ર શેઠના આગ્રહથી મેં રાજ્યભાર ગ્રહણ કરી લીધો હતો તોપણ પોતાના મનની ઉદાસીનતાને ક્યાં સુધી રોકતો?

તેથી કેટલાક સમય પછી અતિ વિનયયુક્ત પોતાના દ્વિમાત ભાઈને કુળની લક્ષ્મીથી શોભિત રાજ્યભાર સમર્પણ કરી ઉપશમ ભાવ સહિત સમસ્ત ગૃહારંભાદિ કાર્યોનો ત્યાગ કરી હું અને મારી બહેન અભયમતિ બંને સંસાર-દેહ-ભોગોથી વિરક્ત થઈને જ્યાં ઉદ્યાનમાં શ્રી

દિગંબર સાધુ બિરાજમાન હતા ત્યાં જઈને શ્રીમુનિને નમસ્કાર કરીને પ્રાર્થના કરી—સ્વામિન્! અમને જિનદીક્ષા આપો. આ પ્રકારે અમારી પ્રાર્થના સાંભળી તે વીતરાગ ભાવના ધારક શ્રી ભટ્ટારક મહારાજ કહેવા લાગ્યા—

અહો વત્સ! હજી તો તું ક્ષીણ શરીર કમલદલતુલ્ય કોમલાંગી બાળક છો અને જિનદીક્ષા અત્યંત દુઃસહ છે. તેનું પાલન બાળકોથી ન થઈ શકે, તેથી ઉત્તમ શ્રાવકના વ્રતને તમે બંને ગ્રહણ કરો.

હે પુત્ર! તમે બંને ભાઈ–બહેન જોકે સંસાર-દેહ-ભોગોથી વિરક્ત ચિત્ત છો તે કારણે તમારા પરિણામ અત્યારે જિનદીક્ષા ગ્રહણમાં વૃદ્ધિગત થઈ રહ્યા છે પણ તમે હજી સુકુમાર અલ્પ વયસ્ક બાળક છો. તે કારણે મુનિરાજના લઘુભ્રાતા ક્ષુલ્લકના વ્રતને ધારણ કરો.

કુમાર! જોકે તમારું હૃદય ઉચ્ચ શ્રેણીના આરોહણમાં સંલગ્ન છે, તેમ છતાં પહેલાં આ ક્ષુલ્લક વ્રત સાધો. તેમાં પૂર્ણ સિદ્ધિ મળી જાય પછી મુનિવ્રત ગ્રહણ કરજો. આમ કરવાથી તમારું નિર્વાહ પૂર્ણ રીતે થઈ જશે.

રાજકુમાર! આ ઉત્કટ શ્રાવક અર્થાત્ એલકવ્રતિ સુધી તો શ્રાવક જ છે. તેનાથી આગળ મુનિવ્રત હોય છે. આ એલક અને ક્ષુલ્લક પણ શ્રી મુનિરાજના લઘુભ્રાતા છે. આ વ્રત ધારણ કરવાથી મુનિવ્રતનું પાલન કરવું સહજ થઈ જાય છે. તેથી આ સમયે તને ક્ષુલ્લકવ્રત ધારણ કરવાની પ્રેરણા આપું છું.

વત્સ! સૌ પ્રથમ એ વાતનો વિચાર કરવો જોઈએ કે આ જીવનો શત્રુ પાપ છે અને મિત્ર ધરમ છે. આમ વિચાર કરીને જે શાસ્ત્ર જાણે છે તે જ શ્રેષ્ઠ જ્ઞાતા હોય છે.

રાજકુમાર! જે મહાનુભાવને પોતાને નિર્દોષ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નોનો પટારો બનાવવો હોય તેને ત્રણે લોકમાં પતિની જેમ ઈચ્છા કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થરૂપી વનિતા સ્વયં પ્રાપ્ત થઈ જાય છે.

પ્રિય અભયરુચિકુમાર! હિંસાનંદ, મૃષાનંદ, ચૌર્યાનંદ અને પરિગ્રહાનંદ એ ચાર પ્રકારના રૌદ્રધ્યાન અને ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, પીડા ચિંતવન અને નિદાન બંધ એ ચાર પ્રકારનું આર્તધ્યાન એ બંને ધ્યાન નરક–તિર્યંચ ગતિના કારણ હોવાથી બંનેનો ત્યાગ કરી નિરંતર ધર્મધ્યાનમાં તત્પર રહેવું યોગ્ય છે.

જે કામદેવનો નાશ કરવાવાળી, સમભાવ કરવાવાળી, દુર્ગતિ ગમનથી નિવારવાવાળી, જગતગુરુની શિક્ષા અને ધર્મરુપ વૃક્ષની વૃદ્ધિ માટે જલસારિણી સમાન છે–એવી બાર અનુપ્રેક્ષાઓનું ચિંતવન કરવું યોગ્ય છે.

એ બાર ભાવના આ પ્રકારે છે : અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મભાવના.

હે વત્સ! મેં જેવું આચરણ કહ્યું તું એ જ પ્રકારે પાલન કર અર્થાત્ તું ક્ષુલ્લક વૃતિ ધારણ કર કેમ કે મુનિવ્રત ધારણ કરવામાં તું અસમર્થ થઈ જઈશ.

રાજન્! મેં તે સમયે શ્રી આચાર્યની આજ્ઞા પ્રમાણ કરી સંસારસમુદ્ર પાર કરવા માટે જહાજ સમાન ક્ષુલ્લકવ્રત અંગીકાર કર્યા અર્થાત્ અન્ય સમસ્ત વસ્ત્રાભરાણોનો ત્યાગ કરી એક સફેદ વસ્ત્ર અને લંગોટી માત્રનું ગ્રહણ કર્યું તથા મસ્તકના વાળને દૂર કરી પીંછી અને કમંડળને ધારણ કર્યા તેમ જ અભયમતિને ક્ષુલ્લિકાના વ્રત આપ્યા.

અમારા ગુરુ શ્રી સુદત્તાચાર્ય પ્રમાદ રહિત જીવોની દયાયુક્ત પૃથ્વી પર ભ્રમણ કરતાં અહીં આ નગરના ઉદ્યાનમાં આવ્યા છે અને તે જ યતિપતિની સાથે અમે પણ આવ્યા છીએ. શ્રી ગુરુની આજ્ઞા પ્રમાણે ગુરુના ચરણકમલની વંદના કરી ભિક્ષાર્થે નિકળ્યા છીએ.

તપશ્ચરણ કરતાં તથા જિન ભગવાનનું સ્મરણ કરતાં, શુભાચરણનાં ધારક અમને માર્ગમાં ગમન કરતાં આ કિંકરો પકડીને અહીં લઈ આવ્યા.

રાજન્! તમારા સેવકોએ અમને બંનેને આપના સન્મુખ અહીં લાવી ઉપસ્થિત કર્યા ત્યારબાદ જ્યારે તમે અમારું ચરિત્ર પૂછ્યું તો અમે અમારા કૃત કર્મ દ્વારા સંસારના પરિભ્રમણરૂપ સમસ્ત વૃત્તાંત આપને કહ્યું. હવે આપને જેમ ઠીક લાગે તેમ કરો.

ક્ષુલ્લક મહારાજનું ઉપરોક્ત સમસ્ત જીવન-ચરિત્ર જાણી મારિદત્ત નૃપ અને ચંડિકાદેવી બંને સંસારથી ઉદાસ ચિત્ત થતા સંસારથી વિરક્ત થઈને પહેલાં સમસ્ત પશુ યુગલોને હોમવાનું જે કાર્ય પ્રારંભ કર્યું હતું તેનો નિષેધ કરી ધર્મમાં તત્પર થયા.

તે સમયે તે બંનેથી પ્રતિબોધિત થઈ રાજા પોતાના હૃદયમાં વિચારવા લાગ્યા કે—

આ લોકમાં પવિત્ર અને પ્રધાન બાળક-યુગલ યથાર્થમાં પૂજ્ય છે. મસ્તક ઉપરના ચૂડામણિરત્નની જેમ વંદનીય છે.

આ પ્રકારે ચિંતવન કરી મારિદત્ત નૃપતિ, ચંડિકાદેવી અને તેના ઉપાસક ભૈરવાનંદે ચંડિકાગૃહમાં બલિ પ્રદાન કરવા માટે જે કાંઈ સામગ્રી ઉપસ્થિત કરી હતી તે બધી પૃથ્વીતલમાં ફેંકી દીધી.

ત્યારબાદ રાજાએ કર્મચારીઓને બોલાવીને કહ્યું—હે કર્મચારી! તમે શીઘ્ર જાઓ અને ઉપવનને શોભિત કરો.

કર્મચારીગણ :—(હાથ જોડીને) જે આજ્ઞા મહારાજની! હમણાં જ જઈને ઉપવનને શૃંગારિત કરીએ છીએ.

આ પ્રકારે મહારાજની આજ્ઞા શિરોધારણ કરી સમસ્ત કર્મચારીઓએ શીઘ્ર જઈને વૃક્ષ લતા ફળ પુષ્પાદિથી મનોહર વન કે જેનાં રક્ત પત્રોથી યુક્ત આંબાની ડાળીઓ પર અનેક પક્ષીઓ મનોહર ધ્વનિ કરતાં અત્યંત રમણીક દૃષ્ટિગત થતા હતા તે જ નિર્મળ વનમાં મુક્તા-ફળોની જાળી તથા રેશમી વસ્ત્રો, મંડપ અને રત્ન વિનિર્મિત ચંદોવા આદિથી એવું સુશોભિત કર્યું કે માનો બીજું સ્વર્ગનું વિમાન જ સ્વર્ગની લક્ષ્મીને છોડીને ધરતી પર આવ્યું છે.

ઈત્યાદિ પ્રકારે વનને સુશોભિત કરી મહારાજની પાસે જઈ નિવેદન કર્યું :

કર્મચારી :-(મોટા અવાજથી) શ્રી મહારાજની જય હો! આપની આજ્ઞાનુસાર આખું વન સુશોભાયુક્ત થઈ ગયું.

આ પ્રકારે કર્મચારીઓની વાતો સાંભળીને ચંડિકાદેવી કે જે અપ્રગટ રૂપથી બેઠી હતી તે પ્રગટ થઈને મહારાજ મારિદત્તથી કહેવા લાગી—

રાજન્! જોકે આપના કર્મચારીઓએ ઉપવનને શ્રૃંગારિત કર્યું છે તથાપિ હું શ્રી ક્ષુલ્લક મહારાજના નિવાસને તપોવન બનાવીશ.

મારિદત્ત :—માતુશ્રી! આપની જે અભિલાષા હોય તે જ કરો.

આ પ્રકારે નૃપતિની સંમતિ મેળવીને ચંડિકાદેવીએ પોતાની અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશત્વ અને વશિત્વ એ અષ્ટગુણો દ્વારા તે વનને વધારે શ્રૃંગારિત કર્યું.

ત્યારબાદ શ્રી અભયરુચિકુમાર ક્ષુલ્લક, અભયમતિ ક્ષુલ્લિકા તથા મારિદત્ત અને ભૈરવાનંદને સાથે લઈને મહોત્સવ પૂર્વક તપોવનમાં લઈ જઈને ઉપસ્થિત કર્યા.

ત્યારબાદ દેવોપનીત સિંહાસન ઉપર ક્ષુલ્લક યુગલને બિરાજમાન કરી પોતે પ્રગટ થઈ શ્રી ક્ષુલ્લક મહારાજની સન્મુખ ઉપસ્થિત થઈ ગઈ.

તે ચંડમારીદેવી જે થોડા સમય પહેલાં અસ્થિ, માંસ, રુધિર, વસા આદિથી સર્વાંગ વ્યાપ્ત હતી, મનુષ્યોના મુંડોની માળા કંઠમાં ધારણ કરી મહા ભયાનક મૂર્તિ હતી તે શ્રી ક્ષુલ્લક મહારાજનો ઉપદેશ સાંભળીને પોતાના અસલી રૂપમાં આવીને સમસ્ત હિંસાદિ કર્મનો ત્યાગ કરી સૌમ્યવદન થઈ ગઈ.

તે ચંડમારીદેવી મહા વાત્સલ્યાંગ ધારિણી, પ્રસન્ન–વદના, સુવર્ણનું પાત્ર નિજ કરકમળમાં ધારણ કરી સૌમ્ય ભાવયુક્ત, પોતાના પગ સુધી કટિમેખલા લટકાવતી, અસદૃશ્ય લાવણ્ય અને સૌભાગ્યથી સારભૂત લાંબી હારના તેજથી મનોહર ઉછળતી સ્વચ્છ જલપૂર્ણ ભૃંગારથી

શોભાયમાન હાથ, જેના પગ નૂપુરોની ધ્વનિને સાંભળી મયૂરગણ નૃત્ય કરતાં અને ઉત્તમ શબ્દ કરતાં હતા.

તે ચંડમારીદેવી નખોની સુંદર કાંતિયુક્ત ગુરુના ચરણોમાં નમસ્કાર કરીને પોતાનું શિષ્યપણું જાહેર કરે છે. ત્યારબાદ જળ અને કમળયુક્ત અર્ઘ દ્વારા ગુરુની પૂજા કરી અને કહેવા લાગી—

સ્વામી! આપ કૃત્રિમ કુર્કુટને મારવાથી સઘળા ભવવનમાં ભ્રમ્યા. મેં તો અસંખ્ય જીવને પોતાની માયાથી ગ્રસિત કર્યા અને રુધિરમાં સ્નાન કર્યું. હવે આ પાપથી કઈ રીતે મુક્ત થઈશ?

માટે હે દેવ! હવે હું પૂર્વકૃત તીવ્ર પાપથી યુક્ત થવાના પ્રાયશ્ચિત્તરૂપે તીવ્ર તપનું આચરણ કરીશ જેથી જીવવધથી ઉત્પન્ન થયેલ હિંસાનું પાપ નાશ થઈ શકે.

ક્ષુલ્લક :—હે દેવી! વ્યંતરદેવથી લઈને સર્વાર્થસિદ્ધિના અહમિંદ્ર પર્યંત સમસ્ત દેવોમાં તપશ્ચરણ નથી. કારણ કે દેવોને ઉત્કૃષ્ટ ચાર ગુણસ્થાન હોય છે, તેથી અવ્રત સુધી રહે છે અર્થાત્ સમ્યગ્દર્શન તો થાય છે પણ શ્રાવકના વ્રત કે જે પાંચમાં ગુણસ્થાનમાં હોય છે તે નથી હોતા, તો મુનિવ્રત કેવી રીતે હોય?

હે દેવી! આ ચતુર્ગતિરુપ સંસારમાં બીજા પણ અસંખ્ય જીવ એવા છે કે જે તપ ગ્રહણ કરી શકતા નથી.

હે દેવી! જોકે સમસ્ત પર્યાયોમાં મનુષ્યપર્યાય ઉત્તમ છે કારણ કે મોક્ષનો ઉપાય આ પર્યાય સિવાય અન્યમાં નથી. પરંતુ જે મૂર્ખ મોક્ષના સાધનોથી અનભિજ્ઞ થઈને વિષયમાં લીન રહેતાં હિંસાદિક કર્મમાં પ્રવૃત્ત રહે છે તે રૌરવ નરકમાં પડે છે.

ચંડિકા :—નાથ! ચતુર્ગતિરૂપ પાતાળકૂવાના દુઃખથી અને અત્યંત ભયાનક ઘોર સંસારસમુદ્રમાં પડતી મને આપે બચાવી.

સ્વામી! આપ દેવોના દેવ અને જૈન સિદ્ધાંતના રહસ્યના પૂર્ણ જ્ઞાતા છો તેથી આપ મારા સ્વામી છો અને હું આપના ચરણોની દાસી છું.

ત્યારબાદ મારિદત્ત કહે છે કે સ્વામી! આપે કહ્યું કે દેવ પર્યાયમાં તપશ્ચરણ નથી–તે તો બરાબર છે પરંતુ એ તો બતાવો કે હવે મારે શું કરવું જોઈએ?

ક્ષુલ્લક : રાજન્! અત્યાર સુધી તો જે થયું તે થયું. પરંતુ હવે આજથી કિંચિત્‌માત્ર પણ કોઈ જીવની હિંસા ન કરતાં.

ચંડિકા : પૃથ્વીનાથ! આજથી સમસ્ત રાજ્યમાં આ વાતની ઘોષણા કરી દેવી જોઈએ

કે સમસ્ત પ્રજા સૌમ્યભાવ ધારણ કરી રૌદ્રભાવોનો ત્યાગ કરે અર્થાત્ જે પુરુષ, સ્ત્રી, બાળક અને વૃદ્ધ વનમાં ઉપવનમાં કે કોઈ પણ જગ્યાએ સાક્ષાત્ પશુને અથવા કૃત્રિમ પશુની દેવતા, પિતૃ ઈત્યાદિના નિમિત્તે હિંસા કરશે તેનો હું (દેવી) ગૃહ–કુટુંબ સહિત નાશ કરીશ.

આ પ્રકારે ચંડિકાદેવીના આદેશપૂર્ણ વચન સાંભળી મારિદત્ત નૃપતિ આ પ્રમાણે કહેવા લાગ્યા :

માતુશ્રી! આપની આજ્ઞાથી પહેલાં જ શ્રી ક્ષુલ્લક મહારાજના ઉપદેશથી મારું હૃદય જીવહિંસાથી કંપિત થઈ ગયું હતું કેમ કે શ્રી ક્ષુલ્લક મહારાજે યશોધરના ભવમાં કૃત્રિમ કુર્કુટ જ કુળદેવીને અર્પણ કર્યો હતો, તેના જ પાપથી તેમણે સંસારમાં જે પરિભ્રમણ કર્યું તેનું ચરિત્ર હૃદયવિદારક છે.

હે ચંડિકે! એવું કોણ પથ્થર હૃદય હશે કે જે શ્રી ગુરુની ભવાવલી સાંભળીને જીવહિંસાથી ભયભીત ન થાય? મેં ભૈરવાનંદની આજ્ઞાનુસાર અનેક જીવ યુગલ ભેગા કર્યા, તેનાથી જ મારું હૃદય કંપિત થઈ રહ્યું છે, તેમાં પણ આપની આજ્ઞા થઈ, હવે તો અવશ્ય જ મારા રાજ્યમાં જીવહિંસા નહીં થવા દઉં.

ચંડિકાદેવી મારિદત્ત નૃપતિને આવી આજ્ઞા કરીને તથા શ્રી મુનિના ચરણોને નમસ્કાર કરીને અદૃશ્ય થઈને પોતાના સ્થાને ચાલી ગઈ.

મારિદત્ત નૃપતિ :—સ્વામિન્! આપે પોતાની માતાના આગ્રહથી કૃત્રિમ કુર્કુટનો ઘાત કરી કુળદેવીને અર્પણ કર્યો અને એટલા પાપથી આપે સંસારવનમાં આટલું ભ્રમણ કર્યું અને આટલો કલેશ પામ્યા કે જેનો પાર નથી તો મેં જે અનેક જીવોના આટલા યુગલોને માર્યા કે જે જોવાથી વજ્રહૃદય પણ દયાથી ભરાય જાય પરંતુ મારા હૃદયમાં કિંચિત્ પણ દયા ન આવી.

નાથ! ધર્મવત્સલ! ઉપરોક્ત પાપકર્મથી નારકી જીવોના રક્તથી વ્યાપ્ત અંધકારમય નારકીઓના કોલાહલથી પૂર્ણ મહારૌરવ નરકમાં પડીને દુઃસહ વેદનાનો પાત્ર બનીશ.

હે ગુણરત્નાકર! ઉપર્યુક્ત પાપની શાંતિ માટે સમસ્ત પાપોની નિવૃત્તિ કરવાવાળી નિર્ગ્રંથ વૃત્તિનું જ આચરણ કરીશ. કારણ કે જ્યાં સુધી નિર્જન વન, ગિરિગૂફા આદિમાં નિવાસ કરી દિગંબરી વૃત્તિ ધારણ કરી પાણિપાત્ર આહાર ગ્રહણ નહીં કરું ત્યાં સુધી સંસારરૂપી દૃઢ બંધનથી મુક્ત થવું કષ્ટ સાધ્ય જ નહીં પરંતુ અસંભવ છે. તેથી આપ મને જિનદીક્ષા આપી કૃતાર્થ કરો.

આ પ્રકારે મારિદત્ત નૃપતિના વચન સાંભળી ક્ષુલ્લક મહારાજે કહ્યું—

રાજન્! તમારો વિચાર અતિ ઉત્તમ છે, પરંતુ હું સ્વયં મહાવ્રતનો ધારક મુનિરાજ નથી, તેથી તમને દીક્ષા નથી આપી શકતો.

એ સિવાય આ પણ એક નિયમ અને આચાર–વ્યવહાર છે કે જો પોતાના ગુરુ નજીક હોય તો સ્વયં દીક્ષા–શિક્ષા કોઈને ન આપે અને જો કોઈ આપે તો તેને પાપીઓની પંક્તિમાં ગણવામાં આવે છે. તેથી તમને હું મારા ગુરુ શ્રી સુદત્તાચાર્ય પાસે લઈ જાવ છું, તેઓ જ તમને દીક્ષા–શિક્ષા આપશે.

આ પ્રકારે શ્રી ક્ષુલ્લક મહારાજના વચન સાંભળી મારિદત્ત નૃપ આશ્ચર્ય યુક્ત થતો પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો—

આહાહા! જગતમાં તપસ્યા સમાન કોઈ મહાન નથી કેમ કે સમસ્ત મનુષ્યોમાં પૂજ્ય હું, મારાથી પૂજ્ય ચંડિકાદેવી તથા દેવીના ગુરુ ક્ષુલ્લક મહારાજ અને તેમના પણ ગુરુ શ્રી સુદત્તાચાર્ય છે. તે બધો તપનો જ મહિમા છે.

આ પ્રકારે પોતાના હૃદયમાં વિચાર કરી ફરી વિનય પૂર્વક હાથ જોડી નૃપતિએ ક્ષુલ્લક મહારાજને કહ્યું—

ધર્મરત્ન ભંડાર! તમારા શ્રી ગુરુ ક્યાં બિરાજમાન છે? આપ મને તેમની પાસે લઈ ચાલો, હું આવવા તૈયાર છું.

આ પ્રમાણે નૃપતિની પ્રાર્થના સાંભળીને ક્ષુલ્લક મહારાજ રાજાને પોતાની સાથે લઈને શ્રી સુદત્તાચાર્યની પાસે પહોંચ્યા.

તે શ્રી સુદત્તાચાર્ય મહામુનિ અવધિજ્ઞાનનેત્રના ધારક, દેવ–મનુષ્યો દ્વારા પૂજ્ય, આઠ મદને નિર્મદ કરી મોહમલ્લને નિર્જિત કરી ગુણ સમૃદ્ધ અનેક ઋદ્ધિઓના ધારી છે તથા સમસ્ત કર્મોના બળને જર્જરીત કરી નાખેલ છે એ દયાનિધિ દિગંબરાચાર્ય તપમાં બેઠા દશ ધર્મ ધારણ કરતાં પોતાના આત્માના ધ્યાનમાં મગ્ન છે.

તે મહા તપસ્વી આચાર્યશ્રીની નજીક પહોંચીને ક્ષુલ્લક મહારાજ અને મારિદત્ત નૃપતિ તે જગત્ પૂજ્ય શ્રીગુરુના ચરણોની વંદના કરી ત્યાં જ ગુરુના ચરણોમાં બેસી ગયા ત્યારે ગુણોના સમૂહ શ્રી સુદત્તાચાર્યએ ધર્મવૃદ્ધિના આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ હર્ષિત–ચિત્ત થઈને મહારાજ મારિદત્તે શ્રી ગુરુને નમસ્કાર કરી કહ્યું—

સ્વામિન્! મને આપની ભવાવલી સાંભળવાની અભિલાષા છે તથા આ મસ્તક નીચું કરી બેઠેલા ગોવર્ધન શેઠના ભવોની કથા, મારા સંસારભ્રમણની કથા, ભૈરવાનંદના સંસારની કથા, ચંડમારી દેવી, યશોધર રાજા, ચંદ્રમતિ મહારાણી તથા મહા અવગુણોની ખાણ દુશ્ચારિણી પાપિષ્ઠા જાર–કર્મ–દક્ષા અમૃતાદેવી, યશોમતિ નૃપ તથા કુસુમાવલીના ભવોનું વર્ણન આપ કૃપા કરીને કહો જેથી અમારો સંશય દૂર થાય. તે ઉપરાંત આ ઘોડાના ભવોનું પણ વર્ણન કરો.

આ પ્રકારની મારિદત્તની પ્રાર્થના સાંભળી શ્રી આચાર્ય કહેવા લાગ્યા—

રાજન્! જો તારી એ જ ઈચ્છા છે તો હું કહું છું. તું ચિત્ત લગાવીને સાંભળ જેથી તારા હૃદયમાંથી સંશય–તિમિરનો નાશ થઈ જ્ઞાન–સૂર્યનો પ્રકાશ થાય.

રાજન્! ઉત્તમ ઋદ્ધિયુક્ત પ્રસિદ્ધ ગંધર્વ નામનો દેશ છે જેમાં કસ્તૂરીની સુગંધથી અતિ સુગંધમય અને અતિ ઉન્નત શિખરોની શોભાથી ગંધર્વનગરની શોભાને તિરસ્કાર કરતો ગંધગિરિ નામનો પર્વત છે.

તે પર્વતની ઉપર શુભાચારી મનુષ્યોના નિવાસયુક્ત ગંધર્વપુર નામની નગરી છે જેમાં વૈદર્ભ નામનો રાજા થયો. તે રાજા શત્રુવર્ગનો ઘાતક અને રાજનીતિમાં અતિ નિપુણ ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતો હતો.

તે વૈદર્ભ નામના રાજાની વિંધ્યશ્રી નામની અતિ મનોહરા પતિવ્રતા સ્ત્રી હતી. તે વિંધ્યશ્રી પોતાના અવાજથી કોયલ તથા નિજગતિથી હંસિનીની વિજેતા હતી. તેની રુપ સંપદાને જોઈને દેવાંગના પણ લજ્જિત થતી હતી.

એ વિંધ્યશ્રી રાણીના ગર્ભથી કામદેવ સમાન અનુપમ રૂપનો ધારક સજ્જનો દ્વારા પ્રશંસનીય ગંધર્વસેન નામનો પુત્ર ઉત્પન્ન થયો તથા અતિ કોમળ અને ક્ષીણ શરીર ધરનારી ઉત્તમ લક્ષણોયુક્ત ગંધશ્રી નામની પુત્રી ઉત્પન્ન થઈ.

આ પુત્ર–પુત્રીનું મનોહર યુગલ એવું દૃષ્ટિગત થતું હતું કે માનો વિધાતાએ પોતે તેમનું લાલન–પાલન કરી જગતમાં ઉત્તમ રૂપ–લાવણ્ય યુક્ત બનાવ્યા હોય. તે યુગલ જેવું રૂપવાન હતું તેવું જ સ્વભાવથી સૌમ્ય અને મધુર વચનો દ્વારા લોકોનું મનોરંજન કરતાં હતા. તે બાળયુગલ પોતાની બાળલીલાથી સમસ્ત પુરજન અને પરિજનને પ્રિય હતું.

તે ગંધશ્રી નામની પુત્રી સુકોમલાંગી ગજગામિની મૃદુહાસિની નિજ માતા–પિતાના ચિત્તને આનંદદાયિની હતી. તે રાજા પોતાની પુત્રીને પુત્ર સમાન માનતો રાજ્ય ભોગવતો હતો.

તે વૈદર્ભ નામના નૃપતિને મંત્રવિદ્યા વિશારદ, સર્વ વિદ્યાઓમાં નિપુણ, રાજ્યભાર ચલાવવામાં ચતુર રામ નામનો મંત્રી હતો. તેને રુપ લાવણ્ય ગુણ વિશિષ્ટા પતિવ્રતા અને નિજ પતિની અનુગામિની ચંદ્રલેખા નામની પ્રિય પત્ની હતી. તેના ઉદરથી ઉત્પન્ન થયેલ જિતશત્રુ નામનો પુત્ર પૃથ્વી પર પ્રસિદ્ધ હતો.

તે જિતશત્રુનો ભીમ નામનો નાનો ભાઈ પાપકર્મમાં ચતુર, ભીમ સમાન બળવાન અને કપટ કરવામાં નિપુણ હતો.

રાજન્! તે વૈદર્ભ નામનો રાજા નિજ ચાતુર્ય અને ન્યાયપરાયણતા પૂર્વક કાળ વ્યતીત

કરવા લાગ્યો. એક દિવસ પોતાની સખીઓની સાથી ક્રીડા કરતી પુત્રી ગંધર્વશ્રીને જોઈને પોતાના મનમાં વિચારવા લાગ્યો કે પુત્રી વિવાહને યોગ્ય થઈ ગઈ છે, તેના માટે વર ગોતવો પરમ આવશ્યક છે. આમ વિચારી પોતાની પત્નીને કહેવા લાગ્યો—

પ્રિયે! આજે પુત્રીને જોઈને મને તેના વિવાહની ચિંતા થાય છે અર્થાત્ પુત્રી વિવાહ યોગ્ય થઈ ગઈ છે તો તેના માટે યોગ્ય વરની શોધ કરવી જોઈએ. વર પણ એવો હોવો જોઈએ કે જેવી રુપવતી ગુણવતી અને રૂપ લાવણ્ય ગુણયુક્ત પુત્રી છે.

વિંધ્યશ્રી :—પ્રાણનાથ! આપનું કહેવું સત્ય છે પણ અમે તો પુત્રીના જન્મ અને પાલન–પોષણના અધિકારી છીએ. કન્યા માટે યોગ્ય વરની શોધ કરવી આપના અધિકારમાં છે તેથી આપ જ મંત્રીઓ દ્વારા યોગ્ય વરની શોધ કરો.

વૈદર્ભનૃપ :—પ્રિયે! તારું કહેવું સત્ય છે પણ તને પૂછી લેવું પણ સર્વથા ઉચિત છે.

વિંધ્યશ્રી :—પ્રાણનાથ! આ આપની કૃપા છે પરંતુ હવે આપ જ જે ઉચિત સમજો તેની સાથે પુત્રીનું પાણિગ્રહણ કરાવો.

આ પ્રકારે મહારાણીથી વાર્તાલાપ કરી દ્વારપાળને બોલાવી મંત્રીમંડળને એકત્રિત કરવાની આજ્ઞા આપી. દ્વારપાળે સમસ્ત મંત્રીઓને બોલાવી એકત્રિત કર્યા. રાજાએ તેમને આ પ્રકારે પૂછ્યું—

મંત્રીગણ! આજે પોતાની સખીઓ સહિત ક્રીડા કરતી પુત્રીને જોઈને પુત્રીના વિવાહની ચિંતા ઉત્પન્ન થઈ છે તો આપ લોકો યોગ્ય વરની શોધ કરો.

રામ મંત્રી :—પૃથ્વીનાથ! આપની આજ્ઞા શિરોધારણ કરું છું. જોકે પ્રતાપી રાજાઓના અનેક પુત્ર છે તથાપિ પુત્રીને યોગ્ય વર દૃષ્ટિગત નથી થતો. કારણ કે નીતિ શાસ્ત્રમાં સમસ્ત ગુણયુક્ત વર કહ્યો છે. કહ્યું છે કે ઉત્તમ કુળ, સુંદર લોકપ્રિય સ્વભાવ, નિરોગ શરીર, પૂર્ણ આયુ, લૌકિક અને પારમાર્થિક વિદ્યા, યોગ્ય ધન અને સ્વામિત્વ એ સાતગુણોની પરીક્ષા કરવી. ત્યારબાદ કન્યાનું ભાગ્ય!

સ્વામિન્! ઉપર્યુક્ત ગુણવિશિષ્ટ રાજપુત્ર મારી નજરમાં નથી આવતો કારણ કે ખૂબ શોધ કરતા પણ ક્યાંક કુળ છે તો ગુણ નથી ઈત્યાદિ કોઈમાં પણ સાતે ગુણ જોવામાં નથી આવતા. આથી મારું કહેવું તો એમ છે કે પુત્રી સ્વયં યોગ્ય વરને જોઈને તેના ગળામાં વરમાળા પહેરાવે તો અતિ ઉત્તમ થશે. કારણ કે ગંધશ્રી સ્વયં સામુદ્રિકાદિ અનેક શાસ્ત્રોની જ્ઞાતા છે, તે જ યોગ્ય વરને વરે તો ઉત્તમ છે.

વૈદર્ભ નૃપ :—તો શું સ્વયંવર મંડપ બનાવવો જોઈએ?

રામ મંત્રી :—(હાથ જોડીને) શ્રી મહારાજ! અવશ્ય સ્વયંવર મંડપ બનાવવો પડશે અને સમસ્ત રાજપુત્રોને નિમંત્રણ આપવું પડશે.

આ પ્રકારે રામમંત્રીની વાત સાંભળી મહારાજે અન્ય મંત્રીઓની પણ સંમતિ માંગી તો બધા મંત્રીઓએ પણ રામ મંત્રીની જેમ સ્વયંવર મંડપની સંમતિ આપી.

મહારાજ વૈદર્ભે બધા મંત્રીઓની અનુમતિથી સ્વયંવર કરવાનું નક્કી કરી આજ્ઞા કરી કે સ્વયંવર મંડપની તૈયારી કરાવો તથા રાજપુત્રોને બોલાવવા નિમંત્રણ પત્ર મોકલાવો.

બધા કર્મચારીઓએ જે જેનું કામ હતું તે તેણે પૂરું કર્યું. સ્વયંવર માટે અતિ ઉત્તમ અનેક સ્તંભોનો મંડપ તૈયાર કરી રાજપુત્રોને બેસવા યોગ્ય રમણિક મનોરંજક સ્થાન તૈયાર કર્યું.

અનેક દેશોથી આવેલા રાજપુત્રોનું સ્વાગત રાજકર્મચારીઓએ સર્વ પ્રકારથી અતિ ઉત્તમ કર્યું. પછી જે સમયે સમસ્ત રાજકુમાર પોતપોતાના વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને મંડપમાં બેઠા તે જ સમયે ગંધશ્રી નામની રાજપુત્રીએ પોતાની સખીઓ સહિત સ્વયંવર મંડપમાં આવીને સમસ્ત રાજકુમારો ઉપર દૃષ્ટિ નાખી. તે સમયે વૃદ્ધ ખોજાએ સર્વ રાજકુમારોના નામ, કુળ, ગુણસ્થાન, પરાક્રમ આદિનું વર્ણન કર્યું. પરંતુ રાજપુત્રીના હૃદયમાં એક પણ રાજપુત્રએ પ્રવેશ ન કર્યો પરંતુ રામ નામના મંત્રીનો પુત્ર જિતશત્રુ કે જે યથાર્થમાં જિતશત્રુ જ હતો તેના ગળામાં વરમાળા નાખી.

જે સમયે રાજપુત્રીએ જિતશત્રુના ગળામાં વરમાળા નાખી તે સમયે ન્યાયવાન્ નૃપતિઓ દ્વારા ધન્ય ધન્ય! વાહ વાહ! આ શબ્દ બધી બાજુથી પ્રતિધ્વનિત થવા લાગ્યા.

ત્યારબાદ વિધિપૂર્વક પાણિગ્રહણ થયું તે સમયે શંખ, તુરહી, ભેરી આદિ અનેક વાજિંત્રોના શબ્દથી સર્વ દિશા બહેરી થવા લાગી. એ સિવાય બીજા પણ અનેક પ્રકારના ઉત્સવોથી વિવાહનું કાર્ય સમાપ્ત થયું.

ત્યારબાદ જિતશત્રુ પોતાની પ્રિયા સહિત સુખપૂર્વક મનોરંજક ક્રીડા કરતો કાળ વ્યતીત કરવા લાગ્યો.

એક દિવસ વૈદર્ભ મહારાજ શિકાર માટે અનેક શિકારી આદિ અનેક શસ્ત્રધારી સુભટો અને હિંસક જાનવરો સહિત વનમાં ગયા. ત્યાં હરણના યુગલને ઘાંસ ચરતા જોઈ બાણનું નિશાન લગાવ્યું, તે જોઈ હરણ અને હરણી બંને આ આપત્તિ જોઈ ત્યાંથી ભાગ્યા પરંતુ ભાગીને ક્યાં જઈ શકતા હતા?

રાજાએ પણ તેની પાછળ ઘોડો દોડાવીને બાણ છોડ્યું તો હરણી બાણથી વિંધાઈને જમીન પર પડી ગઈ. તે પ્રાણ રહિત મૃગીને એ દોડતા હરણે જ્યારે ન જોઈ તો દિશા ભૂલીને ચિલ્લાતો આમતેમ ભ્રમણ કરવા લાગ્યો.

તે હરણ નિજ પત્નીના વિરહમાં વ્યાકુળ થઈને ભાન ભૂલીને પોતાના પ્રાણોનો ભય ભૂલીને દોડતો પડતો ચિલ્લાતો અને આંખોથી અશ્રુધારા વહાવતો મૃતક હરણીની પાસે આવ્યો.

તે સમયે હરણની શોકપૂર્ણ અવસ્થા જોઈને રાજા વૈદર્ભનું હૃદય દયારસથી ભીંજાવા લાગ્યું. તે સમયે કરુણારસથી પૂર્ણ, ગર્વ રહિત થતો રાજા વૈદર્ભ પોતાના હૃદયમાં ચિંતવન કરવા લાગ્યો—ધીક્! હું ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈને શારીરિક ક્રિયામાં લંપટ અજ્ઞાની થયો થકો આટલા સમય સુધી ધર્મ–અધર્મ તથા તેના ફળ સુખ–દુ:ખથી અનભિજ્ઞ જ રહ્યો.

ધિક્! મેં વિષયોમાં સુખ માની કોઈ પણ પ્રકારનો પરોપકાર નથી કર્યો પરંતુ નિરપરાધ જીવોની હિંસા કરી ઉલ્ટુ પાપબંધ કર્યો.

રાજા વિચાર કરવા લાગ્યા કે હવે મારે સમસ્ત પાપકર્મોનો ત્યાગ કરી ધર્મ સેવન કરવું જ ઉચિત છે કારણ કે આ વિષયોનું સેવન કરવાથી કલ્પ કાળમાં પણ તૃપ્તિ નથી થતી. આ સિવાય વિષયો વર્તમાનમાં તો ઉત્તમ જણાય છે પરંતુ અંત સમયમાં અતિ વિષમ અને નરકમાં લઈ જવાવાળા છે.

આ પ્રકારે સંસાર, દેહ અને ભોગોથી વિરક્ત થઈને નૃપતિ પોતાને ઘર જઈને સર્વ રાજ્યમંડળને એકત્રિત કરી પોતાના વૈરાગ્યની વાત કરવા લાગ્યા.

જોકે સમસ્ત રાજકર્મચારીગણ અને રાણીવાસ આદિએ રાજાના વૈરાગ્યથી શોકાકૂળ થઈને રાજાને દીક્ષાથી અટકાવવા માટે અનેક પ્રકારના ષડ્યંત્ર રચ્યા પરંતુ વૈરાગ્યવિભૂષિત નૃપતિ કોઈ પણ પ્રકારે ન રોકાયા તથા પોતાના પ્રિય પુત્ર ગંધર્વસેનને રાજ્યાસન સમર્પણ કરી પોતે તપોવનમાં ગમન કરી જૈનાચાર્ય પાસે જિનદીક્ષા ગ્રહણ કરી લીધી.

તે સમયે મહારાણી વિંધ્યશ્રીએ પણ આર્યિકાઓની પાસે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી એક શ્વેત સાડી માત્ર ધારણ કરી ભગવતીના યશને પ્રકાશિત કરતી આર્યિકાના વ્રતને ગ્રહણ કર્યા.

એ વૈદર્ભ મહારાજ સમસ્ત વસ્ત્રાભૂષણાદિ પરિગ્રહનો ત્યાગ કરી પરમ દિગંબરી દીક્ષા ધારણ કરી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ધનથી અલંકૃત થઈ દિશારુપ વસ્ત્ર ધારણ કરી મહામુનિ થયા.

વૈદર્ભ મહારાજ મુનિ થયા પછી ગંધર્વસેન શત્રુઓના માનને મર્દન કરવાવાળા રાજ્યાસન પર બેઠા. તે ગંધર્વસેન ગજરાજ, અશ્વ રથ, પ્યાદા આદિ રાજ્યઋદ્ધિયુક્ત ન્યાય પૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા.

એક દિવસ તે ગંધર્વસેન પોતાની સેના સહિત યત્ન પૂર્વક પવિત્ર અને નિર્મળ ચિત્ત પોતાના પિતા વૈદર્ભમુનિ પાસે ગયા.

તે સમયે વૈદર્ભમુનિરાજ સંન્યાસમાં બેઠા હતા. જે સમયે ગંધર્વસેનને ચતુરંગ સેના સહિત પૂર્ણ તેજયુક્ત જોયો તે સમયે વૈદર્ભમુનિએ પોતાના હૃદયમાં નિદાન કર્યું કે હું મારા વ્રતના પ્રભાવથી આ પ્રકારની ઋદ્ધિનો ધારક ધરાપતિ થાવ.

શ્રી ગ્રંથકર્તા કહે છે કે ધીક્! આ નિદાનબંધને કે જેણે અમૂલ્ય રત્નને તંદુલના તૂષમાં આપી દીધું! જે તપશ્ચરણનાં પ્રભાવથી ઈન્દ્રાદિ પદ તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે તે મહાન ફળદાયક વ્રતના ફળને કિંચિત્ વિભૂતિના લોભમાં વિક્રય કરી નાખ્યું.

ત્યારબાદ તે મિથ્યાત્વથી દૂષિત વૈદર્ભમુનિ આયુના અંતમાં મરણ પ્રાપ્ત કરીને ઉજ્જૈન નગરીમાં યશોર્ધ નામનો રાજા થયો. તે યશોર્ધ નિજ યશથી સમસ્ત દિગ્મંડળને પૂરિત કરતો હતો. સમુદ્રાંત પૃથ્વીના સ્વામિત્વનું રાજ્યપટ્ટ પોતાના મસ્તક પર ધારણ કરતો હતો.

વિંધ્યશ્રી (વૈદર્ભની રાણી) જે આર્યિકા થઈ હતી તે ભગવાનના ચરણકમળ પોતાના હૃદયમાં ધારણ કરી તપસ્યા કરી શરીરનું શોષણ કરતી અને મિથ્યાત્વના ઉદયથી ગંગાદિ સરિતાઓમાં તીર્થની કલ્પના કરી સ્નાન કરતી અંત સમય મરણને પ્રાપ્ત થઈ અજિતાંગજ રાજાના ઘરમાં ચંદ્રમતિ નામની પુત્રી થઈ.

તે ચંદ્રમતિ સ્વભાવથી ભોળી અને બુદ્ધિથી મંદ હતી. તેના લગ્ન યશોર્ધ મહારાજ સાથે થયા. ત્યારબાદ તેમને યશોધર નામનો પુત્ર થયો.

તે યશોધર પોતાના પરિવારનાં પોષણમાં કલ્પવૃક્ષ સમાન થયો. એક દિવસ જ્યારે યશોર્ધ મહારાજને વૈરાગ્ય ઉત્પન્ન થયો ત્યારે યશોધરને રાજ્યાસન પર સ્થાપિત કરી સમસ્ત રાજ્યભારથી મુક્ત થયા.

ત્યારબાદ યશોર્ધ મહારાજ સમસ્ત પરિવાર અને શરીરાદિથી મોહનો ત્યાગ કરી બાર પ્રકારનું તપ કરી અંત સમય સમાધિમરણ કરી છઠ્ઠા બ્રહ્મોત્તર નામના સ્વર્ગમાં ઋદ્ધિધારક દેવ થયા.

મહારાજ વૈદર્ભની ગંધશ્રી નામની પુત્રી કે જે મંત્રીના પુત્ર જિતશત્રુ સાથે પરણાવી હતી તે પાપકર્મના ઉદયથી પોતાના દેવર (જિતશત્રુનો નાનો ભાઈ) ભીમથી આસક્તચિત્ત થઈને ગુપ્ત રીતિથી ભોગોમાં આસક્ત થઈ ગઈ.

એક દિવસ જિતશત્રુએ ગુપ્ત રીતિથી નિજ પત્ની ગંધશ્રીનું કુત્સિત કર્મ જોઈ લીધું. **સત્ય જ છે કે અશોભન પાપકર્મ કેટલું પણ છુપાવીને કરવામાં આવે પરંતુ કોઈક દિવસ પ્રગટ થઈ જ જાય છે.**

જિતશત્રુએ પોતાની પત્નીનો વ્યભિચાર જ્યારે જોયો કે તરત જ સ્ત્રીઓના ચરિત્ર અને

સંસાર–દેહ–ભોગોથી વિરક્ત થઈને તપોવનમાં જઈને જૈન દિગંબરાચાર્ય પાસે જિનદીક્ષા ધારણ કરી ચિરકાળ તપ કરી અંત સમય સમાધિમરણ કરી ચંદ્રમતિના ગર્ભથી યશોધર નામનો પુત્ર થયો હતો.

તે જ રાજા યશોધર, યશોર્ધ પછી રાજ્ય શાસન કરતો ન્યાયપૂર્વક પ્રજા પાલન કરવા લાગ્યો.

જિતશત્રુની માતા, પોતાની પુત્રવધુના વ્યભિચારના કારણે જિતશત્રુને વૈરાગ્ય થવાનું સાંભળીને, પોતાના પતિ રામ સહિત બ્રહ્મચર્યવ્રત ધારણ કરી અંત સમય સમાધિમરણ કરી દૃઢ બ્રહ્મચર્યના પ્રભાવથી વિજ્યાર્ધગિરિ પર ઉત્પન્ન થયા.

રાજા વૈદર્ભનો પુત્ર જે ગંધર્વસેન હતો તે પણ ગંધશ્રીનું અશોભન કર્મ સાંભળી સ્ત્રીઓના કુત્સિત કર્મની નિંદા કરતો શ્રીમજ્જૈન મતની શિક્ષા ગ્રહણ કરી અનશનાદિ વ્રતનું આચરણ કરી નિદાન સહિત મરણ પ્રાપ્ત કરી તું મારિદત્ત થયો તો હવે તું નિજ આત્માનું સ્વરૂપ જાણી આત્મ કલ્યાણ કર.

રાજન્! મિથિલાપુરી નામની એક નગરીમાં ગુણોના સમૂહથી શોભાયમાન સમ્યક્ત્વરત્નથી વિભૂષિત વ્રતદાનરૂપ કાર્ય અને શ્રુતના અર્થનો ધારક જિનદત્ત નામનો શ્રાવક શેઠ પ્રચૂર દ્રવ્યનો માલિક હતો.

નૃપવર! રાજા યશોધરનો ઘોડો જે જલાવગાહન સમયે મહિષ દ્વારા મરણ પ્રાપ્ત થયો હતો તે જિનદત્તની ગાયના ઉદરથી દૃઢ અને દીર્ઘ શરીરનો ધારી બળદ થયો.

કાળાંતરમાં એક દિવસ જ્યારે તે બળદ મરણ સન્મુખ થયો ત્યારે જિનદત્ત શેઠે તેને પંચ ણમોકાર મંત્ર સંભળાવ્યા. તે બળદે ધ્યાનપૂર્વક ણમોકાર મંત્રનું શ્રવણ કર્યું જેના ફળમાં હે રાજા મારિદત્ત! તારી રુક્મિણી રાણીના શ્રેષ્ઠ ગર્ભથી પૃથ્વી વલયમાં પ્રતાપધારી અને શત્રુઓના માનનો મર્દન કરવાવાળો રિપુમર્દન નામનો પુત્ર થયો.

નૃપવર! રામ મંત્રીનો નાનો દીકરો કે જે પોતાની ભાભી ગંધશ્રી સાથે વ્યભિચાર સેવન કરતો હતો તે પાપકર્મના યોગથી સંસારસમુદ્રમાં પડી પાપિષ્ટ કૂબડો થયો. કુટિલ–ચિત્તા ગંધશ્રી વ્યભિચારરુપ કુત્સિત કર્મથી ક્ષીણ શરીરધારી કાળની કુટિલતા દ્વારા મરણ પ્રાપ્ત કરી વિમલ વાહન રાજાની રાણીના ગર્ભથી અમૃતાદેવી નામની પુત્રી થઈ. તેના યૌવનઆરંભમાં દૈવયોગથી તેનું યશોધર મહારાજથી પાણિગ્રહણ થયું.

નૃપશ્રેષ્ઠ! તે અમૃતાદેવી કે જે પૂર્વ ભવમાં ગંધશ્રી હતી તેણે પૂર્વસંસ્કારથી ભીમનો જીવ કૂબડો થયો તેનાથી ફરી વ્યભિચાર સેવન કર્યું.

રાજન્! હવે તને યશોમતિ અને અભયરુચિકુમારની કહાની કહુ છું.

રામ મંત્રી કે જે મૃત્યુ પામી વિજ્યાર્ધગિરિ ઉપર ઉત્પન્ન થયો હતો તે દિનકર તુલ્ય પ્રતાપનો ધારક, બ્રહ્મચર્ય પૂર્વક અણુવ્રતોનું પાલન કરી સમાધિમરણ કરી શુભ કર્મના યોગથી, યશોધર રાજાની રાણીના ગર્ભથી યશોમતિ નામનો વીર પુત્ર થયો.

રામ મંત્રીની સ્ત્રી જિતશત્રુની માતા કે જે બ્રહ્મચર્યના પ્રભાવથી વિજ્યાર્ધગિરિ ઉપર ચંદ્રલેખા નામની વિદ્યાધરી થઈ હતી તે ધર્મ સેવન કરી અંત સમયે સમાધિમરણ કરી યશોમતિની રાણી કુસુમાવલી થઈ.

સુભટો દ્વારા રક્ષિત અને તીક્ષ્ણ ખુરો દ્વારા ચપળ, પાણી પીતા રાજાના ઘોડાને મહિષેશ્વરે જેવો જોયો કે તરત જ રોષથી ભરાઈને ઘોડાને માર્યો.

આ પ્રકારે મુનિ મહારાજના વચનો સાંભળી મહારાજ મારિદત્તે શ્રી મુનિને નમસ્કાર કરી ફરી પૂછ્યું-સ્વામિન્! મહિષે રાજ-તુરંગને કયા કારણે માર્યો?

શ્રીમુનિ :—રાજન્! આ જીવ પૂર્વ વેરના કારણે એક બીજાનો ઘાત કરતા હોય છે. આ બંનેમાં પૂર્વભવનું વેર હતું અર્થાત્ ઘોડાના જીવે મહિષના જીવનો ઘાત કર્યો હતો. તે જ પૂર્વ વેરનાં કારણે મહિષે ઘોડાને માર્યો.

પૃથ્વીપાલ! જ્ઞાનીજન આ જ કારણે કોઈ જીવથી વેર ધારણ નથી કરતાં કેમ કે જે એકવાર કોઈનો ઘાત કરે છે તે અન્ય જન્મમાં તેના દ્વારા પોતે મૃત્યુ પામે છે.

ધરાનાથ! જે બળદના જીવને શેઠે ણમોકાર મંત્ર સંભળાવ્યા હતા તેના પ્રભાવથી તે સ્ત્રીના ગર્ભથી જન્મ લઈને યૌવનારંભમાં દિનકર સમાન પ્રતાપનો ધારક રાજા થઈને પૃથ્વીનો પાલક તારો પિતા થયો.

રાજન્! તે તારા પિતા ચિરકાળ પર્યંત રાજ્ય પાલન કરી ભગવાન સર્વજ્ઞ વીતરાગના માર્ગનો પથિક બની ભગવતી દીક્ષા ધારણ કરી ફરતાં ફરતાં એક દિવસ તારા નગરના શ્રેષ્ઠ દેવીગૃહ પાસે આવ્યા. ત્યાં તપ કરતાં નિજચિત્તમાં આ પ્રકારે વાંચ્છા કરવા લાગ્યા—હું તપના પ્રભાવથી આ દેવીની વિભૂતિને પ્રાપ્ત કરું.

નૃપવર! તે મિથ્યાદૃષ્ટિએ નિદાન દ્વારા અમૂલ્ય રત્નને કોડિમાં વેચી નાખ્યું અર્થાત્ મરીને મિથ્યાત્વના યોગથી સ્ત્રીની પર્યાયમાં ચંડમારીદેવી થઈ.

તારી માતાનો જીવ સંસારમાં ભ્રમણ કરી મિથ્યાત્વના યોગથી આ ભૈરવાનંદ થયો, જેને તે વારંવાર પ્રણામ કર્યા કે જેની આજ્ઞાથી તે દેવીને બલિ ચડાવવા માટે અનેક જીવોના યુગલ એકત્રિત કર્યા.

હવે આ ભૈરવાનંદ કે જે અધોમુખ કરીને કરુણા રસથી ભરેલા હૃદયે બેઠો છે તે મૃત્યુ પામીને કલ્પવાસી દેવ થશે.

રાજન્! ઉજ્જૈન નગરનો યશોબધ નામનો જગત્પ્રસિદ્ધ પ્રજાપાલક હતો. તે ષટ્દર્શનનો ભક્ત હતો. તેણે અનેક કુદેવોના મઠ બનાવીને તેમાં મૂર્તિની સ્થાપના કરી, અનેક તળાવ બનાવ્યા, અનેક ધર્મશાળા બનાવી જેમાં સહસ્રશઃ તાપસીઓને ભોજન આદિ સામગ્રીથી તૃપ્ત કર્યા.

તે ઉપરાંત ઊંચી ધ્વજા અને શિખરોથી મંડિત રત્નખચિત જિનરાજના મંદિરોની પણ ઉત્તમ પ્રકારે પ્રતિષ્ઠા કરાવી, જૈન સાધુઓને આહારદાન પણ કરાવ્યું અને દુઃખી જીવોને કરુણા કરી ઔષધ–આહારાદિ દાન પણ કર્યું તથા અનેક પ્રકારની ભોગક્રીડા કરતો ચિરકાળ પર્યંત રાજ્ય શાસન કરી પશ્ચાત્ મરણ સમયે મિશ્રભાવના યોગથી મૃત્યુ પ્રાપ્ત કરીને કલિંગ દેશના સ્વામી મહામદથી મદોન્મત ભગદત્ત નામક મહારાજની પત્નીથી સુદત્ત નામનો હું પુત્ર ઉત્પન્ન થયો.

સુદત્ત નામનો હું રાજા રાજ્ય શાસન કરવા લાગ્યો. એક દિવસ કોટવાલે દૃઢ બંધનયુક્ત ચોરને લાવીને મારી સન્મુખ સભાગૃહમાં ઉપસ્થિત કર્યો અને સનમ્ર થઈને આ પ્રકારે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો—

શ્રી મહારાજની જય હો! આજે આ ચોર ખૂબ જ મહેનતથી પકડ્યો છે, આપ તેને યોગ્ય દંડ આપવાની આજ્ઞા આપો.

સુદત્ત મહારાજ (હું) :—આ સમયે આ ચોરને કારાવાસમાં સ્થાપિત કરો પછી વિચાર કરી તેને દંડ દેવામાં આવશે.

આ પ્રમાણે (મારી) આજ્ઞા સાંભળી કોટવાલ ચોરને જેલમાં લઈ ગયો.

સુદત્તાચાર્ય :—રાજન્! કોટવાલ ચોરને લઈ ગયો પશ્ચાત્ મારી બાજુમાં બેઠેલા વિદ્વાન બ્રાહ્મણોને મેં પૂછ્યું કે આ દુષ્ટ ચોરને શું દંડ આપવો ઉચિત છે?

એક બ્રાહ્મણ :—શ્રી મહારાજ! આ ચોરના પહેલાં પગ, કાન, નાક, હાથ કાપવા અને પછી તેનું મસ્તક કાપવું જોઈએ.

બીજો બ્રાહ્મણ :—પૃથ્વીનાથ! જોકે આ ચોરને આ જ દંડ ઉચિત છે છતાં પણ આમ કરવાથી તમે પાપના ભાગીદાર અવશ્ય થશો. માટે આ પાપથી મુક્ત થવાના પ્રાયશ્ચિત્તનો પહેલાં જ વિચાર કરી લેવો આવશ્યક છે.

અન્ય બ્રાહ્મણ :—ધરાનાથ! જોકે આમનું કહેવું સર્વથા સત્ય છે પરંતુ રાજનીતિના વિષયમાં આવો વિચાર નથી કરવામાં આવતો કારણ કે જો તેના અપરાધને યોગ્ય દંડ ન દેવામાં આવે તોપણ તમે પાપના ભાગીદાર બનશો કારણ કે અપરાધીને દંડ આપવો રાજનીતિને અનુસાર

રાજાનો ધર્મ છે અને જો અપરાધને યોગ્ય દંડ નહીં આપવામાં આવે તો સમસ્ત પ્રજા અન્યાયરૂપ પ્રવર્તવા લાગશે.

આ પ્રકારે વિદ્વાન વિપ્રોની વાત સાંભળી હું (સુદત્ત) મનમાં વિચાર કરવા લાગ્યો–અહો! આ સંસારમાં જે કરો તેમાં પાપ છે. જો દંડ આપું તો પાપ અને જો દંડ ન આપું તોપણ પાપ છે તેથી સમસ્ત પાપની જડ આ રાજ્ય જ છે. માટે આ રાજ્યનો જીર્ણ તૃણની જેમ ત્યાગ કરી દિગંબર દીક્ષા ધારણ કરીશ.

આ પ્રકારે વિચાર કરી સમસ્ત રાજ્ય અને પરિવાર આદિથી મમત્વ ત્યાગી નિર્જન વનમાં સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી જૈનેશ્વરી દીક્ષા ધારણ કરી. ત્યારબાદ તીર્થક્ષેત્રાદિકમાં પર્યટન કરતો સંઘ સહિત અનેકવાર આ નગરમાં આવ્યો.

ત્યારબાદ સુદત્તાચાર્યે ભૈરવાનંદને કહ્યું કે તારું આયુષ્ય હવે અલ્પ બાકી છે તેથી તું અણુવ્રતોનું પાલન કર.

ભૈરવાનંદે સંન્યાસ ગ્રહણ કરી બાવીસ દિવસ સુધી ચાર પ્રકારના આહારનો ત્યાગ કર્યો અને સમાધિમરણ કરી ત્રીજા સ્વર્ગમાં દેવ થયો.

અભયરુચિકુમાર ક્ષુલ્લકે પણ તે સમયે ક્ષુલ્લકપણું ત્યાગીને જિનદીક્ષા ધારણ કરી.


અભયમતિ અને કુસુમાવલી બંનેએ આર્યિકાના વ્રત ધારણ કર્યા તથા ચાર પ્રકારની આરાધનાનું આરાધન કરીને તથા બાર પ્રકારનું તપ, પંદર દિવસના સંન્યાસ પૂર્વક સમાધિમરણ કરી બંને પ્રાણ ત્યાગી બીજા સ્વર્ગમાં દેવ થયા. સમ્યક્ત્વના બળથી સ્ત્રી લિંગનો છેદ કરી દેવ થયા.

ત્યારબાદ શ્રી સુદત્તાચાર્ય સિદ્ધગિર પર્વત પરથી સમાધિમરણ કરી સાતમાં સ્વર્ગમાં ગયા.

યશોમતિ રાજા, કલ્યાણમિત્ર શેઠ, અભયમુનિ, મારિદત્ત, ગોવર્ધન શેઠ—તે બધા સંન્યાસ ધારણ કરી, તપ આચરણ કરી બધા સ્વર્ગમાં ગયા.

## યશોધર ચરિત્રની ભવાવલી

* વૈદર્ભ રાજા અને તેની રાણી વિંધ્યશ્રી
* તેમનો પુત્ર ગંધર્વસેન અને પુત્રી ગંધશ્રી
* વૈદર્ભ રાજાનો મંત્રી રામ અને તેની પત્ની ચંદ્રલેખા
* રામમંત્રીના જિતશત્રુ અને ભીમ બે પુત્રો
* વૈદર્ભરાજાની પુત્રી ગંધશ્રીના લગ્ન જિતશત્રુ સાથે થયા.
* ગંધશ્રી પોતાના દેવર ભીમ પ્રત્યે આકર્ષિત થઈ.
* રાજા વૈદર્ભ મરીને યશોર્ધ રાજા થયો.
* રાજા વૈદર્ભની રાણી વિંધ્યશ્રી મરીને ચંદ્રમતિ થઈ.
* રાજા યશોર્ધ અને રાણી ચંદ્રમતિને યશોધર પુત્ર થયો.
* રાજા યશોર્ધ મરીને છઠ્ઠા સ્વર્ગનો દેવ થયો.
* જિતશત્રુની પત્ની ગંધશ્રી મરીને અમૃતાદેવી થઈ.
* જિતશત્રુનો નાનો ભાઈ ભીમ મરીને કુબડો થયો.
* રાજા વૈદર્ભનો પુત્ર ગંધર્વસેન–ગંધશ્રીનો ભાઈ મરીને રાજા મારિદત્ત થયો.
* રામમંત્રીની સ્ત્રી–જિતશત્રુની માતા મરીને ચંદ્રલેખા થયેલ તે મરીને યશોમતિની (રામમંત્રીની) પત્ની કુસુમાવલી થઈ.
* રાજા યશોધરના પુત્ર યશોમતિનો પુત્ર અભયરુચિ થયો–અભયરુચિ રાજા યશોધરનો જીવ હતો.
* રાજા યશોધરની માતા ચંદ્રમતિ મરીને કેટલાક ભવ પછી યશોધરના પુત્ર યશોમતિની પુત્રી અભયમતિ થઈ.
* રાજા યશોધર મરીને કેટલાક ભવ પછી પોતાના પુત્ર યશોમતિનો પુત્ર અભયરુચિ થયો.



| | રાજા યશોધર મરીને શું થયો? | માતા ચંદ્રમતિ મરીને શું થઈ? | કોણે કોને માર્યો |
|---|---|---|---|
| ૧. | મોર | ૧. કૂતરો | કૂતરાએ મોરને,<br>કૂતરાને યશોમતિએ. |
| ૨. | નોળિયો | ૨. સર્પ | પરસ્પર એકબીજાએ. |
| ૩. | મત્સ્ય | ૩. શંશુમાર જળચર | શંશુમારને યશોમતિએ,<br>મત્સ્યને અમૃતાદેવીએ. |
| ૪. | તે જ બકરીથી બકરો | ૪. બકરી | બકરાને બીજા બકરાએ,<br>બકરીને યશોમતિએ. |
| ૫. | પોતાના જ વીર્યથી તે જ બકરીથી ફરી બકરો | ૫. ભેંસો | ભેંસાને યશોમતિએ,<br>બકરાને યશોમતિએ. |
| ૬. | કૂકડો | ૬. કૂકડો | બન્નેને યશોમતિએ. |
| ૭. | અભયરુચિ | ૭. અભયમતિ | મુનિ-અર્જિકા થયા. |
| ૮ | સ્વર્ગનો દેવ | ૮. સ્વર્ગનો દેવ | ભાવિ ભગવાન. |



ॐ

श्री वीतरागाय नमः

આચાર્ય શ્રી જટાસિંહનંદિ વિરચિત

# વરાંગ ચરિત્ર

આ વિશ્વમાં વિનીત નામનો એક દેશ હતો. તે પોતાના ભોગ–ઉપભોગની સંપત્તિને કારણે દેવકુરુ–ઉત્તરકુરુ ભોગભૂમિ સમાન લાગતો હતો. તે દેશમાં મોટા મોટા જ્ઞાની અને ઉદાર પુરુષો નિવાસ કરતા હતા.

આ વિનીત દેશમાં સૌમ્યાચલ નામનો પર્વત હતો. જેના ઊંચા–ઊંચા શિખરો હિમાલય પર્વતની બરાબરી કરતા હતા. આવા આ સૌમ્યાચલ પર્વતમાંથી જગત્ પ્રસિદ્ધ રમ્યા નામની નદી નીકળતી હતી. આ રમ્યા નદીના દક્ષિણ કિનારા પર એક વિશાળ સમતલ ભૂમિખંડ હતો. આ જ સમતલ જગત ઉપર જગત્ પ્રસિદ્ધ રમ્યાતટ નામનું નગર વસ્યુ હતું. રમ્યા નદીના કિનારે આ નગર વસવાથી જ તેનું નામ રમ્યાતટ પ્રસિદ્ધ થયું હતું તોપણ આ નગરની સમૃદ્ધિ અને વિશેષતાઓને જોઈને કુશળ પુરુષોએ તેનું બીજું નામ ઉત્તમપુર રાખ્યું હતું. આ નગરના બીજા પણ અનેક નામ તેના ગુણોને લીધે વિખ્યાત હતા.

આ ઉત્તમપુરના મહારાજ ધર્મસેન વિશ્વમાં વિખ્યાત હતા. તેઓ વિશ્વવિખ્યાત ભોજવંશમાં ઉત્પન્ન થયા હતા. ધર્મ, અર્થ અને કામ–ત્રણે પુરુષાર્થોનું મર્યાદાપૂર્વક પાલન કરવા અને કરાવવામાં કુશળ હતા. પ્રજાનું ન્યાયપૂર્વક પાલન–પોષણ થાય એ વિચાર સદાય તેમના મનમાં ચાલ્યા કરતો હતો. તેને ગુરુજનોની સેવા કરવાનું વ્યસન હતું. પ્રમાદ, અહંકાર, મોહ અને દ્વેષ જેવા અવગુણો તેની બાજુમાં આવતા જ નહીં. તેમને સજ્જનો અને ભલી વસ્તુઓના સંગ્રહનો રોગ હતો. તે મધુરભાષી હોવાની સાથે સાથે નિર્લોભી પણ હતો. સાહસિકતા અને કાર્યકુશળતા તેના રોમ-રોમમાં સમાયેલી હતી. પોતાના બંધુ–બાંધવોનો પરમ હિતૈષી હતો.

મહારાજા ધર્મસેનના અન્તઃપુરમાં ત્રણ સો રાણીઓ હતી. આ બધી રાણીઓ સ્ત્રીયોચિત લજ્જાની મૂર્તિ હતી. વિનમ્રતા અને કુલીનતા તો તેમના રોમેરોમમાં વણાયેલ હતી. આ બધી રાણીઓ પતિને પ્યારી હતી તથા પોતે પણ પતિને ગાઢ પ્રેમ કરતી હતી. બધી જ રાણીઓમાં સમાનતા હતી તેમ છતાં એ બધાયમાં ગુણવતી રાણી એવી ચમકતી હતી કે જેમ તારાઓની વચ્ચે ચંદ્રમા શોભે છે. તેનું શરીર અને મન પરમ પવિત્ર હતા.

પ્રજાપાલક મહારાજ ધર્મસેનના બધા જ મનોરથ પુણ્યના પ્રતાપથી પુરા થઈ જતા હતા. તેમની પ્રાણપ્યારી શ્રેષ્ઠ રાણી ગુણવંતીને વરાંગ નામના પુત્રનો જન્મ થયો. કુમાર વરાંગના જન્મથી માતા–પિતાનો આહલાદ્–સમાતો ન હતો. રાજપુત્રના શરીર ઉપર અનેક શુભ લક્ષણ સ્પષ્ટ દેખાતા હતા. કિશોર અવસ્થાથી વરાંગ સદાય સાચા દેવની પુજા અને મન, વચન, કાયાથી ગુરુનો વિનય કરતો હતો. કુમાર વરાંગ લેખ, વ્યાકરણ, કાવ્ય, સંગીત આદિ બધી કળાઓમાં પારંગત હતો. દિવસ–રાત હાથી–ઘોડાની સવારી અને શસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરવામાં તલ્લીન રહેતો હતો. છળ, કપટ, પ્રમાદ, અહંકાર, લોભ આદિ દુર્ગુણ તેનામાં ન હતા. તે ઉપરાંત શિકાર, જુગાર, વૈશ્યાગમન આદિ સાતે વ્યસનોને પણ બુદ્ધિપૂર્વક છોડી દીધા હતા.

રાજપુત્ર વરાંગના ઉદાર ગુણોનો વિચાર કરીને તથા તેના સુંદર શરીર અને યૌવનના પ્રથમ ઉન્મેષને જોઈને એકાએક માતા–પિતા બંનેને વિચાર આવ્યો કે શું કોઈ રાજકુમારી વરાંગ સમાન સુંદર તથા શરીરથી સ્વસ્થ હશે? જે સમયે રાજા–રાણી ઉક્ત વિચારમાં મગ્ન હતા તે સમયે માનો કે વરાંગના ગુણોથી પ્રેરાઈને નગરનો કોઈ શેઠ રાજમહેલમાં આવી પહોંચ્યો. રાજકુમારને જોઈને તેનો સ્નેહ ઊમટી પડ્યો.

શેઠે મહારાજને પ્રણામ કરીને કહ્યું કે હે મહારાજ! સમૃદ્ધપુરીના એકછત્ર રાજા ધૃતિસેન અપરિમિત વૈભવ અને સંપત્તિના અધિપતિ છે. તે ઉપરાંત જ્યાં સુધી કુલીનતા, સ્વભાવ, સંયમ, તેજ, પરાક્રમ, વિદ્યા, બુદ્ધિ, ધર્મ, કર્તવ્યપાલન, ન્યાય અને નીતિનો સંબંધ છે તે બધા પ્રકારે આપની સમાન જ છે. મહારાજ ધૃતિસેનની અતુલા નામની પટ્ટરાણી છે. તે બંનેને સુનંદા નામની રાજપુત્રી છે જે કાંતિ, કીર્તિ, દયા આદિ સદ્‌ગુણોનો ભંડાર હોવા છતાં પણ અત્યંત વિનમ્ર અને શિષ્ટ છે. તે માનો દેવકન્યા જ પૃથ્વી પર આવી છે.

શેઠના અત્યંત અર્થપૂર્ણ ગંભીર અને મનોહર વચનો સાંભળીને મહારાજે તેનું યથાયોગ્ય આદર–સન્માન કરી વિદાય આપી. શેઠને વિદાય આપીને રાજા પોતાની મંત્રશાળામાં ગયો. મહારાજના બોલાવવાથી અનંતસેન, ચિત્રસેન, અજિતસેન અને દેવસેન નામના પ્રધાન પંડિત મંત્રીઓ મંત્રશાળામાં પહોંચી ગયા. તેઓની કુશળતા પૂછીને પછી મહારાજે ગંભીરતાથી કહ્યું કે—

હે મંત્રીશ્વર! રાજકુમાર સર્વ વિદ્યાઓ, વ્યાયામો, નીતિશાસ્ત્રમાં પારંગત છે. ગુરુજન અને વૃદ્ધજનોની સેવાનો ખૂબ પ્રેમ છે. તે કેટલો બુદ્ધિમાન અને પુરુષાર્થી છે તે તમે લોકો મારાથી વધારે જાણો છો. તેના સાહસ, વીરતા, સેવાપરાયણતા, સહાનુભૂતિ આદિ સદ્‌ગુણ તો એવા છે કે તેને આખી પૃથ્વીનો એકછત્ર રાજા હોવું જોઈએ. અંગેઅંગમાંથી ફૂટતા સૌંદર્યને વિચારતા તે બીજો કામદેવ હોય તેવું લાગે છે. તેથી હવે આપણે તેના વિવાહની ચિંતા કરવી જોઈએ.

મંત્રીઓ પોતે પણ રાજપુત્ર વરાંગને પુત્રસમાન પ્રેમ કરતા તથા આદરપૂર્ણ વ્યવહાર કરતા

હતા. મહારાજના પ્રસ્તાવને અનુરૂપ બધાએ અલગ અલગ પોતાની સંમતી આપી હતી. બધા મંત્રીઓની વાત સાંભળ્યા પછી રાજાએ તેમને મળવા આવેલા શેઠની વાત કહી. રાજાની વાત સાંભળીને બધા એકમત થઈને મહારાજ ધૃતિસેનના નગર પ્રતિ કુમાર વરાંગ સહિત પ્રયાણ કર્યું.

મહારાજા ધર્મસેનના ચારે પ્રધાન મંત્રીઓએ મહારાજ ધૃતિસેન પાસે કુમાર વરાંગના તેમની પુત્રી સાથેના વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. મહારાજ ધૃતિસેને મંત્રીઓના વચનો ઉપર વિચાર કરી તથા પોતાની પુત્રીની યુવાન અવસ્થા નજરમાં રાખી મંત્રીઓને કહ્યું કે તમે કહો છો એમ જ થશે. ત્યારબાદ તુરત જ લગ્નની તૈયારીઓ ચાલુ કરી દીધી.

બધી જ ધાર્મિક તેમજ સામાજિક વિધિ–વિધાનોના વિશેષજ્ઞ રાજાએ ઘરની બધી રીતિઓ તેમજ સંસ્કારોને પૂરા કરીને નિર્ધન અને દુ:ખી લોકોને મનભર દાન આપ્યું. ત્યારબાદ અપાર સંપત્તિ અને ઠાઠમાઠથી રાજકુમારીને પાલકીમાં બેસાડીને મહારાજ ધૃતિસેન ઉત્તમપુર તરફ રવાના થયા.

ચંદ્રમા સમાન સર્વપ્રિય તથા પ્રજાના હિતૈષી મોટા મોટા અન્ય રાજાઓ પણ જાણે કે વરાંગ કુમારના પુણ્યથી પ્રેરાઈને પોત પોતાની અત્યંત ગુણવતી તથા સુંદર કન્યાઓને લઈને ઉત્તમપુર તરફ રવાના થઈ ગયા હતા. આઠે દિશાઓથી અનુક્રમે પુષ્મતિ, યશોવતી, વસુન્ધરા, અનંગસેના, પ્રિયપ્રતાકા, સુકેશીકા, વિશ્વસેના તથા પ્રિયકારિણી ઉત્તમપુર જઈ રહી હતી. ધનદત્ત નગરશેઠ પણ પોતાની પુત્રી લઈને આવ્યા હતા. તે બધી રાજકન્યાઓ સ્વાસ્થ્ય, સદાચાર, શિક્ષા આદિ ગુણો દ્વારા બધી જ રીતે મહારાજ ધૃતિસેનની રાજપુત્રી સુનંદા સમાન જ હતી તથા તેની સમાન જ તેઓનું ચરિત્ર ઉજ્જવળ અને ઉદાર હતું.

મહારાજા ધર્મસેને આ જ અવસર ઉપર કુમાર વરાંગનો યુવરાજ પદ ઉપર અભિષેક કરવાનો નિર્ણય કર્યો હતો. તેથી એમની આજ્ઞાથી રાજભવનના વિશાળ આંગણામાં 'કામકરંડક' નામનો શ્રીમંડપ અત્યંત કલાપૂર્વક બનાવવામાં આવ્યો હતો.

કુમાર વરાંગ સ્વભાવથી જ એટલા સુંદર હતા કે કોઈ પણ વ્યક્તિ રૂપ અને કાન્તિમાં તેમની બરાબરી કરી શકે તેમ ન હતા તોપણ અભિષેક, વિવાહ આદિ માંગલિક કાર્યોને કારણે તે સમયે લેપ લગાવ્યો હતો. જેથી પૂરું શરીર સૌંદર્યથી દૈદીપ્યમાન થઈ ગયું. ત્યારબાદ તેમને મંગળવિધિ માટે સિંહાસન પર બેસાડવામાં આવ્યા અને તેમનો અભિષેક કરવામાં આવ્યો તથા ઉત્તમ મુહૂર્તમાં દશેય કન્યાઓનું વરાંગકુમાર સાથે પાણિગ્રહણ કરાવ્યું. વિવાહ બાદ જેવી રીતે દેવતાઓના અધિપતિ ઈન્દ્ર જાજ્વલ્યમાન મહામણિઓની જ્યોતિથી પ્રકાશમાન પર્વતરાજ સુમેરુ પર જે પ્રકારે આકાશચારિણી અપ્સરાઓ સાથે રમણ કરે છે તે પ્રકારે પૃથ્વીના ઈન્દ્ર મહારાજ

ધર્મસેનના પુત્ર વરાંગકુમાર પોતાની પ્રાણપ્યારીઓ સાથે ઉત્તમ ઉદ્યાનોમાં તેમજ કેલિવનમાં રતિ–વિહાર કરતા હતા.

કોઈ એક સમયે ભગવાન શ્રી નેમિનાથના પ્રધાન ગણધર વરદત્ત મુનિરાજ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ ઉત્તમપુર નગરના મનોહર નામના ઉદ્યાનમાં પધાર્યા. તેમનું આગમન થતા ઉદ્યાનના માળીનું ચિત્ત તેમને જોઈને ગદ્ગદ્ થઈ ગયું. વિના વિલંબે તે તરત જ મહારાજને સમાચાર આપવા ગયો. માળી દ્વારા સમાચાર સાંભળતાં જ ધર્મસેન રાજાએ નગરમાં જાહેરાત કરાવી તથા પોતે પૂરા પરિવાર સાથે વરદત્ત કેવળીની પ્રદક્ષિણા કરીને તેમના ચરણોમાં નમન કર્યું. નમસ્કાર કર્યા બાદ હાથ જોડી વિનયથી ધર્મસેન મહારાજાએ કહ્યું કે હે મહારાજ! મને ધર્મરૂપી અમૃતનું પાન કરાવો.

મનુષ્યોમાં અધિપતિ શ્રી ધર્મસેન દ્વારા ઉક્ત પ્રકારે પૂછવામાં આવતાં, સંસાર- દુઃખોથી તપ્ત જીવોને કલ્યાણમાર્ગનો ઉપદેશ દેવાના ઇચ્છુક ઋષિઓના રાજા શ્રીવરદત્તકેવળીએ શ્રોતાઓ ઉપર અનુગ્રહ કરીને કહેવાનું પ્રારંભ કર્યું.

જે ભવ્યજીવ જૈનધર્મ–શાસ્ત્રરૂપી જળ મત્સર આદિ દોષહીન સદ્બુદ્ધિરૂપી પાત્રમાં આદરપૂર્વક ભરી લે છે અને પરમ શ્રદ્ધાથી પીવે છે અર્થાત્ સમજે છે તે જન્મ–મરણરૂપ સંસાર મહાર્ણવને સરળતાથી પાર કરીને મુક્ત થઈ જાય છે. તેથી જે જીવો પોતાના ઉદ્ધાર માટે વ્યાકુળ છે તે બધાએ ધાર્મિક ચર્ચાઓનું શ્રવણ અને મનન કરવામાં પોતાની રુચિને પ્રયત્નપૂર્વક વધારવી જોઈએ કારણ કે ધર્મના તત્ત્વોનું સતત અનુશીલન કરીને જ આ જીવ જન્મ, રોગ, જરા, મરણ આદિ સમસ્ત સાંસારિક ઉત્પાતોને જીતીને ત્રણે લોકને માટે વંદનીય બને છે.

સમસ્ત પ્રકારના ભયોના ભંડાર આ સંસારમાં અજ્ઞાનથી મોટો બીજો કોઈ ભય નથી. અજ્ઞાનથી વધીને બીજો કોઈ અભેદ્ય અંધકાર આ પૃથ્વી ઉપર નથી. જીવના બધા જ શત્રુઓનો આ મહારાજા છે. કોઈ પણ નિમિત્ત હજારો પ્રયત્નોં કરીને પણ અજ્ઞાનથી અધિક દુઃખ નથી આપી શકતા.

મહાવ્રતના અંકુશનો સંકેત ન માનવાવાળો, મદોન્મત્ત હાથી જેવી રીતે પ્રાણના ગ્રાહક શત્રુઓની સેનામાં ઘુસીને પોતાની ઉપર બેઠેલા યોદ્ધાની સાથે વ્યર્થ પ્રાણ ખોવે છે, તેવી જ રીતે જ્ઞાનરૂપી અંકુશથી રહિત ચિત્તવાળો જીવ વ્યર્થમાં જ જન્મ–મરણના દુઃખ ઉઠાવે છે.

જંગલમાં ચારે બાજુથી લાગેલી દાવાગ્નિથી બચીને નીકળવા પ્રયત્ન કરતો અંધ પુરુષ જેવી રીતે ફરીને પાછો તે અગ્નિમાં જ જઈ પડે છે તેવી જ રીતે આંખો પર અજ્ઞાનરૂપી કાલિમાનો મોટો પડદો પડી જવાથી આ જીવ પણ દુઃખ-જ્વાળાઓમાં જઈ પડે છે.

સંસારમાં અત્યંત પ્રચલિત આ બધા દૃષ્ટાંતોને પોતાની બુદ્ધિરૂપી આંખથી સારી રીતે પરખીને સત્ય શ્રદ્ધાથી યુક્ત સમ્યક્ જ્ઞાની પુરુષાર્થી જીવ દુર્દ્ધર તપ કર્યા વિના જ સાધારણ તપસ્યા કરીને જ પોતાના અંતિમલક્ષ્ય ક્ષાયિક સુખોના સાગર મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

સંસારમાં જે જીવોનું પુણ્ય ક્ષીણ થઈ જાય છે તેમના પર કુમતિનો એકાધિકાર થઈ જાય છે અને તેમને મિથ્યાત્વનો ઉપદેશ જ રુચે છે જેથી તેઓ ધર્માચરણ અને ઉત્તમભાવોના રહસ્યને સમજી શકતા જ નથી. પરિણામે વારંવાર જન્મ–મરણના ચક્રમાં પડીને અનંતકાળ સુધી દુઃખ ભોગવે છે. તેથી, જે જીવોની સદ્‌બુદ્ધિ નષ્ટ નથી થઈ તે જીવ ધર્મોમાં સર્વશ્રેષ્ઠ એવા સત્ય–જૈન ધર્મનો આશ્રય કરે જે ત્રણે લોકના સુખના સારભૂત મોક્ષસુખની પ્રાપ્તિ કરાવે છે અને દુરાચારપૂર્ણ એવા લૌકિક માર્ગને છોડી દે જેમાં સત્યનું નામ પણ નથી.

જે જીવ પ્રતિસમય બીજાની દ્રવ્ય અથવા ભાવ હિંસામાં લાગેલા રહે છે, જેમને ખોટું બોલવામાં જરાય પણ ખચકાટ નથી થતો, બીજાનું ધન ચોરવું જેની આજીવિકા બની ગઈ છે, બીજાની સ્ત્રીઓની આબરુ અને સતીત્વનો ભંગ કરવો જેમનો સ્વભાવ થઈ ગયો છે, વિપરીત શ્રદ્ધા જેના વિવેકને ઢાંકી દે છે, અતિ અધિક આરંભ અને પરિગ્રહ કરવો જેનો વ્યાપાર થઈ જાય છે અને જેમની લેશ્યા–વિચાર અને ચેષ્ટા–અત્યંત કલુષિત થઈ જાય છે એવા જીવો નરકગતિમાં જઈને ઘણા સમય સુધી દુઃખ ભોગવે છે.

સ્પર્શન, રસના આદિ પાંચેય ઇન્દ્રિયોના અત્યંત આકર્ષક અને સુખદાયી જે સ્પર્શ, રસ, ગંધ, રુપ અને શબ્દ–એ પાંચ ભોગ્ય વિષયોને પ્રાપ્ત કરવા માટે જે લોકો નિર્દય અને નીચ કામ કરે છે તે લોકો પોતાના દુષ્કર્મો અને અધર્મોના ભારથી દબાઈને ધડામથી નરકમાં પડે છે.

જે લોકો આ સંસારમાં બીજાની પત્નિઓથી કે અન્ય સ્ત્રીઓથી સંગમ કરવા માટે અધીરા રહે છે તેઓ મરીને જ્યારે નરકમાં પહોંચે છે ત્યારે ત્યાં ઉપસ્થિત અન્ય નારકીઓ તરત જ તેના પર વિષમિશ્રિત લેપ લગાવે છે જેનાથી તેનું આખું શરીર બળવા લાગે છે. બીજાની સ્ત્રીઓથી કામક્રિયા કરવાવાળાને અથવા પરસ્ત્રીથી નિર્દયતાપૂર્વક સંભોગ કરવાવાળાઓને નારકી જીવ તાંબાની સ્ત્રી બનાવીને જબરદસ્તી તેનાથી આલિંગન કરાવે છે જેથી તેનું આખું શરીર બળવા લાગે છે. આ રીતે અતિ અતિ દુઃખો સહન કરવા પડે છે.

**જે જીવો સાંસારિક સંપત્તિ અને ભોગ–ઉપભોગની સામગ્રીને પ્રાપ્ત કરવા માટે આવશ્યક બધા જ કુકર્મો ખૂબ જ ચાવથી અને તત્પરતાથી કરે છે તે જન્મ–જન્માંતરોમાં પ્રાપ્ત થવાવાળા દુઃખોનો પાર નથી પામતા અને લાંબા સમય સુધી નરકગતિમાં જ સબડે છે.**

**જે પુરુષ આ ભવમાં મન દ્વારા સંસારની સમસ્ત વિભૂતિ તથા ભોગોપભોગ સામગ્રી વિષે વિચારતો રહે છે અને માનસિક પરિગ્રહ વધારે છે તે માનસિક-કલ્પનાનો ચક્રવર્તી પણ સીધો નરકમાં જાય છે તે આશ્ચર્યની વાત છે!**

પતંગીયુ, ભમરો, હરણ, માછલી અને મસ્ત હાથી કે જે એક-એક ઇન્દ્રિયના વિષયમાં અત્યંત લંપટ હોય છે તોપણ પરિણામ એમ આવે છે કે પોતાના પરમ પ્રિય વિષયને વગર મેળવ્યે જ પોતે નષ્ટ થઈ જાય છે. તો પછી બધી પાંચેય ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થવાથી જીવનો સમૂળ નાશ થઈ જાય છે તેમાં કઈ અતિશયોક્તિ છે!!!

ઇન્દ્રિયો દ્વારા પદાર્થોનો ભોગ કરવાથી જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખ મધ લગાડેલી તલવાર ચાટવા બરાબર છે! દશ પ્રકારના કલ્પવૃક્ષોને કારણે ભોગભૂમિમાં જે એકાંતિક સુખ પ્રાપ્ત થાય છે તે સુખ પણ વિષમિશ્રિત મીઠા પકવાનના ભોજન સમાન છે! પરંતુ, અનાદિકાળથી બંધાયેલ આઠ કર્મોના બંધનને ખંડખંડ કરી નાખવાના કારણે ત્રણે લોકના ચૂડામણિ સમાન ઉન્નત સ્થાન પર જઈ વિરાજમાન સિદ્ધ જીવોના અતીન્દ્રિય સુખની હે રાજન! કોઈ ઉપમા જ નથી આપી શકાતી! અનુપમ સુખ છે.

વરદત્ત કેવળીના વચનો સાંભળતાં જ કુમાર વરાંગનું મિથ્યાત્વ નાશ થયું અને સાતે તત્ત્વોની સાચી શ્રદ્ધા થઈ. તેણે હાથ જોડીને ભગવાનને કહ્યું કે હે પ્રભુ! હું ઉગ્ર તપસ્યામાં અડગ રહી શકું એટલી શક્તિ મારામાં નથી માટે મને અણુવ્રત આપવા અનુગ્રહ કરો. આપની અસીમ અનુકંપાથી મારી અંતરંગ દૃષ્ટિ ખુલી ગઈ છે તેથી કુમત અને જીવનના પાપમય માર્ગેથી મને પૂર્ણ ઘૃણા થઈ ગઈ છે. આજે મને એવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ કે જેને મનુષ્ય તો શું પણ દેવો પણ દૂષિત નથી કરી શકતા. તેથી હું મારી શક્તિ અનુસાર વ્રત અંગીકાર કરું છું. હે પ્રભુ! મર્યાદાની રક્ષા માટે કરવામાં આવેલ યુદ્ધની હિંસાને છોડીને બાકી બધા પ્રાણીઓ પર મારે દયા ભાવ હો. હે પ્રભુ! બીજાની હિંસા, અસત્ય કે કટુવચન, બીજાની સંપત્તિનું હરણ, નિષ્પ્રયોજન પરિગ્રહનો સંચય તથા બીજાની પત્નિને આલિંગન તથા તેની સાથેના રતિસુખનો હું આજીવન ત્યાગ કરું છું.

કુમાર વરાંગ ભવ્ય હતા તેથી તે પોતાને ધર્મમાર્ગ પર લગાવી શક્યા હતા. અંધને જેમ આંખ મળી જાય કે ભિખારીને ખજાનો મળી જાય તો જેવી ખુશી થાય તેવી જ ખુશી કુમાર વરાંગને આ અણુવ્રત ગ્રહણ કરવાથી થઈ હતી કારણ કે આજ સુધી આવા સુખની કલ્પના પણ તેમણે કરી ન હતી. આવું સુખ જાણ્યું જ ન હતું. વ્રતરૂપી રત્નોને મેળવ્યા બાદ કુમાર વરાંગે કેવળી ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને બીજા મુનિરાજોને પણ પ્રદક્ષિણા-વંદના કરીને પોતાના મહેલ તરફ પ્રયાણ કર્યું.

આ પ્રસંગ પછી યુવરાજ વરાંગના જીવનમાં ઘણું મોટું પરિવર્તન આવી ગયું. તેઓ વહેલા સવારે ઊઠીને સૂર્યોદય પહેલાં સ્નાનાદિ મંગળ કાર્ય કરી અષ્ટદ્રવ્યથી ભગવાનની પૂજા કરવા લાગી જતા. ત્યારબાદ ગુરુઓ અને સાધુઓનો યથાયોગ્ય વિનય કરીને સ્વાધ્યાય કરવા સ્વાધ્યાયશાળા જતા રહેતા હતા. ત્યાં જઈને પણ શાસ્ત્રસ્વાધ્યાય, ચિંતન–મનન, ચર્ચા વગેરે કરતા રહેતા. હવે તેમનું જીવન બદલી ગયું હતું. તેમનું મન શાસ્ત્રના ગૂઢ તત્ત્વને સમજવામાં જ લાગ્યુ રહેતું હતું.

મહારાજ ધર્મસેન રાજસભામાં જ્યારે લોકોને કુમાર વરાંગના સેવાપરાયણતા, ન્યાયનિપુણતા આદિ ઉદાર ગુણોની પ્રશંસા કરતા સાંભળતાં હતા ત્યારે તેમનું મન–હૃદય પ્રસન્નતાના પૂરથી ડોલી ઊઠતું હતું. મહારાજ પોતાના પુત્રના સુકર્મોને જોઈને દિવસે દિવસે તેના ઉપર વધારે ને વધારે અનુરક્ત થયા હતા. તેમના મનનો અભિપ્રાય જાણીને તેમના ચારેય પ્રધાન મંત્રીઓએ રાજા પાસે જઈને તેમની પાસે યુવરાજ વરાંગના રાજ્યાભિષેકનો પ્રસ્તાવ રજુ કર્યો તથા મહારાજના બધા પુત્રોમાં યુવરાજ વરાંગ જ આ રાજ્ય સંભાળવાને યોગ્ય છે એમ પણ કહ્યું. પ્રધાન મંત્રીઓનો વિચાર સાંભળી રાજાએ સહર્ષ તેમના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને રાજ્યાભિષેક કરવાની તૈયારી કરવાની આજ્ઞા આપી.

કુમારના રાજ્યાભિષેક નિમિત્તે આખા નગરને શણગારવામાં આવ્યું. માંગલિક દિવસ આવ્યો ત્યારે રાજાએ કુમાર વરાંગને અત્યંત શોભાયમાન સિંહાસન ઉપર પૂર્વ દિશામાં મોઢું રખાવીને બેસાડ્યો અને મસ્તકાભિષેક કર્યો અને પોતાના પૂરા રાજ્યનો તેમજ સારી સંપત્તિનો અધિકાર રાજા વરાંગને સોંપીને પોતે નિશ્ચિંત થયા. કુમારના રાજ્યાભિષેકથી આખું રાજ્ય આનંદિત હતું. ફક્ત તેના ભાઈઓ કે જેમને રાજ્ય ન મળ્યું તેઓ ખૂબ દુઃખી થયા અને વરાંગની ખૂબ નિંદા કરી. બીજા રાજકુમારો દ્વારા સમજાવવામાં આવતા વધારે ક્રોધિત થયા અને યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા તથા કુત્સિત વચનો બોલવા લાગ્યા ત્યારે પ્રધાન મંત્રીઓએ તે લોકોને ખૂબ સમજાવીને શાંત પાડ્યા.

**સંસારનો એ સુવિખ્યાત નિયમ છે કે વિશેષ પુણ્યાધિકારી પુરુષોની સેવા અને ભક્તિ એ લોકોએ કરવી જોઈએ જે લોકોએ પૂર્વજન્મમાં પુણ્યકર્મ નથી કર્યું.**

રાજા વરાંગનું પુણ્ય વિશાળ હતું. તેમની કીર્તિ દશે દિશાઓમાં દૂર દૂર સુધી ફેલાયેલી હતી. આથી, રાજા વરાંગે પિતા દ્વારા જીતેલી તે પૃથ્વીનું દિગ્વિજય કરવાનું નક્કી કર્યું.

મહારાજા ધર્મસેનની પટ્ટરાણી ગુણદેવી અંતઃપુરની સૌંદર્યગુણોની ખાણ અન્ય રાણીઓ સહિત અંતઃપુરમાં બિરાજમાન હતી કે તે જ સમયે રાજા દ્વારા મોકલેલ કોઈ સેવકે મહારાણીને તેમના પુત્ર વરાંગના રાજ્યાભિષેકની સૂચના આપી. પુત્રની રાજ્યપ્રાપ્તિના સમાચાર સાંભળીને માતા

આનંદવિભોર થઈ ગઈ. જે વ્યક્તિ સમાચાર લઈને આવ્યો હતો તેનું મહારાણીએ વસ્ત્ર, આભૂષણાદિ દ્વારા સન્માન કર્યું. મહારાજની બીજી રાણીઓ પણ આ સમાચાર સાંભળીને પ્રસન્ન થઈ.

આ બધી રાણીઓમાં મૃગસેના નામની રાણી રાજાને અત્યંત પ્રિય હતી. આ સમાચાર સાંભળીને ક્રોધથી એટલી ખિન્ન થઈ ગઈ કે તેણે પોતાનું મોઢું નીચું કરી લીધું અને ત્યાંથી ઊઠીને પોતાના પ્રાસાદમાં જતી રહી. પોતાના પ્રાસાદમાં જઈને રાણી ખૂબ રડી. તેણે વિચાર્યુ કે સંસારમાં એવો નિયમ છે કે જો મોટો દીકરો સુયોગ્ય હોય તો રાજ્ય તેને મળે પણ આ કેમ આમ થયું કે મોટો પુત્ર સુયોગ્ય હોવા છતાં રાજ્ય બીજા પુત્રને કેમ અપાયું?

મૃગસેનાએ પોતાના પુત્રને એકાંતમાં બોલાવ્યો અને કહ્યું કે હે બેટા! વરાંગને રાજ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે એની ખબર તારે જ મેળવી લેવી જોઈતી હતી ને! અગર તને ખબર હતી અને તારી પોતાની કે રાજાની શક્તિ ઓછી સમજીને તું ચૂપ રહ્યો તો તારા પુરુષાર્થ અને પુરુષત્વ બંનેને ધિક્કાર છે. જીવનના મોહમાં પડીને જે વ્યક્તિ હીન પુરુષો સમાન આચરણ કરવા લાગે છે, શક્તિ ઓછી હોવાને કારણે જે પુરુષ પરાક્રમ કરવાનું છોડી દે છે તથા જેના બળ અને પરાક્રમ બીજા લોકો નષ્ટ કરી દે છે તે મનુષ્યને આ પૃથ્વી પર જન્મ લેવાથી શું લાભ? હું જ્યારે જ્યારે ગુણદેવીના સૌભાગ્યને વિચારું છું અને તેના પુત્રની ઉત્કૃષ્ટ વિભૂતિ અને વૈભવનો વિચાર કરું છું ત્યારે ત્યારે ક્રોધની અધિકતાથી મારું માથું ફાટવા લાગે છે અને હવે આ પ્રાણને તો હું જરા પણ રાખી શકું તેમ નથી.

માતા દ્વારા ઉક્ત રીતે લાંછિત થવાથી સુષેણે કહ્યું કે હે માતા! મને આ વાતની ખબર ન હતી તેમ નથી તથા ઓછી શક્તિવાળો છું એમ વિચારીને હું ચૂપ રહ્યો નથી; આ બધું મારા પિતાએ જ કર્યું છે તેમ જાણવા છતાં મેં તો તે સમયે જ યુદ્ધ કરવા તૈયાર થઈને તલવાર કાઢી હતી તથા કેટલાક કુમારોએ પણ મારો સાથ આપ્યો હતો પણ મને પેલા બુઢ્ઢા મંત્રીએ રોકી લીધો હતો.

પોતાના પુત્રની વાત સાંભળીને રાણી મૃગસેનાએ પોતાના વિશ્વસ્ત મંત્રીને બોલાવ્યા. મંત્રી આવતાં પહેલાં તો તેમનો ખૂબ આદર સત્કાર કર્યો, પછી સાહસપૂર્વક કહ્યું કે મારા માતા–પિતાએ તમને અમારી સેવા માટે અહીં મોકલ્યા હતા અને સમય આવતાં તમે એવી જ સહાયતા પણ કરી છે. પરંતુ જે વૃક્ષને તમે આટલી ચિંતા અને મહેનતથી મોટું કર્યું છે તે વૃક્ષને જ હવે કેમ કાપો છો? અગર જો અમે તમારી દૃષ્ટિમાં શુદ્ધ છીએ, અગર જો અમે જો તમારા શુદ્ધ પક્ષપાતી હોઈએ, અગર અમારા કુટુંબીઓ અને મિત્રોએ જો તમારા ઉપર ક્યારેય કોઈ ઉપકાર કર્યો હોય તો તમે આ વરાંગની જગ્યાએ સુષેણને રાજ્ય સિંહાસન પર બેસાડી દો.

મંત્રીની બુદ્ધિ પ્રખર તથા સત્પથ ગામિની હતી એટલે રાણીના નીતિ અને ન્યાયથી

પ્રતિકૂળ જ નહીં અપિતુ સર્વથા યુક્તિહીન વચનો સાંભળીને પણ તેના મનમાં કોઈ પણ જાતના પક્ષપાતની ભાવના જાગી ન હતી. તે અત્યંત દૂરદર્શી હતો તેથી રાણીના વચનો ઉપર ઘણી વાર સુધી મનમાં જ વિચારતા રહ્યા પછી તેણે કહ્યું કે જે વ્યક્તિ પુણ્યાત્માનો નાશ કરવા ચાહે છે તે સૌથી પહેલાં અત્યંત શીઘ્રતાપૂર્વક સ્વયં આ સંસારમાં નિઃશેષ થઈ જાય છે. જે વ્યક્તિના ભાગ્યથી લક્ષ્મી ઉતરી ગઈ છે તેને પ્રયત્ન કરીને પણ ઉચ્ચ પદ પર બેસાડી શકાતો નથી. તેમ જેની લક્ષ્મી પુણ્ય અને પુરુષાર્થને કારણે વધી રહી છે તેની પ્રતિષ્ઠા તથા પદનો નાશ કરવો સંભવ નથી. જેના પલ્લામાં બુદ્ધિ નથી તેના દ્વારા વિચારેલી યોજના નિશ્ચયથી વિનાશના ઉદરમાં સમાય જાય છે. આથી, આપણા બધાનું એમાં જ હિત તથા કલ્યાણ છે કે આપણે રાજા વરાંગના શરણમાં રહીને આપણું જીવન શાંતિથી વ્યતીત કરીએ.

મંત્રી દ્વારા આટઆટલું સમજાવવા છતાં રાણીએ પોતાની વાત ન છોડી અને મંત્રીને અકાર્ય કરવા મજબૂર કર્યો. મંત્રીએ રાણીના પિતા સાથેના પોતાના સંબંધો ઉપર વિચાર કરીને રાણીને કહ્યું કે જો સુષેણના પુણ્ય હજી બાકી હશે તો રાજ–સિંહાસન પર તે જરૂર બેસશે. હું આજથી જ પ્રયત્ન ચાલુ કરી દઉં છું. પછી ઘણી વાર સુધી મંત્રીએ મૃગસેના રાણી અને સુષેણ સાથે એકાંતમાં મંત્રણા કરી. હવે, મંત્રીની એક જ અભિલાષા હતી કે કુમાર સુષેણ ગાદી પર બેસે અને વરાંગના રાજ્યનું શીઘ્રથી શીઘ્ર પતન થાય. તેથી હવે બેસતા, ઉઠતા, ચાલતા, સૂતા આદિ બધી અવસ્થામાં વરાંગના રાજ્યના દુર્બળ અને દૂષિત અંગોને મંત્રી પોતે જ ગોતવામાં પૂરો સમય વિતાવતો હતો.

આ પ્રકારે ઘણા સમય બાદ મૃગતિના એકછત્ર અધિપતિએ યુવા રાજા વરાંગ માટે બે શ્રેષ્ઠ ઘોડા મોકલ્યા હતા. તે બંનેની જાતિ તથા અવયવ ઉન્નત અને શુભ હતા. તેમની અવસ્થા પણ તે સમયે હજી કિશોર હતી. બંનેનું રૂપ અત્યંત આકર્ષક હતું. ઘોડામાં જેટલા પણ શુભ લક્ષણ હોઈ શકે છે તે બધાની તો તે નિવાસ ભૂમિ જ હતા. જ્યારે રાજાએ આ બંને કિશોર ઘોડાને જોયા ત્યારે એકાએક તેઓ બોલી ઉઠ્યા કે આ બંને કિશોરને કોણ સારી રીતે શિક્ષિત કરી શકે છે!

રાજાના આ શબ્દો સાંભળીને મંત્રીને પોતાનું ષડ્યંત્ર કરવાનો મોકો મળી ગયો. તેણે ઊભા થઈને કહ્યું કે મારાથી વધારે ઉત્તમ પ્રકારે જો કોઈ આ કિશોર ઘોડાને શિક્ષિત કરી શકે તેમ હોય તો હું તેની સાથે રહીને ઘોડાને શિક્ષિત કરીશ અને જોઈશ કે કોણ જલ્દી ઘોડાને શિક્ષિત કરે છે. મંત્રીના આવા ઉત્સુકતાપૂર્ણ વચનો સાંભળીને રાજાએ તેને તે બંને ઘોડા સુશિક્ષિત કરવા સોંપ્યા કારણ કે બધા જાણતા હતા કે આ મંત્રીથી વધારે સર્વ શાસ્ત્રોમાં પારંગત કોઈ નથી.

મંત્રીએ વિધિપૂર્વક ચાર માસ સુધી બંને ઘોડાને પાલતુ બનાવીને શિક્ષિત કર્યા. એક ઘોડાને

શુભ ગતિ તરફ આદિ ન્યાયયુક્ત શિક્ષા આપીને સર્વથા ઉપયોગી બનાવ્યો હતો તથા બીજાને છળકપટ કરવાનો અભ્યાસ કરાવીને ભયાવહ બનાવી દીધો હતો.

બંને ઘોડાને શિક્ષિત કર્યા બાદ મંત્રી એક દિવસ ઘોડાને લઈને રાજાની સામે ઉપસ્થિત થયો હતો. નગરની બહાર એક વૃત્તાકાર વિશાળ ક્રિડાક્ષેત્ર હતું ત્યાં રાજા અને પ્રજા નવા ઘોડાઓનું કૌશલ જોવા એકત્રિત થયા હતા. બધાની સામે મંત્રી ત્યાં સીધા ઘોડા ઉપર સવાર થઈને અલગ અલગ ચાલ ચલાવતો હતો. તેને જોતા જ યુવક રાજાનું ચિત્ત તે ઘોડાઓ ઉપર મુગ્ધ થઈ ગયું હતું. રાજા વરાંગ ઘોડાની ચાલ આદિ ક્રિયાઓમાં એટલા નિપુણ હતા કે તે વિષયમાં તેમની બરાબરી બીજો કોઈ કરી જ ન શકે. રાજા વરાંગ ઘોડાની શિક્ષાથી પરમ સંતુષ્ટ થયા હતા. આમ જાણીને મંત્રીએ કહ્યું કે હે મહારાજ! આ બીજો ઘોડો આ પ્રથમ ઘોડાથી પણ અધિક વિશિષ્ટ છે અને તે આપને સવાર થવા યોગ્ય જ છે. આમ કહીને મંત્રીએ પેલો કુશિક્ષિત ઘોડો યુવાન રાજા વરાંગની સમીપ લાવીને ઉપસ્થિત કર્યો.

ભવિતવ્ય એવું જ હતું જેથી ઘોડા પર આરુઢ થવાની તીવ્ર અભિરુચિના કારણે અથવા યૌવનમાં સુલભ આત્મગૌરવની ભાવનાને કારણે જ યુવરાજ વરાંગે તે કુશિક્ષિત ઘોડાની પરીક્ષા કરવું આવશ્યક ન સમજ્યું તથા તે જ સમયે તે ઘોડા ઉપર સવાર થવા માટે ઉદ્યત થઈ ગયા અને તરત જ સવારી માટે અનુપયુક્ત વેશભૂષામાં જ તે ઘોડા ઉપર વિધિપૂર્વક ચડી ગયા અને આશ્ચર્યની વાત છે કે તરત જ ઝડપથી ચલાવવાનું પ્રારંભ કરી દીધું. ઘોડાને તો કુશિક્ષા આપવામાં આવેલ હોવાથી તેને રોકવા માટે જેમ વારે વારે ઘોડાની લગામ ખેંચી તેમ તેમ તે ક્રોધે ભરાઈને ઉદ્દંડ થતો જતો હતો અને તેના ઉપર નિયંત્રણ રાખવું પણ અસંભવ થવા લાગ્યું.

થોડી જ વારમાં તે ઘોડાની ગતિ પવન સમાન તીવ્ર થઈ ગઈ જેથી ધનુષથી છોડેલા બાણની જેમ ખૂબ દૂર નીકળી ગયો. મંત્રીની કુશિક્ષાએ ઘોડાને એટલો બધો દુષ્ટ બનાવી દીધો હતો કે અશ્વચાલનમાં કુશળ રાજા વરાંગ જેમ જેમ તેને પાછો વાળવાની મહેનત કરતા તેમ તેમ તે ઘોડો વધારે ક્રોધે ભરાઈને પોતાની ગતિ જરા પણ ઘટાડતો નહીં. મંત્રીએ આ ઘોડાને ઉલ્ટુ આચરણ કરવાની જ શિક્ષા આપી હોવાથી તેને રોકવા જેટલી મહેનત રાજા કરે એટલો ઝડપથી તે ભાગે. રસ્તામાં અનેક ગામ, ખેર, નગર, રાજ્ય આદિ આવ્યા તેને શીઘ્રતાથી પાર કરી કોઈ અજ્ઞાત દેશમાં એવી રીતે પહોંચી ગયો જેવી રીતે ઉપર તરફ ફેંકેલું જળ નીચે આવે છે.

આ બાજુ તેને બેરોક ભાગતો જોઈને તેનો પીછો કરવા માટે કેટલાય અત્યંત વેગવાળા ઘોડા તેની પાછળ દોડાવ્યા પણ તેઓ તેને એ રીતે પકડી ન શક્યા જેવી રીતે વેગથી ઝપટું મારીને ઉડવાવાળા ગરૂડને આકાશમાં બધા પક્ષીઓ મળીને પણ નથી રોકી શકતા. તે દુષ્ટ ઘોડો

ઊંચા–નીચા રસ્તાઓમાં, ઝાડીઓમાં, જંગલમાં અત્યંત વેગથી જતો હતો જેથી વરાંગનો મુગટ તથા તેના શરીર પરના આભૂષણો પડી ગયા. તેમનું હૃદય વિષાદથી ભરાઈ ગયું હતું. પૂર્ણ શરીર આવેગથી કાંપવા લાગ્યું હતું, ગળું સુકાઈ ગયું હતું.

આટલી વાર સુધી ઘોડાની અત્યંત તીવ્રગતિને સહન કરવાના કારણે રાજાની શક્તિ ધીરે ધીરે ઘટવા લાગી તથા પરાક્રમ અને પુરુષાર્થ પણ ઢીલા પડી ગયા હતા. અંતે ઘાસથી ઢંકાયેલા એક કુવામાં બંને જઈને પડ્યા. પોતાના પૂર્વકૃત અશુભ કર્મોના ઉદયથી કુવામાં પડતા જ ઘોડો મરી ગયો. પરંતુ યુવક રાજાએ પહેલાં જ કોઈ વેલને પકડી લીધી જેથી મૃત્યુથી બચી ગયા અને ધીરે ધીરે કુવાથી બહાર નીકળી આવ્યા. પરંતુ બહાર નીકળતા જ અત્યંત કઠોર સ્થળ પર મૂર્છિત થઈને પડી ગયા. થોડી વારમાં જંગલના ઠંડા પવનને કારણે થાક ઉતરતા ભાનમાં આવીને પોતાની હાલત જોઈને સંસારની અસ્થિરતાની નિંદા કરી.

જ્યારે તેને પોતાના પૂરા પરિવારની યાદ આવી તો હૃદય દુ:ખથી ભરાઈ ગયું અને વિલાપ કરવા લાગ્યો પરંતુ તરત જ તેનું સ્વમાન જાગી ઊઠ્યું કે તે રાજપુત્ર છે. પહેલાં તો મંત્રીની કપટ યાદ કરીને ખૂબ ક્રોધે ભરાયો પણ સંસારની અસ્થિરતા જોઈને વૈરાગ્ય થઈ ગયો. પછી હિંમત કરીને દિશાનું ભાન ન હોવા છતાં ધીરે ધીરે ચાલવા લાગ્યો. થોડી વાર પછી જુએ છે કે એક વાઘ તેનો પીછો કરે છે અને તે અતિ નજદીક આવી ગયો છે ત્યારે તરત જ તે અતિ શીઘ્રતાથી એક વૃક્ષ પર ચડી ગયો અને આખી રાત તે વૃક્ષ ઉપર જ અત્યંત કષ્ટથી વ્યતીત કરી.

વિયોગનો શોક અને ભવિષ્યની ચિંતાઓથી રાજા વરાંગ ઉદાસ હતા. ભૂખ અને તરસથી અત્યંત વ્યાકુળ થઈ ગયા હતા. વૃક્ષ ઉપર આવી વિષમ પરિસ્થિતિમાં એક રાત વિતાવતા તેને લાગ્યું કે કેટલીયે રાત વિતી ગઈ. તે વાઘ પણ તેના માંસની લાલચથી આખી રાત ત્યાંથી ખસ્યો નહીં. તે જ સમયે રાજા વરાંગે જોયું કે એક જંગલી હાથી હાથણીની સાથે જઈ રહ્યો હતો. તેણે વિચાર્યું કે આ હાથી જો અહીં આવે તો વાઘ સાથે યુદ્ધ થાય અને હું અહીંથી નીકળી શકું–તેમ વિચારીને તેણે હાથીને લલકાર્યો. મનુષ્યની લલકાર સાંભળીને હાથી ક્રોધે ભરાઈને તેની તરફ આવ્યો. હાથીને આ તરફ આવતો જોઈને વાઘ ખૂબ ક્રોધે ભરાયો અને ઉછળીને હાથીના ગંડસ્થળ પર પંજો માર્યો. આ રીતે વાઘથી ઘાયલ થતા હાથીનો ક્રોધ પણ અંતિમ સીમાએ પહોંચી ગયો. તેથી તેણે વાઘને નીચે પાડીને દાંતથી મારી નાખ્યો. વાઘને માર્યા બાદ હાથી પણ બીજી બાજુ ચાલ્યો ગયો.

એક મોટું સંકટ ટળ્યાથી રાજાને ઘણો સંતોષ થયો. ભૂખને કારણે રાજાની દુરવસ્થા થઈ ગઈ હતી અને તરસને કારણે ભૂખથી પણ વધારે વ્યાકુળ થઈ ગયા હતા. તેથી તે પુરુષાર્થી

રાજા તરત જ પાણીની શોધમાં નીકળી પડ્યા. હાથીના ચાલવાથી જે રસ્તો બન્યો હતો તે રસ્તો પકડીને રાજા વરાંગ ચાલ્યા ત્યાં થોડે દૂર એક તળાવ જોયું. વિવેકી રાજાએ તળાવ પાસે જઈને પહેલાં પોતાના હાથ-પગ ધોયા અને ત્યારબાદ કમળના પાનથી પાણી પીને પોતાની તરસ શાંત કરી. એક સમય હતો કે જ્યારે રાજા વરાંગ પોતાના મહેલમાં સોના-ચાંદીના પાત્રમાં સુગંધિત અને શીતળ, અપ્સરા સમાન યુવતીઓના હાથે દેવામાં આવેલું પાણી જેટલું જોઈએ એટલું પીતા અને એક સમય અત્યારનો એવો છે કે તે જ રાજાએ એવું પાણી પીધું કે જેમાં સિંહ, વાઘ આદિની લાળ તથા હાથીઓનું મદજળ હોવા ઉપરાંત અપ્રાસુક અને ગાળેલું ન હતું.

આજે રાજા પથરાળ જમીન ઉપર ઉઘાડા પગે ચાલતા હતા અને તેની સામે કોઈ રસ્તો જ ન હતો. પુણ્યકર્મના ઉદયને કારણે જે રાજાને પહેલા પાંચે ઇન્દ્રિયના ભોગ્ય વિષય પરિપૂર્ણ માત્રામાં પ્રાપ્ત થતા હતા, તે જ પુણ્યકર્મોની ફળદાન શક્તિનો ઉદય અટકી જવાથી તે જ રાજા વરાંગ આજે એક ઇન્દ્રિયને શાંત કરવામાં પણ અસમર્થ હતા.

**રાજા વરાંગ જેવા અતુલ તથા અસીમ વૈભવ અને પ્રભુતાના સ્વામીનું કે જેનો પ્રતાપ સૂર્ય સમાન સંપૂર્ણ વિશ્વને આક્રાંત કરી લેતો હોય, પૂર્વપુરુષાર્થ (પુણ્ય)ના નષ્ટ થઈ જવાથી તેમની પણ જેટલી સંપત્તિ હોય છે તે ક્ષણવારમાં લુપ્ત થઈ જાય છે તો પછી સામાન્ય મનુષ્યનું તો કહેવું જ શું કે જે સર્વદા બીજાની આજ્ઞાનું પાલન કરવામાં તત્પર રહે છે, દિવસ-રાત હજારો પ્રકારના ક્લેશ ઉઠાવે છે તથા જેમની આજીવિકાના સાધન અત્યંત નિકૃષ્ટ છે!!!**

યુવક રાજાએ પાણી પીને પોતાની તરસ મટાડી અને શારીરિક થાકને પણ દૂર કરવા સ્નાન કરવાનો નિર્ણય કર્યો હતો. સ્નાન કરવા માટે તે રાજા તળાવમાં ધીરે ધીરે ઉતર્યા. તળાવમાં ઉતરીને રાજાએ પોતાના શરીરને રગડી-રગડીને પોતાની ઇચ્છાનુસાર પૂર્ણ સ્નાન કર્યું. ત્યારબાદ રાજાને તળાવની મધ્યમાં જઈને તરવાની ઇચ્છા થઈ. પોતાના પૂર્વકૃત કર્મનું ફળ ત્યાં તે રૂપમાં મળવાનું હોવાથી ભવિતવ્યતાની પ્રેરણાથી તેમણે તળાવના અગાધ પાણીમાં તરવાનું શરૂ કર્યું. તળાવમાં ઘણા સમય સુધી તરતા રહ્યા બાદ જ્યાં રાજા બહાર નીકળવાનું વિચારીને પાછા ફર્યા કે તરત જ મગરે તેમનો પગ ખૂબ જ જોરથી પોતાના મોઢામાં પકડી લીધો. તેમણે પોતાનો પગ છોડાવવા ઘણી મહેનત કરી પણ ન છોડાવી શક્યા.

**રાજા વરાંગ વિચારવા લાગ્યા કે કોઈ ઉપાયે મહામુશ્કેલીએ વાઘનો ભય દૂર થયો ત્યાં આ બીજી વિપત્તિ ક્યાંથી આવી પડી? પૂર્વ ભવમાં બાંધેલા શુભ કે અશુભ કર્મોનું ફળ જીવને ક્યાંય છોડતા નથી. ભલે પછી તે પોતાના રાજ્યમાં રહે કે પોતાનું રાજ્ય છોડીને બહાર ચાલ્યો જાય! ચાહે તો ધરતી પર જ એક સ્થાનથી બીજા સ્થાને ભાગતો**

**ફરે કે મિત્રો અને સંબંધીઓથી ઘેરાયેલો રહે! ચાહે તો આકાશમાં ઉડી જાય કે ખૂબ જ મજબૂત તળાવઘરમાં છુપાય જાય! કર્મોના ફળની અટલતાની એવી વિધિ છે કે કોઈ પણ કારણ કે યોજનાથી તેનો પ્રતિકાર નથી થઈ શકતો.**

મગરથી બચવું અશક્ય લાગતા તેણે બાર ભાવનાઓનું ચિંતવન ચાલુ કરી દીધું. તેણે પોતાનું ચિત્ત શુભ ધ્યાનમાં લગાડ્યું અને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી તેમની સ્તુતિ કરવા લાગ્યો. આવું ચિંતન–મનન–સ્તુતિ કરતા તેમના ચહેરા પર જરાય પણ આકુળતા દેખાતી ન હતી.

**મહારાજા વરાંગ પોતાના ઉપયોગને બદલીને પોતાના આત્માનું ચિંતન કરવા લાગ્યા. તેઓ વિચારવા લાગ્યા કે આ મગરના મોઢામાંથી છૂટીને મારું બચવું કે મરવું નિશ્ચિત જ છે. હું નકામો જ આકુળતા કરીને નવા કર્મોનો બંધ કરું છું. ક્રમબદ્ધમાં હશે તો હું બચીશ અને મરવાનું હશે તો મરીશ જ, તેમાં કોઈ કાંઈ ન કરી શકે. જો મારું બચવાનું નિશ્ચિત હશે તો કોઈ દેવ આવીને પણ મને મદદ કરશે. હજુ રાગની ઉપસ્થિતિ હોવાથી રાજા વરાંગ બચવા માટે મહેનત કરતા હતા પણ સાથે સાથે વિચારતા હતા કે હું તો ભગવાન પૂર્ણ પરમાત્મા વર્તમાનમાં જ છું. મારે અને આ શરીરને કાંઈ સંબંધ જ નથી તો બીજાથી તો શું સંબંધ!! અરે! કેવળી ભગવાન તો કહેતા હતા કે આ જે રાગાદિ વિકારી પર્યાય છે તેનો પણ હું કર્તા નથી! અરે કર્તા તો નથી પણ વાસ્તવમાં તો રાગાદિ વિકારી પર્યાયનો જ્ઞાતા પણ નથી!!! હું તો માત્ર મારા જ્ઞાનને જ જાણું છું. હું જ જ્ઞાન, જ્ઞાતા ને હું જ જ્ઞેય છું. તો પછી આ મગર દ્વારા મારા ઉપર ઉપસર્ગ એ તો કોઈ વસ્તુ જ નથી. મગરને આ શરીર જોઈએ છે અને મને મારો આત્મા જોઈએ છે, તો પછી ભલે તે આ શરીર જડ–પુદ્‌ગલને લઈ જાય!**

અત્યંત સરળ અને શુદ્ધ અંતઃકરણથી જ્યારે રાજા વરાંગ આ પ્રકારે આત્મસ્તુતિ કરી રહ્યા હતા કે અકસ્માત જ તેમના પૂર્વપુણ્યના ઉદયે અને આયુકર્મ બાકી હોવાથી કોઈ યક્ષિણીની દૃષ્ટિ તેમના પર પડી. કઠોરતમ વિપત્તિમાં પડેલા તથા બધી રીતે વિવશ થવા છતાં પણ પોતાના પુણ્યને ધારી રાખેલ રાજાને જોઈને તેમની સ્ત્રી સહજ કરુણા ઉમટી પડી અને પ્રત્યક્ષ દર્શન આપ્યા વિના તે મગરના મોઢામાંથી વરાંગનો પગ છોડાવ્યો. મગરના મોઢામાંથી પગ છૂટતા જ તે તરત જ તળાવની બહાર આવ્યો. પંચ નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કર્યું અને ચારેબાજુ જોવા લાગ્યો કે કોણે મને બચાવ્યો પણ બાજુમાં કોઈ ન દેખાવાથી વિચાર્યું કે ભવિતવ્યતા બળવાન છે!

રાજા જ્યારે ઉક્ત પ્રકારે વિચારી રહ્યો હતો ત્યારે તેને બચાવનારી દેવી તેના ઉપર પ્રસન્ન થઈને સૂક્ષ્મ રૂપનો ત્યાગ કરીને પોતાના મૂળ સ્વરૂપમાં વરાંગની પરીક્ષા કરવા તેની સામે ઉપસ્થિત થઈ ગઈ. તેની સુંદરતાનું વર્ણન કરવું અશક્ય છે. તેની સુંદરતા અનુપમ હતી. તેણે વરાંગને પાસે આવીને કહ્યું કે હે આર્ય! હું જાણવા ચાહું છું કે તમે ક્યાંથી આવ્યા છો? અહીં

રહેવામાં તમારું શું પ્રયોજન છે? અથવા અહીંથી તમે ક્યાં જશો? અગર જો તમને કોઈ બાધા ન હોય તો આ પ્રશ્નોનો ઉત્તર આપો.

જેના નિર્દોષ અને પૂર્ણરૂપની સાથે સંસારનું અન્ય કોઈ સૌંદર્ય સ્પર્ધા ન કરી શકે એવી રૂપવતીને જોતા જ યુવક રાજા ગંભીર વિચારધારામાં ખોવાઈ ગયા. તેણે વિચાર્યું કે શું આ રૂપરાશિ કોઈ દેવની પ્રાણપ્રિયા છે? મનુષ્ય છે? અથવા કોઈ રાક્ષસીએ મનુષ્યનું રૂપ ધારણ કર્યું છે? સિંહાદિ હિંસક પ્રાણીઓથી ભરેલા આવા જંગલમાં નિડર અને નિશંક થઈને ફરે છે તે કોણ હશે? તે અચાનક ક્યાંથી આવી ગઈ? તે કોની પુત્રી કે પત્ની હશે? તેની એકએક વાતમાં શંકા ઉત્પન્ન થાય છે.

આવી પરિસ્થિતિમાં પેલી સ્ત્રીએ રાજાને કહ્યું કે હે આર્ય! એક વિશાળ રાજ્યના અધિપતિની સંતાન છું. મારું પૂર્વપુણ્ય સમાપ્ત થઈ ગયું છે. જેથી બધું જ ભૂલીને અને બધું જ ખોઈને આ નિર્જન વનમાં એકલી રહું છું. પૂર્વજન્મમાં કોઈ પુણ્ય કર્યા હશે જેના પ્રતાપથી આ અટવીમાં ભટકતાં મને અહીં આપના દર્શન થયા. શું કહું આપને જોતા જ મારું મન અને શરીર આપના વશમાં થઈ ગયા છે. હું અત્યંત દુઃખી છું. સંસારમાં મારે અન્ય કોઈ સહારો નથી. તેથી મને સ્વીકાર કરો. મેં એટલા દારુણ દુઃખ સહન કર્યા છે કે એક પ્રકારથી મારી ચેતના જ નષ્ટ થઈ ગઈ છે. મારું કોઈ ઠેકાણું નથી અને હું મારી વિપત્તિઓનો સામનો નથી કરી શકતી. હવે તમે જ મને મારા શરણદાતા છો. મારો ઉદ્ધાર તમે જ કરી શકો છો.

તે સ્ત્રીને જોતા એવું લાગતું હતું કે તે વિવિધ જ્ઞાન અને સકળ કળાઓમાં પારંગત હોય. સાથોસાથ તે એટલી ધીઠ હતી કે ઉત્તર ન મળવાથી વરાંગને વારંવાર હલાવતી હતી. તેના બળવત્તર સ્પર્શને કારણે અને પોતાના વાળ અને શરીરની રુક્ષતા તથા કપડાની દુર્દશા જોઈને વરાંગ શરમથી નમી ગયો હતો છતાં શરમાતો થોડું બોલ્યો કે હે આર્યે! તમારા પ્રિય વચન નિશ્ચયથી મારા માટે સુભાષિત છે તેથી ગ્રહણ કરવા યોગ્ય થઈ શકે છે, પરંતુ તમે એ પણ જાણો છો કે પ્રિયવાક્યની જેમ સત્યવચન જ શોભા પામે છે. તમે જુઓ છો કે વર્તમાનમાં અહીં મારા નિર્વાહનો જ કોઈ માર્ગ નથી; તેથી હે આર્યે! હું તમારો સહારો કેવી રીતે બની શકું એ તમે જ બતાવો! જે વ્યક્તિ જાગતો હોય તે બીજાને જગાડી શકે અથવા જે સ્થિર હોય તે બીજાની ડગમગ અવસ્થાનો અંત કરી શકે પણ જે સ્વયં સૂતો હોય તે બીજાને કેવી રીતે જગાડે અથવા જેની પોતાની સ્થિતિ ડામાડોળ હોય તે બીજાને કેવી રીતે સ્થિર કરે?

યુવક રાજા વરાંગનો આવો જવાબ સાંભળીને તે પાછી બોલી કે હે આર્ય! તમને આવો જવાબ આપવો શોભા નથી દેતો. આવી વાતો તો એ જ કરે કે જે કપુરુષ છે અથવા તો જેની બધી અભિલાષા તેમજ પ્રેમપિપાસા શાંત થઈ ગઈ હોય. હું તમારા શરણે આવી છું અને તમારામાં અતૂટ ભક્તિ રાખું છું તેથી મારો સ્વીકાર કરો.

કુમાર વરાંગનું યૌવન ચઢાવ ઉપર જ હતું તથા સુંદર–સુભગ તો તેઓ હતા જ, તે ઉપરાંત સામે ઊભી સુંદરીના પ્રિય વચન પણ કામને જગાવવાવાળા હતા તોપણ તેને સાંભળતાં જ રાજકુમારને પોતાની પત્નીમાં જ રતિને કેન્દ્રિત કરવાવાળું 'સ્વદારસંતોષ' વ્રત ગ્રહણ કર્યુ હતું તે યાદ આવ્યું. ફળસ્વરૂપે થોડીવાર વિચાર કરીને રાજાએ તેને કહ્યું કે હે આર્યે! આજથી થોડો સમય પૂર્વે મને પરમપૂજ્ય કેવળીના દર્શનનો લાભ મળ્યો હતો. તે જ સમયે મેં અનેક મુનિઓની સમક્ષ 'સ્વદારસંતોષ' વ્રત ગ્રહણ કર્યું હતું. આ વ્રત મનુષ્યના કામાચારને નિયંત્રિત કરીને તેને સમાધિ તરફ લઈ જાય છે. હું કામી નથી એ વાત નથી તથા પુંસત્વથી રહિત પણ નથી તથા તમારા વિશે વિચારું તો હે સુંદરી! તમે કમનીય યુવતી નથી એવું તો વિચારી જ ન શકાય. સત્ય તો એ જ છે કે હું સ્વદારસંતોષ વ્રતથી ભૂષિત છું અને તમે તો જાણો છો કે કોઈ પણ વ્રતને ગ્રહણ કરીને તોડવું કેટલું નીચ કામ છે?

આ સાંભળીને દેવી પ્રસન્ન થઈ અને તેને વિશ્વાસ થઈ ગયો કે યુવક રાજાની બુદ્ધિ સ્થિર છે અને ગ્રહણ કરેલા વ્રતને પાળવામાં અત્યંત દૃઢ છે. પછી તેણે પોતાનું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ કર્યું અને વરાંગની પરીક્ષા કરી હતી તેની માફી માગી. વરાંગની ઘણી પ્રશંસા કરીને અચાનક આકાશમાં અદૃશ્ય થઈ ગઈ.

આ રીતે યુવક રાજા વરાંગ બે ભય–સંકટથી બચ્યા હતા છતાં હજી એ પ્રશ્ન ઊભો જ હતો કે હવે ક્યાં જવું? કરું તો શું કરું? ઘણું વિચારીને ત્યાંથી આગળ ચાલી નીકળ્યા. રસ્તામાં આગળ વધતા વચ્ચે કોઈ ખાવા લાયક ફળ ખાઈને પોતાની ભૂખ મીટાવી. પોતાના જીવવાના ધ્યેયને સાર્થક કરવા માટે તે આગળને આગળ ચાલ્યા જતા હતા અને તે હાલતમાં તેના એક માત્ર સાથીદાર તેના બે હાથ હતા.

આગળ જતા યુવક રાજા વરાંગને પુલિંદ જાતિના વનવાસીઓએ જોયા. અત્યંત ડરાવણા હજારોની સંખ્યામાં તેઓ ચાલ્યા જતા હતા. વરાંગને જોતા જ તેઓએ પોતાના ડંડા, તલવાર, ધનુષ્ય–બાણ હાથમાં લઈને તેને ચારેય બાજુથી ઘેરી ને બાંધી લીધા. તેઓ વરાંગને બાણની અણી મારતા મારતા પોતાના નિવાસમાં લઈ ગયા. ત્યાં પહોંચીને વરાંગને તેઓના રાજાની ઝૂંપડી પર લઈ ગયા. તે ઝૂંપડીની ચારે બાજુ હાથીના દાંતની વાડ હતી, હરણોના હાડકા, માંસ તથા લાશોથી ભરી પડેલી હતી. બેસવાના મંડપમાં ચરબી, આંતરડા આદિ ફેલાયેલા પડ્યા હતા જેમાંથી એવી દુર્ગંધ આવતી હતી કે જેને ક્ષણવાર માટે દૂરથી સુંઘવું પણ અસંભવ હતું. દુરાચારી, નિર્દય ભીલોથી દુઃખ પામતો બંધનમાં પડ્યો તથા શારીરિક વેદનાના કારણે અત્યંત વ્યાકુળ યુવક રાજા ઘોર ઘૃણાને ઉત્પન્ન કરવાવાળા તથા આંખોમાં શૂળ સમાન ચૂભતા એ ઝૂંપડામાં રાખવામાં આવ્યો.

યુવક રાજા વરાંગ વિચાર કરે છે કે ફળને જાણ્યા વિના પાપમય પ્રવૃત્તિમાં લિપ્ત મારા

દ્વારા પૂર્વજન્મમાં કેવા અશુભ કર્મ થયા હશે કે જેનો ઉદય થતા આટલા કડવા ફળ પ્રાપ્ત થાય છે કે જેથી મને પાપીને આજે પણ સંકટરૂપી ઘાતક તથા ઉન્નત લહેરોથી વ્યાપ્ત આ દુઃખરૂપી સમુદ્રથી છૂટકારો નથી મળતો. કુત્સિત તથા પાપમય કર્મોનું આચરણ કેટલું દુઃખદ અને ભયંકર છે? કુકર્મોનો અંત સર્વદા ખરાબ જ હોય છે. ભગીરથ પ્રયત્ન કરવા છતાં પણ તેને ટાળી નથી શકાતો કારણ કે તેની શક્તિ એવી છે કે જેનો કોઈ પ્રતિરોધ નથી કરી શકતું.

જે સ્થાનમાં તેને બંદી બનાવીને રાખવામાં આવ્યો હતો તે સ્થાન કેવળ અંધારાથી જ બનાવ્યું જણાતું હતું. તેના બધા ખૂણામાં ચામડુ જ ભરેલું હતું. જેમાંથી સડેલી વાસ આવતી હતી. વિવિધ પ્રકારના કિડી, મકોડા અને મચ્છરનો તો અક્ષય ભંડાર હતું. તે ઉપરાંત ભૂખથી શરીર તૂટતું હતું, અપમાનની જ્વાળા શરીરને જલાવી રહી હતી, રસ્સીનું બંધન અંગ અંગમાં બળતું હતું. સ્થાનની ગંધ અને રક્તાદિની ધારા વિકટ વેદનાને ઉત્પન્ન કરતા હતા. આંખની સામે જે કાંઈ આવતું તે અપ્રિય હતું તથા દુઃખ અને ચિંતા પણ અપરિમિત હતી. આ બધા કારણોથી બિચારા યુવક રાજાને એક રાત વિતાવતા એવું લાગ્યું કે માનો હજારો રાત વિતી ગઈ હોય.

સવાર થતાં જ પુલિંદોના અધિપતિના સેવકો, જેમના અંતઃકરણ એટલા મલિન હતા કે તેનાથી દયાની સંભાવના કરવી અશક્ય હતી. રાજા વરાંગને જબરજસ્તી પકડીને વનદેવીના મંદિરે એવી રીતે ઘસડીને લઈ ગયા જેવી રીતે યજ્ઞમાં નિયુક્ત બ્રાહ્મણ યજ્ઞના બકરાને બલિદાન કરવા માટે લઈ જઈ રહ્યા હોય. આ દરમ્યાન પુલિન્દપતિના અનુપમ અને અમિત પરાક્રમી પુત્રને કે જે શિકારની ઇચ્છાથી જંગલમાં જઈ રહ્યો હતો તેને અત્યંત કુપિત મહાવિષૈલા સાંપે ડંખ માર્યો. કારણ કે તેના પગની નીચે સાંપ આવી ગયો હતો. ડંખ લાગતા વિષ એટલા વેગથી પૂરા શરીરમાં ફેલાયું કે તે ભીમકાય પુલિંદ ક્ષણવારમાં જ મૂર્છિત થઈને ધડામથી પૃથ્વીપર પડ્યો. તેના સેવકો તેને તેના પિતાની સમીપ લઈ ગયા. તેનો પિતા ગભરાઈને તરત જ વિષનો પ્રતિકાર ગોતવા માટે વનદેવીના મંદિરે પહોંચ્યો. ત્યાં તેણે રાજા વરાંગને બંધનમાં વિવશ પડેલો જોયો. પુલિંદપતિએ રાજા વરાંગને પૂછ્યું કે શું તને વિષનો ઉપચાર કરતા આવડે છે? રાજા વરાંગે કહ્યું કે હું કોઈનું પણ વિષ ઉતારી શકું છું. આ સાંભળતાં જ પુલિંદપતિએ તેનું બંધન તોડાવ્યું અને તેને પ્રાર્થના કરી કે તેના પર અનુગ્રહ કરીને તેના પુત્રને બચાવે.

રાજા વરાંગ પુલિંદપતિના પુત્રની નજદીક પહોંચીને પરમ ઋષિઓ, શ્રેષ્ઠ યોગિઓ તથા સાધુઓ દ્વારા વિધિવત બતાવેલ મંત્રનો પાઠ કરવાની સાથે શ્રી જિનેન્દ્રભગવાનના સ્તવનોનું પણ ઉચ્ચારણ કરતો યુવક પુલિંદના શરીર પર પાણીના છંટકાવ કરવા લાગ્યો. ધીરે ધીરે થોડી જ વારમાં યુવક પુલિંદ એકદમ જાગૃત થઈ ગયો. આ જોઈને પુલિંદપતિએ ઘણા આગ્રહપૂર્વક પ્રાર્થના કરી કે હે નાથ! અમે તમને ઓળખવામાં ભૂલ કરીને તમને ઘણી તકલીફ આપી છે. અમે

મૂર્ખબુદ્ધિઓએ આપનો અપરાધ કર્યો છે જે ક્ષમા કરો. રાજા વરાંગે તેમને તરત જ સરળતાથી માફ કર્યા જેનાથી ખુશ થઈ ભીલોના સરદારે તેમને ઘણી ભેટ આપીને કહ્યું કે તમારા લાયક ખોરાક ગ્રહણ કરો અને તમારા ઘા રુઝાય જાય પછી જ તમે અહીંથી વિદાય લ્યો.

યુવરાજ વરાંગે કહ્યું કે મને આહારની કે ભેટની જરૂર નથી. મને ફક્ત કોઈ નગર તરફ જતો માર્ગ દેખાડો અને વિદાય આપો જેથી હું જલ્દી કોઈ નગરમાં પહોંચી શકું. પુલિંદરાજના ઈશારાથી ઘણા ભીલો ઘણે દૂર સુધી સાથે જઈને રાજા વરાંગને ઘણા દેશો તરફ જવાવાળો ઉત્તમ માર્ગ દેખાડીને પોતે વનમાં પાછા ફર્યા. ભીલ લોકોના પાછા ફર્યા બાદ રાજા વરાંગ વિચારવા લાગ્યા કે હવે મારે ક્યાં જવું? મારા દેશમાં પાછા ફરવું કે બીજા દેશમાં જવું? તેણે વિચાર્યું કે મારા પૂર્વકૃત કર્મોના વિપાકે રાજ્ય સિંહાસન પરથી ખેંચીને એક ક્ષણમાં જ જે રીતે મને અમિત વૈભવ અને પ્રભુતાથી વંચિત કરી દીધો છે. જો મારું પુણ્ય બાકી હશે તો તે કર્મ જ મને સમય આવતા તે જ પ્રકારે રાજ્ય સિંહાસન ઉપર સ્થાપિત કરશે. વિવિધ વિપત્તિઓ સહવા છતાં પણ તેના આત્મબળની સીમા ન હતી. તેથી પોતાના દેશને બદલે બીજા દેશમાં જવાનો નિર્ણય કરીને પોતાના ઈષ્ટની સિદ્ધિ કરવા માટે એક લાંબા રસ્તા પર ચાલી નીકળ્યો. જ્યાં સૂર્ય અસ્ત થતો ત્યાં કોઈ વૃક્ષ પર ચડી જતો ને રાત વિતાવતો તથા સવાર થતા ઉતરીને ચાલવા લાગતો.

એક દિવસ આવી રીતના જ માર્ગ પર ચાલતા તેને વેપારીઓના કાફલાએ જોયો અને તરત જ તે બધા નિર્દયીઓએ તેને ચારે બાજુથી ઘેરીને રોકી લીધો. તેઓએ રાજાને ખીજાઈને પૂછ્યું કે તું ક્યાં જાય છે? શું જાસૂસી કરે છે? તારું શું પ્રયોજન છે? તારા અધિપતિનું નામ શું છે? અત્યારે તે ક્યાં છે? તેનું નામ શું છે? તેના સૈન્યબળનું પ્રમાણ કેટલું છે? અહીંથી કેટલા યોજન દૂર છે? ઈત્યાદિ બધી વાતનો ઉત્તર આપ.

જવાબ આપતા યુવક રાજા વરાંગે કહ્યું કે ન તો હું કોઈનો ગુપ્તચર છું કે ન હું ધન–સંપત્તિની શોધમાં ફરું છું. ન મારા માનમાં કાંઈ પાપ છે કે ન ચોરી મારી આજીવિકા છે તથા હું કોઈના દ્વારા મોકલેલ કિંકર નથી. તમે એટલો વિશ્વાસ કરો કે ભાગ્યનો માર્યો હું કેવળ નિરુદ્દેશ્ય જ ભ્રમણ કરી રહ્યો છું.

આ ઉત્તરથી તેમને સંતોષ ન થયો એટલે એમણે કહ્યું કે અમે લોકો કાંઈ નથી જાણતા, દોષ અને ગુણોનો વિવેક કરવામાં અમારા પ્રધાન અત્યંત કુશળ છે તેથી તમારા વિષયમાં તેઓ જ નિર્ણય કરશે કારણ કે આવા વિષયમાં શું કર્તવ્ય યુક્તિસંગત થશે તે તેઓ જ સમજે છે. આમ કહીને યુવરાજને પોતાના પ્રધાન પાસે લઈ ગયા. પરિપૂર્ણ યૌવન, સુંદર તથા બંધનથી બંધાયેલા રાજાના શુભ લક્ષણોથી વ્યાપ્ત શરીરને જોઈને જ પ્રધાન સાર્થપતિને તેની કુલીનતાનો વિશ્વાસ થઈ ગયો હતો. તેથી તેણે આજ્ઞા કરી કે આમને તુરંત બંધનથી મુક્ત કરો. આ સેંકડો

સાર્થોના સ્વામી છે, ચોર ન હોઈ શકે. આ કોઈ પ્રબળ પ્રતાપી રાજાનો પુત્ર છે અથવા તો પોતે જ કોઈ મોટો રાજા છે. તેમનું શરીર અને મુખાકૃતિ મનમોહક છે. તે બિચારા આ પ્રકારની આપત્તિમાં કેવી રીતે ફસાઈ ગયા?

સાર્થપતિએ રાજા વરાંગને પૂછ્યું કે હે આર્ય! તમે ક્યાંથી આવી રહ્યા છો? અહીંથી ક્યાં જઈ રહ્યા છો? તમારા માતા–પિતા ક્યાં રહે છે? તમારું ગોત્ર શું છે? જો તમારા ઈષ્ટ કાર્યમાં બાધા ન થતી હોય તો મારા પ્રશ્નોના ઉત્તર આપો.

રાજકુમાર સ્વભાવથી જ બુદ્ધિમાન તથા લોકાચારમાં કુશળ હતા તેથી તેમણે પોતા પર વીતેલી તકલીફો તથા આગળ–પાછળનું કર્તવ્ય વિચારીને ઉત્તરમાં ફક્ત એટલું જ કહ્યું કે મારી વર્તમાન અવસ્થા જ બધુ સ્પષ્ટ કરી દે છે, તો કહેવા માટે બીજો શું પ્રયત્ન કરવામાં આવે! આ બધી વાતોથી શું પ્રયોજન? કૃપા કરીને મને છોડી દ્યો.

યુવક રાજાના અત્યંત સજ્જનતા અને સાધુતાયુક્ત વચનો સાંભળીને સાર્થપતિએ પોતાના સાથીઓની ગોષ્ઠિમાં પ્રસન્નતા અને ઉત્સાહથી જાહેર કર્યુ કે અરે! આની પરમોત્કૃષ્ટ કુલીનતાને તમે લોકો જુઓ તો ખરા! આપણા વિભિન્ન વ્યવહારથી ન તો તેને આશ્ચર્ય થાય છે કે ન તો આપણા અપમાન કરવાથી તેઓ આપણા પર કુપિત થાય છે. આ પ્રકારે તેના ગુણોનું હૃદયથી વખાણ કરતા સાર્થપતિની નજર તેના દુર્બળ તથા કૃષ કપાળ તથા નેત્રો પર અટકી ગઈ. આ જોઈને તેણે આદર અને સ્નેહથી રાજાનો હાથ પોતાના હાથમાં લઈને આગ્રહપૂર્વક પોતાના તંબુમાં લઈ ગયો. તંબુમાં પહોંચતા જ સાર્થપતિએ યુવક રાજાના પગ ધોવા માટે પાણી મંગાવ્યું તથા પોતાની સામે જ તેણે શરીર મર્દન, લેપન આદિ કરાવ્યું. તેણે પોતાના સેવકોને આજ્ઞા કરી કે તેઓ રાજાને સુકુમારતા પૂર્વક જલદી સ્નાન કરાવે. તે ઉપરાંત સાર્થપતિ રાજા માટે સારામાં સારું ભોજન બનાવડાવતો હતો. શરુઆતના થોડા દિવસ તો સાર્થપતિ તેની સાથે જ ભોજન કરતો કે જેથી યુવક રાજાને સંકોચ ન થાય. પાત્રની સુવિધાનુસાર પોતાની શક્તિ પ્રમાણે સાર્થપતિ ઉત્તમોત્તમ વસ્ત્રાભરણ આપતો હતો અને તેમ છતાં કહેતો કે અસુવિધા બદલ ક્ષમા કરજો. આ બધું જોઈને વરાંગ રાજાએ થોડો સમય તેમની સાથે ચાલવાનું નક્કી કર્યું.

સાર્થની રક્ષા મટે બધી દિશાઓમાં નિયુક્ત રક્ષકોએ શીઘ્રતાથી વણિકોની ગોષ્ઠિમાં આવીને તેમના પ્રધાન સાગરવૃદ્ધિને કહ્યું કે આ અંગરક્ષક પોતપોતાની દિશામાં તત્પરતાથી નિરીક્ષણ કરી રહ્યા હતા તથા ભીલોને જોઈને ડરી ગયા. હે સ્વામી! અત્યંત શક્તિશાળી, નિકૃષ્ટતમ નિર્દય, સંભવતઃ ન રોકી શકવા યોગ્ય કાળ તથા મહાકાળ નામથી પ્રસિદ્ધ પુલિંદોના નાયક ભીલોની ચાર હજાર પ્રમાણ ત્રણ સેના સાથે આપણી ઉપર તૂટી પડ્યા છે. આવી સ્થિતિમાં જે કાંઈ હિતકારી હોય તે કરવાની આજ્ઞા આપો.

સર્વ દિશાઓમાં નિયુક્ત રક્ષકોના ઉક્ત સમાચાર સાંભળીને સાર્થપતિ સાગરવૃદ્ધિએ પોતાના વિશ્વસ્ત પુરુષો તથા સ્વામિભક્ત સેવકોને બોલાવી ઉત્સાહવર્ધક પ્રશંસામય વાક્યો વડે ભવિષ્યમાં ઉન્નતિની આશા આદિથી તેમનો સત્કાર કરીને એમને આજ્ઞા કરી કે તેઓ બધા યુદ્ધ માટે અતિશીઘ્ર તૈયાર થઈ જાય. પોતાની સેનાના સુભટોને યુદ્ધ માટે સજ્જતા જોઈને તથા આક્રમણ કરવાવાળી ભીલોની બંને સેનાઓના રાગવાદ્યોનો ધ્વનિ સાંભળીને યુવક રાજા વરાંગે શેઠ પાસે પહોંચીને કહ્યું કે હે સાર્થપતિ! ઢાલની સાથે એક ઉત્તમ તલવાર મને પણ આપવાની કૃપા કરો.

સાર્થપતિએ તેમને સમજાવ્યું કે હે ભદ્રમુખ! પહેલી વાત તો એ કે તમે સુકુમાર યુવક છો, બીજી વાત એ કે ઘણા કષ્ટોને કારણે તમે દુર્બળ અને કૃષ થઈ ગયા છો તથા સંભવતઃ તું નથી સમજતો કે યુદ્ધમાં સામે જવું કેટલું કષ્ટ કારક તથા કઠોર છે. હે વત્સ! હથિયારનું શું કરીશ, મારી સાથે જ તું અહીં બેસ.

સાર્થપતિ અને પુલિંદપતિ બંનેની સેના એવા તીક્ષ્ણ અને ઘાતક શસ્ત્રોથી સજ્જિત હતી જેવું ચંચળ વિજળીનું સ્વરૂપ હોય! કાળ અને મહાકાળ બંને પુલિંદપતિ પોતે પણ અત્યંત બળશાળી અને ઉગ્ર હતા તથા તેમની સાથે બાર હજાર નિર્દય સેના હતી. તે બંને જંગલી હાથીની જેમ બાણોનો વરસાદ વરસાવતા સાર્થપતિની સેના ઉપર તૂટી પડ્યા. સાર્થપતિની સેનાએ પણ ભીલોની સેનાને બાણથી ભેદી નાખી. આ જોઈને બંને–કાળ અને મહાકાળનો ક્રોધ ખૂબ વધી ગયો હતો અને ફળસ્વરૂપે તેઓ અત્યંત રુદ્ર અને ઉદ્દંડ થઈ ગયા હતા. પુલિંદ ભટો અને સાર્થપતિના યોદ્ધાઓના ઘોર યુદ્ધ પહેલાં તો એવું લાગતું હતું કે બંને બરાબરીથી લડે છે, પણ તરત જ પુલિંદોનું જોર વધ્યું અને તેમના દ્વારા દબાવાથી સાર્થપતિના સૈનિક ભયથી આકુળ–વ્યાકુળ થઈને ખરાબ રીતે હારવા લાગ્યા હતા.

સાર્થપતિના યોદ્ધાઓને અચાનક પોતાના ઘર–પરિવાર તથા પોતાની પ્રાણપ્યારીની યાદ આવતા વિચાર્યું કે અમે તો ન્યાયમાર્ગથી ધન કમાઈને શાન્તિપૂર્વક જીવન જીવવાવાળા છીએ; આ જંગલીઓથી યુદ્ધમાં પાર ન પામી શકાય. આમ, વિચારી તેઓએ ખરાબ રીતે ભાગવાનું ચાલુ કર્યું. અત્યંત શક્તિશાળી પુલિંદોની વિજયી સેનાએ સાર્થવાહની સેનાને કીડા–મકોડાની જેમ છિન્ન–ભિન્ન થયા સમજીને પોતાના પુરુષાર્થમાં સફળ થવાના કારણે અસંખ્ય સંપત્તિથી પરિપૂર્ણ સાર્થને 'આ બાજુથી......આ બાજુથી' કહીને લૂંટવાનું, કાપવાનું, મારવાનું ચાલુ કરી દીધું.

આ લૂંટમારમાં લીન ભિલ્લોની સેનાને જોઈને પ્રબળ પરાક્રમી યુવક રાજા વરાંગના ક્ષોભની સીમા ન રહી. જેથી તે અત્યંત ધીઠ સિંહ સમાન આવેશમાં આવીને ભીલો પર તૂટી પડ્યો. યુદ્ધમાં ઉતરેલા આ નીચ પુલિંદોને ગોતી ગોતીને મારીને વિપત્તિમાં પડેલા વણિકોની રક્ષા

અને પાલન કરીશ અથવા લડતો લડતો આ જ નીચ પુલિંદોના સમૂહમાં ઘુસીને તેમના પ્રહારોથી મરીને વીરગતિ ચાલ્યો જઈશ. રાજા વરાંગે આવો નિર્ણય કર્યો ત્યાં જ એક પુલિંદ તેમની સામેથી નીકળ્યો. વરાંગે એક લાત મારીને તેને પૃથ્વી પર ઢાળી દીધો કારણ કે તેમના પરાક્રમનો ન તો કોઈ પ્રતિરોધ કરી શકે એમ હતું અને ન કોઈ સહી શકે એમ હતું! તથા તરત જ તે સિંહસમાન શક્તિશાળી રાજા વરાંગે તે પડી ગયેલા ભીલના હાથમાંથી ઢાલ સહિત તલવાર આંચકી લીધી; પછી શું હતું? શસ્ત્ર ચલાવવામાં કુશળ રાજા ઢંગથી તલવારને ચલાવતા બાણોની વર્ષામાં ઘુસી ગયા, તેમ છતાં પોતાના રણકૌશલ્યને કારણે બાણોને વ્યર્થ કરતા જતા હતા. થોડી જ વારમાં તે પુલિંદપતિના પુત્રની સામે જઈ પહોંચ્યા હતા.

યુવરાજ પુલિંદ–કાળ વ્યવસ્થિત યુદ્ધ કરવાની શિક્ષાથી અછૂતો હતો તેથી તેણે વરાંગ રાજા ઉપર જંગલી મસ્ત હાથીની જેમ આક્રમણ કર્યું. વરાંગે પુલિંદ–પુત્રના આ વારને પોતાની શસ્ત્રવિદ્યા દ્વારા રોકીને સામે એવો પ્રહાર કર્યો કે કાળના પ્રાણપંખેરુ ત્યાં જ તેનું શરીર છોડીને ચાલ્યા ગયા. કાળનો પિતા સાક્ષાત્ યમની પ્રતિમા હોવાથી મહાકાળ તરીકે જાણીતો હતો. તેને જ્યારે પોતાના પુત્રના મૃત્યુના સમાચાર મળ્યા તો અત્યંત ક્રોધે ભરાઈને તે પોતે વરાંગ સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે બંને વચ્ચે થોડી વાર યુદ્ધ ચાલ્યું. પુલિંદનાથ મહાકાળ પોતાના પુત્રના મૃત્યુના કારણે ખૂબ જ ક્રોધમાં હતો પણ યુવક રાજા વરાંગ યુદ્ધકળામાં કુશળ હોવાને કારણે તેને મહાકાળનો કોઈ પ્રહાર ન લાગ્યો. પછી, વરાંગનો ક્રોધ પણ ખૂબ વધ્યો અને મહાકાળ ઉપર એક એવો જ પ્રહાર કર્યો કે ધરતી પર પડી ગયો અને તે પણ તેના પુત્રનો વિયોગ દૂર કરવા તેની પાસે જતો રહ્યો! પોતાના સેનાપતિ મહાકાળનું મૃત્યુ જોઈને બીજા પુલિંદ એટલા ડરી ગયા કે અડધા તો ભાગી ગયા. કેટલાક શરણે આવી ગયા અને બાકીના વરાંગના હાથે તેમના સેનાપતિ મહાકાળને જઈને મળી ગયા–મૃત્યુ પામ્યા!! આ રીતે શત્રુ તથા શત્રુસેનાનું મર્દન કરીને યુવક રાજા વરાંગ પાછા સમરાંગણમાં આવી ગયા. સમરાંગણમાં આવતાં જ પોતાના શરીર પર લાગેલા અનેક ઘાને કારણે વરાંગ રાજા બેહોશ થઈને જમીન પર પડ્યા.

વિજયી રાજા વરાંગના યુદ્ધમાંથી પાછા આવવાના સમાચાર સાંભળીને સાર્થમતિ ખૂબ જ આતુરતાથી તેમને મળવા ભાગતા આવે છે. આવીને જુએ છે કે યુવક વરાંગ ધરતી પર આંખ બંધ કરીને પડ્યો છે. નજદીક આવીને જુવે છે તો ખબર પડી કે હજી બેહોશ જ થયો છે પણ જીવિત છે. બાણ અને તલવારના પ્રહારથી પોતાના શરીરને ભૂષિત કરીને ખૂબ જ પરિશ્રમને કારણે રાજપુત્ર અચેતન થઈને જમીન પર પડ્યો હતો. પરંતુ સ્વભાવથી લાવણ્યથી ભરેલું તેમનું શરીર એ અવસ્થામાં પણ આકર્ષક હતું!

આવી હાલતમાં વરાંગને જોઈને સાર્થપતિ ખૂબ જ દુ:ખી હૃદયે કહેવા લાગ્યા કે હાય

વત્સ! તને શું થઈ ગયું છે? હે શ્રેષ્ઠ! તું કાંઈ બોલ, આમ મૌન ધારણ કરીને આનંદપૂર્વક કેમ ધરતી પર પડ્યો છે? હે ભદ્ર! ઊઠો અને શીઘ્ર અમારા બધા ઉપર કૃપા કરો! હે નાથ! કૃપા કરીને પ્રતિવચન બોલો. ઊઠો, ચાલો! હજી તું બાળક જ છે, અનેક કષ્ટ સહન કરવાને કારણે દુર્બળ અને કૃષ થઈ ગયો છે. કોઈ સાથી પણ નથી, પહેરવા માટે કવચ પણ નથી તોપણ સાધારણ કપડા પહેરીને જ તે એકલાએ જ શત્રુસેનાને મારીને સમાપ્ત કરી દીધી. કોઈ હીન ઈચ્છા વિના અને વિશેષ પ્રયત્ન વિના જ તું મને અધમ–ઋણી બનાવીને આ લોકથી જઈ રહ્યો છે! તું અત્યંત ઉદાર તથા કુશળ છે! તે મારા ઉપર અપાર ઉપકાર કર્યો અને હું કાંઈ ન કરી શક્યો. આ સમયે તું પ્રાણહીન થઈ જઈશ તો હું શું કરીશ? ઈત્યાદિ વાક્યો કહીને સાર્થપતિ અત્યંત કરુણ વિલાપ કરવા લાગ્યા.

આ દરમિયાન બીજા વણિકોએ તેને ચંદનનો લેપ લગાવ્યો, વૈદોએ પણ ઘા પુરવા માટે લેપ લગાવ્યા અને ઠંડી હવા નાખવા લાગ્યા. થોડી વારમાં થાક દૂર થવાથી રાજા વરાંગ ધીમે ધીમે આંખ ખોલી બેઠા થયા. વરાંગને જીવિત જોઈને સાર્થપતિ સાગરવૃદ્ધિના હૃદય સરોવરમાં ખુશીનાં મોજા ઉઠવા લાગ્યા હતા. પોતાના ઉપર કરેલા ઉપકારના બદલામાં વરાંગ માટે કાંઈક કરવાની ભાવના પ્રબળ થતી હતી તેથી ઉત્તમોત્તમ લાખો રત્ન તથા કોટી પ્રમાણ સુવર્ણ લાવીને તે અદ્વિતીય પરાક્રમી વરાંગ રાજાની સામે રાખી દીધા.

ભેટના રુપમાં સામે રાખેલી વિપુલ સંપત્તિને જોઈને પણ વિવેકી વરાંગને જરાય પણ આશ્ચર્ય કે કુતૂહલ ન થયું. કારણ કે તે પોતે કુલીન હતો તથા આનાથી અનેકગણી સંપત્તિનો સ્વામી રહી ચૂક્યો હતો. સાર્થપતિની માનસિક ભાવનાનું અનુમાન કરીને વરાંગે એટલું જ કહ્યું કે તમે આ ધનરાશી તમારા ઈષ્ટ તથા પ્રિયજનોમાં વિતરણ કરી દ્યો. વરાંગની સન્મતિ લોભ દ્વારા જિતાય તેમ ન હતી તેથી તેના કહેવા અનુસાર જ સાર્થપતિએ અન્ય મુખિયાઓને કહ્યું કે જેમ કશ્ચિદ્ભટ–વરાંગ કહે છે તે પ્રમાણે કરો.

સાર્થપતિની સાથે ચાલવાવાળા વૈદ્યોએ ઉત્તમ ઔષધિઓથી વરાંગના ઘા થોડા દિવસોમાં જ ભરી દીધા હતા. ત્યારબાદ, અત્યંત શુભમુહૂર્તમાં સાર્થપતિએ આગળ આવવાવાળા રાષ્ટ્રમાં પ્રવેશ કરવા માટે પ્રયાણ કર્યું. તે સમયે નરેશ્વર વરાંગ પણ સાગરવૃદ્ધિની સાથે એક પાલકી ઉપર ચઢીને ધીરે ધીરે આગળ વધતા હતા. સાર્થની સાથે ચાલવાવાળા નટ, વિટ, યાચક, પુરોહિત આદિ લોકોએ યુવકવીરની વિશાળ કીર્તિને રસ્તામાં આવતા બધા દેશોમાં પ્રસિદ્ધ કરી દીધી. વિભિન્ન ગામ, વિવિધ નગર તથા વિવિધ રાષ્ટ્રમાં યથાસુવિધા પડાવ નાખતો સાગરવૃદ્ધિ સાર્થ કોઈ વિઘ્ન વિના લાભપ્રદ વસ્તુઓનો વેપાર કરતો કરતો ધીરે ધીરે એ નગરમાં જઈ પહોંચ્યો જ્યાંથી તે વેપાર માટે નીકળ્યો હતો.

નગરનો સર્વશ્રેષ્ઠ સાગરવૃદ્ધિ શેઠ અપાર સંપત્તિના ઉપાર્જનરૂપી કાર્યમાં સફળ થઈને પાછા નગરમાં આવી રહ્યાના સમાચાર સાંભળીને આખા નગરના સ્ત્રી–પુરુષ, બાળકો, વૃદ્ધો આદિ બધા લોકો તેનું સ્વાગત કરવા આવી પહોંચ્યા હતા. સાગરવૃદ્ધિની શ્રીમતીજી પણ પોતાના પતિને સફળ યાત્રાથી પાછા ફરેલા પોતાના પતિના સ્વાગત માટે અન્ય સ્ત્રીઓ સાથે આવી હતી. અત્યાર સુધીમાં કશ્ચિદ્‌ભટ (–કોઈ યોદ્ધા–કારણ કે વરાંગનું નામ અત્યાર સુધી અજ્ઞાત છે)ની યશોગાથા આખા નગરમાં ફેલાઈ ગઈ હોવાથી શ્રીમતી સાગરવૃદ્ધિ પણ પોતાની સહેલીઓ સાથે પહેલાં તેને જોવા ગઈ હતી. પવિત્ર સ્નેહાદિ ભાવોથી પરિપૂર્ણ શેઠાણીને જોઈને જ કશ્ચિદ્‌ભટ સંકોચમાં પડી ગયો હતો. તેથી તેને પોતાની માતા સમાન પૂજ્ય માનીને તેમનું આદર કરવા માટે ત્વરાથી ઊભો થઈ ગયો. સાધ્વી શેઠાણીએ પણ તેને પોતાના પુત્રથી પણ અધિક માન્યો હતો. ત્યારબાદ તે પતિપરાયણાએ અત્યંત પ્રસન્ન થઈને પોતાના જીવિતેશની પાસે જઈને શાલીનતા, શિષ્ટાચાર તથા વિનયથી તેમનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ સાર્થપતિએ પણ ખૂબ ઉત્સાહથી પોતાના બંધુ–બાંધવોને, પત્નીઓને, પુત્રોને, મિત્રોને મળીને તેમના કુશળ પૂછ્યા. નગરના બધા મુખ્ય લોકોથી પ્રેમથી મળ્યા બાદ તેઓએ પોતાની યાત્રાના વિવરણના પ્રસંગમાં પુલિંદ સેનાનું આક્રમણથી લઈને કશ્ચિદ્‌ભટ દ્વારા તે બધાનું મૃત્યુ તથા પોતાની જીત સુધીની બધી વાત કરી. યાત્રા વિવરણ સાંભળીને નગરની અઢાર શ્રેણીના પ્રધાન તથા સાગરવૃદ્ધિએ સન્માનપૂર્વક કશ્ચિદ્‌ભટનું નગરમાં સ્વાગત કર્યું તથા ભેટ આપી હતી. જ્યારે સાગરવૃદ્ધિ પોતાના ઘરે પહોંચ્યા ત્યારે તેમણે અત્યંત વાત્સલ્ય અને આદરપૂર્વક કશ્ચિદ્‌ભટને બોલાવીને પોતાના ઘરમાં પડેલી અનેક પ્રકારની અતુલ સંપત્તિ અલગ અલગ કરીને દેખાડી હતી તથા પોતાના પરિવારજનોથી મળાવતાં કહ્યું કે આ તારી બહેનો છે, આ તારા નાના ભાઈઓ છે, આ તારી માતાજી છે, આ તારા સેવક આદિ આશ્રિતજન છે. આ બધા પુત્ર–મિત્ર તથા સમસ્ત સંપત્તિ તારા વશમાં જ છે એમ ભેદભાવ વિના સમજ. સાર્થપતિએ આ રીતે પોતાની મેળે સદાય વધતી પોતાની સ્થાવર તથા જંગમ સંપત્તિ, સજીવ તથા નિર્જીવ વૈભવ આદિ કશ્ચિદ્‌ભટને દેખાડીને પોતાને કૃતકૃત્ય માન્યો હતો. ત્યારબાદ ઘણો સમય પોતાના ઘરમાં કુટુંબીઓની સાથે તેમની વચ્ચે રહીને સુખથી જીવન વ્યતિત કરતો હતો.

આ પ્રકારે પર્યાપ્ત સમય વીતી ગયા બાદ એક દિવસ નગરની શ્રેણીઓના પ્રધાન શેઠ સાગરવૃદ્ધિ શાસ્ત્રથી અનુકૂળ સંયમી તથા વિચારક પોતાના સમવયસ્ક વૃદ્ધોથી મત વિનિમય કરીને પોતાની ધર્મપત્નીને સાથે લઈને કશ્ચિદ્‌ભટના ઘરમાં ગયો. આવશ્યક શિષ્ટાચાર પછી શેઠે કશ્ચિદ્‌ભટની સામે અત્યંત શુદ્ધ પ્રસ્તાવ મૂક્યો કે આ નગરના અનેક પ્રમુખ વ્યવસાયી એવા છે કે જેની સંપત્તિ કરોડોથી અધિક નહીં પણ અસાધારણ છે. તારા સ્વાસ્થ્ય, સૌંદર્ય, સુશિક્ષા

તથા સદાચાર આદિ ગુણોને જોઈને તે બધા પોતાની સુશીલ તથા સ્વસ્થ કન્યાઓને તારી સાથે લગ્ન કરાવવા ઉત્સુક છે. અમારો આગ્રહ છે કે હે વત્સ! તું પણ સ્વીકાર કરી લે.

કશ્ચિદ્‌ભટે શેઠજીને ઉત્તર આપ્યો કે જ્યારે મારા પૂર્વજન્મમાં ઉપાર્જિત ભાગ્યએ મને છોડી દીધો હતો, મારી સંપત્તિ અને વૈભવ નષ્ટ થઈ ગયા હતા, શારીરિક બળનો પાયો પણ હલી ગયો હતો તથા જંગલમાં આમથી તેમ ભટકતો ફરતો હતો ત્યારે કોઈ પુણ્યકર્મના ઉદયે તમારી સાથે મુલાકાત થઈ ગઈ; મારા માટે આટલું જ ઘણું છે. આ બધાથી (કન્યાઓથી) શું થઈ શકવાનું છે?

આ સાંભળીને શેઠજીએ ફરી આગ્રહ કર્યો કે હે પુત્ર! અમારી પાસે જે કાંઈ પણ છે તે બધું તારું જ છે, સંકોચ છોડીને તેનો ભોગ કરો. જેને ચાહો તેને આપો તથા જે પ્રકારની અભિલાષા હોય તે પ્રકારે તેનો ઉપયોગ કરો, પરંતુ જે તેં હમણાં કહ્યું એવું ના કહો.

પિતાતુલ્ય શેઠજી દ્વારા ઉક્ત વચન કહેવામાં આવતા વિનમ્રતાપૂર્વક કુમારે કહ્યું કે હું મનચાહા ખેલ-કુદ કરું છું, શિક્ષિત શિષ્ટ પુરુષોની સાથે જ્ઞાનગોષ્ઠિ કરું છું અને આ રીતે આનંદથી જ સમય પસાર કરું છું. જો મારા જીવનની આ રીત જ ઘણી રોચક હોય અને હું પ્રસન્ન છું તો પછી લગ્ન કરવાથી શું લાભ છે? તેનાથી મને મુક્ત કરો.

આ ઉત્તરના આધારે શેઠ કશ્ચિદ્‌ભટના મનની વાત સમજી શક્યા હતા, તેથી તેમણે વિચાર્યું કે જેવું ચાલે છે તે પ્રકારે જ ચાલવા દેવું. પછી સાર્થપતિએ આમતેમની મનોરંજક વાતો કરીને પાછા આવ્યા અને પોતાના ધર્મ અને કર્તવ્ય પાલનમાં સાવધાનીથી લાગી ગયા હતા.

આ ઘટનાના થોડા દિવસો પછી નગરના બધા વણિક શ્રીમાનોની પુત્રીઓ વિહાર માટે ઉદ્યાનમાં ગઈ હતી. ત્યાં તેમણે ઘણા આદર અને ભક્તિથી કશ્ચિદ્‌ભટને આમંત્રણ આપ્યું હતું. જ્યારે તે ત્યાં પહોંચ્યો ત્યારે તે બધી ઉત્તમ કળશો લઈને તેની બાજુમાં ઊભી થઈ ગઈ અને તેને સાનુનય નિવેદન કરવા લાગી કે તે પણ શેઠ બનવાનું સ્વીકારી લે. આ સાંભળતાં જ વરાંગ વિચારોના વમળમાં ફસાઈ ગયા.

રાજા વરાંગ વિચારવા લાગ્યા કે જુઓ તો ખરા આ કર્મની વિચિત્રતા! આ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કેવો ગજબનો છે! જુઓ, પહેલાં જીવનના પ્રભાતમાં રાજપુત્ર હતો. પછી ધીમે ધીમે રાજકુમાર અવસ્થા પાર કરીને યુવરાજ અવસ્થા પામ્યો અને પછી હું પોતે રાજા થયો. ત્યાં અચાનક રાજસિંહાસન પરથી નીચે પડ્યો અને સીધો જંગલમાં! ત્યાંથી પાછો હવે શેઠ બન્યો! આ કર્મોની વિચિત્રતા તો જુઓ કે પૂર્વના પુણ્યને કારણે રાજા બન્યો! પાપ કર્મના ઉદયે જંગલમાં ગયો! ફરી પાછા પુણ્યના ઉદયે શેઠ બન્યો! કહેવત પણ છે કે "કર્મે રાજા, કર્મે રંક".

**અરે! કેવળી ભગવાન તો કહેતા હતા કે આ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તે વાસ્તવમાં કોઈ વસ્તુ જ નથી. જેમ કે પૂર્વના પુણ્યકર્મના ઉદયના નિમિત્તે મને રાજ્યપદ મળ્યું ન હતું પણ પુણ્યકર્મનો ઉદય થવાની તે સમયની યોગ્યતા જ હતી અને તે સમયે આ વરાંગ કુમારને રાજા બનવાનું નિશ્ચિત જ હતું. પુણ્યકર્મનો ઉદય તો વ્યવહારે નિમિત્ત કહેવાય છે. બસ! બાકી તો દરેક દ્રવ્યની દરેક સમયની યોગ્યતા–તત્સમયની યોગ્યતા જ મુખ્ય કારણ છે.**

**પરદ્રવ્ય મને સુખી કે દુઃખી કરી શકતા જ નથી. વાસ્તવમાં બને છે એવું કે દરેક દ્રવ્યનું દરેક સમયનું પરિણમન અનાદિથી નિશ્ચિત છે અને તે પરિણમનમાં હું અનુકૂળ–પ્રતિકૂળની વિપરીત કલ્પના કરીને સુખ–દુઃખનો અનુભવ કરું છું; પણ તે પરદ્રવ્યનું નિશ્ચિત પરિણમન તો મારા જ્ઞાનનું જ્ઞેય છે. હું તો જાણનાર છું બસ! અરે! કેવળીપ્રભુએ તો એમ પણ કહ્યું કે શુદ્ધ નિશ્ચયથી તો આ પરદ્રવ્યને જાણનારું ઇન્દ્રિયજ્ઞાન–ખંડખંડ જ્ઞાન છે તે પણ પરદ્રવ્ય જ છે. કારણ કે દ્રવ્ય-ઇન્દ્રિયના નિમિત્ત વગર તેને જાણવું થતું નથી! અને હું તો સ્વતંત્ર–સ્વાધીન જ્ઞાતાદૃષ્ટા પૂર્ણ પરમાત્મા છું. હું જ્ઞાયક મને જ જાણું અને જે પરને જાણે તે પરદ્રવ્ય છે! આહાહા! ગજબ વીતરાગી સિદ્ધાંત!**

જ્યારે શેઠની પુત્રીઓને અનુપમ પરાક્રમી કશ્ચિદ્‌ભટની વિચારધારાની ખબર પડી તો તેઓએ મળીને મંગળ કળશો દ્વારા શ્રેષ્ઠિપદની આવશ્યક રીતિઓને પૂરી કરી તથા લલિતનગરના શેઠોની પ્રધાનતાનો દ્યોતક પટ્ટ તેમને બાંધ્યો હતો. આ રીતે કશ્ચિદ્‌ભટ વણિકોનો નેતા બની ગયો હતો.

હવે આપણે ઉત્તમપુરનું દૃશ્ય જોઈએ તો જ્યારે વરાંગને ઘોડો ઉપાડીને ભાગ્યો ત્યારે રાજા ધર્મસેન સહિત અન્ય રાજાઓ, શિષ્ટ રાજપુત્ર, સમસ્ત મંત્રી તથા સેનાપતિ સહિત સૈનિકો પણ તે ઘોડાનો પીછો કરતા ઘણા દૂર સુધી ગયા હતા પણ ઘોડાનો વેગ ખૂબ જ વધારે હોવાથી તે દુષ્ટ ઘોડાને કોઈ રોકી શક્યું ન હતું અને બધાએ રાજ્યમાં ખાલી હાથે પાછા ફરવું પડ્યું હતું. વરાંગને ગોતવામાં અસફળ સૈનિકો પાછા ફરીને કહેતા હતા કે હે મહારાજ! તે દુષ્ટ ઘોડો એટલો પ્રબળ અને કુશિક્ષિત હતો કે તેને વશમાં કરવો અસંભવ હતો. તે ઘોડાને વિપરીત આચરણની શિક્ષા જ આપવામાં આવી હતી.

પાછા ફરેલા સૈનિકોની વાત સાંભળીને રાજાએ પોતાના બધા બુદ્ધિમાન તથા ભક્ત મંત્રીઓને બોલાવ્યા અને કહ્યું કે તમે લોકો સારી રીતે વિચારો કે વર્તમાન રાજમંડળમાં કોણ એવો આપણો શત્રુ છે કે જેણે આ રીતે વરાંગનું અપહરણ કરી લીધું છે. આ અપહરણ શું આપણી વચ્ચે કોઈએ કરાવ્યું છે કે કોઈ બહારના શત્રુએ? આમ મંત્રીઓને વરાંગના અપહરણના વિષયમાં તપાસ કરવા બાબતે આજ્ઞા આપી અને પોતે પણ પોતાના અનેક દૂત દરેક નગરોમાં વરાંગની તપાસ કરવા માટે મોકલી દીધા.

કુમાર વરાંગની શોધ માટે પાછળ ગયેલા ઘણા સૈનિકોને કુવામાં પડેલો મરેલો ઘોડો મળ્યો પણ કુમારના અશુભની આશંકાનું કોઈ ચિહ્ન દેખાતું ન હતું. રસ્તામાં વરાંગના હાથ પગના આભરણ મળ્યા. તેઓએ પાછા ફરીને રાજા ધર્મસેનને બધી વિગત કહી સંભળાવી તથા કુમારના મળેલા કુંડળ આદિ આભરણો બતાવ્યા. પુત્રની વિપત્તિરૂપ હિમપાતને કારણે સર્વદા વિકસિત રાજાનું મુખકમળ પણ મ્લાન થઈ ગયું હતું. તેમના મુખકમળને જોઈને એ કમળની યાદ આવતી હતી જે કમળ થોડા સમય પહેલાં જ પૂર્ણ વિકસિત હતુ પરંતુ તુષારપાન થવાથી થોડા સમયમાં જ મુર્ઝાઈને શ્રીહીન થઈ ગયું હતું. જ્યારે નાગના મસ્તક ઉપરથી મણિ લઈ લેવામાં આવે અથવા મદોન્મત્ત હાથી આગળનો દાંત તોડી નાખવામાં આવે તો પૂરું શરીર બલિષ્ઠ–સ્વસ્થ રહેવા છતાં પણ તેમની શોભા નષ્ટ થઈ જાય છે, તેમ સહજ કાંતિમાન રાજા પુત્રના અપહરણ પછી કાંતિહીન અને નિસ્તેજ પ્રતીત થતો હતો.

આ પ્રકારે મહારાજના નિસ્તેજ થઈ જવાથી કોઈ સાહસ કરીને અંતઃપુરમાં આ સમાચાર આપવા ગયું. ત્યાં જઈને મહારાણી ગુણદેવીને વરાંગ કુમારના બધા સમાચાર આપ્યા. સમાચાર સાંભળતા જ મહારાણી ગુણદેવી 'હા પુત્ર! તને કોણ હરી ગયું?' આમ કહીને બેહોશ થઈને ધરતી પર પડી ગઈ. તેને પડતા જોઈને બધી સેવિકાઓ અને બીજી રાણીઓ દોડી આવી ને શીતોપચાર કરીને રાણીને જગાડવા લાગ્યા. થોડીવારમાં ચેતન પાછું આવતા રાણી કરુણ વિલાપ કરવા લાગી કે હાય દૈવ! આ દુર્ઘટના મારા ઉપર કેમ ન આવી પડી? હે બેટા! તારા વગર જીવીને શું ફાયદો? હે પુત્ર! મારા માટે તું જ ત્રણે લોકની રાજ્યની પ્રાપ્તિથી થવાવાળી પ્રભુતા અને વૈભવથી પણ મોટું સુખ હતો. હા! મેં આવા સુપુત્રને ખોઈ નાખ્યો! હવે તને યાદ કરતા કેવી રીતે જીવું? રાજપદની પ્રાપ્તિને કારણે તારું તે દૈદીપ્યમાન પ્રતાપી સ્વરૂપ હું કેવી રીતે ભૂલું? મેં અન્ય જન્મમાં હરણના બચ્ચાને તેના માતા–પિતાથી દૂર કર્યા હશે! આ સંસારમાં દેહધારી જીવોનો જન્મ લેવો કેટલો રક્ષાહીન છે? કેટલો અનિત્ય છે? કેટલો ભયંકર સારહીન છે તે મેં આજે સારી રીતે અનુભવી લીધું! પૂર્વભવમાં આત્મા જે સારા–ખરાબ કર્મો બાંધે છે તે કર્મોના ફળરૂપે જીવોએ સુખ–દુઃખ અવશ્ય ભોગવવું પડે છે. તેને ન તો કોઈ રોકી શકે કે ન કોઈ વશમાં કરી શકે. મનુષ્ય તો શું પણ દેવ પણ કર્મના ઉદયને રોકી શકતા નથી. આ રીતે હોનહાર પુત્રનો અકસ્માત વિયોગ થઈ જવાથી ઉત્પન્ન થયેલા દુઃખે રાજા–રાણીના સંતાપને અંતિમ સીમાથી પણ આગળ વધારી દીધો હતો.

યુવરાજ વરાંગની અનુપમા આદિ પત્નીઓ શીલ તથા સ્વભાવમાં દેવોના અધિપતિ ઈન્દ્રની ઈન્દ્રાણી સમાન જ હતી. જ્યારે તેમને સમાચાર મળ્યા કે કોઈ દુષ્ટ ઘોડો યુવરાજને લઈને ભાગી ગયો છે તો વિયોગની કલ્પનાથી જ તે અથાગ ભયસમુદ્રમાં ડૂબી ગઈ હતી. વિષાદની તીવ્રતાને

કારણે વિકસિત તથા સુંદર મુખકમલ મ્લાન લાગતા હતા. આંખોમાંથી આંસુઓની ધારા વહેતી હતી. તે હતાશ થઈને યમરાજને સંબોધન કરતી હતી કે હે કૃતાંત! તું એટલો નિર્દય છે કે તને નિશ્ચયથી સ્ત્રી–હત્યાનો દોષ લાગશે કારણ કે તેં અમને અમારા સ્વામીથી અલગ કરી છે. હવે કાં તો અમને ત્યાં લઈ જા જ્યાં અમારા સ્વામી છે અથવા તો તેમને પાછા અમારી પાસે લઈ આવ, નહીં તો નિશ્ચય સમજ કે તારા માથા ઉપર સ્ત્રી–હત્યા જેવા અધમ દોષનો ટીકો લાગશે!!

આ રીતે, વરાંગના માતા–પિતા, પત્નીઓ તથા સમસ્ત રાજ્ય શોકાકુળ થઈને દુઃખ સાગરમાં ઘણા સમય સુધી ડૂબેલું રહ્યું. થોડા સમય બાદ વિવેક જાગૃત થતાં ધર્મ જ એક શરણ છે એવો વિશ્વાસ લાવીને–એવી શ્રદ્ધા કરીને બધા જ ધર્મ કાર્યમાં લાગી ગયા. રાજા પણ પોતે યુવરાજ વરાંગને ગોતવા પૂરી મહેનત કરી રહ્યા હતા.

આ બાજુ વરાંગ રાજા લલિતપુરમાં બાહ્યસુખ તથા આંતરિક દુઃખનાં મિશ્રિત અનુભવને કરતો વિચિત્ર અવસ્થામાં દિવસો વિતાવતો હતો.

આ સમયે મથુરા નામની નગરીમાં ઈન્દ્રસેન નામનો પ્રસિદ્ધ રાજા રાજ્ય કરતો હતો. મહારાજા ઈન્દ્રસેનનો ઉપેન્દ્રસેન નામનો મોટો દીકરો જેને પોતાના પરાક્રમ, સૈન્ય આદિનું ઘણું અભિમાન હતું, તેમની આધીનતા આજુબાજુનાં સમસ્ત સામંત રાજાઓએ સામેથી આવીને સ્વીકારી હતી. તે બંને બાપ–દીકરો સૂર્ય–ચંદ્રની જેમ રાજ્ય કરતા હતા. તેના સૈન્યની કોઈ સમાનતા ન કરી શકતું. આ કારણોને લીધે તેઓ અત્યંત ઉદ્દંડ થઈ ગયા હતા. તેમને પોતાના અનુચરો દ્વારા જાણવા મળ્યું કે લલિતપુરના રાજા પાસે ઉત્તમ હાથી છે. તે હાથીની શક્તિનું અનુમાન કરવું મુશ્કેલ હતું. તે હાથી એટલો દૃઢ અને વિશાળ હતો કે ચાલતો–ફરતો પર્વત જ લાગે! તે હાથીનું નામ મધુપ્રભ હતું. રાજા ઈન્દ્રસેન તે મધુપ્રભ હાથીને લલિતપુરના રાજા પાસે પ્રેમથી ન માંગીને છીનવી લેવા માંગતો હતો. પોતાના અભિમાનથી તેણે પોતાના એક દૂતને પત્ર લઈને લલિતપુર મોકલ્યો.

દૂતે લલિતપુર રાજસભામાં આવીને ઈન્દ્રસેનનો પત્ર આપ્યો જે વાંચતા દેવસેન રાજા ખૂબ જ ક્રોધે ભરાઈ ગયો કારણ કે તે પત્રમાં ક્યાં 'સામનિતિ'નો ઉપયોગ થયો ન હતો. પત્ર વાંચતા જ ધર્મસેન રાજાના માનને ઠેસ પહોંચી તેથી તેણે તે પત્ર ધરતી પર ફેંકી દીધો. ઉપરાંત દૂતનું અડધું માથુ મુંડાવીને ખૂબ જ કઠોર શબ્દો કહ્યા તથા કહ્યું કે તારા રાજાને કહી દે કે જો હિંમત હોય તો યુદ્ધ કરીને હાથી લઈ જાય.

લલિતપુરથી અધ–મુંડન કરાવીને પાછા ફરેલા દૂતને જોઈને ઈન્દ્રસેનના ક્રોધનો પાર ન રહ્યો. તેણે કાંઈ પૂછ્યા વગર યુદ્ધની ઘોષણા કરી દીધી અને યુદ્ધની તૈયારી કરવા લાગ્યો.

રાજા ઈન્દ્રસેનના પ્રસ્થાન સાથે જ બધા જ રાજકુમારો કે જેનો પ્રધાન ઉપેન્દ્રસેન હતો

તથા અન્ય સમસ્ત રાજાઓ તેની મોટી સેના સાથે યુદ્ધમાં ચાલી નીકળ્યા. ચાલતા ચાલતા તેમને ખબર પણ ન પડી કે તેઓ શત્રુ દેશમાં આવી ગયા છે. શત્રુસેના જેવી લલિતપુરમાં દાખલ થઈ કે રસ્તામાં જે કાંઈ ગામ આદિ હતા તેને નષ્ટ કરવા લાગ્યો. લૂંટ–મારને કારણે બધા લોકોએ પ્રધાન નગરીમાં શરણ લીધું હતું. ઈન્દ્રસેને ચારે બાજુથી લલિતપુરને ઘેરી લીધું હતું.

લલિતપુરને ઘેરાયેલું જાણીને રાજા દેવસેને પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું કે હું જાણું છું કે ઈન્દ્રસેનનું સૈન્યબળ ઘણું વધારે છે. તેને પાછો ધકેલવો ઘણો મુશ્કેલ છે. આવી સ્થિતિમાં હું તેને હાથી આપવા પણ નથી માગતો તથા તેની સાથે યુદ્ધ કરવા પણ નથી માગતો તેમ જ રાજ્ય છોડી ભાગવા પણ નથી માગતો. હવે જે કોઈ રસ્તો હોય તે તમે વિચારીને કહો.

ઘણી ચર્ચા બાદ વિજય નામના મંત્રીએ કહ્યું કે આ સમયે યુદ્ધ સિવાય બીજો કોઈ રસ્તો નથી. ઘણી દલીલોથી વિજયમંત્રીએ રાજાને સમજાવ્યા જેથી રાજા દેવસેન તેના ઉપર ખૂબ પ્રસન્ન થયા તથા યુદ્ધ માટે તત્પર થઈને યુદ્ધની તૈયારીની આજ્ઞા કરી. વિજય મંત્રી ચાહતો હતો કે પોતાના રાજાની જીત અવશ્ય થાય તે માટે તેણે રાજાની આજ્ઞા પૂર્વક આખા નગરમાં જાહેરાત કરાવી કે જેને રાજ સમ્માન પ્રાપ્ત કરવાની ઈચ્છા છે અથવા જે લોકો રાજ્યનું ગૌરવ બચાવી રાખવા પોતાની સંપત્તિનો મોહ છોડી શકે તેમ છે તથા જેને પોતે પુરુષ હોવાનું સ્વાભિમાન છે તે બધા શીઘ્રતાથી મહારાજની સેવામાં હાજર થાય.

તે સમયે કશ્ચિદ્‌ભટ શત્રુસેનાને નિહાળી રહ્યા હતા. જેણે રાજાને ચારેબાજુથી ઘેરી લીધા હતા. રાજા તરફથી કરવામાં આવેલી ઘોષણા સાંભળીને તેણે વિચાર્યું કે જે બીજાને વિપત્તિના સમયે મદદ કરે તે જ સાચો બંધુ છે. વળી, મહારાજ દેવસેન મારા સગા મામા છે અને તેઓ અત્યારે શત્રુ દ્વારા સતાવાઈ રહ્યા છે. સગા–સંબંધીનું કર્તવ્ય છે કે પોતાના કોઈ સગા–સંબંધી વિપત્તિમાં હોય અને પોતે ભલે ગમે તેટલો દૂર હોય પણ તેની સહાય માટે આવવું જ જોઈએ. તો પછી મને મારા કર્તવ્યનું જ્ઞાન હોવાથી તથા હું તો એકદમ નજદીક હોવાથી મારે મદદ કરવી જ જોઈએ.

કશ્ચિદ્‌ભટ વિચારે છે કે જો હું અત્યારે એમ કહું કે હું ઉત્તમપુરના અધિપતિ મહારાજ ધર્મસેનનો પુત્ર વરાંગ છું–તો મારો કોઈ વિશ્વાસ નહીં કરે અને મારું અપમાન થશે. જો હું વણિકો તરફથી યુદ્ધ કરવા જઈશ તો વણિકપુત્ર કહેવાઈશ અને મારા ઉત્સાહની અવહેલના થશે. તેણે વિચાર્યું કે જો હું એમ કહું કે હું એક અજ્ઞાત યોદ્ધો છું અને બધા પ્રકારના શસ્ત્ર ચલાવવામાં હું કુશળ છું–તો તેમાં કાંઈ દોષ નથી અને મારા પ્રતાપ દ્વારા મને ઓળખી લેવામાં આવશે. આમ વિચારી ઘોષણા સાંભળતાં જ તે ખૂબ ઉત્સાહમાં આવી ગયો અને પોતાના પૂર્વજ શેઠ સાગરવૃદ્ધિને બોલાવીને આદરપૂર્વક બેસાડ્યા તથા તેને નિવેદન કર્યું કે હું મહારાજ દેવસેન સાથે સમરભૂમિમાં જાવ છું તો મને સ્વીકૃતિ આપીને વિદા કરો.

કશ્ચિદ્ભટના આવા વચનો સાંભળીને ધર્મપિતા સાગરવૃદ્ધિ આકસ્મિક સમાચારથી કાંપવા લાગ્યા. તેણે કશ્ચિદ્ભટને વિનંતી કરી કે હું તમારી શૂરવીરતાને જાણું છું તથા મેં આંખે પણ જોયું છે કે તમારી જેવું પરાક્રમ કોઈનું નથી, તોપણ જો તમે કોઈ લાભ પ્રાપ્ત કરવા યુદ્ધમાં જતા હો તો તમને જે જોઈએ તે સુખ–સામગ્રી હું મેળવી આપું. આપણા ઘરમાં અસંખ્ય કોટિ સુવર્ણ પડ્યું છે તો હે વત્સ! તને જે જોઈએ અને જોવા મળે તેવા ભોગ ભોગવ પણ આ યુદ્ધમાં જવાનો નિર્ણય છોડી દે. પ્રવાસ સમયે ભીલ સાથેનું દારૂણ યુદ્ધ યાદ કરતાં હું કાંપી જાવ છું. વળી, યુદ્ધ કરવાથી શું લાભ છે?

ધર્મપિતા દ્વારા ઉક્ત પ્રકારનો નિષેધ થવાથી કશ્ચિદ્ભટે વિચાર્યું કે ખેદનો વિષય છે કે આ સાધુ સ્વભાવી શેઠ શારીરિક તથા માનસિક બલથી હીન છે. બિચારા પોતાની જાતિને અનુકૂળ સંસ્કારોથી ભરેલા છે અને તેવી જ વાતો કરે છે. મને પણ તેઓ પોતાની જાતિનો જ સમજે છે. કશ્ચિદ્ભટે કહ્યું કે હે પિતાજી! ન તો મને સંપત્તિનું કોઈ પ્રયોજન છે કે ન મને રાજ્યથી કાંઈ મતલબ! હું તો સંકટમાં પડેલા સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ, આશ્રમવાસી સાધુ તથા આર્યિકાઓ અને શ્રાવક–શ્રાવિકાઓની રક્ષા કરવા માટે આ યુદ્ધમાં જવા ચાહું છું. પ્રજાનું કલ્યાણ કરવામાં રાજા દેવસેનના પરિપૂર્ણ વિજયને જોવાની ઈચ્છાથી, શત્રુવધ કરવાની અભિલાષાને કારણે, તમારો યશ વધારવાના અભિપ્રાયથી તથા પોતાનો ધર્મ–કર્તવ્ય પૂરો કરવાની પ્રેરણાથી જ હું સમરભૂમિ જાવ છું. તેથી આપ મને જવાની સ્વીકૃતિ આપો.

સાગરવૃદ્ધિ શેઠે પુત્રનો દૃઢ નિર્ણય જાણીને તેને મૌનપૂર્વકની સ્વીકૃતિ આપી તથા પોતે કશ્ચિદ્ભટ તરફથી રાજા પાસે પ્રસ્તાવ લઈને ગયો. તેણે જઈને રાજાને કહ્યું કે હે મહારાજ! મારો પુત્ર આપના તરફથી યુદ્ધ કરવા માગે છે. આપને જે ઈચ્છા હોય તે કરો. વિજય આદિ મંત્રીઓએ તેના વિશે પહેલેથી જ સાંભળેલું હતું. તેણે મહારાજને કહ્યું કે કશ્ચિદ્ભટ વિશે અમે પહેલેથી જ ઘણું સાંભળ્યુ છે. તેણે એકલાએ ભીલોની બાર હજાર પ્રમાણ સેનાને હરાવી હતી; તેથી તે આ વણિકશેઠનો પુત્ર ન હોઈ શકે. તેનામાં વણિક હોવાનું એક પણ લક્ષણ નથી. તેથી આપની સાથે તે કશ્ચિદ્ભટ શત્રુઓને અવશ્ય જીતશે એમાં શું આશ્ચર્ય છે?

આમ સાંભળી રાજાએ આનંદોત્સાહથી કહ્યું કે યુદ્ધ માટે વિજયભેરી વગાડાવો જેથી શત્રુઓના હૃદય કાંપી ઉઠે. પછી વિજયભેરી વગાડાવી તથા બધા સાથે મંત્રણા કરીને કશ્ચિદ્ભટને બોલાવ્યો. રાજાનું આમંત્રણ પામીને કશ્ચિદ્ભટના હર્ષની સીમા ન રહી. તે તરત જ પોતાના સમવયસ્ક મિત્રો સાથે રાજસભામાં પહોંચી ગયો. કશ્ચિદ્ભટ અને મહારાજ દેવસેન એકબીજાને જોઈને અત્યંત પ્રસન્ન થયા. મહારાજ તેના શરીર પરના શુભ લક્ષણો જોઈને ખૂબ ખુશ થયા. તેમણે કહ્યું કે જે વ્યક્તિ ભૂપાલ તથા તેના શાસન વિરુદ્ધ આચરણ નથી કરતો, રાષ્ટ્ર તથા રાજાના

વિકાસમય જીવનમાં ઉપસ્થિત થયેલ અનર્થોને શાંત કરે છે, ઘનઘોર સંગ્રામમાં બધી બાજુથી આક્રમણ થવા છતાં જેનું ધૈર્ય અને કર્તવ્યબુદ્ધિ અસ્ત નથી થતા, જે અકસ્માત્ જ ક્યાંકથી આવી યુદ્ધમાં સહાય કરે છે તે જ સાચો બંધુ છે, તે જ પુત્ર છે, તે જ મિત્ર છે તથા શ્રેષ્ઠ ગુરુ પણ તે જ છે. જો હું મારા પુણ્યકર્મના પ્રભાવથી અથવા તારા સૌભાગ્યથી અથવા રાજ્યમાં વસવાવાળા સજ્જનોના શુભ કર્મોને કારણે આ યુદ્ધમાં શત્રુ સેનાને જીતીને પાછો આવીશ તો મારી પુત્રીની સાથે અડધું રાજ્ય પણ તને આપીશ.

આ પ્રકારે પોતાના અનુરાગને વચનો દ્વારા પ્રગટ કરીને લલિતેશ્વરે રત્નોંનો હાર, મુગટ, કેયૂર, કુંડળ, કમરબંધ તથા પદનો સૂચક પટ્ટ બાંધ્યો. ત્યારબાદ મહારાજે આજ્ઞા કરી કે બધા લોકો શીઘ્રાતીશીઘ્ર યુદ્ધ માટે તૈયાર થઈ જાય.

સમરયાત્રા સમયે મદોન્મત્ત હાથી પર બેઠેલા મહારાજ દેવસેન એવા લાગતા હતા જેમ કે ઐરાવત હાથી ઉપર ઈન્દ્ર! અપ્રતિમલ્લ નામના હાથી ઉપર બધા શસ્ત્રો સહિત કશ્ચિદ્ભટ બેઠો હતો. હાથી પર બેઠે એવો લાગતો હતો માનો કે પ્રાતઃકાળનો સૂર્ય ઉદયાચળ પર પ્રગટ થયો હોય!

બંને સેનાઓ યુદ્ધસ્થળમાં સામસામે આવી ગઈ. અત્યંત ક્રોધને કારણે જેવો શંખ ફૂંકાયો કે તરત જ બંને સેનાના યોદ્ધાઓ એકબીજા ઉપર તૂટી પડ્યા. બંને સેનાઓ એકબીજા ઉપર ભયંકર આક્રમણ કરીને યુદ્ધ કરતા હતા. બંને સેનાના ભટ સ્વામીભક્ત હતા. પોતાના મહારાજના વિજય માટે પ્રતિજ્ઞા કરી ચૂક્યા હતા. પોતાના રાજા પ્રત્યે રાગ તથા શત્રુરાજા પ્રત્યે દ્વેષથી પૂર્ણ હતા. તેથી અત્યંત વેગથી પરસ્પર એકબીજાના અંગ કાપી–કાપીને ફેંકતા હતા. આ રીતે બંને સેના વચ્ચે ભયંકર યુદ્ધ ચાલુ થઈ ગયું.

મથુરાધિપતિ ઈન્દ્રસેનની સાથે જેટલા રાજાઓ હતા તેમાંથી મોટા ભાગના રાજાઓ તો અર્થના લોલુપી હતા. આ રાજાઓને મહારાજા દેવસેને અર્થની લાલચ આપીને ફોડી લીધા અને પોતાને વશ કરી ઈન્દ્રસેનથી વિરુદ્ધ કરીને તેની થોડી તાકાત તો આમ જ ઘટાડી દીધી. મહારાજ દેવસેન ઈન્દ્રસેનને વ્યક્તિગત યુદ્ધમાં હરાવવા માંગતા હતા તેથી તેણે એવી વ્યૂહરચના કરી કે જે કોઈ પણ બાજુથી તોડવી અસંભવ હતી.

વિજયમંત્રીની સેનાએ થોડીવારમાં જ ઉપેન્દ્રની સેનાને નષ્ટ–ભ્રષ્ટ કરી નાખી. આ જોઈને ઉપેન્દ્ર અતિ રૌદ્રરૂપ ધારણ કરીને વિજયમંત્રીની સેના ઉપર તૂટી પડ્યો. ઉપેન્દ્રના આક્રમણથી વિજય પરાસ્ત જેવો થઈ ગયો. તેને જોઈને કશ્ચિદ્ભટ તેની સામે આવ્યો અને ઉપેન્દ્ર સાથે યુદ્ધ કરવા લાગ્યો. કશ્ચિદ્ભટ નિર્દયતાપૂર્વક શત્રુની સેનાનો સંહાર કરતો હતો. તેને જોઈને ઉપેન્દ્રસેને

હસતાં હસતાં તેને કહ્યું કે હે ભદ્રપુરુષ! લલિતેશ્વરના અડધા રાજ્યથી તને શું લાભ? રાજ્ય કરવું તારા વંશમાં અનુચિત છે. સુનંદાને મેળવીને પણ તું શું કરીશ? તે પણ કાળરાત્રી સમાન છે. અહીંયા રાજા રાજાની સાથે યુદ્ધ કરે છે તેથી આ યુદ્ધમાં સંમિલીત થવાને તું લાયક નથી કારણ કે તું સાર્થપુત્ર છો. માટે હવે તું જલ્દી અહીંથી ભાગી જા અને તારા પ્રાણોની રક્ષા કર.

ઉપેન્દ્રસેનના આવા વચનો સાંભળીને કશ્ચિદ્‌ભટનું હૃદય વિક્ષત થઈ ગયું તેથી અત્યંત ક્રોધે ભરાઈને કહ્યું કે હું તો જે છું તે છું અથવા તું જે માને છે તે છું પણ તેનાથી તને શું મતલબ છે? હું આજે એ હાથી ઉપર બેઠો છું જે તમને જોઈતો હતો. હવે હું આ જ હાથી ઉપર બેસીને તને અને તારા પિતાને યમલોક પહોંચાડીશ એમાં કોઈ શંકા નથી.

કશ્ચિદ્‌ભટના વચનો સાંભળીને ઉપેન્દ્ર પણ ખૂબ ક્રોધે ભરાયો તથા બંને એકબીજાની સામે પોતાના હાથીઓને લાવીને ઘોર યુદ્ધ કરવા લાગ્યા. એકબીજા ઉપર બાણોની વર્ષા કરવા લાગ્યા. બંને યોદ્ધાઓ એકબીજાના હાથીને પણ મારતા હતા પણ કશ્ચિદ્‌ભટના હાથીને વધારે ઘા ન લાગ્યા જ્યારે ઉપેન્દ્રસેનના હાથીનો એક દાંત તૂટી ગયો તથા કશ્ચિદ્‌ભટ દ્વારા ચક્ર વાગવાથી તેના અંગ કપાવા લાગ્યા હતા. ઉપેન્દ્રસેન કશ્ચિદ્‌ભટ ઉપર અને કશ્ચિદ્‌ભટ ઉપેન્દ્રસેન ઉપર તોમર, બાણ, ચક્ર, ભાલા આદિ અલગ-અલગ શસ્ત્રો ફેંકીને ઘોર યુદ્ધ કરતા હતા. છેવટે કશ્ચિદ્‌ભટે એટલા જોરથી ચક્ર ફેક્યું કે ઉપેન્દ્રનો એક હાથ કપાઈ ગયો ને તેમ છતાં એક મુહૂર્ત સુધી તેણે કશ્ચિદ્‌ભટ સાથે યુદ્ધ કર્યું. અંતે કશ્ચિદ્‌ભટે ઉપેન્દ્રની છાતીમાં શક્તિ મારીને તરત જ તેના ઉપર કુદીને તેનું શીર છેદી નાખ્યું. ઉપેન્દ્રસેનના પ્રાણ નીકળી ગયા અને તેના સૈનિકો કેટલાય તો માર્યા ગયા અને કેટલાક કશ્ચિદ્‌ભટથી ડરીને ભાગી ગયા.

આ પ્રકારે ઘોર યુદ્ધ થતાં થતાં મથુરાધીશ તથા દેવસેન પણ સામે-સામે આવી ગયા. એકબીજાને જોતાં જ તેમના મુખ વિકૃત થઈ ગયા. જંગલમાં યૌવનના ઉન્માદથી મત બે ભીમકાય હાથી સમાન સમરમાં લડવાની અભિલાષાથી તે બંને એકબીજાની અતિ નિકટ જઈ રહ્યા હતા. વજ્ર સમાન અભેદ, અગ્નિ સમાન દાહક તથા વિષ સમાન મારક અનેક આકૃતિના શસ્ત્રોથી અત્યંત ત્વરાથી એકબીજા ઉપર આઘાત કરવાનું ચાલુ કરી દીધું. આ સમય સુધીમાં બંનેના કેતુ કપાઈને પડી ગયા હતા, બંનેનાં હાથીના પગ ઘવાઈ ગયા હતા. દેવસેને ચક્ર ઉઠાવીને મથુરાના રાજા ઉપર છોડી દીધું. તે પ્રહારથી લલિતેશ્વરે શત્રુના તે હાથીને જ કાપી નાખ્યો. જેના ઉપર બેસીને તે તેના ઉપર ગદા ચલાવતો હતો. અચાનક ઉપેન્દ્રના મૃત્યુના સમાચાર સાંભળતાં જ ઈન્દ્રસેનનો ક્રોધ જ્વાળાની જેમ વધવા લાગ્યો. અચાનક યુદ્ધનું સ્વરૂપ બદલાવા લાગ્યું. ઈન્દ્રસેને એકલાએ પોતાના અનેક શત્રુને મારી નાખ્યા. દેવસેન પણ ઈન્દ્રસેનના પ્રહારથી દબાવા લાગ્યા.

દેવસેનને દબાયેલો જોઈને કશ્ચિદ્‌ભટ ઈન્દ્રસેન તરફ આવ્યો અને તેની સાથે ભયંકર યુદ્ધ કરવા લાગ્યો. કશ્ચિદ્‌ભટને યુદ્ધમાં સામે આવેલો જોઈને ઈન્દ્રસેનના ક્રોધનો પાર ન રહ્યો કારણ કે કશ્ચિદ્‌ભટે જ ઉપેન્દ્રને યમલોક પહોંચાડ્યો હતો તેમ જ તેના હાથીને પણ માર્યો હતો. ક્રોધમાં આવીને બંને એકબીજા ઉપર બાણોની વર્ષા કરવા લાગ્યા કારણ કે બંનેએ પોતાના શત્રુને મારવાની પ્રતિજ્ઞા કરી લીધી હતી. કશ્ચિદ્‌ભટ ખૂબ જ ઝડપથી એક પછી એક બાણોની વર્ષા કરતો હતો. તેના બાણથી ઈન્દ્રસેનનું ધનુષ તૂટી ગયું. ઈન્દ્રસેન બીજું ધનુષ ઉપાડે એટલી વારમાં તો કશ્ચિદ્‌ભટના બાણની વર્ષાએ ઈન્દ્રસેનનો એક હાથ મૂળમાંથી કાપી નાખ્યો અને બાણનાં ઘાથી જર્જરીત થઈ ગયો હતો. તેના બધા સૈનિકો આમતેમ ભાગવા લાગ્યા હતા. આવી હાલતથી ઈન્દ્રસેનની બુદ્ધિ કામ કરતી બંધ થઈ ગઈ. તે ખૂબ જ ડરી ગયો હતો. તે હાથી ઉપરથી ઉતરીને ઘોડા ઉપર બેસી પાછો ભાગવા લાગ્યો. તેને ભાગતા જોઈને કશ્ચિદ્‌ભટને તેના ઉપર દયા આવી અને તેને ભાગવા દીધો. ઈન્દ્રસેનના ભાગવાથી તેનું સૈન્ય પણ વેરવિખેર થઈ ગયું.

મહા મતિમાન કશ્ચિદ્‌ભટ સમસ્ત શત્રુઓને પૂર્ણ પરાજિત કર્યા પછી પોતાના તેજને કારણે મધ્યાહ્નના સૂર્યની જેમ ચમકતો હતો. યુદ્ધ પૂરું થયા પછી કશ્ચિદ્‌ભટે રાજા દેવસેન પાસે આવીને કમળ સમાન તેમના શુદ્ધ ચરણોમાં મસ્તક ઝુકાવ્યું હતું. મહારાજ દેવસેને તેને તરત ઉઠાવીને પોતાની છાતી સાથે લગાડ્યો હતો. તે સમયે મહારાજનું મન સુખ–સરોવરમાં ડૂબકી લગાવતું હતું. તેમણે કશ્ચિદ્‌ભટને કહ્યું કે હે આર્ય! મેં તમારા પરાક્રમને મારી આંખે જોયું છે. તમારા સમાન અન્ય કોઈ પરાક્રમી આ પૃથ્વી પર હોઈ જ ન શકે. પછી તે જ સમયે ત્યાં જ શેઠ સાગરવૃદ્ધિનું ખૂબ જ સન્માન કર્યું તેમ જ કશ્ચિદ્‌ભટને હાથી ઉપર બેસાડી તેના ઉપર રાજાઓને યોગ્ય છત્ર લગાવડાવ્યું હતું. ત્યારબાદ બધાએ ખૂબ ઉત્સાહથી રાજધાનીમાં પ્રવેશ કર્યો.

કશ્ચિદ્‌ભટને ઉત્તમ હાથી ઉપર બેસીને વિજયી થઈને આવતાં જોઈને નગરવાસીઓ ખૂબ ખુશ થયા હતા તથા તેને ઘણા આશીર્વાદ આપતા હતા. સાર્થપતિ સાગરવૃદ્ધિ પણ મહારાજ દેવસેનની સાથે ઉત્તમ હાથી ઉપર બેસીને નગરમાં પ્રવેશી રહ્યા હતા.

ત્યારબાદ રાજાએ બધાનું યથાયોગ્ય સન્માન કર્યું. મહારાજાએ કશ્ચિદ્‌ભટ તેમ જ સાર્થપતિનું વિશેષ સન્માન કર્યું. ત્યારબાદ બધા પોતાના ઘરે ગયા. સંગ્રામમાંથી આવ્યા બાદ એક દિવસ પછી જ્ઞાની વૃદ્ધ પુરુષોની સાથે શાંતિપૂર્વક બેસીને મહારાજ દેવસેન પોતાની પુત્રીના વિવાહના વિષયમાં ચર્ચા કરી રહ્યા હતા. નિર્ણય થઈ ગયા બાદ તેમણે કશ્ચિદ્‌ભટને બોલાવ્યો. જ્યારે કશ્ચિદ્‌ભટ આવી ગયો ત્યારે રાજાએ સસ્નેહ તેને પૂછ્યું કે તને જો કોઈ તકલીફ ન હોય તો હું તારા માતા–પિતા વિશે જાણવા માંગુ છું. હે વત્સ! તું કાન્તિમાન છો, તારું તેજ અને સામર્થ્ય અસીમ છે તથા વિજ્ઞાનનો સાક્ષાત્ ભંડાર છો. તારી આ યોગ્યતાઓને કારણે જ તારી

વિશાળ કીર્તિ બધી દિશાઓમાં ફેલાઈ ગઈ છે. આ સદ્‌ગુણોને કારણે મોઢામાંથી નીકળી જ જાય છે કે તારા માતા–પિતાને ધન્ય છે. તને જો વિશેષ વિરોધ ન હોય તો તારા વંશ વિશે જણાવ.

કશ્ચિદ્‌ભટ બીજાના મનના અભિપ્રાયને સારી રીતે સમજતો હતો તેથી તે મહારાજનો અભિપ્રાય સમજી ગયો પણ પોતાના મોઢે પોતાની પ્રશંસા કરવામાં તેને સંકોચ થતો હોઈ તેણે પોતાના વિષયની વાસ્તવિકતા છુપાવીને કહ્યું કે મહા યશસ્વી અનુપમ વીર કશ્ચિદ્‌ભટ લલિતપુરના સાર્થપતિ સાગરવૃદ્ધિનો જયેષ્ઠ પુત્ર છે એ વાત આખું જગત જાણે છે. હું પણ એમ જ કહું છું કે તે જ મારા સર્વોત્તમ સગા અને પૂજ્ય પિતા છે. હે મહારાજ! આ ધરતી ઉપર મારા બીજા કોઈ પિતા નથી એમ તમે નિઃસંદેહ સમજો. તમારા પ્રશ્ન પૂછવાની શૈલીથી હું આપના હૃદયના અભિપ્રાયને સમજુ છું. હું જાણું છું કે મને મારા વંશ–કુળ વિશે પૂછવાનું કારણ તમારી પુત્રી છે. કારણ કે પુત્રીના લગ્ન પ્રસંગે વરના વંશ વિશે જાણવું તો જરૂરી જ છે. પરંતુ આપની રુપ–ગુણવતી પુત્રી આપના ઘરમાં જ રહે કારણ કે વર્તમાન પરિસ્થિતિઓમાં હું લગ્ન કરી શકું તેમ નથી. પરંતુ આપ એ નિશ્ચિત સમજો કે હું વણિકપુત્ર જ છું.

ભરી સભામાં કશ્ચિદ્‌ભટના શબ્દો સાંભળીને, આટલો મોટો સુઅવસર ત્યાગીને પણ તેની આંતરિક તથા બાહ્ય પ્રસન્નતાને લક્ષ્યમાં રાખીને મહારાજ દેવસેને સમજદારીપૂર્વક કહ્યું કે યુદ્ધ પહેલાં આજની જેમ જ ભરી સભામાં મેં સ્પષ્ટ ઘોષણા કરી હતી કે જો તારા પ્રતાપે હું મથુરાધીશ ઈન્દ્રસેનને હરાવીશ તો હું પ્રાણોથી પણ પ્યારી પુત્રી સુલક્ષણાને તારી સાથે પરણાવીશ તથા સાથે અડધું રાજ્ય આપીશ. આ પ્રકારની ઘોષણા કર્યા બાદ હવે તેના ઉપર તારી ઈચ્છા અનુસાર વિચાર કરવું કોઈ રીતે ઉચિત નથી. રાજસભામાં જે જાહેર કરવામાં આવ્યું હોય તેનાથી વિપરીત તો શું તેનાથી ઓછું કાર્ય કરવું તે રાજાઓને શોભા નથી દેતું.

આ પ્રમાણે વાર્તાલાપ કર્યા પછી રાજાએ કશ્ચિદ્‌ભટને પોતાની પુત્રી આપવાનું નક્કી કરી લગ્નનો દિવસ નક્કી કર્યો તથા આખા નગરને ખૂબ જ સજાવવામાં આવ્યું તથા પોતાની પુત્રીના ખૂબ જ ધામધૂમથી કશ્ચિદ્‌ભટ સાથે લગ્ન કર્યા અને અડધું રાજ્ય આપ્યું. આ પ્રકારે વિવાહ થઈ ગયા પછી વર–વહુને વિદાય માટે ખૂબ જ મૂલ્યવાન પાલખિમાં બેસાડવામાં આવ્યા અને સાગરવૃદ્ધિના ઘરે પહોંચાડ્યા. સાર્થપતિના ઘરે તે નવદંપતિનું ખૂબ જ ધામધૂમથી સ્વાગત થયું તથા અઢાર દિવસ સુધી મહોત્સવ કર્યો.

પૂર્વમાં ઉપાર્જિત પુણ્યના ફળને ભોગવવાવાળો કશ્ચિદ્‌ભટ પણ આ બધામાં ફસાઈને પોતાના પહેલાં બંધુ–બાંધવોને ભૂલી ગયો હતો તથા નૂતન સગા સંબંધીઓમાં ઘેરાયેલો રહીને પ્રસન્નતાથી સમય પસાર કરતો હતો. ઘણો સમય કશ્ચિદ્‌ભટે પોતાની નવી પત્ની રાજપુત્રી સાથે પ્રસન્નતાથી વ્યતિત કર્યો.

એક દિવસની ઘટના છે કે કશ્ચિદ્ભટ મહારાજ દેવસેનની સાથે યોગ્ય સેવા આદિ જાણવા માટે અંતઃપુરમાં પ્રવેશ કરી રહ્યા હતા. સંયોગવશ સહજભાવથી મનોરમા નામની કોઈ રાજપુત્રીએ તેમને જોયા. કશ્ચિદ્ભટના શુદ્ધ રૂપ અને પરિપૂર્ણ યૌવનને જોઈને એ રાજપુત્રીનું મન તેમના પર આવી ગયું હતું. પછી શું હતું? તેની દૈનિક ક્રિયાઓમાં પણ આળસ કરવા લાગી કારણ કે પ્રેમપીડાથી અનભિજ્ઞ તે ભોળી રાજકુમારી કામદેવના વાર સહન ન કરી શકી. તેની હરકતોને કારણે તેની સખીઓ પણ સમજી ગઈ હતી કે તેને કામદેવ સતાવે છે.

રાજનંદીની નામની દાસી તેના મનોભાવોને સમજી ગઈ તેથી તેણે મનોરમાને કહ્યું કે હે સખી! તું શું કામ તારી તકલીફોને સહન કરે છે? ક્યાં સુધી તારા મનમાં રાખી શકીશ? મને કહીશ તો હું જરૂરથી તને મદદરૂપ થઈશ. આ વાત સાંભળી મનોરમાએ કહ્યું કે હે સખી! તારો જ મને એક આધાર છે. જ્યારે મેં મહારાજની સાથે કશ્ચિદ્ભટને અંતઃપુરમાં આવતા જોયા છે ત્યારથી મને બીજે ક્યાંય ચેન નથી પડતું, તું કોઈ પણ ઉપાય કરીને મને તેમનાથી મળાવ. હે સખી! શીઘ્રથી શીઘ્ર તું મારા આ કામદાહને શાંત કર.

કમલાક્ષિ રાજકુમારીનો ભાવ જાણીને તે સખીએ કહ્યું કે આર્યે! જેટલા પણ ઉપાય સંભવ છે તે બધા ઉપાય દ્વારા હું તારા મનોગત કાર્યને પૂર્ણ કરીશ. થોડા સમયમાં જ તે કુશળ સખી કોઈને જાણ ન થાય એવી રીતે કશ્ચિદ્ભટને એકાંતમાં જઈને મળી તથા તેણે મનોરમાની પુરે પુરી પ્રેમગાથા સાંગોપાંગ કહી દીધી.

પરમ સુંદર તથા લક્ષ્મીવાન કશ્ચિદ્ભટ સખીના વચનો સાંભળીને જ સમજી ગયો હતો કે તેનો પ્રસ્તાવ અનૈતિક અને અનેક દોષોથી સહિત હતો. તે વ્રતી હોવાથી આ પ્રકારના વિષયોમાં તે મેરુ સમાન અડગ હતો. તેણે અત્યંત વિનમ્રતાપૂર્વક દાસીને કહ્યું કે તમારો પ્રસ્તાવ સર્વથા અનુચિત છે. દેવીજી! તમારો પ્રસ્તાવ કોઈ પણ દૃષ્ટિથી યુક્ત નથી, એ પ્રમાણે કરવાથી જરા પણ શોભા નહીં રહે. તે ઉપરાંત વરદત્ત કેવળીએ અત્યંત અનુગ્રહ કરીને મને સ્વદારસંતોષ વ્રત ગ્રહણ કરાવ્યુ હતું.

કશ્ચિદ્ભટની વાત સાંભળી સખી બોલી કે તમે અનુપમ સુંદરી મનોરમા ઉપર એટલે અનુગ્રહ નથી કરતા કે તમે કેવળી પાસે વ્રત ગ્રહણ કર્યુ છે? જો આમ વાત છે તો હું તમને જરાય બુદ્ધિમાન નથી સમજતી. હે વીરવર! પ્રત્યક્ષ રૂપથી સામે ઉપસ્થિત ફળને છોડીને આપ પરોક્ષ–સ્વર્ગ સુખની ઇચ્છા રાખો છો તેથી મારી દૃષ્ટિમાં તો તમે મૂર્ખ જ છો. આમ પણ વ્રતોનું પાલન કરવાથી સ્વર્ગ જ મળે છે અને સ્વર્ગનો સાર પણ દેવકન્યા જ તો છે તો પછી આટલું કઠોર વ્રત ધારણ કરીને ભવિષ્યમાં કન્યાનું સુખ પ્રાપ્ત કરો તે કરતાં દેવકન્યાથી પણ અધિક સુંદર મનોરમાને અત્યારે અનુગ્રહીત કરવી વધારે યોગ્ય લાગે છે.

કશ્ચિદ્‌ભટે મર્યાદાપૂર્વક તેને કહ્યું કે આ સંસારમાં જે શુદ્ધ આત્મા શીલવ્રતને પાલન કરવાવાળા છે તથા જે કોઈ પણ પરિસ્થિતિમાં હોવા છતાં પણ ધારણ કરેલા વ્રતથી ચલિત થતા નથી તેઓ સમસ્ત સંસારમાં આજે પણ પૂજ્ય છે. આવા ચારિત્રનિષ્ઠ આત્મા જ બીજા ભવમાં દેવ, અસુર તથા મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થઈને નિરંતર, સતત તથા સંપૂર્ણ લૌકિક સુખ પ્રાપ્ત કરે છે. જે શીલવ્રતને ધારણ કરે છે તે સમુદ્રમાં ડૂબાડવા છતાં પણ નથી મરતા, અગ્નિની જ્વાળા પણ તેમને નથી સળગાવી શકતી, દેવોમાં પણ એટલી શક્તિ નથી કે તેમનું અપમાન કરી શકે તથા સંસારના બધા જ વિઘ્નો તેના માર્ગમાં આવીને પોતાની મેળે જ નષ્ટ થઈ જાય છે.

બીજી બાજુ જોઈએ તો જેણે પોતાનું શીલ નષ્ટ કર્યું છે તેઓ આ જ ભવમાં સ્થાન–સ્થાન પર અપમાનિત થતા વિવિધ પ્રકારના અનેક દુઃખ ઉઠાવે છે. આ જન્મ ઉપરાંત આવતા ભવમાં તે મૂર્ખ નરકમાં ઉત્પન્ન થાય છે તથા હે ભદ્રે! ત્યાં ભયંકરથી ભયંકર દુઃખ પામે છે તેમાં જરાય પણ સંદેહ નથી. આપણા વ્યવસ્થિત સમાજમાં જે કોઈ પણ શીલની મર્યાદા તોડે છે તે શાસકોના હાથે ખૂબ મોટો દંડ મેળવે છે. આ બધું સહન કરીને પણ કોઈ પણ પ્રકારે અહીં પોતાનું મુખ દેખાડવા સમર્થ થાય તોપણ શું? કારણ કે યશ અને બીજો ભવ તો ખરાબ થઈ જ ગયા ને! મને જ જુઓ તો હું પોતે જ થોડા સમય પહેલાં શીલવ્રતના પ્રતાપથી જ એક ભયંકર મગરથી બચ્યો છું. આ જ બધા કારણો છે કે જે મને ગ્રહણ કરેલા વ્રતને તોડવા માટે અસમર્થ કરી દે છે. એ પણ ન ભૂલાય કે મેં કોઈ સાધારણ વ્યક્તિ પાસે વ્રત ગ્રહણ નથી કર્યા પરંતુ સાક્ષાત્ કેવળી પાસે આ વ્રત ગ્રહણ કર્યું છે.

વધારેમાં વધારે હું એટલુ કરી શકું કે જો રાજકુમારીના પિતા મહારાજા દેવસેન આજ્ઞા આપે તો તેમની પુત્રીને ધાર્મિક વિધિ-વિધાનથી ગ્રહણ કરી શકું છું. આમ કર્યા વગર જો હું કન્યાને ગ્રહણ કરું તો તેનાથી સર્વસાધારણમાં થવાવાળા અપમાનને હું સહી શકતો નથી કારણ કે તે અહીં જ નહીં પરંતુ પરલોકમાં પણ હિતકારી નહીં થાય.

જ્યારે કશ્ચિદ્‌ભટે આ યુક્તિઓ દ્વારા મનોરમાની સખી દ્વારા સમજાવ્યું તો ત્યારે તેનાથી આ એકનો પણ ઉત્તર ન આપી શકાયો. તેથી તે તેમની પાસેથી પાછી ફરીને સીધી રાજપુત્રી પાસે પહોંચી. રાજપુત્રીને સાંત્વના આપવા માટે કહ્યું કે હે રાજપુત્રી! તેં મને જે કાંઈ કહ્યું તે મેં બધું તારા પ્રિયતમને કહી દીધું અને તે તારી અનુકૂળ પણ છે. તેથી હે સાધ્વી! તારી સખીઓની સાથે તું આનંદપૂર્વક સમય વ્યતીત કર અને પોતાનો પૂરો શ્રૃંગાર કર. બે–ત્રણ દિવસમાં જ તારા પ્રિયતમ પાસે પહોંચી જઈશ.

મનોરમાએ કહ્યું કે મને ખબર છે કે મને સાંત્વના આપવા માટે જ તું આવું કહે છે. આમ કહેતી તે ખૂબ રડતી હતી. તેણે કહ્યું કે જ્યાં સુધી મને કશ્ચિદ્‌ભટની પ્રાપ્તિ ન થાય ત્યાં

સુધી મને ક્યાં શાંતિ મળવાની છે? એ સમયે એ રાજદુલારીની એવી અવસ્થા હતી કે જેવી અવસ્થા તે વેલની હોય છે જેની બાજુમાં ભભકતી અગ્નિની જ્વાળા તેની આગળના પત્તાને બાળતી આગળને આગળ વધતી જતી હોય!

તે વિચારે છે કે આ જન્મમાં જો મારે ક્યારે પણ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો જ હોય તો સમ્યક્ત્વના પ્રતાપથી તે સમ્યક્દૃષ્ટિ કશ્ચિદ્‌ભટ સાથે જ મારા લગ્ન થશે. અગર જો મારે કોઈ પુરુષની બાજુમાં જવાનું હોય તો તે કશ્ચિદ્‌ભટ જ હોય. અગર એમ થવું અશક્ય હોય તો સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ જ્ઞાનની ઉપાસના કરવી એ જ મારા જીવનનું લક્ષ્ય છે. શ્રી જિનેન્દ્ર દ્વારા ઉપદેશેલો ધર્મ જ સર્વશ્રેષ્ઠ છે. તે ધર્મ સ્વર્ગરૂપી ઉન્નત સ્થાન પર પહોંચવા માટે સુખકર સીડી સમાન છે. આમ દૃઢ નિર્ણય કરીને પોતે ધારણ કરેલા વ્રતોનું ધ્યાન કરતી પોતાનાં પ્રેમીનું ધ્યાન કરતી તે પડી હતી. આવી દશા જોઈને આસપાસના પ્રિયજનોને ખૂબ ચિંતા થઈ ગઈ હતી.

આ અરસામાં રાજા વરાંગનું દુષ્ટ ઘોડા દ્વારા અપહરણ થવાથી ધર્મસેન રાજા ખૂબ જ ચિંતિત હતા. બધા મંત્રીઓએ વિચાર વિમર્શ કરીને રાજાની પ્યારી પત્નીના પુત્ર સુષેણને જ રાજ્યપદ આપવાનું નક્કી કર્યું અને રાજાની સંમતિથી તેને રાજ્ય આપ્યું. રાજપુત્ર સુષેણને જેવું રાજ્યપદ મળ્યું કે તેનું મુખ પૂર્ણ વિકસિત નૂતન કમળ જેવું થઈ ગયું. પોતાની માનસિક ઈચ્છા પૂર્ણ થવાથી તે સમયની તેની શોભા અસાધારણ વધી ગઈ હતી. તેનું ચિત્ત રાજ્ય સંબંધી દાયિત્વોની અપેક્ષા વિષય–ભોગ અને રંગ–રાગમાં અધિક આકૃષ્ટ હતું. જેથી તે થોડા સમયથી વધારે પોતાના રાજ્યને ઉપદ્રવ આદિ અનર્થોથી બચાવી શક્યો ન હતો અને પોતે પણ આનંદપૂર્વક દિવસ વિતાવી શક્યો ન હતો.

એક દિવસ રાજા સુષેણને સમાચાર મળ્યા કે તેના રાષ્ટ્ર પર કોઈ શત્રુની સેનાએ આક્રમણ કરી દીધું છે તથા શિષ્ટ–સજ્જન નાગરિકોનું અપમાન કરી રહ્યા છે. આ સાંભળતાં જ તરત જ સંગ્રામ કરવાનો નિર્ણય કરીને સેનાને લઈને પોતે જ શત્રુની સામે ચાલ્યો. સુષેણે ખૂબ તત્પરતા તથા યુક્તિથી શત્રુ સાથે ઘોર યુદ્ધ કર્યું પણ શત્રુ રાજાએ ક્રોધે ભરાઈને સુષેણની સેના પર પ્રતિ–આક્રમણ કરીને તેને બધી બાજુથી ઘેરી લીધો હતો. આના લીધે ઉત્તમપુરની અજેયસેનાનું અનુશાસન તૂટી ગયું અને તે સૈન્ય આમ તેમ નાસવા લાગ્યું. સુષેણ અંતે શત્રુથી રણમાં હારી ગયો અને એક ઘોડા ઉપર બેસીને ભાગીને પોતાની રાજધાનીમાં ચાલ્યો ગયો.

શત્રુની સેનાના મારથી પોતાના પૌરુષ અને પરાક્રમને ધૂળમાં મેળવીને ડરપોકની જેમ રાજધાનીમાં ભાગીને આવવાવાળા પોતાના પુત્રને જોઈને મહારાજ ધર્મસેનને પોતાના પુત્ર વરાંગની યાદ આવી ગઈ. તેઓ મનમાં ને મનમાં વરાંગના પરાક્રમને યાદ કરતા અને દુ:ખી થતા હતા.

શત્રુ રાજાને જ્યારે એ સમાચાર મળ્યા કે ભયને કારણે સુષેણ સમરાંગણમાંથી ભાગી ગયો છે અને મહારાજ ધર્મસેન વૃદ્ધાવસ્થાને કારણે અત્યંત દુર્બળ છે તો તે ઉત્તમપુરની વિશાળ અશ્વ, રથ તથા ગજસેના, અત્યંત વિસ્તૃત દેશ તથા વિપુલ ધનરાશિથી પરિપૂર્ણ કોશ લેવાના લોભથી ન બચી શક્યો; ફળસ્વરૂપે તેણે શીઘ્રતાથી રાજધાની તરફ આગળ વધવાનું શરૂ કર્યું. આ રીતે આગળ વધતી તેની સેનાએ અડધા ઉત્તમપુર રાજ્ય ઉપર પોતાનો અધિકાર કરી લીધો હતો. ત્યારબાદ તેણે દૂતને સંદેશ લઈને મોકલ્યો કે ઉત્તમપુરનો જેટલો ભાગ અત્યારે અમારા અધિકારમાં છે ત્યાં સુધીની નવી સીમા બનાવીને વિભાજન કરી શકાય તેમ છે.

શત્રુનો કઠોર તથા અશિષ્ટ વાક્યોથી ભરેલો પત્ર વાંચીને મહારાજ ધર્મસેન ક્રોધના આવેશથી લાલ થઈ ગયા. તેણે ક્રોધમાં આવીને કહ્યું કે તેના વંશમાં ક્રમથી ચાલી આવતી રાજ્યભૂમિની સીમા નિશ્ચિત છે અને એટલી જ ભૂમિ તેને પર્યાપ્ત પણ છે. આ સમયે અહંકારમાં પાગલ થઈને અગર જો તે એટલા જ રાજ્યથી સંતુષ્ટ નહીં થાય તો હું નિશ્ચયથી તે અહંકારીને યુદ્ધમાં મારીશ અને તેના કુળક્રમાગત રાજ્યને પણ કોઈ બીજા એવા રાજાને સોંપી દઈશ જે મારી આજ્ઞા માનતો હશે. આમ, અતિ ક્રોધમાં દૂતને કહીને મોકલ્યો તથા પાછળ જ પોતાની ચતુરંગ સેના લઈને નીકળ્યો.

એક યોજન ચાલીને વિશ્રામ માટે પડાવ નાખ્યો. ત્યાં તેમના મુખ્ય મંત્રીઓ ભેગા થઈને અતિ વિનયપૂર્વક મહારાજ પાસે જઈને તેમના હિતની ભાવનાથી પ્રેરિત નિવેદન કર્યું કે હે મહારાજ! જ્યાં સુધી તમારા પરાક્રમ અને શક્તિની વાત છે તો તેને તો આખું સંસાર જાણે છે તથા આજ સુધી કોઈએ તેનું ઉલ્લંઘન નથી કર્યું. તેથી આપને નિવેદનનું કારણ એ છે કે આ વખતે આપણે પ્રતિશોધ લેવાની પૂરી તૈયારી સાથે નથી આવ્યા. આપના શત્રુઓ વધારે નથી ને તેમ છતાં તમે તેને ત્યારે જ જીતી શકશો કે જ્યારે તમે તમારા મિત્ર રાજાઓને બોલાવીને ભેગા કરશો. શત્રુઓના માનનું મર્દન કરવાવાળા લલિતપુર નામના નગરનો પ્રસિદ્ધ રાજા દેવસેન આપનો પરમ મિત્ર જ નહીં પણ આપનો સંબંધી પણ છે. તેથી દૂતને અત્યારે જ મોકલીને સમાચાર આપો જે વાંચીને તે તુરત જ અહીં દોડ્યા આવશે તેમાં સંદેહ નથી. મંત્રીઓની ન્યાયયુક્તિ સંગત વાત સાંભળતાં જ રાજાએ કહ્યું કે તમે આ બધું જલ્દી શરૂ કરી દ્યો.

મહારાજ ધર્મસેનનો દૂત તુરત જ લલિતપુર પહોંચ્યો અને રાજસભામાં પહોંચીને પોતાના રાજાનો પત્ર મહારાજ દેવસેનને આપ્યો. મહારાજ દેવસેને તે પત્ર વાંચ્યો અને વાંચતાં જ બધી પરિસ્થિતિ સમજી ગયા. તેઓ તુરત જ બીજા એકાંતગૃહમાં ગયા અને વણિક રાજા કશ્ચિદ્ભટને બોલાવીને વરાંગકુમારના ઘોડા દ્વારા અપહરણથી લઈને દુશ્મનો દ્વારા ચડાઈ સુધીની બધી વાત કહી.

રાજા દેવસેને કહ્યું કે હે કશ્ચિદ્ભટ! તમે પૂર્ણ રીતે આ રાજધાની તથા પૂર્ણ રાજ્યની ઉપદ્રવોથી મુક્ત થઈને રક્ષા કરતા અહીં જ રહો. મારા મિત્ર તથા સંબંધી પર વિપત્તિ આવી પડી છે તેથી હું તેમની મદદ માટે જવા માંગુ છું. મહારાજ દેવસેનના આ નિર્ણયને સાંભળતાં જ કશ્ચિદ્ભટ બોલી પડ્યા હતા કે હે ગુણસાગર! સામે રાખેલો પત્ર પિતાજીએ મોકલ્યો છે તેને ધ્યાનથી જુઓ!

મહારાજ દેવસેને પત્ર ફરી વાંચ્યો. જેમ જેમ પત્ર વાંચતાં ગયા તેમ તેમ કશ્ચિદ્ભટની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. તેને જોઈને મહારાજ સમજી ગયા કે આ કશ્ચિદ્ભટ જ કુમાર વરાંગ છે. તેમણે તુરત જ ઊભા થઈને વરાંગને છાતીએ લગાડ્યો. મહારાજે વરાંગને એમ પણ કહ્યું કે હે કુમાર! આપના નિમિત્તથી જ મારા દ્વારા મોટી થયેલી સો પુત્રી છે જેને તમે ગ્રહણ કરો. યુવરાજ વરાંગે મહારાજના પ્રસ્તાવને સાંભળીને કહ્યું કે હું તમારી એક સુનંદા પુત્રીથી જ પરમ સંતુષ્ટ છું.

લલિતેશ્વરને પોતાના જમાઈના વચનો સાંભળીને માત્ર આનંદ જ થતો ન હતો પરંતુ તેની વાત પણ માનતા હતા. તેથી તેમણે વરાંગને વચ્ચે જ બોલતા રોકીને કહ્યું કે ભલે બેટા! પરંતુ સમસ્ત ગુણોથી પૂર્ણ વિકાસરૂપી ભૂષણોથી અલંકૃત મારી પરમપ્રિય પુત્રી મનોરમાને તો અવશ્ય ગ્રહણ કરો. કુમાર વરાંગ સ્વભાવથી ઉદાર હતા તેથી મામાના ઉક્ત પ્રસ્તાવને તેમણે માની લીધો હતો. તેમની અનુમતી મળતાં જ લગ્નની બધી તૈયારીઓ તુરત જ કરવામાં આવી અને વરાંગના મનોરમા સાથે લગ્ન થયા.

ત્યારબાદ અનુપમ પરાક્રમી યુવરાજ વરાંગ પોતાના પિતાની રાજધાની ઉત્તમપુર જવા માટે પોતાના સાર્થપિતાની અનુમતી મેળવવા માટે તેમની પાસે ગયા. તેમને કહ્યું કે જ્યારે હું ગહન વનમાં ઠોકર ખાતો ફરતો હતો, કોઈ સહાયક કે મિત્ર ન હતા, મારા પિતા પણ મને સહાયક થઈ શક્યા ન હતા તે સમયે તમે જ મારા પિતા થયા હતા. આ લોક તથા પરલોક બંનેમાં કલ્યાણ કરવાવાળા આપ જ મારા સાચા ગુરુ છો. મહારાજ દેવસેનની અત્યારે શું ઇચ્છા છે તે તો આપ જાણો જ છો. હું પણ તેમની સાથે યુદ્ધમાં જવા માટે ખૂબ જ ઉત્સુક છું પણ મારી ઇચ્છાથી નહીં પણ આપની સન્મતિથી જવા ચાહું છું.

ધર્મપિતા સાર્થપતિએ પુત્રના વિનયપૂર્વકના વચનો સાંભળીને કહ્યું કે હે સુમતે! તારા વગર હું પણ અહીં જીવિત નહીં રહી શકું. તારા કારણે આજે હું આખા રાજ્ય માટે એટલો માન્ય થઈ ગયો છું કે જેની તુલના કરવી જ અસંભવ છે. જ્યારે તું મને છોડીને ચાલ્યો જઈશ તો તું જ બતાવ કે હું કોના આધારે જીવીશ? તેથી, હે સુમેરુ સમાન ધીર–ગંભીર પુત્ર! તું જ્યાં જ્યાં જાય ત્યાં મને સાથે લઈ જા. ધર્મપિતા સાગરવૃદ્ધિની વાત સાંભળી યુવરાજ વરાંગે કહ્યું કે જેવી આપની આજ્ઞા.

ત્યારબાદ મહારાજ દેવસેન સાથે વરાંગ તથા શેઠ સાગરવૃદ્ધિ સહિત આખું સૈન્ય યુદ્ધ માટે ઉત્તમપુર જવા નીકળી પડ્યા. ઉત્તમપુર પહોંચીને પહેલાં સાગરવૃદ્ધિ શેઠ મહારાજ ધર્મસેન પાસે ગયા અને મહારાજ દેવસેનના આગમનના સમાચાર આપ્યા તથા સૈન્યના પ્રમાણની સાથે યુવરાજ વરાંગની પણ બધી વાતો કરી. સાર્થપતિએ એમ પણ કહ્યું કે એ જ આપનો પુત્ર વરાંગ છે. આ વાત સાંભળતાં જ મહારાજ ધર્મસેનની ખુશીની સીમા ન રહી. આ વાત સાંભળતાં જ મહારાજાએ સાગરવૃદ્ધિનું ખૂબ જ સન્માન કર્યું.

પોતાના ખોવાયેલા પુત્રના સમાચાર સાંભળીને તેને મળવાની આતુરતાને કારણે મહારાજ ધર્મસેન પોતાની ચતુરંગ સેના લઈને તેને મળવા ગયા. તેમની નજીક પહોંચતાં જ તેમનું સ્વાગત થયું અને મહારાજ ધર્મસેને યુવરાજ વરાંગ તથા મહારાજ દેવસેનને ગળે મળ્યા. અત્યંત દીર્ઘ અંતરાળ પછી પોતાના પ્રિય સાળાને તથા સદાને માટે ખોવાયેલા પોતાના પુત્રને જોતાં જ મહારાજ ધર્મસેનને એવો આભાસ થયો કે આજે મેં એ વિશાળ પૃથ્વીને જીતી લીધી છે કે જેની સીમા લવણ મહાસમુદ્ર છે. એ આખો દિવસ તો વાતો કરતાં–સાંભળતાં જ પસાર થઈ ગયો. મહારાજ ધર્મસેને સંધ્યા સમયે કુમાર વરાંગને આજ્ઞા આપી કે હે વત્સ! રાત્રી આરામથી વ્યતીત થઈ ગયા બાદ જ્યારે સૂર્ય ઊગે કે તુરત જ પ્રાતઃકાલીન બધી વિધિ કરીને રાજધાની તરફ પ્રસ્થાન કરી દેજે. નગરમાં પ્રવેશ કર્યા બાદ તરત જ સૌથી પહેલાં તારી માતાને મળજે.

યુવરાજ વરાંગ સ્વભાવથી જ દારુણ યોદ્ધો હતો. તેથી મહારાજની આજ્ઞા સાંભળતાં જ તેણે કહ્યું કે હે નાથ! જે શત્રુરૂપી અતિથિ યુદ્ધ કરવા માટે આવ્યો છે, પહેલાં હું તેનું શસ્ત્રોથી સ્વાગત કરીશ. આ રીતે તેનું સ્વાગત કર્યા બાદ જ હું રાજધાનીમાં પ્રવેશ કરીશ.

સુષેણના વિજેતા બકુલેશ્વરને જ્યારે મહારાજ દેવસેન કુમાર વરાંગ સહિત આવ્યાના સમાચાર તેના ગુપ્તચરો દ્વારા મળ્યા ત્યારે તેની સેનાનું પ્રમાણ અને કુમાર વરાંગનું નામ સાંભળીને તે પોતાના રાજ્યમાં પાછો ભાગી ગયો. આ બાજુ, મહારાજ ધર્મસેનના ગુપ્તચરો બકુલેશ્વરની સેનાનું પ્રમાણ જાણવા આવ્યા હતા ત્યાં તેમને ખબર પડી કે તે તો પોતાના સૈન્ય સહિત ભાગી ગયો છે. આ ખુશીના સમાચાર આપવા ગુપ્તચરો તુરત જ પાછા ફર્યા. સમાચાર સાંભળતાં જ ત્રણે રાજાઓની ખુશીનો પાર ન રહ્યો. તુરત જ રાજાની આજ્ઞાથી વિજય–દુંદુભિ વાગી. બધાએ નગર તરફ પ્રયાણ કર્યું.

રાજ્ય–ભવનમાં પહોંચતાં જ ભવ્ય સ્વાગત થયું તથા પોતાના પિતા, મામા તથા મંત્રીઓના આગ્રહથી વરાંગનો ફરી રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને રાજ્યભાર તેને સોંપ્યો. જોકે વરાંગની ઈચ્છા કાંઈક બીજી હતી પણ બધાના આગ્રહને કારણે તે સમયે તે કાંઈ બોલી ન શક્યો. ત્યારબાદ તે ખૂબ જ પ્રેમથી પોતાની માતા, બહેનો, પત્નીઓને મળ્યો અને બધી વાતો આરામથી કરીને તેઓને ખૂબ ખુશ કર્યા.

જુઓ સંસારની વિચિત્રતા! પહેલાં અધમ કુમંત્રીની સંમતિને માનીને તથા પૂર્વજન્મમાં કરેલા પોતાના કુકર્મોના ફળનો ઉદય આવતા વરાંગને જંગલોમાં ભટકવું પડ્યું હતું તથા પૂર્વકર્મના પુણ્યના ઉદયથી જ ફરી પાછો આજે તે જ સિંહાસન પર બેઠો છે જ્યાંથી તે નીચે પડીને જંગલમાં ભટક્યો હતો.

**આ મનુષ્ય યોનિમાં જીવ ઉપર ઘણી વિપત્તિઓ આવે છે, ઘોર સંકટ આવી શકે છે, વિપુલ સંપદાઓનો સમાગમ થાય છે, ક્યારેક વિયોગ છે તો ક્યારેક સંયોગ છે, એક સમયે સમૃદ્ધિ છે તો બીજા જ સમયે સર્વતોમુખ હાનિ છે. પરંતુ જે સજ્જન પ્રાણી શ્રી જિનેન્દ્ર ભગવાન દ્વારા ઉપદિષ્ટ માર્ગનું અનુસરણ કરે છે, ત્રણે લોકમાં શું સાર છે તેને સારી રીતે જાણે છે, જેનો આચાર–વિચાર ઉદાર છે, શુદ્ધિયુક્ત માર્ગની આરાધના કરે છે તથા નિર્દોષ આચરણનું પાલન કરે છે તે જ મહાપુરુષ આ ભવ તથા પરભવમાં નિશ્ચયથી સુખ પ્રાપ્ત કરે છે.**

ઘણો સમય થતાં એક દિવસ લલિતેશ્વર દેવસેન મહારાજ ધર્મસેનની પાસે ગયા અને પોતાની રાજધાની પાછા ફરવાની અભિલાષા વ્યક્ત કરી હતી. મહારાજ ધર્મસેને ખૂબ જ પ્રેમથી અનેક ભેટ આપીને તેમને વિદાય કર્યા.

હવે, વરાંગના રાજ્યમાં બધા જ સુખી હતા; ફક્ત સુષેણ, તેની માતા અને કપટી મંત્રીને છોડીને. કારણ કે આ ત્રણેએ અકારણ જ રાજા વરાંગ પ્રતિ ઘોર અપરાધ કર્યો હતો. તેઓ વિચારતાં હતા કે અનુપમ પરાક્રમી તથા અસહાય તેજસ્વી રાજા વરાંગના ધર્મને ધન્ય છે તથા તેની ક્ષમાશક્તિ અને ગંભીરતાનું તો કહેવું જ શું કે પૂર્ણ પ્રભુત્વ મળવા છતાં પણ આપણા પર–સુનિશ્ચિત અપરાધીઓ પર કરુણાભાવ જ દેખાડે છે તથા આપણા જેવા દુરાચારીને સુખપૂર્વક રહેવા દે છે.

મંત્રીએ રાણી તથા સુષેણ બંનેને કહ્યું કે આપણે આવા સમયે વૃથા અભિમાન છોડીને વરાંગ રાજાની ક્ષમા માગવા તથા તેમના દર્શન કરવા જવું જ જોઈએ. જુઓ, તમે બંનેએ પહેલાં પણ મારી સલાહ માની ન હતી, જેનું ફળ સામે જ છે. પછી, ત્રણેએ મતવિનિમય કરીને નૂતન રાજાની માફી માગવાનો નિર્ણય કર્યો. તેમ છતાં તેઓ આશંકાને કારણે ખૂબ જ ડરતાં હતા કે રખે રાજા દંડ કરશે તો! આવી અવસ્થામાં જ તે લોકો એકાંત સ્થાનમાં બિરાજમાન વરાંગ રાજા પાસે ગયા.

ત્યાં જઈને તેમણે કહ્યું કે હે પ્રભુ! તમે મનથી પણ અમારું કાંઈ બગાડ્યું ન હતું તોપણ નીચકાર્ય કરવામાં અમે દુરાત્માઓએ આપના પ્રતિ મહાન નીચ અપરાધ કર્યો છે. પરંતુ અમે જીવિત રહેવા માગીએ છીએ અને તે જ આશાથી અમે તમારા શરણે આવ્યા છીએ. હે નાથ!

આ સમયે અમારા જેવા પતીતો ઉપર દયા કરો અને ક્ષમા કરીને પ્રસન્ન થાવ.

રાજા વરાંગે જ્યારે પોતાની સૌતેલી માતાને આવતાં જોઈ ત્યારે તેઓએ આસન છોડી પ્રણામ કરીને કહ્યું કે તમે આવો અનુચિત વિનય ન કરો. સુષેણને ગળે મળ્યો અને મંત્રીને કહ્યું કે તમે કોઈ પણ પ્રકારનો ભય ન કરો એમ કહીને ધૈર્ય બંધાવ્યું હતું. જે લોકોએ આ ધરતી ઉપર મારાથી વિરુદ્ધ આચરણ કર્યું છે અથવા મારાથી સંગ્રામ કરવાનું દુઃસાહસ કર્યું છે તેને હું ગોતી–ગોતીને યમલોક મોકલી દઉં છું. પરંતુ જે મારી આજ્ઞાનુસાર આચરણ કરે છે તેનું હું બધી રીતે પાલન–પોષણ કરું છું એવું મારું દ્રઢ માનવું છે.

**જે સાધુસ્વભાવી પુરુષ એ વ્યક્તિઓને પણ ક્ષમા કરી દે છે જેમણે તેમના પ્રત્યે અક્ષમ્ય અપરાધ કર્યા હતા તે સજ્જન પ્રાણીઓને જ વિવેકી મહાનુભાવ ક્ષમાશીલ કહે છે. પરંતુ, ઘાતક અપરાધ કરવાવાળાની સાથે પણ જે વિશેષ વ્યવહાર એટલા માટે કરવામાં આવે છે કે તે અપરાધી અનેક ગુણો અને કલાઓનો ભંડાર છે, એવી ક્ષમાને તો દૈવકૃત ક્ષમા જ સમજવી જોઈએ.**

વરાંગના નીતિપૂર્ણ ઉદાર વાક્યોથી સુષેણ, તેની માતા તથા મંત્રી એ ત્રણે નિશ્ચિંત થઈ ગયા હતા. તેમની અનિષ્ટની આશંકા તથા શોક બિલકુલ નષ્ટ થઈ ગયા હતા. યુવરાજના અનુપમ ક્ષમાભાવે સુષેણ આદિ ત્રણેના હૃદયોને મૈત્રીભાવથી રંગી દીધું હતું. તેઓના ગયા પછી યુવરાજ વરાંગ પોતાના ધર્મપિતા સાગરવૃદ્ધિની સાથે પોતાના પિતા મહારાજ ધર્મસેન પાસે ગયા.

યુવરાજ વરાંગે પિતાને કહ્યું કે હે મહારાજ! આપણા પૂર્વજોના સમયથી ચાલ્યા આવતા આ ઉત્તમપુર ઉપર આપનું શાસન તો છે જ. મારા સૌતેલા ભાઈ સુષેણનો પણ અડધા રાજ્ય ઉપર જન્મસિદ્ધ અધિકાર છે. તે ઉપરાંત તમારા બધાના પ્રતાપે મને પણ આ પદ ઉપર નિયુક્ત કરી દીધો છે. આ રીતે, વર્તમાનમાં ત્રણ રાજા અહીં વિદ્યમાન છે. હવે આપ જ કહો કે એક જ નગરમાં ત્રણ રાજા કેવી રીતે રહી શકે? હે જનક! જો આપની આજ્ઞા હોય તો આપના શ્રીચરણોના પ્રસાદથી હું મારા રાજ્ય ભાગ્યમાં વર્તમાનમાં મનુષ્યોની વસ્તીથી સર્વથા રહિત વનને લઈને નવા નગરોને વસાવીશ. જો તમારો મારા ઉપર સાચો સ્નેહ હોય તો મને જવાની આજ્ઞા આપો કોઈ પણ કારણોથી રોકતા નહીં.

પુરુષાર્થી પુરુષસિંહ માટે સર્વથા યોગ્ય પુત્રના વચનો સાંભળીને મહારાજ ધર્મસેને ઉત્તર આપ્યો કે હે પુત્ર! વાસ્તવમાં તું જ મારો પુત્ર કહેવાલાયક છો. વૃદ્ધાવસ્થામાં મને તારો જ સહારો છે અને તું જ મારા જીવનના અંતિમ દિવસોનું સારી રીતે નિર્વાહ કરી શકે તેમ છો. આ બધા કારણોને લીધે તારું અમને છોડીને ચાલ્યા જવું શોભા નથી આપતું. પૂજ્ય પિતાના હૃદયમાંથી નીકળેલા શબ્દોને સાંભળીને વરાંગે એટલું જ કહ્યું કે હે મહારાજ! મને ખબર છે કે તમને

મારા ઉપર અધિક સ્નેહ છે તોપણ મારું મન એમ કરવા તરફ જ પ્રેરાય છે. તેથી આપને નિવેદન કરું છું કે તમે મને નૂતન દેશોને જીતવાની આજ્ઞા અવશ્ય આપો.

યુવરાજ વરાંગના વચનો સાંભળીને રાજાને સ્પષ્ટ થઈ ગયું હતું કે તેમના પ્રાણપ્રિય પુત્રએ વિજયયાત્રા પર જવાનું નક્કી કરી લીધું છે. ત્યારે રાજાએ તેને કહ્યું કે હે પુત્ર! તારા બધા મનોરથો શીઘ્ર પૂરા થાય. આજ્ઞા મળતાં જ યુવરાજ વરાંગે પિતા તથા ધર્મપિતા બંનેને ચરણોમાં પ્રણામ કર્યા તથા પોતાની માતા આદિ બધા સંબંધીઓથી મળીને આજ્ઞા લઈ લીધી. આ કાર્યથી નિવૃત્ત થઈને તેણે તે લોકોને જ પોતાની સાથે જવાની આજ્ઞા કરી કે જે પ્રસન્નતા તથા ઉત્સાહપૂર્વક તેનો સાથ દેવા માગતા હતા. જ્યારે બધી તૈયારી થઈ ગઈ ત્યારે મોટા વૈભવ સાથે તેણે ઉત્તમપુરથી પ્રયાણ કર્યું. મહારાજ ધર્મસેનની આજ્ઞાથી અનુભવી તથા કુશળ સેનાનાયક, યોદ્ધા, મંત્રી તથા અસાધારણ વિદ્વાન કે જે પુત્રના નૂતન રાજ્યના ભારને સહજ સંભાળી શકે એવા બધા કર્મચારી વરાંગની પાછળ પાછળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં તેઓ મણિમંત પર્વત ઉપર પહોંચ્યા. સરસ્વતી નદી અને મણિમંત પર્વત એ બંનેની વચ્ચે જે વિશાળ અંતરાલ છે તે ભૂમિ ઉપર પ્રાચીન સમયમાં–શ્રી કૃષ્ણ મહારાજાએ કંસને મારીને આનર્તપુર નગર વસાવ્યું હતું. આ પ્રાચીન ઈતિહાસની જ્યારે વરાંગને ખબર પડી તો તેમણે રાજનીતિ આદિ શાસ્ત્રોના પારંગત તથા સૂક્ષ્મ વિચારક અનંતસેન આદિ અનુભવી મંત્રીઓ સાથે ચર્ચા કરીને તે જ સ્થાન ઉપર પહેલાંની જેમ જ નગરનું નિર્માણ કરાવ્યું.

રાજા વરાંગના પૂર્વપુણ્યના ઉદયના પ્રતાપે જ્યારે આનર્તપુરના નિર્માણના સમાચાર ચારે બાજુ ફેલાયા તો તે સાંભળતાં જ બધી દિશાઓથી મહાસંપત્તિશાળી સજ્જન લોકો તે નગરમાં આવ્યા હતા. રાજા વરાંગે જે જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હતો તે બધા પૂરા થઈ ગયા હતા. એક દિવસ સુખપૂર્વક પ્રખર પ્રતિભાશાળી મંત્રીઓ સાથે બેઠા બેઠા મનમાં જ તે ઉપકારોને યાદ કરતા હતા કે જે શેઠ સાગરવૃદ્ધિએ તેમના ઉપર કર્યા હતા. તેનું ધ્યાન થતાં જ કૃતજ્ઞતા જ્ઞાપન કરવા માટે એક સારો અવસર જોઈને મંત્રીઓની સંમતિપૂર્વક સાર્થપતિના રાજ્યાભિષેકની આજ્ઞા કરી હતી. રાજાના ઉદારતાપૂર્ણ પ્રસ્તાવને સાંભળતાં જ શેઠ સાગરવૃદ્ધિ સમજી ગયા હતા કે બુદ્ધિના અવતાર રાજા વરાંગનો તેમના પ્રત્યે કેટલો બધો અનુગ્રહ હતો. પરંતુ તેઓ એ પણ જાણતા હતા કે વણિક હોવાને કારણે તે રાજ્યલક્ષ્મીને ઉપયુક્ત ન હતા. આ વિચારને ઠીક સમજીને તેમણે રાજાને કહ્યું કે હે રાજન! મારા વંશમાં ઉત્પન્ન થયેલા મારા કોઈ પણ પૂર્વજને રાજ્યાભિષેક કરાવવાનો સુઅવસર પ્રાપ્ત નથી થયો. તેથી મારા કુળમાં અનાદિ કાળથી જે પરંપરા ચાલી આવી છે તેને તોડીને હું રાજા બનું એ મને શોભા નથી દેતું.

સાર્થપતિ સાગરવૃદ્ધિના બુદ્ધિમતાપૂર્ણ આવા વચનો સાંભળીને રાજા વરાંગે આગ્રહપૂર્વક

એ જ નિવેદન કર્યું કે તમે આ વિષયમાં વધારે કાંઈ પણ ન કહો. થોડું વિચારો કે જેનો પુત્ર સર્વમાન્ય રાજા છે તેના પિતા વણિક છે; આ વાતને જગતમાં જે કોઈ સાંભળશે તે ખૂબ હસશે. શું તમે આ નથી વિચારતા? આ પ્રકારે નિવેદન કર્યા બાદ ધર્મપિતાના વિરોધને ધ્યાનમાં લીધા વિના જ રાજાઓની જેમ જ તેમનો પણ રાજ્યાભિષેક થયો. તે સમયે જ ઘોષણા કરી દીધી કે શ્રીમાન રાજા સાગરવૃદ્ધિ આજથી વિદર્ભનગરના રાજા થયા. રાજા સાગરવૃદ્ધિના જ્યેષ્ઠપુત્રને આગ્રહપૂર્વક કોશલનું રાજ્ય તથા કનિષ્ક પુત્રને કલિંગ દેશનું રાજ્ય આપ્યું હતું. મહામંત્રી અનંતસેનને પલ્લવદેશનું રાજ્ય આપ્યું હતું. આ પ્રકારે બધા મંત્રીઓને તેમને યોગ્ય દેશનું શાસન સોંપ્યું હતું.

રાજા વરાંગ સુષેણને પણ વિશાળ રાજ્ય આપવા માંગતા હતા પણ હવે તેમની પાસે કોઈ રાજ્ય જ રહ્યું ન હતું. એ જ ચિંતામાં બેઠા બેઠા અચાનક તેમને બકુલેશ્વરની યાદ આવી ગઈ જેણે તેમના પિતાનું અપમાન કર્યું હતું. આ અપમાન યાદ આવતા જ રાજા વરાંગે દૂતને બકુલેશ્વર પાસે મોકલ્યો જેમાં લખ્યું હતું કે યા તો યુદ્ધ કર યા તો રાજ્ય છોડીને વનમાં જતો રહે. આ સમાચાર સાંભળતાં જ મંત્રીઓ સહિત બકુલેશ્વર પણ ડરી ગયો. તેણે તેના મંત્રીઓને આ પરિસ્થિતિનો રસ્તો કાઢવા વિચારવા કહ્યું.

મંત્રીઓનો મત એવો થયો કે આ પરિસ્થિતિમાંથી બચવાનો એક જ ઉપાય છે અને તે એ છે કે રાજપુત્રી મનોહરાને શાસ્ત્રાનુકૂળ વિધિથી આનર્તપુર નરેશ વરાંગ સાથે પરણાવી દેવી જોઈએ. આના સિવાય બીજો કોઈ રસ્તો નથી. બકુલેશ્વર પણ મંત્રીઓના અભિપ્રાયમાં સહમત થયા. આમ નિર્ણય કરી પોતાની પુત્રીને લઈને બકુલેશ્વર આનર્તપુર પહોંચ્યા અને રાજસભામાં પહોંચીને દૂરથી જ રાજા વરાંગને જોઈ પ્રણામ કર્યા અને કહ્યું કે હે મહારાજ! જે રાજ્ય મારા વંશમાં કેટલી પેઢીઓથી ચાલ્યું આવે છે તે મારા રાજ્યને આપ આપની ઇચ્છાથી કોઈને પણ સોંપી દો. પરંતુ હે નરનાથ! મેં આપના પૂજ્ય પિતાજી પર આક્રમણ કરીને જે અપરાધ કર્યો છે તે ક્ષમા કરો. રાજા વરાંગ તો સ્વભાવથી જ સાધુ પરિણામી હતા. તેમણે પોતાના શત્રુને માફ કરી દીધો. ત્યારબાદ બકુલેશ્વરે પોતાની પુત્રી મનોહરાને મહારાજ વરાંગ સાથે વિધિપૂર્વક પરણાવી.

ત્યારબાદ વરાંગ રાજા પોતાના પરિવારજનો સાથે સુખમગ્ન રહ્યા. એક દિવસ જ્યારે રાજ્યની ટહેલ મારીને પાછા ફર્યા હતા ત્યારે તેમની અનુપમા નામની પટરાણીએ તેમને જોયા. તે રાણી તેમના વિચારોમાં મગ્ન હતી. એટલીવારમાં રાજા અચાનક તેની પાછળ આવીને ઊભા રહી ગયા. થોડીવાર વાતો કરી અને પછી બંનેએ ધર્મની ઘણી ચર્ચા કરી. મહારાજ વરાંગે રાણીને નંદીશ્વર વિધાનનું મહત્વ સમજાવ્યું તથા જિનમંદિર, જિન પ્રતિષ્ઠાનું પણ મહત્ત્વ સમજાવ્યું. તેમણે

**કહ્યું કે હે ભદ્રે! જે ભવ્યજીવ વિધિપૂર્વક જિનબિંબની સ્થાપના કરીને પ્રતિદિન શુદ્ધ ભાવ અને દ્રવ્ય દ્વારા તેમનું પૂજન કરે છે તે થોડા જ સમયમાં સર્વજ્ઞતારૂપી ફળને પામે છે. સંસારચક્રમાં ફરતા જે જીવોએ પોતાના પૂર્વભવોમાં વીતરાગ પ્રભુની શુદ્ધ ભાવ અને દ્રવ્યથી ઉપાસના કરી હતી તે જ આગળ વધીને ત્રિલોક પૂજ્ય તીર્થંકર બન્યા હતા.**

ત્યારબાદ રાજા વરાંગે એક ભવ્ય જિનમંદિરની સ્થાપના કરાવી તથા પોતે જ જિન પ્રતિમાની સ્થાપના કરી. આ ભવ્ય ઉત્સવ પૂરો થયા બાદ રાજાએ કેટલાય દિવસો સુધી કિમિચ્છક દાન આપ્યું જેથી તેના રાજ્યમાં કોઈ દુઃખી રહેવા પામ્યું ન હતું.

આનર્તપુરના અધિપતિ સમ્રાટ વરાંગની સમસ્ત અભિલાષા જ પૂર્ણ થઈ ન હતી પરંતુ સંસારમાં જેટલું પણ શ્રેય હતું તે બધું પોતાની મેળે જ તેમના શરણમાં પહોંચ્યું હતું. તે પ્રતિદિન પ્રાતઃકાળથી સંધ્યા સમય સુધી સત્કાર્ય તથા પુણ્યમય ઉત્સવોમાં જ વ્યસ્ત રહેતા હતા. સમસ્ત ગુણોની ખાણ સમ્રાટ વરાંગ જનતાના આદર્શ હતા તેમ જ તેમનું પૌરુષ અનુપમ હતું. જિનમંદિરનો મહોત્સવ પૂરો થયા બાદ સમ્રાટ વરાંગની પટ્ટરાણી અનુપમાને ગર્ભ રહ્યો હતો. નવ માસ પૂર્ણ થતા જ તેમણે અતિ તેજસ્વી–કાંતિમાન બાળસૂર્યને જન્મ આપ્યો હતો. ભવિષ્યવક્તાઓએ શાસ્ત્રોક્ત રીતે કુંડળી જોઈને સ્પષ્ટ જણાવ્યું હતું કે તે બાળક ભવિષ્યમાં વિશાળ સામ્રાજ્યનો એકમાત્ર ભોક્તા થશે. ગુરુજનોએ તેનું નામ 'સુગાત્ર' રાખ્યું હતું. તેનામાં પિતાથી એક પણ ગુણની કમી ન હતી અર્થાત્ ગુણોમાં પિતા–પુત્ર બંને એક સમાન હતા. અવસ્થા હિસાબે તે હજી બાળક હતો પણ શીલ આદિ ગુણોથી તે વૃદ્ધ હતો.

પટ્ટરાણી અનુપમાની જેમ સમ્રાટ વરાંગની અન્ય પત્નીઓને પણ પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી. આ બધામાં પણ સમાન ગુણોની ઉપલબ્ધિ હતી. સમ્રાટ વરાંગના બધા પુત્રો રુપ, શીલ, પરાક્રમ આદિમાં નાગકુમાર દેવો સમાન હતા.

એક દિવસની એક ઘટનાની વાત છે કે સમ્રાટ વરાંગ પોતાના મહેલની છત પર બેઠા હતા. તે સમયે તેમના તેજસ્વી રૂપને જોઈને ઈન્દ્રનું સ્મરણ થઈ આવતું. સમ્રાટ તે સમયે સ્વભાવથી પણ અત્યંત શાંત હતા. તેમની ચારે બાજુએ તેમની રાણીઓ તેમને ઘેરીને બેઠી હતી. દેવરાજ ઈન્દ્ર પોતાની રાજધાની અલકાપુરીમાં સ્વર્ગીય સુંદર અપ્સરાઓ સાથે જેમ નિઃશંકરૂપથી વિવિધ કેલી તથા વિહાર કરે છે તેવી જ રીતે સમ્રાટ વરાંગ પણ આનર્તપુરીમાં પોતાની લોકોત્તર રુપવતી પત્નીઓ સાથે રમણ કરતા હતા.

શરદ ઋતુની રાત્રિનો તે પ્રથમ પ્રહર હતો. આકાશ વાદળોથી શૂન્ય હતું જેથી તે અનેક જાતના અદ્‌ભુત તારાઓની આભાથી આભાસિત થતું હતું. એવા શાંત વાતાવરણયુક્ત આકાશમાં અકસ્માત્ જ ઉલ્કાપાત થયો. તેનો પ્રકાશ ચારે બાજુ ફેલાઈ ગયો હતો. સમ્રાટ વરાંગે પોતાની

સુકુમાર સુંદર પત્નીઓની સાથે તે દશ્ય જોયું ને તેમ છતાં સમ્રાટ ઉપર જ એ દશ્યનો એવો પ્રભાવ પડ્યો કે તેમને ગાઢ વૈરાગ્ય થઈ ગયો.

તેઓ કહેવા લાગ્યા કે સુકુમાર જ્યોતિયુક્ત તારિકાઓથી ઘેરાયેલ આ ઉલ્કા જે રીતે આકાશમાંથી અકસ્માત્ જ પડીને ક્યાંક લુપ્ત થઈ ગઈ છે તે જ રીતે અનુપમ રુપવતી આ પ્રાણપ્યારી પત્નીઓથી ઘેરાયેલો હું પણ કોઈક દિવસે આ રાજ્યપદથી ચ્યુત થઈને કોણ જાણે ક્યાં લુપ્ત થઈ જઈશ?

જે સમયે હું ઉત્તમપુરનો યુવરાજ હતો ત્યારે પણ મારી પાસે બધું જ હોવા છતાં બધાના દેખતાં જ તે દુષ્ટ ઘોડો મને અજ્ઞાત જંગલમાં લઈ ગયો અને કોઈ મને તેનાથી બચાવી શક્યું ન હતું. શું હું પૂર્વજન્મમાં કરેલા પાપકર્મોરૂપી દુર્દમ ઘોડા પર આરુઢ થઈને આજે પણ–આ ક્ષણે પણ જન્મ–મરણરૂપી મહાવનમાં નથી ફરી રહ્યો? શું મારું વાસ્તવિક વિવેક નષ્ટ નથી થઈ ગયું? શું એ ભ્રમણ સમાન આજ પણ હું ધર્મમાર્ગરૂપી રાજ્યપદથી ફરી ભ્રષ્ટ નથી થઈ ગયો?

સંસારના અપાર તથા ભીષણ દુઃખોનું સ્મરણ કરીને તેઓ ધ્રુજી ઉઠ્યા હતા. આ જ વિચારોમાં લીન રહીને તે વિલાસ-સભાથી ઊઠીને પોતાના એકાંત ગૃહમાં જતા રહ્યા હતા. સંસારના વિષય–ભોગોથી એમને સ્થાયી વિરક્તિ થઈ ગઈ હતી. તેઓને આત્માના પૂર્ણ વિકાસના સાધક તત્ત્વમાર્ગ ઉપર પૂર્ણ આસ્થા થઈ ગઈ હતી. પરિગ્રહ છોડીને નિર્ગ્રંથ મુનિ થવાનો નિર્ણય તેઓ કરી ચૂક્યા હતા. તેથી, જેવા તે એકાંત ગૃહમાં પહોંચ્યાં કે તુરત જ જગતના સ્વભાવ વિશે વિચારવા લાગ્યા. અનિત્યાદિ બાર ભાવનાઓનું ચિંતવન કરવા લાગ્યા હતા.

**જે મનુષ્ય આ અનુપમ મનુષ્યપર્યાયને ઇન્દ્રિયોની તૃપ્તિ કરવામાં જ વ્યતીત કરી દે છે તે વ્યક્તિ અગાધ, અપાર સમુદ્રની વચ્ચે બે–ચાર ખીલ્લી માટે પોતાની નૌકા તોડી નાખે છે. એક સાધારણ દોરા માટે વૈડૂર્યમણિના હારને તોડે છે! થોડી રાખ માટે ચંદનના વૃક્ષને સળગાવે છે! હાથમાં આવેલા અમૃતને છોડીને વિષ પીવે છે!**

મારી અવસ્થા પણ એવી જ થશે જો હું તત્ત્વજ્ઞાનથી વિમુખ થઈને તે ધર્મને છોડી દઈશ કે જે આલોક તેમ જ પરલોકમાં બધા સુખો આપે છે તથા તે કર્મોમાં લીન થઈ જઈશ કે જે નિરંતર પ્રત્યેક અવસ્થામાં પાપબંધના કારણ છે. તે સમયે મારાથી વધારે નિંદનીય બીજું કોણ હશે?

**અનેક દુઃખમય પર્યાયો વ્યતીત કર્યા પછી આ અમૂલ્ય મનુષ્યપર્યાય પ્રાપ્ત થઈ છે. સૌભાગ્યથી સુરુપ, સુબુદ્ધિ આદિ બધા પ્રશસ્ત ગુણ પણ મારામાં છે તોપણ જો હું મનુષ્યજન્મના સારરુપ રત્નત્રયને ગ્રહણ નથી કરતો તો મારાથી મોટો મૂર્ખ કોણ હશે? અત્યાર સુધી મોહે મારા વિવેક ઉપર પડદો નાખી દીધો હતો જેથી ધર્મમય આચાર–**

વિચારોને ભૂલી ગયો હતો. અત્યારે હું જે જે પાપમય કુકર્મ અહીં કરી રહ્યો છું તે તે કર્મનું કુફળ અનેક દુ:ખ તથા અકલ્યાણના રૂપમાં અનેક જન્મો સુધી મારે ભોગવવું પડશે.

સાંસારિક વિષય-ભોગોમાં લીન મનુષ્યોનું આયુષ્ય લાંબુ નથી હોતું. તે વૈભવ, સંપત્તિ, સૌંદર્ય, સ્વાસ્થ્ય આદિ પણ સદાય નથી રહેતા. જેવી રીતે આકાશમાં વિજળી અને વાદળ લુપ્ત-નષ્ટ થઈ જાય છે તેમ મનુષ્ય પણ જે ઉત્પન્ન થયા છે એક દિવસ તેમનું મરણ અવશ્ય થાય છે.

મનુષ્યજીવનની અનિત્યતા જાણીને, અત્યંત અશરણતાના રહસ્યમાં બેસીને તથા બધી રીતે એ જ નિષ્કર્ષ ઉપર આવ્યા પછી કે—જીવને દુ:ખથી કોઈ પણ શક્તિ બચાવી શકતી નથી છતાં જો હું મુનિધર્મ અંગીકાર ન કરું તો હું મને બધી રીતે ઠગાયેલ સમજવો જોઈએ. પુત્રોની પ્રાપ્તિ થવાથી પણ આત્માને શું લાભ થવાનો? કારણ કે તે બધા સંસારરૂપી અંકુરના મહાપરિણામ છે! સંપત્તિ પણ શું સુખ આપશે કે જે પોતે જ બધા દુ:ખોનું મૂળ કારણ છે! જેના વિચારોને મનથી કાઢવા અસંભવ છે એવી પ્રાણાધિકા પત્ની પણ શું કામની? તેમને તો સાક્ષાત્ હૃદયચોર, ઘાતકશત્રુ તથા દારુણ સર્પ જ સમજવી જોઈએ કારણ કે તે અનેક અપવિત્રતાની ભંડાર છે. સગા-સંબંધી પણ શું રક્ષા કરવાના? તે પોતે જ મનુષ્યને જીવિત બંધન છે, અનેક પ્રકારની દુવિધાઓને જન્મ આપે છે તથા એવા સમર્થ સાધન છે કે જે સરળતાથી અનેક અનર્થોને ઉત્પન્ન કરી દે છે.

પોતાના પુરુષાર્થથી કમાયેલી સંપત્તિ પણ શું કામની છે? તે વ્યર્થમાં જ આશાના કઠોર બંધનમાં બાંધી દે છે, બધા જ અનર્થો તરફ પ્રેરિત કરે છે, ફળસ્વરૂપે સંસારરૂપી વનમાં ઘસેડવાવાળા અશુભ કર્મોના બંધનું કારણ બને છે. વિપુલ પુરુષાર્થ અને પરાક્રમથી ઊભું કરેલું રાજ્ય પણ પરમાર્થ સિદ્ધ નથી કરતું, તેના કારણે દિવસ-રાત ચિંતા કરવી પડે છે તથા અનેક પાપ કરવાને કારણે સંસાર-પરિભ્રમણ પણ વધે છે. વિષય-ભોગોની પણ શું ઉપયોગિતા છે? તેનો સ્વાદ લેવા માટે પર્યાપ્ત પરિશ્રમ કરવો પડે છે, તોપણ ક્યારેય તૃપ્તિ થતી નથી. પરિણામ આવે છે ચારો ગતિઓમાં ભ્રમણ કે જે શોક-દુ:ખથી પરિપૂર્ણ છે.

પોતાના પૂર્વકૃત કર્મોના ફળસ્વરૂપે જીવોને આ વિસ્તૃત ભુવનમાં સમસ્ત સુખ-દુ:ખ પ્રાપ્ત થાય છે. જે ઈષ્ટ છે તેની પ્રાપ્તિ નથી થતી, જે અનિષ્ટ છે તે સાથ છોડતું નથી, સંયોગવશ જે ઈષ્ટ-સમાગમ થાય છે તેનો પણ વિયોગ થઈ જાય છે તથા અનિષ્ટથી થોડો સમય છૂટકારો મળે છો તો પછી તુરત જ તેનાથી પણ દૃઢ તેનો જ સંયોગ થઈ જાય છે. માનનો અભાવ અને પદ-પદ ઉપર અપમાન સામે ઊભું જ હોય છે.

સમ્રાટના હૃદયમાં વૈરાગ્યએ ઘર કરી લીધું હતું તેથી તેમણે તરત જ પોતાના પરમ

આદરણીય તથા વિશ્વસ્ત શેઠ સાગરવૃદ્ધિને બોલાવ્યા અને કહ્યું કે હે માન્યવર! મારા પૂજ્ય પિતા મહારાજ ધર્મસેન પોતાના કર્મથી જ મારા પિતા છે પરંતુ આપ તો નિઃસ્વાર્થ સ્નેહને કારણે મારા ધર્મપિતાનું સ્થાન પામ્યા છો. હું જ્યારે જંગલમાં ભટકતો હતો ત્યારે તમે જ મને શરણ આપ્યું તથા જ્યારે ભીલ સાથે યુદ્ધ કરીને મરણાસન્ન થયો ત્યારે આપે જ મને બચાવ્યો હતો. તમે મારા સુખ–દુઃખને એ પ્રકારે જ અનુભવ્યું કે જે પ્રકારે લોકો પોતાને સમજે છે. મારા રાજ્યપ્રાપ્તિના અવસર ઉપર આપે જ મને મુક્ત કરીને રાજ્યસિંહાસન ઉપર બેસાડી દીધો હતો. આ રીતે તમે મારા માતા–પિતા સમાન જ નહીં પરંતુ હિતોપદેશી ગુરુ પણ છો. તમે મારા પરમ પૂજ્ય છો તેથી મારું કર્તવ્ય છે કે કોઈ પણ કાર્ય કરતાં પહેલાં આપની આજ્ઞા મારે લેવી જોઈએ. તેથી આપને મારી ઇચ્છા કહું છું, જો આપને યોગ્ય લાગે તો મને જરૂર સંમતિ આપજો.

હે સાધુ! આનર્તપુર તથા તે પહેલાં ઉત્તમપુરમાં જે રીતે તમે મારો રાજ્યાભિષેક કરાવ્યો હતો તે જ રીતે હવે મારા જ્યેષ્ટ પુત્ર સુગાત્રને આનર્તપુરની રાજ્યલક્ષ્મીનો સ્વામી બનાવવાની કૃપા કરો કેમ કે કુમાર સુગાત્ર રાજ્યપદ માટે સુયોગ્ય છે. તમે પણ સ્વાભાવિક રુચિથી વિસ્તૃત સામ્રાજ્ય તથા પ્રજાની સાથે સાથે કુમાર સુગાત્રનો પણ અભ્યુદય કરજો. હું આ આપને એ માટે કહું છું કે મને લોકના વિષય-ભોગોથી વિરક્તિ થઈ ગઈ છે. હવે તો તમારા લોકોના આશીર્વાદ લઈને હું તપ કરીશ. હે પિતાજી! હવે મને રજા આપો.

સમ્રાટ વરાંગનાં વચનો સાંભળીને ધર્મપિતાને ઘણું દુઃખ થયું. ઈષ્ટ વિયોગની આશંકા થઈ ગઈ. શેઠે સમ્રાટને ઘણી રીતે સમજાવ્યા. સાંસારિક દૃષ્ટિએ તેઓ એકદમ સત્ય હતા પણ પોતાના આત્મહિત માટે તે બધું અસત્ય જ હતું. ધર્મપિતાના વચનો સાંભળી સમ્રાટે તેમની સામે સંસારનું વાસ્તવિક નગ્ન સ્વરૂપ બતાવ્યું. શેઠ સાગરવૃદ્ધિએ સમ્રાટના વચનો સાંભળીને કહ્યું કે અત્યાર સુધી મેં તમને બધા પ્રસંગોમાં સાથ આપ્યો છે તેથી હવે જો હું તમારાથી અલગ થઈ જાવ તો વાસ્તવમાં મારાથી અધમ કોઈ નથી. તેથી આજે પણ હું તમારા જ રસ્તે મારી શક્તિ પ્રમાણે ચાલીશ.

ત્યારબાદ સમ્રાટના કહેવાથી શેઠ અંતઃપુરમાં જઈને તેમની બધી રાણીઓને તેમની પાસે બોલાવી આવ્યા. સમ્રાટે તેમની બધી રાણીઓથી ક્ષમા યાચના કરી અને પોતાની દીક્ષાની ભાવના તેમને કહી બતાવી. તે સાંભળતાં જ બધી રાણીઓ જોરજોરથી રડવા લાગી તથા તેમના મુખકમળ તરત જ કરમાઈ ગયા. તેમને સૂઝતું ન હતું કે અમારાથી એવી શું ભૂલ થઈ ગઈ કે સમ્રાટ અમને છોડીને વૈરાગ્ય ધારણ કરવા તૈયાર થયા છે. સમ્રાટે પોતાની રાણીઓને પણ સમજાવ્યું. સમ્રાટના વચનો સાંભળીને તેમની રાણીઓએ પણ તેમની સાથે દીક્ષા લેવાનું નક્કી કર્યું.

ત્યારબાદ સમ્રાટ વરાંગ મહારાજ ધર્મસેન પાસે આજ્ઞા લેવા ગયા. રાજાએ પણ આ વાત

સાંભળી તો તેમને પણ ઘણું દુ:ખ થયું. તેમણે વરાંગને કહ્યું કે બેટા! આનર્તપુર અને ઉત્તમપુરનું રાજ્ય તારે આધીન જ છે. તું જતો રહીશ તો આ બંને રાજ્યનું શું થશે? તેમણે કહ્યું કે તપ તો ઘણું દુષ્કર છે અને તું હજી બાળક છે. તું કષ્ટ સહન કરી શકશે નહીં, વૃદ્ધાવસ્થામાં તપ ગ્રહણ કરજે.

પિતાના વચનો વરાંગે વિનયપૂર્વક સાંભળ્યા. સમ્રાટ વરાંગે પિતાને કહ્યું કે **જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર પુરુષ બહાર ભાગી જવાનો પ્રયત્ન કરે છે પરંતુ જે શત્રુ હોય છે તે તેને પકડીને પાછો આગમાં નાખી દે છે. હું પણ અત્યારે સાંસારિક દુ:ખરૂપી જ્વાળામાંથી નીકળવા ચાહું છું તો હે મહારાજ! તમે મને શત્રુ સમાન ફરી એ જ્વાળામાં ન નાખો.**

**સમુદ્રના વમળમાંથી નીકળીને મહામુશ્કેલીથી કિનારા પર આવેલાને કોઈ શત્રુ જ ફરી ધક્કો મારીને પાછો દરિયામાં નાખે છે. દુર્ગતિરૂપી ઘાતક લહેરોથી વ્યાપ્ત સમુદ્રમાં હે પિતાજી! તમે મને ફેંકો નહીં. હું વૈરાગ્યરૂપી અમૃત ગ્રહણ કરવા જાવ છું ત્યાં તમે મને રાજ્યલક્ષ્મીરૂપી વિષ ગ્રહણ કરવા માટે મજબૂર ન કરો.**

**કોઈ શત્રુ આક્રમણ કરી સંપત્તિ છીનવી લે છે, કોઈ પોતાના અંગને કાપી નાખે છે તથા કોઈ મારી પણ નાખે છે. પરંતુ જે પુરુષ ધર્માચરણમાં બાધક થાય છે તે મહા નિર્દય છે કારણ કે તે એક–બે ભવ નહીં પણ સેંકડો જન્મોના સુખને માટીમાં મેળવી દે છે.**

પુત્રના આ વચનો સાંભળીને મહારાજ ધર્મસેને પ્રસન્નતાપૂર્વક કહ્યું કે હે બેટા! સંસારમાં મનુષ્યના પ્રારબ્ધકાર્યમાં અનેક પ્રકારથી વિઘ્ન ઊભું કરી શકાય છે પરંતુ આ બધાથી ખૂબ જ વધારે તથા ભવ–ભવાંતર બગાડવાવાળી એ બાધા છે જે ધર્મકાર્યમાં કરવામાં આવે! આ બધું જાણવા છતાં મેં તને આ બધું કહ્યું તે ફક્ત પિતૃસ્નેહને કારણે જ કહ્યું છે કે જેનું પરિણામ નિશ્ચયથી દુ:ખદાયી જ હોત. પરંતુ તું એ બધા વાક્યો ઉપર ધ્યાન ન આપતો કારણ કે તારો દૃષ્ટિકોણ વિશાળ છે.

પુરુષસિંહ વરાંગને સૌથી અધિક કઠિનતાનો અનુભવ તો ત્યારે થયો હતો કે જ્યારે તે પોતાની માતાઓથી વિદાય લેવા ગયા હતા, તોપણ કોઈ યુક્તિ તથા ઉપાયથી તેમનાથી પણ આજ્ઞા લઈ લીધી. બધાને મળ્યા બાદ અંતમાં તેમણે પોતાના જ્યેષ્ટ પુત્ર સુગાત્રને રાજ્ય સભામાં બોલાવ્યો. તેને બધી વાત કહી. રાજ્યમાં લોકપ્રિય, ન્યાય–નીતિ આદિનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ સુગાત્રનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

સુગાત્રનો રાજ્યાભિષેક થતા જ સમ્રાટ વરાંગ ચાલ્યા વનમાં. તેમની સાથે તેમની રાણીઓ

તથા ધર્મપિતા પણ ચાલ્યા જાય છે. તેઓ ચાલતા ચાલતા સિદ્ધાચલ પર્વત પર પહોંચ્યા કે જ્યાં શ્રી નેમિનાથ ભગવાનના પ્રધાન ગણધર શ્રી વરદત્ત કેવળી બિરાજમાન હતા. ત્યાં પહોંચીને વંદના આદિ કરીને સમ્રાટ વરાંગે કેવળી ભગવાનને પ્રાર્થના કરી કે હે સર્વજ્ઞદેવ! ત્રણે લોકના જીવોને તમે જ એક માત્ર આધાર છો. હું સ્વયં સંસારથી ડરેલો છું. તેથી જ તેનાથી મુક્તિ મેળવવા આપના શરણે આવ્યો છું. હે ઋષિરાજ! મને કૃપા કરીને એ દેશમાં લઈ ચાલો કે જ્યાં કુકર્મોની ધૂળ ઊડતી જ ન હોય, જેમાં શાંતિનો ભંગ કરીને જન્મમરણના તૂફાન ઊડતા જ ન હોય. આમ, ભગવાન પાસે પ્રાર્થના કરીને ત્યાં તેમની સામે જ દીક્ષા ધારણ કરી. તેમને દીક્ષા લેતા જોઈને તેમની સાથે બીજા અનેક રાજાઓ, તેમની પત્નીઓ, વરાંગની પત્નીઓ, શેઠ સાગરવૃદ્ધિ, તેમના મંત્રીઓ, તેમની પત્નીઓ ઈત્યાદિ અનેકોએ પણ પ્રવ્રજ્યા ધારણ કરી.

આ રીતે, દીક્ષા સમારોહ સમાપ્ત થયા બાદ સાથે આવેલા અન્ય રાજાઓ તથા નગરવાસીઓ વરદત્ત કેવળીના દર્શન કરીને પાછા પોતાના નગરમાં ચાલ્યા.

હવે, મુનિરાજ વરાંગ ઘોર તપ કરવા લાગ્યા હતા. તેમની સાથે બીજા મુનિઓ પણ તેમની સાથે જ તપ કરતા હતા. રાજા વરાંગની જે રાણીઓએ દીક્ષા લીધી હતી તેઓ પણ ઘોર તપ કરતા હતા.

વીરોના મુકુટમણિ સમ્રાટ વરાંગે જે ઉત્સાહ અને લગનથી આનર્તપુરના વિશાળ સામ્રાજ્યને છોડીને પરમ શુદ્ધ નિર્ગ્રંથ દીક્ષા ગ્રહણ કરી હતી અને મુનિ વરાંગ બનીને શુદ્ધ સંયમ તથા તપનું આચરણ કર્યું હતું તે જ નિરપેક્ષ ભાવ તથા શુદ્ધ સ્વભાવ પ્રાપ્તિની સાથે તેઓ દેવલોકના મસ્તક તુલ્ય સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉત્પાદ શય્યાથી ઉત્પન્ન થયા. તેમાં ઉત્પન્ન થવાનું તાત્પર્ય એ જ છે કે આવતા ભવમાં નિશ્ચયથી મોક્ષ પ્રાપ્ત કરશે.

તેમની સાથે જે જે રાજાઓએ દીક્ષા લઈને તપ કર્યું હતું તેઓ તથા સાગરવૃદ્ધિ શેઠ પણ સ્વર્ગમાં ઉત્પન્ન થયા. સમ્રાટ વરાંગની રાણીઓ કે જેમણે આર્યિકા થઈને ઉગ્ર તપ કર્યું હતું તેઓ પણ સ્ત્રી–લિંગ છેદીને દેવપર્યાયમાં ઉત્પન્ન થઈ.

પ્રથમ સમ્રાટ વરાંગ અને પછી મહર્ષિ વરાંગ અંતરંગ–બહિરંગ લક્ષ્મીના સ્વયંવૃત વર હતા. તેમની કીર્તિ વિશાળ અને સર્વવ્યાપી હતી. તેમનામાં વિવેકશક્તિ પણ અપાર હતી. એવા રાજર્ષિના આ ચારિત્રને જે વ્યક્તિ પોતાના જીવનમાં ઉતારી લે છે તે નિશ્ચયથી અનુપમ પદ પ્રાપ્ત કરે છે.

ॐ

**શ્રી વીતરાગાય નમઃ**

**શ્રી સોમકીર્તિ આચાર્ય કૃત**

# પ્રદ્યુમ્ન ચરિત્ર

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં જગવિખ્યાત મગધ નામનો એક દેશ છે કે જે અનેક પ્રકારની વાપિકા, કૂવા અને સરોવરોથી શોભાયમાન છે. તે મગધ દેશમાં એક રાજગૃહી નામનું નગર છે, તે જિનમંદિરો દ્વારા સ્વર્ગસમાન સુંદર લાગે છે. તે નગરમાં શ્રેણિક નામનો રાજા રાજ્ય કરતો હતો. તે જગવિખ્યાત, શત્રુઓને જિતવાવાળો, નિર્મળચિત્તનો ધરનાર, વિવેકી, સત્પુરુષોની રક્ષામાં દત્તચિત્ત, શ્રાવકના આચાર પાળવાવાળો તથા ક્ષાયિક સમ્યક્ત્વથી શોભાયમાન હતો. તે રાજાની ચેલણા નામની એક રાણી હતી જે સરળસ્વભાવી, પોતાના રૂપથી દેવાંગનાઓને પણ જીતનારી, પાપથી ભયભીત, જિનમાર્ગમાં નિપુણ અને પતિવ્રતા તથા સ્ત્રીના બધા જ ગુણોને ધરનારી હતી.

એક દિવસ અનેક ઉદ્યાનવાળા વિપુલાચલ પર્વત પર શ્રી મહાવીર ભગવાનનું સમવસરણ આવ્યું. તે સમયે ભગવાનના પ્રભાવથી તે વન ફળ-ફૂલોથી પરિપૂર્ણ થઈ ગયું તથા હરણ અને વાઘનો સ્વાભાવિક વેરભાવ પણ દૂર થઈ ગયો. ત્યારે ઉપવનને વિશેષ વૈભવ સહિત જોઈને વનનો રક્ષક માળી ચકિત થઈ ગયો અને તેનું કારણ શોધવા ચારેબાજુ જોતાં તેને સમવસરણ દેખાયું જે જોઈને તેનું મન પ્રફુલ્લિત થઈ ગયું.

માળી ઉપવનમાંથી ફળો લઈ દ્વારપાળની આજ્ઞાથી રાજા શ્રેણિકની સભામાં ગયો. સભામાં જતાં જ તેણે રાજાને નમસ્કાર કર્યા, વિનયથી ફળો ભેટ આપ્યા અને આ પ્રકારે મનોહર વચનો બોલવા લાગ્યો—હે મહાભાગ્યશાળી મહારાજ! આપના ઉપવનમાં કેવળજ્ઞાનથી વિભૂષિત શ્રી વર્ધમાનસ્વામી સમવસરણ સહિત પધાર્યા છે.

સમવસરણ સહિત ભગવાન પધારવાના સમાચાર સાંભળતાં જ રાજાએ ભગવાનની દિશામાં સાત ડગ આગળ વધીને ભગવાનને પરોક્ષ પ્રણામ કર્યા. પરોક્ષમાં વિનય કરવો એ સજ્જનોનું લક્ષણ છે. ત્યારબાદ મહારાજાએ વનપાળને આભૂષણો ભેટ આપ્યા અને રાજ્યમાં આનંદભેરી વગડાવી તેમજ પોતાના પૂરા પરિવાર સહિત જિનેન્દ્રદેવની વંદના માટે ચાલ્યા. સમવસરણને દૂરથી જોતાં જ તેણે હાથી ઉપરથી ઉતરીને સંપૂર્ણ રાજસી ઠાઠ છોડી દીધો. સમવસરણમાં જઈને તેઓએ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દીધી તથા અત્યંત ભક્તિથી ભગવાનનું સ્તવન કર્યું.

ત્યારબાદ શ્રેણિકે ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને બે હાથ જોડી ભગવાનના મુખ્ય ગણધર શ્રી ગૌતમસ્વામીને પૂછ્યું કે હે પ્રભો! મને કૃષ્ણ-નારાયણના પુત્ર પ્રદ્યુમ્નનું ચરિત્ર સાંભળવાની ખૂબ ઇચ્છા છે. તે ક્યાં જન્મ્યો? તેને શત્રુ કેવી રીતે ઉપાડી ગયો? તેણે કેવા કેવા ધર્મકાર્યો કર્યા? તેની વિભૂતિ કેવી હતી? તે બધું આપના પ્રસાદથી હું જાણવા માગું છું. આપ સંદેહરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન હોઈ મારા સંદેહને દૂર કરો.

ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે હે રાજન! તેં ઘણો સારો પ્રશ્ન કર્યો છે. પ્રદ્યુમ્નનું ચરિત્ર પાપનો નાશ કરવાવાળું છે. પૃથ્વી ઉપર વિના પુણ્યે આવા ચરિત્ર સાંભળવા નથી મળતા. તેથી હે મતિમાન! સાવધાન થઈને અને સ્થિર ચિત્ત કરીને શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નનું ચરિત્ર સાંભળો.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સૌરાષ્ટ્ર નામનો દેશ છે. તે સૌરાષ્ટ્રદેશમાં સ્વર્ગથી પણ વધારે સુંદર દ્વારિકા નામની નગરી છે. તેની શોભા અવર્ણનીય છે. આ દ્વારિકા નગરીમાં જગત્ પ્રસિદ્ધ કૃષ્ણનારાયણ નામનો રાજા રાજ્ય કરતો હતો, જેના સમાન કોઈ પણ દાતા, ભોક્તા, વિવેકી અને જ્ઞાનવિજ્ઞાનવિભૂષિત ન હતું. તે વાસ્તવમાં પ્રજાની પિતા સમાન રક્ષા કરતો હતો. જેણે બાળક અવસ્થામાં જ કંસ આદિ અનેક શત્રુઓનો વિનાશ કર્યો હતો, ગોવર્ધન પર્વત ઉઠાવ્યો હતો, યમુના નદીમાં કાળાનાગને હરાવ્યો હતો, નાગશય્યા, ધનુષ્ય અને શંખ શત્રુના ઘરમાંથી પ્રાપ્ત કર્યા હતા અને જરાસંઘના ભાઈ અપરાજિતને સંગ્રામમાં નષ્ટ કર્યો હતો તે કૃષ્ણની શૂરવીરતાનું ક્યાં સુધી વર્ણન કરવું? જેને સમુદ્રાક્ષ નામના દેવે સમુદ્રને હરાવી બાર યોજન પૃથ્વી પ્રદાન કરી હતી અને જેના બળને જોઈને કુબેરે ઇન્દ્રની આજ્ઞાથી દ્વારિકા નગરીની રચના કરી હતી. પૃથ્વી ઉપર એવો કોઈ રાજા ન હતો જે તેના શુભ લક્ષણો અને ગુણોની સમાનતા કરી શકે. કોટિશિલા ઉપાડવાનું તેનું પરાક્રમ જોઈને બીજા રાજાઓએ પોતાની શૂરવીરતાનું ઘમંડ છોડી દીધું હતું. જેણે પરાઈ સ્ત્રીઓને પોતાનું વક્ષસ્થળ, શત્રુને યુદ્ધ સમયે પીઠ અને યાચકોને નકાર ક્યારેય બતાવ્યા નથી; આવા અનેક ગુણોનો ધારક ચંદ્ર સમાન મનોહર શ્રીકૃષ્ણ નારાયણ હરિવંશના રાજાઓનો શૃંગાર બનીને રાજ્ય કરતો હતો.

તે રાજાને સત્યભામા નામની પટ્ટરાણી હતી કે જે નિર્મળ ચિત્તવાળી, શીલવતી સ્ત્રીઓમાં શિરોમણિ, પુણ્યવતી, લાવણ્યમાં સર્વ લક્ષણોથી મંડિત તેમજ પોતાના રૂપની સંપદાથી દેવાંગનાઓના રૂપથી પણ ચડિયાતી હતી. સત્યભામા વિદ્યાધરની પુત્રી હતી. તે શાસ્ત્રાર્થ કરવામાં સરસ્વતી સમાન નિપુણ તેમજ ચતુર હતી. જેવી રીતે મહાદેવને પાર્વતી અને ઇન્દ્રને ઇન્દ્રાણી પ્રિય હતી તેવી જ રીતે શ્રીકૃષ્ણને સત્યભામા પ્રિય હતી. શ્રીકૃષ્ણને બળભદ્ર નામના મોટાભાઈ હતા, તે પૃથ્વી પર વિખ્યાત હતા. તેમની આજ્ઞા હજારો યાદવો માનતા હતા.

એક સમયે રાજ્યવિભૂતિથી મંડિત શ્રીકૃષ્ણ મહારાજ રાજસભામાં બિરાજમાન હતા.

અચાનક આકાશમાર્ગથી કોઈ તેજપુંજને નીચે આવતાં જોઈ સભાજનોને આશ્ચર્ય થયું. જ્યારે એકદમ નીચે આવ્યા ત્યારે ખબર પડી કે એ તો નારદ હતા. નારદ સદા કૂતુહલતાના અભિલાષિત, જિનમાર્ગમાં સદા લવલીન, અભિમાનરૂપી ધનના ધારક, પાપવર્જિત હાસ્યમાં આસક્ત તેમજ જિનવંદનામાં સદાય તત્પર રહેતા.

નારદમુનિને નજદીક આવ્યા જોઈને સભાના સર્વ સજ્જનો તેમજ શ્રીકૃષ્ણ મહારાજ પ્રસન્ન ચિત્તથી ઊભા થઈ ગયા. શ્રીકૃષ્ણજીએ તત્કાલ નજદીક જઈને નમસ્કાર કર્યા, પોતાના સિંહાસન ઉપર બિરાજમાન કરી ચરણ પ્રક્ષાલન કરી ભક્તિભાવથી તેમનું સ્તવન કર્યું. શ્રીકૃષ્ણે કહ્યું કે હે મુનિ! તમે તપ દ્વારા પવિત્ર છો. આજે મારું ઘર આપના ચરણસ્પર્શથી પવિત્ર થયું. પછી મુનિની આજ્ઞા મેળવી શ્રીકૃષ્ણ બીજા સિંહાસન ઉપર બેઠા. નારદજીએ કહ્યું કે હે રાજન્! નિશ્ચયથી હું તમને મળવાના પ્રયોજનથી જ આવ્યો છું. ત્યારબાદ નારદજીએ શ્રીકૃષ્ણને દેશદેશાંતરના તાજા સમાચાર સંભળાવ્યા તથા અનેક તીર્થોના આશીર્વાદ આપ્યા.

જે સમયે શ્રીકૃષ્ણ અને નારદ આ પ્રમાણે વાતો કરી રહ્યા હતા તે સમયે શ્રી નેમિકુમાર પણ ત્યાં આવ્યા. તેમને આવતાં જોઈને શ્રીકૃષ્ણ-નારદ સહિત આખી સભા ઊભી થઈ ગઈ. નારદજીએ નેમિકુમારને બીજા સિંહાસન ઉપર બેસાડ્યા અને તેમની ખૂબ ભક્તિ કરીને પછી પોતે બીજા સિંહાસન ઉપર બેઠા. ત્યારબાદ બધાએ આપસમાં ક્ષેમકુશળ પૂછ્યા અને આનંદથી ઘણો સમય પસાર કર્યો.

ત્યારબાદ નારદજી બોલ્યા કે હે કૃષ્ણ! હું અનેક દેશોમાં પરિભ્રમણ કરતો જિનવંદના કર્યા કરું છું. હું હંમેશા તમને યાદ કર્યા કરું છું અને ઇચ્છુ છું કે તમે સુખથી રહો. તમારા સુખથી મને સુખ થાય અને તમારા દુઃખથી મને દુઃખ થાય છે. તેથી આજે હું તમારા અંતઃપુરમાં જઈને તમારી રાણીઓને પણ જોવા માગું છું. મારે જોવું છે કે તમારી રાણીઓ સમાન સંસારમાં અન્ય કોઈ સ્ત્રી છે કે નહીં? તથા તમારી સ્ત્રીઓ તમારી સમાન વિનયવાન અને ઉદારચિત્ત છે કે નહીં?

નારદજી શ્રીકૃષ્ણની સંમતિથી આશ્ચર્યસહિત અંતઃપુર જોવાના મનોરથથી અંદર ગયા. પહેલાં શ્રીકૃષ્ણની પટ્ટરાણી સત્યભામાને જ મળવું જોઈએ–એમ વિચારી નારદજી પહેલાં સત્યભામાના મહેલ તરફ ગયા. સત્યભામા તે વખતે અરીસો સામે રાખી શૃંગાર કરી રહી હતી. નારદજી અચાનક તેની પાછળ જઈને ઊભા રહી ગયા. સત્યભામા અરીસામાં નારદજીનું પ્રતિબિંબ જોઈ જરા ડરી ગઈ. તેનું વિકૃત મુખ દેખીને નારદજીને દુઃખ થયું કે આખું જગત મારું સન્માન કરે અને આ સત્યભામાએ મને જોઈને મુખ વિકૃત બનાવ્યું!

નારદજી તરત જ ત્યાંથી પાછા વળ્યા અને પોતાના કૃત્ય ઉપર ઘણો પશ્ચાતાપ કર્યો કે હું શું કામ સત્યભામાના મહેલમાં ગયો? તેઓ વિચારવા લાગ્યા કે વિચારવાનોએ જેનું કુળ, શીલ, સ્વભાવ ખબર ન હોય તેના ઘરે ન જવું જોઈએ. આવા વિચાર કરતાં કરતાં અંતઃપુરથી બહાર નીકળીને કૈલાસગિરિ પહોંચ્યા. ત્યાં જઈને નારદમુનિ ચિંતાગ્રસ્ત બેસી ગયા અને વિચારવા લાગ્યા કે હવે હું શું કરું? મારા અપમાનનો બદલો કેવી રીતે લેવો? જે મારું સન્માન કરે છે તેને હું પણ સન્માન આપું છું પણ જે મારું અપમાન કરે છે તેનું ક્યારેય પણ ભલું થઈ શકતું નથી. સત્યભામાએ મારું અપમાન કર્યું છે, હવે હું કઈ રીતે બદલો લઉં! તેને કઈ રીતે દુઃસહ દુઃખ થાય? કઈ રીતે તેનું માન ગલિત થાય? કોના દ્વારા તેનું અપહરણ કરાવું કે જેથી તે દુઃખી થાય? તેને થયું કે જો સત્યભામાનું અપહરણ થાય તો શ્રીકૃષ્ણ દુઃખી થાય અને શ્રીકૃષ્ણ દુઃખી થતા મને દુઃખ થાય માટે બીજો ઉપાય કરું.

ઘણો વિચાર કરતાં અંતઃકરણથી એક ઉપાય સૂઝ્યો કે સ્ત્રીઓને જગતમાં શોંક (પતિની બીજી પત્ની) જેવું બીજું કોઈ દુઃખ નથી હોતું. વિધવા થવાથી, અપુત્રદશાથી કે દરિદ્રતાથી પણ એટલું દુઃખ નથી થતું જેટલું શોંકથી થાય છે. ત્રણકાળમાં શોંક સમાન દુઃખ ક્યારેય થયું નથી, વર્તમાનમાં થતું નથી અને ભવિષ્યમાં થશે પણ નહીં. આથી, અઢીદ્વીપમાં સત્યભામાથી અધિક સુંદર સ્ત્રીની શોધમાં નારદજી નીકળી પડ્યા.

ત્યાંથી નીકળીને નારદજીએ સૌ પ્રથમ વિદ્યાધરોની શ્રેણિમાં જઈને જોયું તો સત્યભામાની સુંદરતા સમાન કોઈ ન મળ્યું જેથી નારદજી ઘણા દુઃખી થયા. ભૂમિગોચરી રાજાઓના અંતઃપુરમાં જવાનું નક્કી કરીને ત્યાં ગયા પણ સત્યભામાથી અધિક સુંદર કોઈ સ્ત્રી ન દેખાઈ જેથી નારદજી ઘણા દુઃખી થયા.

એક દિવસ નારદજી ચારેબાજુથી ફરતાં ફરતાં જતાં હતા કે દૈવવસાત્ તે કુંડનપુર પહોંચી ગયા. આ નગરનો રાજા ભિષ્મ હતો. નારદજી તેની સભામાં ગયા. નારદજીને આવતાં જોઈને રાજા પોતાના સિંહાસનથી ઊભો થયો, નારદજીને પ્રણામ કર્યા અને તેમને સિંહાસન પર બેસાડીને પછી પોતે બેઠો. થોડીવાર પરસ્પર કુશળવાર્તા કર્યા બાદ નારદજીએ પૂછ્યું કે આ પુત્ર કોનો છે? રાજાએ કહ્યું કે તે મારો પુત્ર છે. નારદજીએ વિચાર્યું કે જો આ આટલો સુંદર છે તો તેની બહેન હશે તો મારું કામ થઈ જશે. આમ વિચારી તેણે પૂછ્યું કે રાજન્! આની માતાને બીજા કેટલા સંતાનો છે? રાજાએ કહ્યું કે એક આ પુત્ર અને બીજી પુત્રી છે. નારદજીએ પૂછ્યું કે વિવાહિતા છે કે અવિવાહિતા રાજાએ કહ્યું કે એ કન્યા શિશુપાલ રાજાને આપવાનું કહી દીધું છે.

આ જવાબ સાંભળીને નારદજીએ મનોમન વિચાર્યું કે હવે મારું મનોરથ સફળ થઈ જશે. તેમણે રાજાને કહ્યું કે મારે તમારું અંતઃપુર જોવા જવું છે. ત્યારે રાજાએ કહ્યું કે ઘણું સારું,

મારા મહેલને પવિત્ર કરો. જ્યારે નારદજી તેના સુંદર રણવાસમાં ગયા ત્યાં ભિષ્મરાજાની એક બાળવિધવા બહેન હતી તેણે નારદના બાહ્યલક્ષણોથી જાણી લીધું કે આ નારદ છે. તેણે ઊભા થઈને યોગ્ય સત્કાર કરીને નારદને સિંહાસન પર બેસાડ્યા. પછી રાજા ભિષ્મની બધી રાણીઓએ નારદજીના આશીર્વાદ લીધા. થોડી વાર્તાલાપ થયા પછી નારદજીએ પૂછ્યું કે આ પુત્રી કોની છે? તેણે કહ્યું તે મહારાજની પુત્રી રુક્મણી છે. આમ કહીને તેણે નારદને પ્રણામ કરાવ્યા. ત્યારે નારદે રુક્મણીને એવા આશીર્વાદ આપ્યા કે હે પુત્રી! તું શ્રીકૃષ્ણ મહારાજની પટ્ટરાણી થા. મુનિના વચનો સાંભળી રુક્મણી ચકિત થઈ ગઈ. તેણે તેની ફઈની સામે જોયું. તેની ફઈએ નારદજીને પૂછ્યું કે પ્રભુ! તમે હમણા આશીર્વાદમાં જેનું નામ લીધું તે શ્રીકૃષ્ણ કોણ છે? તે ક્યાં નિવાસ કરે છે? તેની ઋદ્ધિ શું છે? તેની ઉંમર શું છે? તે આપ કહો.

નારદમુનિએ શ્રીકૃષ્ણનું વર્ણન કર્યું અને કહ્યું કે તે નારાયણ છે તથા તેમના ઘરમાં નેમિકુમાર જિનરાજ વિરાજમાન છે. આ ઉપરાંત તેમની રૂપ-સંપદાનું, શક્તિનું પણ ઘણું વર્ણન કર્યું. નારદજીના વચન સાંભળી ભિષ્મની બહેને રુક્મણીને કહ્યું કે તેં જે આ સાંભળ્યું તે સત્ય છે. નારદજીના આશીર્વાદ ઉપર વિશ્વાસ રાખ. રુક્મણીએ કહ્યું કે તે કેવી રીતે બની શકે? મને તો શિશુપાલને આપવી કહી છે! ત્યારે તેની ફઈએ કહ્યું કે તારા માતા-પિતાએ શિશુપાલને આપવી કહી નથી પણ તારા ભાઈએ આપવી કહી છે. વળી, એક વખત આપણે ત્યાં અતિમુક્તક મુનિ મહારાજ આહાર માટે પધાર્યા હતા, તેમણે આહારદાન પછી થોડો ધર્મનો ઉપદેશ આપ્યો ત્યારે મહારાજાએ પૂછેલું કે હે સ્વામી! મારી પુત્રી કોની રાણી બનશે? ત્યારે અતિમુક્તક સ્વામીએ કહેલું કે જગતમાં જે નારાયણ તરીકે પ્રસિદ્ધ હશે અને યાદવોનો નાથ હશે તે તેનો નાથ બનશે. મુનિરાજનું કહેલું ક્યારેય અસત્ય થતું નથી.

આ વૃતાંત સાંભળતા રાજા શ્રેણિકે વચ્ચે ગૌતમ સ્વામીને પ્રશ્ન કર્યો કે શિશુપાલ પાસે ભિષ્મરાજાનો પુત્ર રુપ્યકુમાર શા માટે ગયો હતો? ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે એક દિવસ જ્યારે શિશુપાલ શત્રુઓ ઉપર ચઢાઈ કરવા તૈયાર થયો ત્યારે તેણે રાજા ભિષ્મને યુદ્ધમાં સાથ આપવા દૂત મોકલ્યો. દૂતનો પત્ર વાંચી ભિષ્મરાજા યુદ્ધમાં જવા તૈયાર થયા. ત્યારે રુપ્યકુમાર તેમની સન્મુખ મુખ નમાવીને ઊભા થઈ ગયા અને કહ્યું કે પિતાજી! હું પુત્ર હોવા છતાં તમે યુદ્ધ માટે જાવ તે યોગ્ય નથી કેમ કે પુત્રનો એ જ ધર્મ છે કે તે માતા-પિતાને સુખી કરે. પિતાએ આ વચનો સાંભળી તેને જવા માટે આશીર્વાદ આપ્યા.

રુપ્યકુમારના આવવાથી શિશુપાલ ખુશ થયો અને તેનું સન્માન કર્યું. પછી બંને સેનાઓ યુદ્ધ માટે નીકળી પડી અને યુદ્ધમાં શત્રુનો પરાજય થયો. યુદ્ધમાં રુપ્યકુમારને કારણે જીત મળી હોવાથી શિશુપાલે તેનું ખૂબ સન્માન કર્યું. તે સન્માનથી ખુશ થઈને રુપ્યકુમારે પોતાની બહેન શિશુપાલને દેવી કહી.

ત્યારબાદ ફઈએ રુક્મણીને કહ્યું કે તું ચિંતા ન કર. હું એવો ઉપાય કરીશ કે શ્રીકૃષ્ણજી નિશ્ચયથી તારા ભરતાર થશે. ફઈની વાત સાંભળીને રુક્મણી ખૂબ ખુશ થઈ. નારદજી પણ શ્રીકૃષ્ણના ઘણા વખાણ કરીને પછી કૈલાસ પર્વત પર જઈ પહોંચ્યા. ત્યાં બેસીને નારદજીએ રુક્મણીનું એક ચિત્રપટ બનાવ્યું. તેને લઈને તે દ્વારિકા પહોંચ્યા.

શ્રીકૃષ્ણએ આકાશમાર્ગથી નારદજીને આવતાં જોયા તેથી ઊભા થઈ સામે આવીને સત્કાર કર્યો, આસન આપ્યું અને પોતે બીજા આસન ઉપર બેસી ગયા. થોડીવાર ધર્મચર્ચા ચાલી. અવસર જોઈને શ્રીકૃષ્ણએ પૂછ્યું કે તમે તો અઢીદ્વીપમાં ફરતા રહો છો તો તમે કોઈ વિનોદની વાર્તા સાંભળી હોય કે કોઈ ચમત્કાર જોયો હોય તો મને કહો. જો મારા લાયક નવીન વસ્તુ લાવ્યા હોય તો તે પણ આપો કારણ કે તમે મારા પરમ મિત્ર છો. આપની સમાન મારું કોઈ મિત્ર નથી.

શ્રીકૃષ્ણના વચનો સાંભળી નારદજી ખૂબ પ્રસન્ન થયા. તેઓ કાંઈ બોલ્યા નહીં પણ પોતાના હાથ લંબાવીને રુક્મણીનું ચિત્રપટ તેને આપ્યું. શ્રીકૃષ્ણએ જેવું ચિત્રપટ જોયું કે તુરત તે વિચારવા લાગ્યા કે સાચે જ આ સુંદરીએ મારું મન ચોરી લીધું છે. નારદજી આવી સુંદર કન્યા ક્યાં જોઈ આવ્યા કે જેનું ચિત્રપટ દોરીને તરત જ મારા માટે લઈ આવ્યા? કુદરતે આવી રૂપવતી કેવી રીતે બનાવી હશે? આમ, શ્રીકૃષ્ણ ચિત્રપટને જોતાં જોતાં આશ્ચર્યથી અનેક સંકલ્પ-વિકલ્પ કરવા લાગ્યા. સમાધાન માટે તેણે નારદજીને પૂછ્યું કે હે સ્વામીન્! આ સુંદરીનો પૂરો પરિચય મને આપો કારણ કે તેને જોતાં જ મારું મન ચલાયમાન થઈ ગયું છે.

શ્રીકૃષ્ણના વચન સાંભળી નારદજીએ કહ્યું કે હે રાજન્! તારા ચિત્તને દુ:ખી ન કર. આ કોઈ દેવાંગના, ગાંધર્વી કે વિદ્યાધરીનું રૂપ નથી. આ તો એક ભૂમિગોચરીનું રૂપ છે. આમ કહી રુક્મણીની આખી વાર્તા શ્રીકૃષ્ણને કહી સંભળાવી. નારદજીએ કહ્યું કે હે રાજન્! જ્યાં સુધી તમે સંગ્રામમાં શિશુપાલને પરાજિત નહીં કરો ત્યાં સુધી રુક્મણી તમને મળી શકે તેમ નથી. આ સાંભળતાં જ કૃષ્ણ થોડા ઉદાસ થઈ ગયા. તે વિચારવા લાગ્યા કે રુક્મણી હવે મને કઈ રીતે પ્રાપ્ત થાય! ક્યારે હું એને મળીશ? નારદે તેમને ઘણા સમજાવ્યા અને સાંત્વના આપી કે તમે ચિંતા ન કરો, રુક્મણી તમને જ મળશે. ઉદ્યમવંત લોકો જ સુખ મેળવી શકે છે. આમ ઘણું સમજાવીને નારદજી પોતાના સ્થાનકે ચાલ્યા ગયા પણ આ બાજુ શ્રીકૃષ્ણની ભૂખ અને ઊંઘ ઊડી ગઈ.

તે જ સમયે શિશુપાલ મને લેવા માટે આવવાનો છે તે સમાચાર સાંભળતાં જ રુક્મણી ડરી ગઈ, તેથી તેની ફઈને કહ્યું કે જો શ્રીકૃષ્ણ મને નહીં મળે તો હું મરી જઈશ પણ શિશુપાલ સાથે નહીં જાઉં. તેની ફઈએ કહ્યું કે તું ચિંતા ન કર. તારી ઇચ્છા પ્રમાણે જ થશે. પછી તેમણે

કુશળ નામનો દૂત બોલાવ્યો અને તેને બધી વાત ગુપ્ત રીતે કરીને પ્રેમસૂચક પત્ર લઈને શીઘ્ર દ્વારિકા શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો.

કુશળ દૂત તરત જ દ્વારિકા જવા રવાના થઈ ગયો. દ્વારિકા પહોંચતાં જ તે સીધો રાજસભામાં પહોંચ્યો કે જ્યાં શ્રીકૃષ્ણ પોતાના ભાઈ બળદેવ સહિત બિરાજમાન હતા. તેણે શ્રીકૃષ્ણને કહ્યું કે હું તમારા માટે પ્રેમ સંબંધી કાંઈક પત્ર લાવ્યો છું. આમ કહીને કુશળ દૂતે ઈશારો કર્યો જેથી સભા વિસર્જન કરી અને દૂત સાથે બંને ભાઈઓ એકાંતમાં બેઠા. દૂતે કહ્યું કે શિશુપાલ રાજા હવે થોડા દિવસોમાં જ રાજકન્યા રુકમણીને વરવા આવવાના છે પણ રુકમણી તો ફક્ત તમારા જ પ્રેમમાં આસક્ત છે. જો તમે તેને નહીં મળો તો તે તેનું જીવીતવ્ય ટૂંકાવી દેશે. તમે મારા વચન યથાર્થ અને સારગર્ભિત સમજો અને કર્તવ્યને ચિત્તમાં રાખીને યથોચિત ઉપાય કરો.

શ્રીકૃષ્ણએ પ્રેમને વશીભૂત થઈને કુશળ દૂતને પૂછ્યું કે ત્યાં આવીને હું રોકાઈશ ક્યાં? તેને મળીશ કઈ રીતે? દૂતે કહ્યું કે તમે સીધા કુંડનપુર પહોંચો. ત્યાં એક 'પ્રમદ' નામનો બગીચો છે જેમાં એક અશોકવૃક્ષની નીચે કામદેવની મૂર્તિ છે. તે અશોકવૃક્ષ પર મનોહર ધ્વજા લાગેલી છે. હે નાથ! આપ ત્યાં પધારો અને બાજુના વૃક્ષની પાછળ છુપાઈને રહેજો. નિશ્ચયથી રુકમણી ત્યાં કામદેવની પૂજાના બહાને પોતાની સખીઓને પાછળ છોડીને એકલી આવશે અને તમને મળશે. તેથી પોતાનું હિત સમજીને ત્યાં અવશ્ય પધારવું જોઈએ. આપ ચોક્કસ માનજો કે આપને છોડીને તે બાળા બીજો પતિ નહીં કરે. તે તમને મળવા માટે જ ત્યાં આવશે અને તમે નહીં મળો તો નિશ્ચયથી તે પોતાના પ્રાણ ત્યાં જ ત્યાગશે. આમ વારંવાર પ્રાર્થના કરીને દૂત ત્યાંથી રવાના થયો.

દૂતના ગયા બાદ બંને ભાઈ કુંડનપુર જવાનો ઉપાય વિચારવા લાગ્યા કારણ કે સત્યભામા વિદ્યાધરની પુત્રી હોઈ કાંઈ વિઘ્ન ન કરી બેસે. આમ વિચારી અડધી રાત્રે બંને ભાઈઓ કવચ ધારણ કરી અનેક જાતના શસ્ત્રો સાથે લઈને કુંડનપુર જવા માટે રથ પર સવાર થઈ ગયા. થોડીવારમાં તેઓ કુંડનપુર પહોંચી ગયા. પહોંચીને તરત જ તેઓ પ્રમદ-ઉદ્યાનમાં ગયા. ત્યાં અશોકવૃક્ષ નીચે કામદેવની મૂર્તિ જોઈને તેઓએ રથના ઘોડા ત્યાં છોડી દીધા અને પોતે છુપાઈ ગયા.

હવે, જે વખતે કૃષ્ણ-બળદેવ દ્વારિકાથી નીકળ્યા તે જ વખતે નારદજી શિશુપાલ પાસે પહોંચ્યા અને થોડીવાર બીજી વાતો કર્યા બાદ નારદજીએ લગ્નપત્રિકા જોવા માટે માગી. લગ્નપત્રિકા હાથમાં આવતાં નારદજી તેને ચિંતાની નજરે જોવા લાગ્યા. જ્યારે શિશુપાલે તેમને પૂછ્યું કે તમે ચિંતિત દેખાવ છો ત્યારે તેમણે કહ્યું કે રાજન્ લગ્ન સમયે તારા શરીરને કષ્ટ

થાય એમ મને લાગે છે માટે પૂરી તૈયારી સાથે જજે. આમ કહીને નારદજી ત્યાંથી નીકળી ગયા.

નારદના ગયા પછી શિશુપાલને ચિંતા થઈ ગઈ. શંકિત થઈને તેણે વિશાળ સેના તૈયાર કરી અને અનેક પ્રકારના સાધનો સહિત તે કુંડનપુર પહોંચતાં જ તેને ચારેબાજુથી ઘેરી લીધું. જે સમયે શિશુપાલે નગરને ઘેરી રાખ્યું હતું તે જ સમયે કૃષ્ણ અને બળદેવ ત્યાં પ્રમદ ઉદ્યાનમાં આવ્યા હતા.

જ્યારે રુક્મણીએ કુંડનપુરને ઘેરાયેલું જાણ્યું ત્યારે તે ઘણી દુઃખી થઈ વિચારવા લાગી કે હાય! હવે હું શ્રીકૃષ્ણને કેવી રીતે મળીશ? ત્યારે તેની ફઈએ તેને આશ્વાસન આપ્યું અને કહ્યું કે તું ચિંતા ન કર, બધું બરાબર થઈ જશે. પછી તેણે રુક્મણીની સાથે તેની સખીઓને લીધી અને ધીરે ધીરે ગીત ગાતાં ગાતાં બધા નીકળ્યા. શિશુપાલના સૈનિકોએ તેમને રોકી અને તેના રાજાની આજ્ઞા અનુસાર તેમને બહાર જવા ન દીધી. રુક્મણીની ફઈએ કહ્યું કે કન્યાએ પ્રતિજ્ઞા કરી હતી કે જો તેના લગ્ન શિશુપાલ રાજા સાથે થશે તો તે કામદેવની પૂજા કરશે. અત્યારે જ્યારે હવે તેના લગ્ન રાજા શિશુપાલ સાથે થઈ રહ્યા છે તો તેના સૌભાગ્ય માટે તે તેની પ્રતિજ્ઞા પૂરી કરવા જઈ રહી છે અને તેને જવું જ જોઈએ. સૈનિકે બધી વાત શિશુપાલને કહી જે સાંભળીને શિશુપાલ પાણી પાણી થઈ ગયો અને વનમાં જવા માટે રજા આપી દીધી.

સઘનવનમાં થોડું ચાલતાં જ્યાં પ્રમદ ઉદ્યાન આવ્યું ત્યાં તેની ફઈએ તેને કહ્યું કે બેટી! હવે તું જા અને તારા સ્વામીની પૂજા કર. અહીં જ તારો દેવતા છે. આમ કહીને પોતે બધી સખીઓ સાથે ત્યાં રોકાઈ ગઈ અને રુક્મણીને એકલી મોકલી દીધી. ત્યારે રુક્મણી મંદગતિથી અશોકવૃક્ષ પાસે ગઈ અને ચારે તરફ જોવા લાગી. શ્રીકૃષ્ણ વૃક્ષની પાછળ બેઠા બેઠા તેને જોઈ રહ્યા હતા. તે ભૂલી ગયા કે અત્યારે તેઓ એક ઉદ્યાનમાં બેઠા છે. તે તો પ્રેમભરી નજરે રુક્મણીને જોતાં જ રહ્યા. ત્યારે રુક્મણીએ મોટા અવાજથી કહ્યું કે જો મારા પુણ્યોદયથી દ્વારિકાનાથ અહીં આવ્યા હોય તો મારો અવાજ સાંભળી મને તરત જ દર્શન આપે.

રુક્મણીએ આ શબ્દો કહ્યા કે તરત જ શ્રીકૃષ્ણ અને બળદેવ વૃક્ષ પાછળથી બહાર આવ્યા. બળદેવ તરત જ પોતાનો રથ તૈયાર કરવા ગયા. શ્રીકૃષ્ણને જોઈને રુક્મણીની નજર નમી ગઈ, તે શરમાઈ ગઈ, તે કાંપવા લાગી. એટલીવારમાં રથ તૈયાર કરીને બળદેવ બોલ્યા કે સ્ત્રીઓને સ્વભાવથી જ લજ્જા હોય છે તો પછી કન્યાને તો હોવી જ જોઈએ. કૃષ્ણ! તું શું જોઈ રહ્યો છે? તેનો હાથ પકડીને તેને રથમાં બેસાડી દે. સ્ત્રી-ચરિત્રને તું નથી જાણતો. સાચે જ તું પૂરો ગોપાળ અર્થાત્ ગાય-ભેંસ ચરાવવાવાળો જ છે. ત્યારે શ્રીકૃષ્ણએ પ્રેમથી રુક્મણીને રથમાં બેસાડીને બંને ભાઈઓ પણ રથમાં બેસી ગયા.

બળદેવજીએ રથને ખૂબ ઝડપથી ચલાવ્યો અને શ્રીકૃષ્ણે પોતાનો શંખ ફૂક્યો અને જોરથી કહ્યું કે મેં–શ્રીકૃષ્ણે રુકમણીને હઠથી હરણ કરી છે જેની શક્તિ હોય તે રુકમણીને મારાથી છોડાવી લે. હે શિશુપાલ રાજા! મારી વાત સાંભળો, જો રુકમણીને હું હરી જાવ તો પછી તમારા જીવનથી શું? હે ભિષ્મ રાજા! તમારી પુત્રીને દ્વારિકાના રાજા અને તેમના ભાઈએ હરી છે! હે રુપ્યકુમાર! મેં તારી બહેનને હરી છે. તારી ધીરતા, અભિમાન અને શૂરતા શું કામની? અગર તમારામાં સામર્થ્ય હોય તો મારા રથની પાછળ આવો અને રુકમણીને મારાથી છોડાવીને લઈ જાવ. જો તમારામાં કાંઈ સાહસ નથી તો તમારા જીવનને ધિક્કાર છે. હે રાજાઓ! મારી સાથે સંગ્રામમાં યુદ્ધ કર્યા વિના તમે બધા કઈ રીતે કૃતાર્થ થઈ શકો છો? જો હું તમારા બધાની સામે રુકમણીને હરીને લઈ જાવ તો તમારી શૂરવીરતા, ધીરતા અને સામર્થ્ય સાચે જ વ્યર્થ છે. આમ કહીને પોતાના ઉત્તમ રથને બંને ભાઈઓ ઝડપથી વનમાંથી બહાર ખુલ્લા મેદાનમાં લઈ ગયા.

શ્રીકૃષ્ણની વાત સાંભળીને બધા ગભરાઈ ગયા. પછી તરત જ રુપ્યકુમાર અને શિશુપાલ પોતાની પૂરી સેના લઈને મેદાનમાં શ્રીકૃષ્ણ-બળદેવની સામે યુદ્ધ કરવા આવ્યા. એકબાજુ બે ભાઈ અને બીજી બાજુ હજારો યોદ્ધાઓને જોઈને રુકમણી ચિંતિત થઈને રડવા લાગી. તેની આંખમાંથી આંસુ નીકળતાં જોઈને બળદેવે શ્રીકૃષ્ણને કહ્યું કે જરા આ બાજુ જો અને આને આપણી શક્તિનું અનુમાન તો કરાવ. શ્રીકૃષ્ણએ પોતાની આંગળીમાંથી વીંટી કાઢી અને તેનો હીરો મસળીને ભૂકો કરીને સાથિયો બનાવ્યો અને એક તીરથી સામેના સાત તાડના વૃક્ષને કાપી નાખ્યા. એ જોઈને રુકમણીની તેમના પ્રત્યેની ચિંતા તો મટી પણ હજુ તેનું મુખ મ્લાન હતું. શ્રીકૃષ્ણએ કહ્યું કે હે સૌભાગ્યશાલીની! હવે તને શેની ચિંતા છે એ તો બતાવ? ત્યારે રુકમણીએ કહ્યું કે મને આપની શક્તિ માટે જરાય શંકા નથી પણ સામે મારો ભાઈ પણ છે તો તેનો વધ ન કરતાં. શ્રીકૃષ્ણ હસીને બોલ્યા કે તું ચિંતા ન કર, એમ જ થશે.

પછી તો શ્રીકૃષ્ણએ શિશુપાલ સાથે ઘોર યુદ્ધ કર્યું અને તેને યમલોક પહોંચાડી દીધો. આ બાજુ બળદેવે તેની આખી સેનાને વેરવિખેર કરી નાખી અને રુપ્યકુમારને નાગપાશથી બાંધીને રુકમણીને સોંપ્યો અને કહ્યું કે હવે તારા ભાઈ ઉપરથી માખીઓ ઉડાવતી રહેજે. જે સમયે યુદ્ધ ચાલી રહ્યું હતું તે સમયે કલહપ્રેમી નારદજી આકાશમાં ઊભા ઊભા સંતુષ્ટ થઈને નૃત્ય કરી રહ્યા હતા.

આ પ્રકારે યુદ્ધ કરીને મહાન્ મદોન્મત્ત શત્રુનો નાશ કરીને શ્રીકૃષ્ણ અને બળદેવ પ્રસન્નતાપૂર્વક રુકમણી પાસે આવ્યા. રુકમણીએ હાથ જોડીને નમ્રતાપૂર્વક કહ્યું કે હે ભુજપરાક્રમના ધારક સ્વામી! કૃપા કરીને મારા ભાઈને નાગપાશથી મુક્ત કરો. ત્યારે શ્રીકૃષ્ણ હસ્યા અને રુપ્યકુમારને છોડીને કહ્યું તમે મારા પરમબંધુ છો તેથી સ્નેહદૃષ્ટિ રાખીને તમે અમારી

પાસે આવતાં જતાં રહેજો અને યાદ રાખજો કે આ રુકમણી તમારી બહેન છે. આમ કહેવા છતાં પણ કુમારે લજ્જાથી કાંઈ ઉત્તર ન આપ્યો અને બધા નગરમાં ચાલ્યા ગયા.

ત્યારબાદ કૃષ્ણ-બળદેવ રુકમણીને સારી રીતે રથમાં બેસાડીને દ્વારિકા નગરી જવા માટે રવાના થયા. આચાર્ય કહે છે કે જે કૃષ્ણરાજે શત્રુઓનો પરાજય કરીને રાજા ભિષ્મની પુત્રી રુકમણી પ્રાપ્ત કરી તેના મહાત્મ્યને કોણ વર્ણવી શકે? વન, ઉપવનની શોભા જોતાં જોતાં તેઓ રૈવતક પર્વત પર પહોંચ્યા. નંદનવન સમા તે વનમાં બળદેવજીએ શ્રીકૃષ્ણ અને રુકમણીના લગ્ન કરાવ્યા. તે જ સમયથી પૃથ્વી પર તે વન રુકમણીવનના નામથી પ્રસિદ્ધ થઈ ગયું.

એટલામાં દ્વારિકા નગરીમાં સમાચાર ફેલાઈ ગયા કે શ્રીકૃષ્ણ શત્રુને જીતીને રુકમણીને લઈને બળદેવ સાથે રૈવતકગિરિ પર પધાર્યા છે. તેમના આગમનનાં સમાચાર સાંભળી પ્રજાજનો અત્યંત પ્રસન્ન થયા અને આખા નગરને શણગારવામાં આવ્યું. બધા કુટુંબીજનો સ્વાગત કરવા સામે આવ્યા અને પ્રેમથી એકબીજાને મળીને નગરમાં ત્રણેએ પ્રવેશ કર્યો. મહેલમાં પહોંચતાં બળદેવજી પોતાના નવખંડના મહેલમાં ગયા અને શ્રીકૃષ્ણ રુકમણીની સાથે પોતાના નવખંડના મહેલમાં ગયા. શ્રીકૃષ્ણએ તે નવખંડનો મહેલ રુકમણીના અધિકારમાં કર્યો.

શ્રીકૃષ્ણએ તે સમયથી જ બીજે જવાનું બંધ કરી દીધું. પ્રતિદિન શ્રીકૃષ્ણ બધી જ નિત્યક્રિયા એ રુકમણીના મહેલમાં જ કરતા. તેઓએ પોતાની બીજી બધી રાણીઓને મળવાનું પણ બંધ કરી દીધું. સત્યભામા વિદ્યાધરી શ્રીકૃષ્ણના વિયોગથી દુબળી પડી ગઈ હતી પણ અભિમાનને કારણે તેણે તેની બિલકુલ પરવાહ ન કરી. આ સમયે નારદજી રોજ સત્યભામાને મળવા આવતાં અને તેના દુઃખમાં વધારો કરીને પોતે ખુશ થતાં હતા. એમ પણ પોતાના શત્રુને દુઃખી જોઈને કોણ ખુશ ન થાય? બરાબર છે કે ગુણોનો આદર બધા કરે છે, ફક્ત વિદ્યા અને ઉત્તમ કુળથી કાર્ય સિદ્ધ નથી થતું. જુઓ! વિદ્યાધરની પુત્રી સત્યભામા વિદ્યાવાન અને ઉત્તમ કુળવાળી હોવા છતાં શ્રીકૃષ્ણ તેને પણ ભૂલી ગયા!

એક દિવસ રુકમણીએ શ્રીકૃષ્ણને પૂછ્યું કે હે સ્વામી! મેં પહેલાં સાંભળ્યું હતું કે સત્યભામા નામની રાણી તમને પ્રાણથી પણ વધારે પ્યારી છે. પરંતુ હવે તો આપ તેના મહેલમાં બિલકુલ જતાં નથી, તેનું શું કારણ છે! ત્યારે શ્રીકૃષ્ણએ ઉત્તર આપ્યો કે પ્રિયે! સાંભળ, સત્યભામાને ઘણું અભિમાન રહે છે અને મને તે પસંદ નથી. એવા સોનાથી શું કામ કે જેનાથી કાન ખંડિત થાય! ત્યારે રુકમણીએ વિનયથી કહ્યું કે કોઈના હાથમાં કોઈ કિંમતી વસ્તુ આવે તો એને શું તે છોડી દેશે? સોનાથી કાન ખંડિત થાય તોપણ કોણ તેનો ત્યાગ કરે છે? રુકમણીના નીતિયુક્ત ઉદાર વચન સાંભળી શ્રીકૃષ્ણએ કહ્યું કે હે પ્રિયે! તારા કહેવાથી હું તેની પાસે જઈશ.

એક દિવસ શ્રીકૃષ્ણ મહારાજ સભામાં બિરાજમાન હતા તે જ સમયે ત્યાં કુરુદેશના રાજા દુર્યોધનનો એક દૂત ત્યાં આવ્યો. ત્યાં આવીને દૂતે શ્રીકૃષ્ણ મહારાજને વિનયપૂર્વક નમસ્કાર કર્યા અને પોતાના રાજાનો પત્ર તેમને આપી પોતાને યોગ્ય સ્થાનકે જઈને બેસી ગયો. તે પત્ર મંત્રીએ પોતાના હાથમાં લીધો અને વાંચ્યો તેનો ભાવાર્થ આમ હતો કે ભવિષ્યમાં જો દુર્યોધનને પુત્રી થાય અને શ્રીકૃષ્ણને ત્યાં જે પ્રથમ પુત્રનો જન્મ થાય તે બંનેના વિવાહ કરી મૈત્રી સંબંધ ગાઢ કરવો. જો દુર્યોધનના ઘરે પુત્ર જન્મે અને શ્રીકૃષ્ણને ત્યાં પુત્રીનો જન્મ થાય તોપણ તે રીતે જ સંબંધ બાંધવો. શ્રીકૃષ્ણએ અતિ પ્રસન્ન થઈને આ સંબંધની સ્વીકૃતિ આપી અને દૂતને ભેટ આપીને વિદાય આપી. તેની પાછળ પોતાનો દૂત દુર્યોધન પાસે મોકલીને સંબંધનો નિશ્ચય કર્યો. આ સમાચારની ફક્ત સત્યભામાને ખબર પડી. રુક્મણી કે બીજી કોઈ રાણીઓને આ સમાચાર મળ્યા નહીં.

શ્રીકૃષ્ણએ રુક્મણી સાથે ઘણો કાળ વ્યતીત કર્યો. પુણ્યના ઉદયથી પ્રાણીમાત્રને સુખની પ્રાપ્તિ થાય છે. પુણ્યથી જ શ્રીકૃષ્ણએ દ્વારિકાનું રાજ્ય મેળવ્યું, શિશુપાલને હરાવ્યો અને રુક્મણીને પ્રાપ્ત કરી.

**તેથી જ આચાર્ય મહારાજ કહે છે કે ભવ્ય જીવોને પુણ્યના પ્રભાવથી બધી વસ્તુ પ્રાપ્ત થાય છે. તેથી ભવ્ય પ્રાણીઓએ શ્રી જિનેન્દ્રપ્રણીત ધર્માનુસાર પુણ્ય ઉપાર્જન કરવું જોઈએ. પુણ્યથી જ ચંદ્રસમાન મનોહર ઉજ્જ્વળ પરિણામ થાય છે. નરગતિ અને દેવગતિના જે સુખ ત્રણ ભુવનમાં મળવા મુશ્કેલ છે તે બધા પુણ્યના પ્રભાવથી સહજમાં પ્રાપ્ત થાય છે એમ જાણીને ભવ્યજીવોએ સદાકાળ પુણ્યનો સંચય કરવો જોઈએ.**

એક વાર રુક્મણી જ્યારે સૂતી હતી ત્યારે તેને રાત્રિના પાછલાં પહોરમાં સ્વપ્ન આવ્યું. સવારના ઊઠીને નિત્યક્રિયા પૂરી કરીને તે શ્રીકૃષ્ણ પાસે ગઈ અને રાત્રીનું સ્વપ્ન કહ્યું તથા તેનું ફળ પૂછ્યું. શ્રીકૃષ્ણ સ્વપ્ન સાંભળીને પ્રસન્ન થયા અને કહ્યું કે તને નિશ્ચયથી આકાશગામી અને મોક્ષગામી પુત્રરત્નની પ્રાપ્તિ થશે. ફળ સાંભળીને રુક્મણી અત્યંત પ્રસન્ન થઈ ને પ્રણામ કરી પોતાના મહેલમાં ચાલી ગઈ. રાજા મધુનો જીવ જેણે પૂર્વભવમાં ઘણું તપ કર્યું હતું અને ત્યાંથી સોળમાં સ્વર્ગમાં ગયો હતો તે સ્વર્ગમાંથી ચ્યવીને રુક્મણીના ગર્ભમાં આવ્યો હતો. સત્યભામાએ પણ આવી રીતે સ્વપ્ન જોયું અને તેનું ફળ પણ શ્રીકૃષ્ણએ તેને પુત્રરત્નની પ્રાપ્તિ થવું કહ્યું. કોઈ કલ્પવાસી જીવ સ્વર્ગમાંથી ચ્યવીને તેના ગર્ભમાં આવ્યો હતો.

ગર્ભકાળના પૂરા નવમાસ વ્યતીત થયા બાદ રુક્મણીને ઉત્તમ તિથિ, શુભ નક્ષત્ર, શુભકરણ યોગ અને પંચાગશુદ્ધિમાં પુત્રરત્નનો જન્મ થયો. પુત્રને જોઈને રુક્મણીને અપાર આનંદ થયો. પુત્રને સૂર્ય સમાન પ્રતાપવાન અને શુભ લક્ષણનો ધારક જાણીને રુક્મણી અને તેના કુટુંબીઓને ખૂબ પ્રસન્નતા તથા સંતોષ થયો. તરત જ નોકરોને શ્રીકૃષ્ણ પાસે જઈને વધાઈ આપવા મોકલ્યા.

જે સમયે રુક્મણીના નોકર શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યા ત્યારે તેઓ સૂતાં હતા. તેથી નોકરો તેમના ચરણ પાસે ઊભા રહ્યા. તે જ સમયે સત્યભામાને પણ પુત્રરત્નની ઉત્પત્તિ થઈ જેથી તેના નોકરો પણ વધાઈ આપવા આવ્યા અને તેઓ શ્રીકૃષ્ણના મસ્તક પાસે ઊભા રહ્યા. લોકમાં જેવા માલિક હોય તેવા જ નોકર જોવામાં આવે છે! જ્યારે શ્રીકૃષ્ણ નિદ્રાથી જાગ્યા અને બેઠા થયા ત્યારે સૌ પ્રથમ સામે ઊભેલા રુક્મણીના નોકરોએ વધાઈ આપી કે હે નરાધીશ! આપ ચિરંજીવ રહો! રુક્મણીરાણીને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ છે. તે પુત્રની સાથે આપ ચિરકાળ રાજ્યસુખનો અનુભવ કરો! નોકરોના મોઢે પ્રથમ પુત્રરત્નના સમાચાર સાંભળી અત્યંત પ્રસન્ન થઈને રાજચિહ્ન છોડીને બધા આભૂષણો નોકરોને ભેટમાં આપ્યા અને મંત્રીને મોકલવા કહ્યું. ત્યારપછી તરત જ સત્યભામાના નોકરોએ પણ મહારાજને પુત્રરત્નની પ્રાપ્તિના સમાચાર આપ્યા. સત્યભામાને પુત્રરત્નની ઉત્પત્તિના સમાચાર સાંભળી મહારાજ વધારે ખુશ થયા અને બીજા માણસોને તેમને ભેટ આપવાનું કહ્યું. એટલીવારમાં મંત્રીઓ આવી ગયા. મહારાજે મંત્રીને કહ્યું કે આજે મારે ત્યાં બે પુત્રરત્નોની પ્રાપ્તિ થઈ છે તેથી આખા રાજ્યમાં કિમિચ્છક દાન આપો અને નગર શણગારાવો તથા બધા કેદીઓને મુક્ત કરો, ઉત્સવ મનાવો. મહારાજની આજ્ઞાનુસાર દાન કરાયું, ઉત્સવ થયો, કેદીઓને મુક્ત કર્યા ઈત્યાદિ પ્રકારે પાંચ દિવસ સુધી નગરમાં ઉત્સવ ચાલ્યો.

પાંચ દિવસનો ઉત્સવ પૂરો થયો બાદ રાત્રે જ્યારે રુક્મણી પોતાના પુત્ર સાથે પ્રસૂતિગ્રહમાં સૂતી હતી ત્યારે એક દુર્ઘટના થઈ ગઈ જે આ પ્રકારે છે :

પૂર્વમાં એકવાર મોહને વશ થઈને કે દુર્બુદ્ધિની પ્રેરણાથી રાજા મધુએ પોતાના સામંત રાજા હેમરથની સ્ત્રીનું હરણ કર્યું હતું. પોતાની સ્ત્રીનું હરણ જાણી તેના વિયોગથી રાજા હેમરથ પાગલ થઈ ગયો હતો કારણ કે **મોહ મહા દુઃખદાઈ હોય છે.** તાપસીઓના કહેવાથી તે તાપસ થઈ ગયો. અંતમાં તપ કરીને મર્યો અને મરીને દૈત્ય થયો. એક દિવસ તે વિમાનમાં બેસીને આકાશમાં રુક્મણીના મહેલ ઉપર આવ્યો અને અચાનક વિમાન અટકી ગયું. તે અસુર વિચારવા લાગ્યો કે મારું વિમાન કોણ રોકી શકે? યા તો કોઈ મિત્ર આપત્તિમાં છે યા તો કોઈ શત્રુ છે. તેણે તરત જ પોતાના અવધિજ્ઞાનથી જાણી લીધું કે આ તો મારા પૂર્વભવની સ્ત્રીનું હરણ કરનાર મધુનો જીવ છે જે ત્યાંથી સ્વર્ગમાં ગયો અને હવે અહીં જનમ્યો છે. પૂર્વમાં તો તેણે મને દુર્બળ જાણીને ઘણું દુઃખ આપ્યું હતું પણ ત્યારે તો હું અસમર્થ હતો તેથી હું કાંઈ કરી ન શક્યો પણ અત્યારે દૈત્યની અવસ્થામાં હું બધી રીતે સમર્થ છું અને તે એકદમ અસમર્થ બાળક છે, તેથી હું તે દુરાચારીને અવશ્ય નષ્ટ કરી દઈશ. જો હું આ બાળકને નષ્ટ ન કરું તો મારા અસુરપણાને ધિક્કાર છે.

આમ વિચારી તે અસુરદેવ પોતાના વિમાનમાંથી નીચે ઉતરી રુક્મણીના મહેલમાં આવ્યો.

ત્યાં આવીને તેણે બધા સૈનિકો તથા બધી સ્ત્રીઓને પોતાની ઋદ્ધિથી સુવડાવી દીધા. પછી તે મહેલના દરવાજાના છીદ્રમાંથી અંદર ગયો અને રુક્મણી પાસેથી બાળકને ઊઠાવી લીધો અને મહેલના દરવાજા ખોલી બાળકને લઈને બહાર નીકળી ગયો. તેને લઈને પોતાના વિમાનમાં બેસી ગયો અને વિચારવા લાગ્યો કે આને કેવી રીતે મારીને પૂર્વનો બદલો લેવો. ઘણું વિચાર્યા બાદ તેણે નક્કી કર્યું કે એક વિશાળ શિલા નીચે દબાવીને મારી નાખવો. આમ વિચારી તે બાળકને તક્ષક નામના પર્વત પર લઈ ગયો. તે પર્વત ઉપર એક ખદિરા નામક અટવી હતી. એ અટવી એટલી બધી ભયાનક હતી કે તેને જોઈને યમરાજાને પણ ભય ઉત્પન્ન થઈ જાય! ત્યાં તે દયાહીન અસુરે બાવન હાથ લાંબી અને પચાસ હાથ જાડી દળદાર કઠોર મજબૂત પત્થરની શિલા નીચે તે બાળકને દબાવી દીધો. પછી તે દૈત્ય પોતાના પગથી તે શિલાને દબાવીને બોલ્યો કે હે દુરાત્મન્! આમા મારો કોઈ અપરાધ નથી, આ તારા પૂર્વકર્મનું જ ફળ છે. આમ કહી પોતાના મનોરથની સિદ્ધિ સમજીને તે અસુર ત્યાંથી નીકળી ગયો.

આટલો ઘોર ઉપસર્ગ કરવા છતાં પણ બાળક મર્યો નહીં. બરાબર છે કે પુણ્યાત્મા જીવોને આપત્તિ કાંઈપણ ત્રાસ-દુઃખ નથી આપી શકતી. પુણ્યના માહાત્મ્યથી દુઃખ પણ સુખરૂપમાં પરિણમી જાય છે. મનુષ્ય ભલે વનમાં હોય કે શહેરમાં હોય પણ પૂર્વોપાર્જિત પુણ્ય જ દેહધારીઓની રક્ષા કરવાવાળો છે. જે ભવ્યજીવના ભાગ્યમાં પૂર્વભવના સંચિત કરેલ પુણ્ય પડ્યા હોય તેનો કેવો પણ શત્રુ કેમ ન હોય પણ તે તેનું કાંઈ પણ બગાડી શકતો નથી!

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં એક વિજયાર્ધ નામનો સુપ્રસિદ્ધ પર્વત છે. તેની દક્ષિણ દિશામાં મેઘકૂટ નામનું એક જગત-વિખ્યાત નગર ધન-ધાન્યાદિથી સંપન્ન અને જિનચૈત્યાલયોથી સુશોભિત છે. તે નગરમાં કાલસંવર નામનો રાજા કનકમાલા નામની રાણી સહિત રાજ્ય કરતો હતો. એક દિવસ તે રાજા પોતાની રાણી સહિત પોતાના વિમાનમાં બેસીને ફરવા નીકળ્યો હતો કે દૈવવશાત્ તે તે જ તક્ષક પર્વત પર આવ્યો. ત્યાંથી પસાર થતાં અચાનક જ રાજાનું વિમાન અટકી ગયું. તેનું કારણ જાણવા માટે તે રાજા પોતાની પત્ની સહિત પર્વત પર ઉતર્યો. ત્યાં પર્વત પર ખદિરા વનમાં એક વિશાળ શિલા હલતી જોઈ આશ્ચર્યથી તેણે તે શિલાને થોડી પોતાની શક્તિથી અને થોડી પોતાના વિદ્યાના બળથી ઉઠાવીને નીચે જોયું તો એક બાળક સૂતું હતું અને તેની સામે જોઈને હસતું હતું.

આવા સુંદર, બળવાન, ધીરવીર, કાંતિવાન, પ્રાણીમાત્રના નેત્ર અને મનને હરણ કરવાવાળા, પૂર્વભવના સંચિત પુણ્યને પ્રગટ કરવાવાળા અને ચરમશરીરી હોવાના કારણે પોતાના વેરી દૈત્યને જીતવામાં સર્વગુણસંપન્ન બાળકને રાજા કાળસંવરે જોયું અને તેને પોતાના હાથમાં ઉપાડી લીધું. તેણે વિચાર્યું કે આ કોઈ ઉચ્ચકુળનું ભાગ્યશાળી બાળક લાગે છે. તેણે તે બાળક

પોતાની રાણીને આપ્યું અને કહ્યું કે હે દેવી! તારે કોઈ પુત્ર નથી અને તને બાળકની લાલસા લાગી રહે છે તો આ સર્વાંગસુંદર સર્વગુણસંપન્ન બાળક ગ્રહણ કર. બાળકને હાથમાં લેતાં રાણીને થોડો સંકોચ થયો અને કહ્યું કે મહારાજ! તમારે બીજી રાણીઓથી ૫૦૦ પુત્રો છે. જો મારો આ પુત્ર તેમનો ગુલામ થઈને રહી જાય તો તે મારાથી સહન નહીં થાય, મારું જીવન નિષ્ફળ થઈ જશે આમ કહી રાણી રડવા લાગી.

કનકમાલાને રડતાં જોઈ રાજાનું હૃદય ઢીલું થઈ ગયું. તેમણે રાણીને કહ્યું કે હે દેવી! તું વ્યર્થ શોક ન કર. જો હું તારી સામે જ તારા આ પુત્રને યુવરાજપદ આપું છું. આમ કહી કાળસંવરે પોતાના મોઢાનાં તાંબુલથી બાળકને લાલતિલક કર્યું અને કહ્યું કે બેટા! મેં વાસ્તવમાં તને યુવરાજપદ પર સ્થાપિત કર્યો છે. હવે તો આ રાજ્યનો સ્વામિ યા તો હું છું યા તું છે, બીજું કોઈ નહીં. આમ કહીને રાજાએ બાળક રાણીને સોંપ્યું. રાણીએ બાળકને પોતાના હાથમાં લીધું અને માથે હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા કે બેટા! તું તારા માતા-પિતાને સુખ આપ અને તું ચિરંજીવી થા. આમ કહી રાણી બાળકને ચુંબન કરીને ઘણી જ આનંદિત થઈ.

આ પ્રકારે તક્ષક પર્વતની ખદિરા નામક અટવીમાંથી તે બાળકને લઈને રાજા-રાણી બંને વિમાનમાં બેસીને પોતાના મેઘકૂટ નગર પાછા ફર્યા. નગરમાં બંનેએ ધામધૂમથી પ્રવેશ કર્યો. રાજાએ પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું કે રાણીને ઘણા સમયથી ગૂઢ ગર્ભ હોઈ આજે વનમાં તેમને પુત્રરત્નની ઉત્પત્તિ થઈ છે તેથી પ્રસૂતિના સમસ્ત કાર્યો જલ્દીથી કરાવો, નગરને શોભાવો અને ગરીબ-દુઃખી લોકને કિમિચ્છક દાન આપો. ત્યારથી સાતમા દિવસે તેનું નામ 'પ્રદ્યુમ્ન' રાખવામાં આવ્યું. પુણ્યના માહાત્મ્યથી પ્રદ્યુમ્ન ફક્ત રાજા કાળસંવર અને રાણી કનકમાલાને જ પ્રિય ન હતો પણ બીજી બધી રાણીઓને પણ તે એટલો જ પ્રિય થઈ ગયો હતો.

પૂર્વભવના વેરી દુષ્ટ અસુરે તેને મારવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું તોપણ મેઘકૂટ નગરમાં રાજા કાળસંવરને ત્યાં સુખથી વૃદ્ધિ પામવા લાગ્યો તેમાં ફક્ત પુણ્ય જ કારણ છે. **જેની પાસે વિશેષ પુણ્યનો સંચય હોય છે તેને સહજમાં જ અનેક પ્રકારના સુખ મળી જાય છે એમ જાણીને હે ભવ્યજીવો! સદાકાળ પોતાનું પરમ હિત કરવાવાળા ધર્મને ધારણ કરો. ધર્મ જ સમસ્ત પ્રકારના સુખનું કરવાવાળું છે, ધર્મ જ જીવનું ભલું કરનાર છે, ધર્મ જ ગુરુઓનો ગુરુ છે, ધર્મથી જ સ્વર્ગ-મોક્ષાદિના અનેક પ્રકારના સુખ પ્રાપ્ત થાય છે અને ધર્મથી જ સદાકાળ નિર્મળ ચંદ્રમાની ચાંદની જેવી નિર્મળ કીર્તિ ફેલાય છે. તેથી હે બુદ્ધિમાન ભવ્ય જીવો! જે જિનધર્મની ઉપાસના મુનીન્દ્ર કરે છે તેને તમે ધારણ કરો.**

એક બાજુ કાળસંવરના સ્વર્ગ જેવા સુંદર મહેલોમાં પ્રદ્યુમ્નકુમાર પોતાના માતા-પિતાને સુખી કરી રહ્યો હતો જ્યારે આ બાજુ દ્વારિકા નગરીમાં રુક્મણી બાળકના હરણથી ખૂબ જ

દુ:ખી હતી. જ્યારે દુષ્ટ દૈત્ય બાળકને હરીને લઈ ગયો ત્યારે થોડીવારમાં રુકમણી નિદ્રાથી સચેત થઈને પોતાના પુત્રને આમ-તેમ ચારેબાજુ જોવા લાગી પણ ક્યાંય ન દેખાતા તે ચિંતાગ્રસ્ત થઈ ગઈ. તેણે નોકરોને પૂછ્યું કે બાળક ક્યાં છે પણ કોઈને ખબર ન હોવાથી કાંઈ ઉત્તર ન મળતાં પાગલ જેવી થઈ ગઈ. અચાનક બેહોશ થઈને જમીન પર પડી ગઈ. બધા નોકરો ભેગા થઈ ગયા. શીતોપચાર આદિ દ્વારા સચેત કરી. સચેત થઈને તે પોતાના પુત્રની યાદમાં છાતી કૂટવા લાગી અને જોરજોરથી અત્યંત કરુણ વિલાપ કરવા લાગી. તેને રુદન કરતાં જોઈને અંત:પુરની બધી રાણીઓ પણ વિલાપ કરવા લાગી.

અચાનક અને પહેલાં ક્યારેય ન સાંભળ્યો હોય એવા કોલાહલથી શ્રીકૃષ્ણ જાગી ગયા. તેમણે નોકરને આજ્ઞા કરી કે સારી રીતે તપાસ કરીને કહો કે આ અડધી રાત્રિએ આટલો કોલાહલ શાનો છે? આવીને જલ્દી મને કહો. સેવક તરત જ અંત:પુરમાં ગયો અને હકીકત જાણીને આવ્યો અને કાંઈ બોલ્યા વગર દુ:ખીહૃદયે મસ્તક ઝુકાવીને ઊભો રહ્યો. જ્યારે શ્રીકૃષ્ણએ પૂછ્યું કે આ કોલાહલ શેનો હતો ત્યારે સેવકે ખૂબ દુ:ખથી અને ગદ્‌ગદ્ વાણીથી કહ્યું કે હે પ્રભો! હું શું કહું? કાંઈ કહેવાયોગ્ય વાત નથી. સેવકે બે હાથ જોડીને કહ્યું કે નાથ! કહેતાં મારું હૃદય વિદીર્ણ થાય છે. કોઈ દુષ્ટે રુકમણી મહારાણીના બાળકનું હરણ કરી લીધું છે. શું! શું! એમ કહેતાં જ શ્રીકૃષ્ણજી મૂર્છિત થઈ ગયા. સેવકોએ તેમને શીતોપચાર દ્વારા સચેત કર્યા. સચેત થતાં જ પુત્રહરણની વાત યાદ આવતાં ખૂબ જ શોક અને વિલાપ કરવા લાગ્યા. તેઓ તરત જ બાંધવો સહિત સીધા રુકમણીના મહેલમાં ગયા. શ્રીકૃષ્ણ આવવાથી રુકમણી વધારે જોર જોરથી વિલાપ કરવા લાગી. આવા સમયે માતા-પિતાને કેવું અપાર દુ:ખ થાય છે તે અવર્ણનીય છે, તે માત્ર અનુભવગમ્ય છે!

શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે **''જગતમાં બે જ પદાર્થ છે, હોનહાર અને પુરુષાર્થ! તેમાં હોનહાર જ પ્રબળ છે; જે પુરુષાર્થનો ગર્વ કરે છે તેને ધિક્કાર છે! જો પુરુષાર્થ જ પ્રબળ હોય તો હું વાસુદેવ ઉગામેલી નગ્ન તલવાર સમાન તેજસ્વી, મારા પુત્રને શત્રુ કેવી રીતે લઈ જાય!!''** ઈત્યાદિ પ્રકારે જ્યારે શ્રીકૃષ્ણ અને રુકમણી વિલાપ કરી રહ્યા હતા ત્યારે વૃદ્ધ મંત્રીઓ આવ્યા. તેમણે વિનયપૂર્વક ગદ્‌ગદ્ વાણીથી કહ્યું કે હે મહારાજ! તમે સંસારના સ્વરૂપને સારી રીતે જાણો છો. જે જીવ આ અસાર સંસારમાં જન્મ લે છે તેનું આયુના અંતમાં નિયમથી મરણ થાય છે. છખંડ પૃથ્વીને વશમાં કરવાવાળા જેટલા ચક્રવર્તી થયા છે તે બધા આયુના અંતમાં કાળનો કોળિયો બની ગયા છે. પૃથ્વી પર હવે તેમનું નામ માત્ર રહી ગયું છે. ધર્મચક્રના પ્રવર્તક તીર્થંકર ભગવાન જે સુર-અસુર દ્વારા વંદિત છે, જેમણે કેવળજ્ઞાનરૂપી દીપકથી ત્રણ લોકના પદાર્થને ક્રમરહિત પ્રત્યક્ષ જોયા છે અને જે સંસારરૂપી સમુદ્રથી સ્વયં તરવા અને અન્યને પણ તારવા સમર્થ

છે તેમનું પરમૌદારિક શરીર આયુના અંતમાં કાળનો કોળિયો બની ગયું છે. અરિહંત ભગવાનનું એ જ કથન છે કે જે જીવ જન્મ લે છે તે નિયમથી મૃત્યુ પામે છે અને બધા જીવ પોતપોતાના કર્માનુસાર સુખ-દુઃખ ભોગવે છે. હે સ્વામી! યમરાજનું નાના-મોટા બધા સાથે એક સમાન વર્તન હોય છે. માટે શોક અને દુઃખ ત્યજી શાંત થાવ કારણ કે શોક સંસારનું કારણ છે. શોક કરવાથી કોઈ જીવનું દુઃખ ઘટતું નથી પણ વધે છે. જે બુદ્ધિમાન પુરુષ હોય છે તે કોઈ ચીજના ખોવાઈ જવાથી કે કોઈના મૃત્યુથી શોક કરતાં નથી કારણ કે શોક, ભૂખ અને અનિદ્રા—આ ત્રણની જેમ જેમ ચિંતા કરવામાં આવે તેમ તેમ તેમાં વધારો થતો જાય છે. હે ત્રણ ખંડના સ્વામી! જો તમે જ આ પ્રકારે ચિંતા અને શોક કરશો તો તમારી પ્રજા પણ દુઃખી થઈ જશે. માટે તમારે ખેદ કરવો ઉચિત નથી. શું આપ સમાન જ્ઞાનવાનોએ કે જે સંસારનું સ્વરૂપ ભલીભાંતિ જાણે છે તેમણે આ રીતે શોક કરવો જોઈએ? ક્યારેય નહીં. આ ઉપરાંત એમાં સંદેહ નથી કે જે બાળક યાદવ કુળમાં ઉત્પન્ન થાય છે તે સૌભાગ્યવાન, બળવાન અને દીર્ઘ આયુનો ધારક હોય છે.

મંત્રીઓના સમજાવવાથી શ્રીકૃષ્ણએ શોકનો ત્યાગ કર્યો અને તેણે તે પ્રમાણે રુક્મણીને સમજાવીને તેને પણ શાંત કરી અને કહ્યું કે હું હમણાં મારા સુભટોને બધી દિશાઓમાં મોકલીને તારા બાળકને ગોતીને તારા ખોળામાં બેસાડી દઉં છું. આમ કહી શ્રીકૃષ્ણએ પોતાના સુભટોને દશે દિશાઓમાં મોકલ્યા. થોડા દિવસોમાં તેઓ બધા પાછા આવ્યા અને બાળકના સમાચાર ન મળવાથી લજ્જાથી મુખ નીચું કરીને ઊભા રહ્યા. શ્રીકૃષ્ણજી તેમનો ભાવ સમજીને મન મનાવીને શોક દબાવી ચુપ રહ્યા. આ સમયે આખી નગરી શોકમાં ગર્ત થઈ ગઈ. આખી નગરી ઉત્સાહ અને ઉત્સવહીન થઈ ગઈ.

થોડા સમય પછી નારદજી ફરતા ફરતા દ્વારિકા ઉપરથી પસાર થતા હતા ત્યાં આખી નગરીને ઉત્સવહીન શોકાકૂળ જોઈને ત્યાંના એક ઉદ્યાનમાં ઉતર્યા. રસ્તે ચાલતાં કોઈને શોકનું કારણ પૂછવાથી તેમને ખબર પડી કે રુક્મણીના પુત્રનું હરણ થઈ જવાથી શ્રીકૃષ્ણના શોકને લીધે નગરીની આવી દશા છે. વજ્રપ્રહાર જેવા કઠોર વચનો સાંભળતાં જ નારદજી બેહોશ થઈને ધરતી પર પડ્યા. થોડી વારમાં ઠંડી હવાથી ભાનમાં આવ્યા. શ્રીકૃષ્ણની હાલત યાદ કરીને તે તરત જ શ્રીકૃષ્ણ પાસે ગયા. શ્રીકૃષ્ણએ તેમને જોઈને નમસ્કાર કરી આસન આપી તેમની પાસે શોક વ્યક્ત કર્યો. નારદજી દુઃખના ભારથી કાંઈ પણ બોલી ન શક્યા.

જુઓ, જિનેન્દ્રદેવે જે સ્યાદ્‌વાદવાણીનું પ્રરૂપણ કર્યું છે, નારદજી તેના જ્ઞાતા હતા, તેના બળથી તે પોતાના દુઃખના સ્વરૂપને ઓળખતા હતા. તે સાત તત્ત્વોના જ્ઞાતા હતા અને બીજાને સંબોધવામાં પણ પૂર્ણ પંડિત હતા, છતાં કૃષ્ણના દુઃખને જોઈને દુઃખી થઈ રહ્યા હતા કારણ કે **મોહની લીલા અપરંપાર છે.**

થોડીવાર પછી પોતના દુઃખને દબાવીને સંક્લેષસહિત ગદ્‌ગદ વાણીથી નારદજીએ કહ્યું કે હે કૃષ્ણરાજ! મારી વાત ધ્યાનથી સાંભળો. જે કાંઈ સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યું છે તે જ હું તને કહું છું : જેટલા સંસારી જીવ છે તેનો એક ને એક દિવસ વિનાશ અવશ્ય થાય છે—એમ જાણીને શાસ્ત્રરહસ્યના જાણનારાઓએ શોક કરવો ન જોઈએ. ચિંતા કરવાથી ગયેલી વસ્તુ થોડી મળી જાય છે! અગર જો કોઈ મરી જાય અને તેની ચિંતા કરવામાં આવે–શોક કરવામાં આવે તો તે પાછા થોડા આવી જાય છે! જે શ્રેષ્ઠ પુરુષોએ સંસારને અસાર જાણીને છોડ્યો છે અને વનમાં જઈને તપશ્ચરણ કર્યું છે તે જ ધન્ય છે. તે સત્પુરુષોને માતા-પિતાના વિયોગથી, વેરી દ્વારા પુત્રનું હરણ થવાથી અથવા કોઈના મરણ કે જન્મથી ન સુખ થાય છે કે ન દુઃખ થાય છે! જોકે મેં ઘર છોડી દીધું છે, સાંસારિક સુખોનો ત્યાગ કર્યો છે, વનમાં વાસ કરું છું, દેશવ્રત સંયમનો ધારક છું તથા સમ્યક્ત્વથી વિભૂષિત છું તોપણ કેવળ તમારા સ્નેહથી તમને ચિંતાતુર જોઈને હું દુઃખી અને ચિંતિત છું. હે કૃષ્ણ! પુત્રના વિયોગથી તમને અપ્રમાણ દુઃખ થઈ રહ્યું છે અને તમને દુઃખી જોઈને હું પણ જીવન નિરર્થક સમજું છું.

શ્રીકૃષ્ણને સમજાવ્યા બાદ તેના કહેવાથી નારદજી રુક્મણીના મહેલમાં તેને સમજાવવા ગયા. નારદજીએ રુક્મણીને પણ ઘણું સમજાવ્યું અને આશા બંધાવી કે તારો પુત્ર જરૂર પાછો આવશે. નારદજીએ કહ્યું કે પૂર્વમાં સીતાજીના ભાઈ ભામંડલને પણ પૂર્વનો વેરી ઉપાડી ગયો હતો અને તેમ છતાં તેનું પાલન વિદ્યાધરોના દેશમાં થયું અને થોડા સમય પછી અનેક વિદ્યા સહિત પાછો આવીને માતા-પિતાને મળ્યો હતો. તેવી જ રીતે તારા પુત્રને પણ અવશ્ય કોઈ પૂર્વનો વેરી દેવ ઉપાડી ગયો છે પણ તું ચિંતા કરીશ નહીં, તે પણ થોડા સમયમાં અનેક વિદ્યાઓ સહિત પાછો આવશે અને તને જરૂર મળશે. હું હમણા જ પૂર્વવિદેહમાં જ્યાં શ્રી સીમંધર ભગવાન બિરાજમાન છે ત્યાં જાઉં છું કારણ કે કંસના નાનાભાઈ શ્રી અતિમુક્તક મુનિરાજ કે જેમને કેવળજ્ઞાન થયું હતું, તેઓ મોક્ષમાં પધાર્યા છે તથા શ્રી નેમિકુમાર મતિ-શ્રુત-અવધિજ્ઞાનના ધારક છે પણ તેઓ કાંઈ કહેશે નહીં. શ્રી સીમંધર ભગવાન પાસે પ્રદ્યુમ્નના સમાચાર જાણીને હું તરત જ તારી પાસે આવીને તને બતાવીશ—એમ કહીને સાંત્વના આપીને નારદજી સીધા પૂર્વવિદેહમાં શ્રી સીમંધર ભગવાન પાસે પહોંચ્યા.

નારદજી પુંડરીકિણી નગરીમાં પહોંચ્યા કે જ્યાં શ્રી સીમંધર ભગવાન બિરાજમાન હતા. દૂરથી જ સમવસરણને જોઈ નીચે ઉતર્યા અને ભક્તિપૂર્વક સમવસરણમાં પ્રવેશ કર્યો. ભગવાનને વંદન-પ્રદક્ષિણા કરીને તેમની સ્તુતિ કર્યા બાદ જ્યાં મનુષ્યના કોઠામાં બેસવા ગયા ત્યાં પાંચસો ધનુષ્યની ઉંચાઈવાળા મનુષ્યોને જોઈને નારદજીએ વિચાર્યું કે ભૂલથી જો આ લોકોનો પગ મારા ઉપર પડ્યો તો મારું આયુષ્ય પુરુ થઈ જશે માટે અહીં તેમની વચ્ચે બેસવા કરતાં ભગવાનના આસન નજીક બેસવું સારું છે—એમ વિચારી નારદજી ભગવાનના સિંહાસન નીચે બેસી ગયા.

તે જ સમયે જે પદ્મનાભિ નામનો ચક્રવર્તી બેઠો હતો તેમણે નારદજીને નીચે બેઠેલા જોઈને આશ્ચર્ય થયું કે આ કઈ ગતિનો મનુષ્યાકારનો જીવ છે!? તેમણે ભગવાનને પૂછ્યું કે હે પ્રભો! આ કઈ ગતિનો જીવ છે? અહીં શું કરે છે? ક્યાંથી અહીં આવ્યો છે?

ભગવાનની વાણી છૂટી કે હે રાજન્! સાંભળ, આ મનુષ્ય છે, તે ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયો છે, તેનું નામ નારદ છે. તે પૃથ્વી પર વિખ્યાત જ્ઞાનવાન અને ચતુર છે. તે અઢીદ્વીપમાં પોતાની ઈચ્છાનુસાર ફરી શકે છે. તે નવમા અધોવદન નામના નારદ છે જે મોક્ષમાર્ગમાં નિપુણ છે, દેશવ્રતધારી છે. તે ભરતક્ષેત્રના અર્ધચક્રી શ્રીકૃષ્ણ નારાયણના પરમ મિત્ર છે. તે અહીં શ્રીકૃષ્ણના પુત્રની શોધમાં નીકળ્યો છે અને તે અત્યારે ક્યાં છે તેનું ઠેકાણું જાણવા આવ્યા છે.

ચક્રવર્તી પૂછે છે કે ભગવાન મને કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્નનું ચરિત્ર કહો. ચક્રવર્તીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાનની વાણીમાં આવ્યું કે શ્રીકૃષ્ણને રુક્મણી નામની રાણીથી પ્રદ્યુમ્ન નામનો પુત્ર થયો. તેનો જન્મ થતાં જ પૂર્વનો વેરી દૈત્ય તેને ઉપાડી ગયો અને એક વિશાળ શિલાની નીચે તેને મારી નાખવા દબાવી દીધો. તેના ગયા પછી વિદ્યાધરોનો રાજા કાળસંવર પોતાની સ્ત્રી કનકમાલા સહિત ત્યાં આવ્યો અને વિશાળ શિલાને પોતાની મેળે હલતી જોઈને તેણે વિદ્યાથી તે શિલા ઉપાડી તો નીચે બાળક જોઈને આશ્ચર્ય પામી બાળકને લઈ લીધું અને પોતાની રાણીને સોંપ્યું. અત્યારે તે વિદ્યાધરો પાસે મોટો થઈ રહ્યો છે. જ્યારે તે સોળ વર્ષનો થશે ત્યારે સોળ પ્રકારના લાભ અને બે વિદ્યા સહિત દ્વારિકા આવશે અને પોતાના માતા-પિતાને મળશે.

આટલું સાંભળી ચક્રવર્તીએ ફરી પૂછ્યું કે હે કૃપાસિંધુ! આપ દયા કરીને કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્નકુમારનું સંપૂર્ણ વૃતાન્ત જણાવો. તેને પૂર્વમાં દૈત્યથી વેર થવાનું શું કારણ હતું? તેણે પૂર્વે કેવા પુણ્ય બાંધ્યા હતા? તેનો પ્રશ્ન સાંભળી ભગવાનની વાણીમાં આવ્યું કે :

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધ નામનો એક રમણીય દેશ છે. તે દેશમાં શાલિગ્રામ નામનું એક વિખ્યાત નગર છે. એક સમયે આ નગરમાં સોમદત્ત નામનો એક રૂપવાન બ્રાહ્મણ રહેતો હતો જેને પોતાની જાતિ-કુળનું ખૂબ અભિમાન હતું. તેને અગ્નિલા નામની સ્ત્રી હતી. તેને બે પુત્ર હતા જે વેદશાસ્ત્રના પારગામી, નવયુવાન, ધનધાન્ય સંપન્ન, બળવાન, પોતાની જાતિ ઉપર ઘમંડ કરનાર, બીજાને તૃણ સમાન માનનાર અને વિદ્યાવૈભવથી સંયુક્ત હતા. પહેલાં પુત્રનું નામ અગ્નિભૂતિ અને બીજા પુત્રનું નામ વાયુભૂતિ હતું. આ બંને ભાઈઓ મિથ્યામતાવલંબી અને જૈનધર્મથી સર્વથા પરાઙ્મુખ હતા. આ બંને ભાઈઓ શ્રી વાસુપૂજ્ય તીર્થંકરના સમયમાં થયા હતા. જ્યારે આ બંને ભાઈઓ મગધદેશમાં રહેતા હતા તે જ સમયે બીજી એક ઘટના બની.

મગધદેશની બહાર રમણીક વનમાં શ્રીનંદીવર્ધન નામના આચાર્ય પોતાના શિષ્યવર્ગ સાથે પધાર્યા. તેઓ કામનો નાશ કરવાવાળા, સર્વશાસ્ત્રના પારગામી, જ્ઞાનનેત્રના ધારક, ગંભીરવાણી

બોલવવાવાળા, અનેક પ્રકારની લબ્ધિથી શોભાયમાન અને ત્રિગુપ્તિના પાળવાવાળા હતા. તેઓ ત્યાં વનમાં અશોકવૃક્ષ નીચે એક શિલા પડી હતી તેના ઉપર બેસીને પઠન-પાઠન-ધ્યાન આદિ પોતાની ક્રિયા કરવા લાગ્યા, જ્યારે નગરજનોને ખબર પડી કે વનમાં મુનિરાજ પધાર્યા છે તો કેટલાક જિનશાસનના ભક્ત લોકો વંદના કરવા ગયા, કેટલાક લોકલાજથી ગયા અને કેટલાક કૂતુહલથી ત્યાં ગયા.

સારા સારા વસ્ત્રો પહેરીને અનેક પ્રકારના ઉત્સવ કરતાં કરતાં નગરવાસીઓને વન તરફ જતાં જોઈને બ્રાહ્મણપુત્ર અગ્નિભૂતિ અને વાયુભૂતિએ કોઈ શ્રાવકને પૂછ્યું કે આજે બધા સારા સારા વસ્ત્રો પહેરીને વનની તરફ કેમ જાય છે? ત્યારે તે શ્રાવકે જવાબ આપ્યો કે સર્વ શાસ્ત્રોના પારગામી, અનેક ઋદ્ધિના ધારક, દેવો અને મનુષ્ય દ્વારા પૂજવાયોગ્ય મુનિ મહારાજ વનમાં પધાર્યા છે અને તેમની વંદના માટે સર્વ સજ્જનો જઈ રહ્યા છે. શ્રાવકની વાત સાંભળી દ્વિજપુત્રોએ કહ્યું કે રે મૂર્ખશિરોમણિ! તું કેવા નિંદનીય વચનો બોલે છે? દિગંબર તો જગત્‌નિંદ્ય હોય છે, તેમનું શરીર મલિન હોય છે, તેઓ મૂર્ખ હોય છે, વેદશાસ્ત્રને બિલકુલ નથી જાણતા. તેમને સાધુ કેવી રીતે કહી શકાય? જે બ્રાહ્મણોના કુળમાં ઉત્પન્ન થાય, વેદોના પાઠી હોય, બુદ્ધિવાન હોય, તરણતારણ સમર્થ હોય તે જ સાધુ કહેવાય છે. હે શઠ! તેથી પૃથ્વીતલ પર અમે જ પૂજ્ય છીએ. ત્યારે જેનું હૃદય મુનિભક્તિથી ભીંજાયેલું હતું તેવા શ્રાવકે કહ્યું કે અરે દુષ્ટ! તમે ધર્મ-અધર્મની ક્રિયાથી રહિત છો, ગૃહસ્થદશામાં પડયા છો, સ્ત્રીઓના મોહમાં ફસાયેલ છો, નિંદાને પાત્ર છો તો પછી તમે કેવી રીતે સાધુ કહેવાવ? જેમના ચરણોની રજથી ભવ્યજીવોએ પોતાનો દેહ પવિત્ર કર્યો છે તથા જેઓ નિઃસંદેહ સ્વર્ગાદિકના સુખ ભોગવીને પરંપરાથી મોક્ષને પ્રાપ્ત કરે છે તે જ સાચા સાધુ જગત્‌પૂજ્ય છે. તેઓ સર્વ પ્રાણીઓના હિતના કર્તા છે, લોકનિંદા વખતે મૌન ધારણ કરવાવાળા છે, કાયવાર્તાથી રહિત છે તથા પોતે જગતથી તરવા તથા બીજાને તારવા સમર્થ છે. પંચેન્દ્રિયોના વિષયોમાં આસક્ત તમારા જેવા બ્રાહ્મણ ક્યારેય સાધુ નથી કહેવાતા. હે દ્વિજપુત્રો! સાધુની નિંદા કરતા તમારી જીભના હજારો ટૂકડા કેમ ન થઈ ગયા! શ્રાવકના વચનો સાંભળીને દ્વિજપુત્રો ક્રોધે ભરાઈને બોલ્યા કે આ મૂર્ખથી વાદ કરીને શું ફાયદો? આપણે તે દિગંબરીઓથી વાદ કરીશું. આમ કહીને તે બ્રાહ્મણો પોતાને ઘેર ગયા અને શ્રાવક વનમાં ગયો.

ઘરે જઈને દ્વિજપુત્રોએ પિતાને પ્રણામ કરીને કહ્યું કે પિતાજી! આપણા શહેરની નજીક વનમાં મૂર્ખ દિગંબર મુનિ આવ્યા છે, તેમની સાથે વિવાદ કરવા અમે જઈએ છીએ. કારણ કે જો તેઓ બે-ત્રણ દિવસ પણ વનમાં રહેશે તો ઘણા મનુષ્યો વેદશાસ્ત્રથી વિમુખ થઈ જશે. તેઓ જૈન-શાસ્ત્રોને સારી રીતે જાણે છે તેથી વેદશાસ્ત્રને મૂળથી ઉખાડી નાખશે. તેથી અમારો વિચાર છે કે અમે વેદશાસ્ત્રના બળથી તેમને વાદમાં હરાવીને તેમને અહીંથી જલ્દી ભગાડી દઈએ. ત્યારે પિતાજીએ કહ્યું કે હે પુત્રો! તમે વનમાં ન જાઓ કારણ કે દિગંબર સાધુ ઘણા ચતુર

હોય છે. વિવિધ દેશોમાં વિહાર કરતાં રહેવાથી અનુભવી થઈ જાય છે. સર્વશાસ્ત્રોના પારગામી હોવાથી તે શાસ્ત્રાર્થમાં નિપુણ હોય છે અને પ્રતિદિન પઠન-પાઠનમાં લાગ્યા રહે છે. તેથી જગતમાં કોનું સામર્થ્ય છે કે જે દિગંબર સાધુથી વાદ કરે! ગર્વથી ભરેલા મૂર્ખ પુત્રોએ પિતાના વચનો ઉપર ધ્યાન ન આપ્યું. મૂર્ખતાથી-અભિમાનથી ચકચૂર તેઓ બોલ્યા કે અમને બંનેને વિદ્યા કે વાદમાં જીતવાવાળું પૃથ્વી પર કોણ છે? તમે આવા દીન વચનો કેમ કહો છો? જુઓ! અમે હમણા વનમાં જઈએ છીએ અને તેમને હરાવીને આવીએ છીએ. આમ કહી માતા-પિતાના ના પાડવા છતાં પણ તે બંને ભાઈઓ વન તરફ ચાલી નીકળ્યા.

તે બંને ભાઈઓ ધીરે ધીરે બબડતા વનમાં જ્યાં નંદીવર્ધન મહામુનિરાજ બેઠા હતા ત્યાં જતાં હતા. રસ્તામાં એક પહાડની તળેટીમાં સાત્વિકી મુનિરાજે તેમને જતાં જોયા અને વિચાર્યું કે આ બંને મૂર્ખ મહામુનિરાજને બાધા પહોંચાડશે. આમ વિચારી સાત્વિક મુનિરાજે બંને ભાઈઓને બોલાવીને કહ્યું કે તમે ક્યાં જઈ રહ્યા છો? ત્યારે વિપ્રોએ ખૂબ અહંકારથી કહ્યું કે અમે નંદીવર્ધન નામના સાધુને વાદમાં હરાવવા જઈએ છીએ. ત્યારે સાત્વિક મુનિરાજે કહ્યું કે તમારે જે કાંઈ વાદ કરવો હોય તે મારી સાથે કરો, હું તમારી બધી અભિલાષા પૂરી કરીશ.

ત્યારે વિપ્રોએ ક્રોધથી કહ્યું કે રે લજ્જાહીન! જો તું વિદ્વાનોની ભરી સભામાં અમને વાદમાં પરાસ્ત કરીશ તો અમે તારા જિંદગી પર્યંત શિષ્ય બની જઈશું અને જો તું હારીશ તો તરત જ આ નગર છોડીને ચાલ્યો જજે. મુનિરાજે જરા પણ કષાય કર્યા વગર કહ્યું કે તારા વચન પ્રમાણ છે. મુનિરાજ અને વિપ્રો વચ્ચે વાદના સમાચાર સાંભળતાં જ બધા નગરવાસીઓ ત્યાં ઉમટી પડ્યા. મુનિરાજે વિપ્રોને કહ્યું કે તમને કાંઈ પ્રશ્ન હોય તો પૂછો. ત્યારે વિપ્રોએ અહંકારથી કહ્યું કે તને કાંઈ પ્રશ્ન હોય તો અમને પૂછ, અમે તને ઉત્તર આપશું. ત્યારે મુનિરાજે કહ્યું કે હું એ તો જાણું છું કે તમે સોમશર્મા બ્રાહ્મણના પુત્ર છો પણ પૂર્વભવની કઈ પર્યાય છોડીને તમે અહીં આવ્યા છો તે તમને ખબર છે? ત્યારે વિપ્રએ કહ્યું તું સાચે જ શઠ લાગે છો! એવું કોઈ છે કે જે પૂર્વભવની વાત જાણતું હોય! અમે તો નથી જાણતા; જો તને સાચી વાત ખબર હોય તો જણાવ.

મુનિરાજે કહ્યું કે પહેલાં આ શાલિગ્રામ નામના ગામમાં પ્રવર નામનો ધનાઢ્ય બ્રાહ્મણ રહેતો હતો જેને ખેતીનું કામ હતું. તેના ખેતરમાં એક વડનું વૃક્ષ હતું. જેની નીચે કર્મયોગથી બે શિયાળ રહેતા હતા. મૃતકોનું માંસ ખાઈને તે બંને પોતાનું ગુજરાન ચલાવતા અને આનંદમાં રહેતાં હતા. એક દિવસ તે પ્રવર નામનો બ્રાહ્મણ પોતાના ખેતર તરફ જતો હતો ત્યાં અચાનક ખૂબ ભયંકર વરસાદ ચાલુ થયો જેથી બ્રાહ્મણ પાછો પોતાને ઘેર જતો રહ્યો. સતત સાત દિવસ સુધી વરસાદ પડવાથી પેલા બે શિયાળ ભૂખના દુઃખથી ટળવળતાં હતા. આઠમે દિવસે જ્યારે

વરસાદ બંધ થયો અને પાણી ઓછું થયું ત્યારે બંને શિયાળ બહાર નીકળ્યા અને તીવ્ર ભૂખને કારણે એક પલળેલી રસ્સી પડી હતી તે ખાઈ ગયા જેથી શૂળની ભયંકર વેદના ઉપડવાથી બંને મરી ગયા અને ત્યાંથી આ સોમશર્મા બ્રાહ્મણને ત્યાં તમે બંને દ્વિજપુત્ર તરીકે જન્મ્યા છો.

હે બ્રાહ્મણો! જે તમારા વૈરાગ્યનું કારણ છે તેને તમે કેમ ભૂલી ગયા! આ ભવભવાંતરમાં જેવા પુણ્ય બાંધે છે તે અનુસાર જ મિષ્ટફળ ભોગવે છે. જે જીવ યથાર્થ ધર્મથી વિમુખ રહે છે તે જાતિ, રૂપ, કુળ, સૌભાગ્ય, ધન, ધાન્યથી પણ વર્જિત રહે છે અને વિદ્યા, યશ, બળ, લાભ આદિ ઉત્તમોત્તમ પદાર્થોની પ્રાપ્તિ થતી નથી. ધર્મવિહીન પ્રાણી ઉત્તમ સુખનો ભાગી નથી થતો. યથાર્થધર્મના પ્રભાવથી આ જીવ ઉત્તમ અંગનો ધારક, ઉચ્ચકુળમાં જન્મ લેવાવાળો, વિદ્યાવાન, ધનવાન, સુખી, દેવપૂજામાં તત્પર, બધા જીવોપર દયા પાળવાવાળો, સર્વનો હિતૈષી અને ક્રોધ-માન-કષાયથી રહિત હોય છે. તેથી તત્ત્વજ્ઞાનીઓએ પહેલાં જ ધર્મ-અધર્મનું સ્વરૂપ સારી રીતે સમજી લેવું જોઈએ અને પાપને દૂરથી જ છોડીને પોતાનું ચિત્ત ધર્મમાં લગાવવું જોઈએ. હે દ્વિજપુત્રો! જો તમે એમ કહો કે પૂર્વભવની વાર્તા જે વર્ણન કરવામાં આવી તે તમને યાદ નથી તો હું બધા મનુષ્યોની સામે તેને પ્રત્યક્ષ કરી આપું છું તે સાંભળો :

તે પ્રવર નામનો કિસાન પાણી વરસવાનું બંધ થયા બાદ પોતના ખેતરની દશા જોવા ગયો તો જુએ છે કે હળ આદિ બધો સામાન વિખરાયેલ પડ્યો છે અને તેની રસ્સી અડધી ખવાયેલી પડી છે તથા બાજુમાં મરેલા બે શિયાળ પડ્યા છે. પ્રવરને બંને શિયાળ પર ખૂબ ગુસ્સો આવ્યો જેથી તેણે તે બંને શિયાળની ચામડી કઢાવીને તેની ભાતડી બનાવી પોતાના ઘેર લઈ ગયો અને પોતાના ઘરના છાપરાની ખૂંટીથી કસીને બાંધીને નિશ્ચિંત થઈ ગયો. તે ભાતડી હજી સુધી ત્યાં બાંધેલી પડી છે. જો કોઈને વિશ્વાસ ન હોય તો આ જે મૂંગો બેઠો છે તેના ઘરે જઈને જોઈ લો.

જે પ્રવર નામનો બ્રાહ્મણ હતો તેણે અનેક યજ્ઞ, હોમાદિ કર્યા હતા. તેથી આયુના અંતમાં મરીને તે મોહવશ પોતાના પુત્રના ઉદરથી જન્મ્યો. તે બાળકને પોતાના ઘરની જમીન જોઈને જાતિસ્મરણ થઈ ગયું. પૂર્વભવની વાત યાદ આવતાં તે વિષાદ કરવા લાગ્યો કે હવે હું શું કરું? હવે હું મારા જ પુત્રને પિતા અને પુત્રવધૂને માતા કેવી રીતે કહું? આવી ચિંતા કરતાં કરતાં તેને મૂંગા રહેવાનો વિચાર આવ્યો. તે અનુસાર બાલ્યાવસ્થાથી જ મૌન ધારણ કરીને મૂંગા જેવી અવસ્થામાં જ યુવાન થયો. હે દ્વિજપુત્રો! આપણો વાદ-વિવાદ સાંભળવાની અભિલાષાથી તે મૂંગો બ્રાહ્મણ બધા મનુષ્યોની સાથે અહીં આવ્યો છે અને આ સભામાં સામે બેઠો છે.

દયાસિંધુ સાત્વિકી મુનિરાજે બધા મનુષ્યોની સામે તે મૂંગા બ્રાહ્મણને બોલાવ્યો અને કહ્યું કે હે પ્રવરપૌત્ર! તે અજ્ઞાનતાથી શા માટે મૌન ધારણ કરી રાખ્યું છે? તે મૌન છોડી દે અને તારા અમૃતસ્વરૂપ વચનોથી બંધુઓને આશ્વાસન આપ.

**સંસારની એવી જ વિચિત્ર લીલા છે કે જે આપણી પુત્રી હોય તે માતા બની જાય છે, પિતા હોય તે પુત્ર થઈ જાય છે, માલિક સેવક બની જાય અને સેવક માલિક બની જાય છે, પુત્રવધૂ પુત્રી બની જાય છે, માતા પુત્રી બની જાય છે, ધનવાન નિર્ધન અને નિર્ધન ધનવાન બની જાય છે, બહેન-પુત્રી-માતા હોય તે સ્ત્રી બની જાય છે અને સ્ત્રી હોય તે બહેન-પુત્રી-માતા બની જાય છે! આ બધી કર્મની વિચિત્રતા છે એમ જાણીને બુદ્ધિવાનોએ હર્ષ તથા શોક ન કરવા જોઈએ. તેથી હવે એ બધાએ સુખ આપવાવાળો અને સંસારના ભયને નષ્ટ કરવાવાળો એક ધર્મ જ કરવો જોઈએ કે જેથી અન્ય જન્મમાં કર્મના ફળથી ઉત્પન્ન થવાવાળું અને બંધુઓનો વિયોગ કરવાવાળું ભયંકર દુઃખ ફરી ન ભોગવવું પડે.**

શ્રી સાત્વિકી મુનિરાજના વચનો સાંભળીને તે મૂંગો બ્રાહ્મણ ગળગળો થઈને બોલ્યો કે ભગવન્! મને સંસારસમુદ્રથી પારકરવાવાળી જિનદીક્ષા શીઘ્ર આપો. મને આ અસાર સંસારના બંધુજન, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન-ધન્યાદિથી કાંઈ પ્રયોજન નથી. હે ભગવન્! મેં સારી રીતે અનુભવ કરી લીધો છે કે આ અસાર સંસાર તૃણની સમાન ત્યાગવા યોગ્ય છે, તેથી જેનાથી ભવવાસ મટી જાય એવી જિનદીક્ષા મને પ્રદાન કરો.

સાત્વિકી મુનિરાજે બોલતાં મૂંગા બ્રાહ્મણને દીક્ષા લેવામાં તત્પર જાણીને કહ્યું કે પહેલાં તું તારા માતા-પિતાને અને કુટુંબીઓને મળી અને તેમની આજ્ઞા લઈને આવ પછી તને દીક્ષા મળશે. મુનિરાજના વચનોનું ઉલ્લંઘન કરવું ઠીક નથી એમ વિચારી મૂક બ્રાહ્મણ તરત જ પોતાના ઘેર ગયો અને કુટુંબીઓને મળ્યો અને બોલવા લાગ્યો. તેને બોલતાં જોઈને તેના માતા-પિતા રડતાં-રડતાં બોલ્યા કે બેટા! તું કોના બહેકાવામાં આવીને આજ સુધી બોલતો ન હતો? ત્યારે તેણે કહ્યું કે પૂર્વમાં મેં અનેક અશુભ કર્મ કર્યા હતા તેથી હું મરીને મારા પુત્રનો જ પુત્ર થયો. જાતિસ્મરણથી જ્યારે મને ખબર પડી કે હું મારા પુત્રનો જ પુત્ર થયો છું તો લજ્જાવશ કે હું મારા પુત્રને પિતા અને પુત્રવધૂને માતા કેવી રીતે કહીશ એમ વિચારીને ચુપ થઈ ગયો હતો. હવે હું સંસારનો નાશ કરવાવાળી જિનદીક્ષા ધારણ કરીશ કારણ કે જ્યાં સુધી આ પ્રાણી સંસારની જાળમાં ફસાયેલો રહે છે ત્યાં સુધી અનેક પ્રકારના સુખ-દુઃખ, ઊંચ-નીચપદને પ્રાપ્ત કરતો રહે છે. આ જીવ એકલો જ પોતાના કમાયેલા પુણ્ય-પાપ અનુસાર સુખ-દુઃખ મેળવે છે, એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે–એમ જાણીને સંસારનું કારણ એવો મોહ ક્યારેય ન કરવો જોઈએ. તેથી હું મારા આત્મકલ્યાણને અર્થે વીતરાગ દિગંબરી દીક્ષા ગ્રહણ કરીશ. આમ કહીને તે પ્રવરપૌત્રએ બધાથી ક્ષમા માંગી અને બધાને ક્ષમા કરીને ત્યાંથી વનમાં ચાલી નીકળ્યો.

વનમાં આવીને તે પ્રવરપૌત્રે મુનિરાજને નમસ્કાર કર્યા. અણુવ્રત અંગીકાર કરીને મુનિરાજની સમીપ બેસી ગયો. તેને જોઈને તથા તેના ભવ સાંભળીને કેટલાકને વૈરાગ્ય થઈ ગયો,

કેટલાકે ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કર્યો, કેટલાકે અણુવ્રત ધારણ કર્યા. જે લોકો મુનિરાજના વચનો સાંભળી પ્રવરપૌત્રના ઘરે ભાતડી જોવા ગયા હતા તેઓ તે ભાતડી જોઈને આવી ગયા. જેથી બધાને તેમના ઉપર દૃઢ શ્રદ્ધા થઈ ગઈ. આ જોઈને દ્વિજપુત્રો અગ્નિભૂતિ અને વાયુભૂતિનું માન ગળી ગયું. બધા લોકોએ તેમને ધિક્કાર્યા! ત્યારે તેઓ પોતાનું મુખ છુપાવતાં ઘરે ચાલ્યા ગયા.

જ્યારે દ્વિજપુત્રોના માતા-પિતાએ તેમને હારીને આવતાં જોયા ત્યારે તેમણે બંને ઉપર ખૂબ ગુસ્સો કર્યો, ઘણું જેમ-તેમ સંભળાવ્યું. તેમણે કહ્યું કે હારીને અમને મોઢું દેખાડવા કેમ આવ્યા? યા તો તમારે ડુબી મરવું હતું અથવા તો તે દિગંબરીને મારી નાખવા હતા. માતા-પિતાના આવા વચનો સાંભળી બંને ભાઈઓ પોતાની તલવાર લઈને નીકળી ગયા અને રાત થવાની રાહ જોવા લાગ્યા.

આ બાજુ, દ્વિજપુત્રોને વાદમાં હરાવ્યા બાદ સાત્વિકી મુનિરાજ પોતાના આચાર્ય પાસે આવ્યા અને વાદ-વિવાદની બધી હકીકત કહી અને પ્રાયશ્ચિત્ત કર્યું. ત્યારે નંદીવર્ધન મુનિરાજે તેમને કહ્યું કે સંઘ ઉપર સંકટ આવી શકે તેમ હોઈ જે જગ્યાએ વાદ કર્યો તે જ જગ્યાએ આજની રાત્રિ વ્યતીત કરવી. સાત્વિકી મુનિરાજે પ્રણામ કર્યા અને પોતાના વાદના સ્થળે પહોંચીને ધ્યાનમાં બેસી ગયા. નંદીવર્ધન મહામુનિરાજે પ્રવરપૌત્રને જિનદીક્ષા આપી કારણ કે આચાર્ય સમીપ વર્તતા હોઈ શિષ્ય દીક્ષા આપી ન શકે.

રાત થતાં જ બંને દ્વિજપુત્રો તલવાર લઈને જ્યાં વાદ થયો હતો તે જ સ્થળે પહોંચી ગયા અને સાત્વિકી મુનિરાજને જોતાં જ ક્રોધે ભરાઈને બંને ભાઈઓ એક સાથે તલવાર ઉગામીને જ્યાં મારવા ગયા કે તે જ સમયે તે જગ્યાનો રક્ષક યક્ષરાજ ઉપરથી પસાર થયો અને મુનિરાજની હત્યા થતાં જોઈને ક્રોધે ભરાઈને તે બંને ભાઈને ઉગામેલી તલવાર સાથે જ જેવાને તેવા કીલિત કરી દીધા અને વિચાર્યું કે સવારે બધા લોકોની સમક્ષ આ બંને ભાઈઓને મારી નાખીશ કેમ કે અત્યારે તે બંનેને મારું તો લોકોને એમ થાય કે મુનિરાજે બંને ભાઈનો વધ કર્યો છે. આમ વિચારી તે બંને ભાઈને રાતના ન મારીને કીલિત કરી દીધા.

સવાર થતા જ લોકો મુનિ દર્શનાર્થે આવવા લાગ્યા અને ત્યાંનું દૃશ્ય જોતાં જ બધાને આશ્ચર્ય સાથે ઘણું દુઃખ થયું. વાત આખા નગરમાં ફેલાઈ જવાથી નગરના બધા નર-નારી વનમાં ભેગા થઈ ગયા. રાજા પણ સમાચાર સાંભળતાં જ ત્યાં આવી ગયો. સોમશર્મા અને અગ્નિલા પણ સમાચાર મળતાં દુઃખી હૃદયે ત્યાં વનમાં પહોંચ્યા અને મુનિરાજના ચરણોમાં પડ્યા અને પુત્રોને અભયદાન આપવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. તે જ વખતે મુનિરાજનું ધ્યાન પૂર્ણ થયું. તેમણે બંને ભાઈઓની સ્થિતિ જોઈ તેમના ઉપર જરા પણ દ્વેષ કે ક્રોધ કર્યા વિના તેમણે કહ્યું કે જે દયાળું યક્ષરાજે આ ચમત્કાર કર્યો છે તે સામે પ્રગટ થાય અને આ બંને ભાઈઓને મુક્ત કરે.

મુનિરાજના વચનો સાંભળી તેમની આજ્ઞાનુસાર યક્ષરાજ પ્રગટ થયા અને મુનિરાજને પ્રણામ કરીને રાતની બધી વાત કરીને કહ્યું કે ભગવન્! તમે આ બાજુ ધ્યાન ન આપો અને મને મારું કામ કરવા દો—એમ કહીને જ્યાં તે બંને ભાઈને યક્ષરાજ મારવા જાય છે ત્યાં પાછા મુનિરાજ કહે છે કે હે યક્ષરાજ! સાંભળ, બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથસ્વામીના વંશમાં શ્રીકૃષ્ણ નારાયણના આ બંને પુત્ર થઈને તે જ ભવમાં મોક્ષ જશે માટે તું તે બંનેને મુક્ત કર. ભાવિમાં સિદ્ધ થવાના હોઈ તે બંને ભાઈને મુક્ત કરી મુનિરાજને પ્રણામ કરીને યક્ષરાજ અદૃશ્ય થઈ ગયો. આ બધો ચમત્કાર જોઈને રાજા તથા પ્રજા બધાને જૈનધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધા થઈ ગઈ.

બંધનમાંથી મુક્ત થતાં જ બંને દ્વિજપુત્ર મુનિરાજના ચરણોમાં પડી ગયા અને બોલ્યા કે હે પ્રભો! અમે ઘોર અપરાધ કર્યો છે, અમને ક્ષમા કરો. ત્યારે મુનિરાજે કહ્યું કે અમે તો પહેલેથી જ ક્ષમા ધારણ કરેલી છે. સંસારમાં આ જીવ પોતાના કર્માનુસાર સુખ-દુઃખ ભોગવે છે. જેણે જેને પૂર્વમાં દુઃખ આપ્યું છે તે તેને બીજા ભવમાં દુઃખ આપશે. જેણે જેને પૂર્વમાં ઉપકાર કર્યો હશે તે તેનો બીજા ભવમાં ઉપકાર કરશે. પૂર્વભવમાં જે કર્મ બાંધ્યા હશે તે જ સુખ-દુઃખ, લાભ-અલાભ તથા જય-પરાજયના કારણભૂત થાય છે. આમ જાણી કોઈપણ પ્રકારે દ્વેષ ન કરવો જોઈએ. પુત્રો! તમે મારું કાંઈ પણ નથી બગાડ્યું તેથી તમે રંચમાત્ર પણ ચિંતા ન કરો.

મુનિરાજના વચનામૃતને સાંભળતાં જ બંને ભાઈઓ વૈરાગ્યથી ભૂષિત થઈ ગયા અને કહ્યું કે હે દયાસાગર અમારી એક પ્રાર્થના છે કે તમે ધર્મના દૃઢ સ્તંભ છો અને તમારું શરીર ધર્મસાધન તથા આત્મકલ્યાણનું સાધનભૂત છે તેમ છતાં અમે દુર્બુદ્ધિથી તમારા આવા પૂજ્ય શરીરને નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો જેનું વજ્ર જેવું પાપ બંધાયું હશે તેમાં સંદેહ નથી; તેથી અમને એવું કોઈ વ્રત બતાવો કે જેના પુણ્યોદયથી આ અમારું કર્મબંધન શિથિલ થઈ જાય.

સાત્વિકી મુનિરાજે ધર્મનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે રત્નત્રયરૂપ ધર્મમાં પ્રધાનભૂત સમ્યગ્દર્શન મુખ્ય છે. ત્યારબાદ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એ પાંચ અણુવ્રત, ચાર શિક્ષાવ્રત અને ત્રણ ગુણવ્રત—એમ શ્રાવકોને પાળવાયોગ્ય ધર્મ ૧૨ પ્રકારનો છે. તે સિવાય રાત્રિભોજનત્યાગ અને દિવસમૈથુનત્યાગ કરવો જોઈએ. નિત્યપ્રતિ દેવપૂજા, ગુરુ-ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન કરવા જોઈએ. મદ્ય, માંસ અને મધનો ત્યાગ કરવો જોઈએ. અચાર (અથાણા) તથા કંદમૂળ ન ખાવા જોઈએ. બુદ્ધિવાનોએ સદાકાળ પરોપકાર કરવો જોઈએ તથા પરનિંદા ક્યારે પણ ન કરવી જોઈએ. ક્ષમાદિ દશધર્મોનું પાલન કરવું જોઈએ ઇત્યાદિ.

મુનિરાજના મુખથી ધર્મનું સ્વરૂપ સાંભળીને અગ્નિભૂતિ અને વાયુભૂતિ બંને ભાઈઓએ પોતાના માતા-પિતા સહિત ભક્તિપૂર્વક ગૃહસ્થધર્મ ધારણ કર્યો. ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કરી તથા સમ્યક્ત્વને પ્રાપ્ત કરી તે બંને ભાઈઓ પોતાના માતા-પિતા સહિત અતિ પ્રસન્ન થયા.

બરાબર છે કે ધર્મરૂપી રત્નને પ્રાપ્ત કરીને કોનું ચિત્ત સંતુષ્ટ નથી થતું! જે અમૃતપાન કરે છે તેને સંતોષ થાય જ છે. દ્વિજપુત્ર કે જેમની કેટલાક લોકો પ્રશંસા કરતાં હતા અને કેટલાક નિંદા કરતાં હતા, તેઓ શ્રી સાત્વિકી મુનિરાજને નમસ્કાર કરીને પોતાના ઘરે ચાલ્યા ગયા. તેઓ હવે પોતાના ચિત્તને ધર્મમાં જ લીન રાખવા લાગ્યા. જિનચૈત્યાલયોમાં જિનધર્મના મહાન ઉત્સવ કરાવવા તથા ગુરુવંદનામાં આ બંને ભાઈઓ નગરજનોમાં અગ્રેસર ગણાવા લાગ્યા. આ રીતે આ બંને ભાઈઓએ તો પોતાનું ચિત્ત ધર્મધ્યાનમાં લગાવી દીધું પરંતુ મિથ્યાત્વના યોગથી થોડા દિવસોમાં તેના માતા-પિતા જૈનધર્મથી પાછા વિમુખ થઈ ગયા.

એક દિવસ તેમણે બંને પુત્રોને બોલાવ્યા અને કહ્યું કે બેટા! તમને વેદમાર્ગમાંથી વિપરીત જિનધર્મના વ્રતાદિક પાળવા ઠીક નથી. તે સમયે એવો અવસર આવી ગયો હતો કે જિનધર્મ અંગીકાર કરવો પડ્યો હતો, પરંતુ હવે આપણું કાર્ય તો સિદ્ધ થઈ ગયું છે તેથી વેદશાસ્ત્રથી વિરુદ્ધ ધર્મ પાળવાની જરૂર નથી કે જેથી પ્રાણીઓની નીચગતિ થાય છે. અગ્નિભૂતિ અને વાયુભૂતિ તેમના માતા-પિતાની વાત સાંભળીને ચૂપ રહ્યા, કાંઈ જવાબ ન આપ્યો. તેઓ સમજી ગયા કે માતા-પિતાની રુચિ હજી કુધર્મમાં લાગી રહી છે, તેથી તેઓએ માતા-પિતાની વાતમાં ધ્યાન ન આપ્યું અને જૈનધર્મનું દૃઢપણે પાલન કરતા રહ્યાં. અંતમાં સમાધિમરણ કરી સ્વર્ગમાં ગયા.

ભરતક્ષેત્રના કૌશલદેશમાં અયોધ્યા નામની એક નગરી છે. જેનો રાજા અરિંજય હતો તે રાજાને પ્રિયંવદા નામની ગુણવતી રાણી એટલી પ્રિય હતી જેવી ઈન્દ્રને શચિ અને ચંદ્રને રોહિણી!

તે જ નગરમાં એક સમ્યગ્દૃષ્ટિ શ્રાવક સમુદ્રદત્ત નામનો શેઠ રહેતો હતો. તેને ધારીણી નામની ગુણવતી શેઠાણી હતી. કેટલાક સમય બાદ તેમને પૂર્વના અગ્નિભૂતિ-વાયુભૂતિ જે સ્વર્ગમાં ઈન્દ્ર-ઉપેન્દ્ર થયા હતા તેઓએ આ શેઠાણીના ગર્ભથી જન્મ લીધો. પુત્રોના જન્મની ખુશીમાં શેઠે ઉત્સવ કરાવ્યો અને ગરીબોને દાન આપ્યું. છ દિવસ સુધી ઉત્સવ ચાલ્યો, સાતમે દિવસે સગાવહાલાઓને બોલાવી વિધિપૂર્વક એકનું નામ મણિભદ્ર અને બીજાનું નામ પૂર્ણભદ્ર રાખ્યું. જ્યારે તે બંને પાંચ વર્ષના થયા ત્યારે શેઠે તેમને પાઠશાળામાં વિદ્યાભ્યાસ માટે બેસાડ્યા. જ્યારે તેઓ અનેક શાસ્ત્ર, પુરાણ, સિદ્ધાંત, ગ્રંથ શિખિને વિદ્યા-કળામાં પ્રવીણ થઈ ગયા અને સોળ વર્ષના થયા ત્યારે પિતાએ તેમને યુવાન જાણી યોગ્ય કન્યાઓ સાથે પરણાવ્યા. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થોનું સેવન કરતાં કેટલો સમય વ્યતીત થયો તેની તેમને ખબર ન પડી.

થોડા દિવસ પછી નજીકના પ્રમદ નામના ઉદ્યાનમાં મહેન્દ્રસૂરિ નામના મુનિરાજ પધાર્યા. તેમની સાથે મુનિસંઘ પણ હતો. મુનિસંઘના પધારવાથી ઉદ્યાનની બદલેલી શોભા જોઈને ત્યાંનો રક્ષક માળી બધી ઋતુના ફળ લઈને રાજા અરિંજય પાસે ગયો અને રાજાને મુનિરાજના પધાર્યાના

સમાચાર આપ્યા. રાજાએ પરોક્ષ પ્રણામ કર્યા અને માળીને ભેટ આપી તથા નગરમાં મુનિરાજ પધાર્યાની જાહેરાત કરાવી. નગરવાસીઓ સહિત રાજા પ્રમદ ઉદ્યાનમાં પહોંચ્યા અને બધા મુનિરાજને નમસ્કાર કરી ત્યાં જ બેસી ગયા.

બધા લોકો યથાયોગ્ય સ્થાને બેસી ગયા બાદ રાજા અરિંજયે પ્રશ્ન કર્યો કે હે સ્વામી! આજ સુધી આ જીવ અનેક તીર્થંકરોના સમવસરણમાં ગયો, ભગવાનની વાણી સાંભળી ને તેમ છતાં ક્યા કારણે સંસારથી પાર ન થયો?

મુનિરાજે કહ્યું હે ભવ્યોત્તમ! તેં ઘણો ઉત્તમ પ્રશ્ન કર્યો છે. આ જીવે અનેકવાર તીર્થંકરનો ઉપદેશ સાંભળ્યો પણ અનાદિ-અભ્યાસને કારણે તેમની વાણીમાંથી ફક્ત કર્તૃત્વનો જ ઉપદેશ ગ્રહણ કર્યો છે. આ વ્રત પાળું ને આવું તપ આચરણ કરું વગેરે વ્રતાદિ શુભભાવને જ ધર્મ માની તેને વળગી રહ્યો પણ પોતાના જ્ઞાનસ્વભાવને ઓળખવાનો જરાપણ પ્રયાસ નથી કર્યો અને તેથી જ આજ સુધી સંસારમાં રખડે છે. અનાદિથી સંસારમાં રખડતાં રખડતાં મોહને વશ થઈને પરદ્રવ્ય કે જેની સાથે આત્માને કોઈ જ પ્રકારનો સંબંધ નથી, તેમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી રાગ-દ્વેષ કરી નવા નવા કર્મ બાંધે છે અને સંસાર વધારતો જાય છે.

ત્યારે રાજા અરિંજય વિનયથી ફરી પૂછે છે કે હે જગત્ ઉદ્ધારક! એ જ્ઞાનસ્વભાવનું વર્ણન કરો કે જેને ઓળખ્યા વગર હું આજ સુધી સંસારના દુઃખ ભોગવું છું.

**મહામુનિરાજે કહ્યું કે હે નિકટભવી! સાંભળ, આત્મા જ્ઞાનનો ભંડાર છે. જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે પણ અનાદિથી અજ્ઞાની જીવ પરને જાણવામાં પોતાનો ઉપયોગ લગાવે છે અને પોતાને જાણવાનું કરતો નથી. અજ્ઞાની એમ માને છે કે પરદ્રવ્ય મારું જ્ઞેય અને હું તેનો જ્ઞાતા પણ જ્ઞાનનો સ્વભાવ પરને જાણવાનો છે જ નહીં, જ્ઞાન તો માત્ર સ્વને જ જાણે છે.**

**જેમ આંખ જે કોઈ પદાર્થને જુએ છે તે વાસ્તવમાં પરપદાર્થને નથી જોતી પણ પોતાનામાં જે પરના આકારની રચના આંખની પોતાની શક્તિથી થાય છે તે આકારને જ જુવે છે અને વાસ્તવમાં તો આંખ એ પોતાની શક્તિને જ–આંખને જ જુવે છે.**

**જેવી રીતે અરીસામાં અગ્નિ દેખાય છે તો તે અરીસામાં અગ્નિ આવી જતી નથી પણ અરીસામાં દેખાતી અગ્નિ તે અરીસાની પોતાની સ્વચ્છતા જ છે, અરીસાનો પોતાનો સ્વચ્છ સ્વભાવ જ તેમાં જાહેર થાય છે.**

**જેમ સૂર્યનો પ્રકાશ છે તે ઘટ-પટ આદિ પદાર્થને જાહેર નથી કરતાં પણ તે પ્રકાશ છે તે પોતાના આધારભૂત સૂર્યને જ જાહેર કરે છે, કારણ કે જે જેમાંથી ઉત્પન્ન થાય– જે જેનું હોય તે તેને જ જાહેર કરે છે, પરને નહીં.**

**તેવી જ રીતે, જ્ઞાન છે તે જાણવાનું કાર્ય કરે છે. જ્ઞાન સ્વને જ જાણવાનું કાર્ય કરે છે. જ્ઞાનની એક સમયની વર્તમાન પર્યાયમાં જેવા આકારો થાય છે તેને જ્ઞાન માત્ર જાણે જ છે અને તે આકાર જ્ઞાનનો પોતાનો જ છે, પરદ્રવ્યનો નથી. વાસ્તવમાં તો જ્ઞાન તે જ્ઞાનાકારને જાણતું થકું પોતાના જ્ઞાયકસ્વભાવની જ પ્રસિદ્ધિ કરે છે, કારણ કે જે જેમાંથી ઉત્પન્ન થાય-જે જેનું હોય તે તેને જ જાહેર કરે-પોતાના સ્વભાવને જ જાહેર કરે, અન્યને નહીં.**

**અરે! જ્ઞાનસ્વભાવની વધારે નજીક જઈને જ્ઞાનપર્યાયના ષટ્કારકોથી જોઈએ તો એક સમયની જ્ઞાનની પર્યાય તે દ્રવ્યને પણ નથી જાણતી પરંતુ પોતાનામાં પોતાથી પોતાને જ, જેવું દ્રવ્ય છે તેવો આકાર થાય છે તેને જ એટલે કે એક સમયની જ્ઞાનની પર્યાય સ્વજ્ઞેયાકારરૂપ તે પર્યાયને જ જાણતી થકી સ્વજ્ઞેયની જ પ્રસિદ્ધિ કરતી હોવાથી જ્યારે જીવ એમ માને છે-શ્રદ્ધા કરે છે કે હું તે એક સમયની પર્યાય નથી પણ હું તો અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય પરમપારિણામિકભાવ માત્ર છું ત્યારે જ તે જ્ઞાન જ્ઞાનમાં સમાઈ જાય છે અને નિર્વિકલ્પ અનુભૂતિ થઈને મોક્ષમાર્ગની શરૂઆત થઈ જાય છે. નિર્વિકલ્પ અનુભૂતિ થતાં જ આત્મા અકર્તા-જ્ઞાતા થઈ જાય છે. આત્મા પરદ્રવ્યથી માંડીને પોતાના જ્ઞાનની એક સમયની પર્યાયનો પણ અકર્તા-જ્ઞાતા થઈ જતાં તેને હવે મુક્ત થવું નથી પણ તે મુક્ત સ્વરૂપ જ છે!**

મુનિરાજના શ્રીમુખેથી પોતાના જ્ઞાનસ્વભાવનો આવો મહિમા સાંભળતા જ રાજાને જ્ઞાન થયું, પોતાનો મહિમા આવ્યો અને સંસાર-શરીર-ભોગથી મન ઉદાસ થઈ ગયું અને તરત જ મુનિરાજ પાસે જિનદીક્ષા ગ્રહણ કરી. મુનિરાજનો ઉપદેશ સાંભળીને તથા રાજાની જિનદીક્ષાનો પ્રસંગ જોઈને સમુદ્રશેઠને પણ સંસારથી વૈરાગ્ય થઈ ગયો અને તેમણે પણ ત્યાં જ જિનદીક્ષા ગ્રહણ કરી. શેઠના બંને પુત્રોએ પણ મુનિરાજ પાસે યથાશક્તિ ગૃહસ્થધર્મ-શ્રાવકધર્મ અંગીકાર કર્યો.

કેટલાક સમય પછી એક દિવસ ફરી મુનિરાજ વનમાં પધાર્યા. તેમના દર્શન કરવા બંને ભાઈ વનમાં જઈ રહ્યા હતા ત્યાં રસ્તામાં એક કુરુપ ચાંડાલ અને તેની સાથે એક કૂતરી તેમણે જોઈ. તેમને જોતાં જ તે બંને ભાઈઓને તેમના માટે પ્રેમ જાગ્યો. આ બંને ભાઈને જોઈને તે ચાંડાલ અને કૂતરીને પણ મનમાં શાતા ઊપજી અને તેમના માટે રાગ બંધાયો. તે બંને ભાઈઓ તો મુનિ વંદના માટે આગળ ચાલ્યા અને તેમની પાછળ ચાંડાલ અને કૂતરી પણ ચાલ્યા.

મુનિરાજ પાસે પહોંચીને બંને ભાઈઓએ વિધિપૂર્વક નમસ્કાર કર્યા અને તેમના ચરણોમાં બેઠા. ચાંડાલ અને કૂતરી પણ મુનિરાજના દર્શન કરી તેમની બાજુમાં બેસી ગયા. બંને ભાઈઓએ વિનયથી મુનિરાજને પૂછ્યું કે હે મહારાજ! આ ચાંડાલ અને કૂતરીથી અમને આટલો મોહ કેમ ઉત્પન્ન થાય છે તે કૃપા કરી જણાવો.

મુનિરાજે કહ્યું કે હે વત્સ! પૂર્વના ત્રીજા ભવમાં આ ચાંડાલ બ્રાહ્મણ હતો અને આ કૂતરી તેની સ્ત્રી હતી તથા તમે બંને તેમના પુત્ર હતા. કોઈ કારણોસર જૈનધર્મ મળવા છતાં બ્રાહ્મણ અને તેની સ્ત્રીએ એ જૈનધર્મનો ત્યાગ કર્યો અને પોતાના ધર્મને ધારી રાખી અનેક પ્રકારના હવનો કર્યા અને ઘણી જીવહિંસા કરી પહેલી નરકમાં બંને પાંચ પલ્યના આયુષ્યે રહ્યા. ત્યાંની અનંત પીડા સહી બ્રાહ્મણનો જીવ ચાંડાલ થયો અને તેની પત્ની આ કૂતરી થઈ છે. તમે બંનેએ પૂર્વમાં ભલી રીતે જૈનધર્મનું પાલન કરેલું જેથી તમે બંને સ્વર્ગમાં ગયા અને ત્યાંથી શેઠના ઘરે જન્મ થયો. આમ, પૂર્વના સંબંધને કારણે તમને ચારેયને એકબીજા માટે મોહ ઉત્પન્ન થયો છે.

મુનિરાજ પાસે પોતાના પૂર્વભવો સાંભળતાં જ ચાંડાલ અને કૂતરીને જાતિસ્મરણ થયું અને નરકના દુઃખો યાદ આવતાં ડરી ગયા. બંનેએ મુનિરાજ પાસે વ્રત ગ્રહણ કર્યા. આ બંને ભાઈઓ પોતાના વ્રતને વધારે દૃઢ કરી મુનિરાજને નમસ્કાર કરી પોતાને ઘેર ગયા. ચાંડાલ થોડા દિવસમાં સમાધિમરણ કરી સ્વર્ગમાં દેવ થયો. કૂતરી પણ વ્રતને દૃઢતાથી પાલન કરી અંતમાં સમાધિપૂર્વક દેહ છોડી તે નગરના રાજાની પુત્રી થઈ. જ્યારે તે કન્યા લગ્નયોગ્ય થઈ ત્યારે તેનો સ્વયંવર રચાયો. તે જ વખતે પૂર્વભવનો ચાંડાલ સ્વર્ગમાંથી આવ્યો અને આ કન્યાનો સ્વયંવર મંડપ જોઈને પૂર્વની પોતાની પત્નીને સંસારમાં પ્રવેશ કરતાં જોઈને પોતે અદૃશ્ય રહીને જ તેને તેના પૂર્વભવ કૂતરી, નરક યાદ કરાવ્યા. રાજપુત્રીને પોતાના પૂર્વભવો યાદ આવતાં જ તે સ્વયંવર મંડપ છોડીને સીધી વનમાં ગઈ અને શ્રીયુત મુનિરાજ પાસે દીક્ષા લઈ લીધી. ઘણા સમય સુધી ઘોર તપ કર્યું અને સ્ત્રીલિંગનો છેદ કરી સ્વર્ગમાં દેવ થઈ. પેલા બંને શેઠના પુત્રો પણ સંન્યાસપૂર્વક દેહ ત્યાગ કરી પહેલા સ્વર્ગમાં દેવ થયા.

સ્વર્ગમાં ઘણા સમય સુધી સુખ ભોગવીને ત્યાંથી ચ્યવીને કૌશલ દેશના રાજા પદ્મનાભની રાણીના ગર્ભમાં આવ્યા. જ્યારે બંનેનો જન્મ થયો ત્યારે રાજાએ પ્રથમ પુત્રનું નામ મધુ અને બીજાનું નામ કૈટભ રાખ્યું. બંને કુમાર ભણી યુવાન થયા ત્યારે રાજાએ તે બંનેના યોગ્ય કન્યાઓ સાથે લગ્ન કર્યા.

બધી જવાબદારીથી નિવૃત્ત થઈને એક દિવસ પદ્મનાભ રાજા વિચારવા લાગ્યા કે પ્રથમ તો મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે, તેમાં પણ ઉત્તમ કુળ, રાજસુખ, પરાક્રમ આદિ અતિ દુર્લભ છે, તેમાં પણ જૈન ધર્મનું મળવું તો અતિ અતિ કઠીન છે. પરંતુ પુણ્યોદયથી મને આ બધી સામગ્રી મળી છે. હવે મારે આ મનુષ્યભવનો સદ્‌ઉપયોગ કરવા જિનદીક્ષા ધારણ કરવી જોઈએ. રાજાના હૃદયમાં આ પ્રકારના વિચારોને કારણે વૈરાગ્યએ જોર પકડ્યું. રાજાએ પોતાના મંત્રીઓ અને નગરવાસીઓની હાજરીમાં પોતાના મોટાપુત્ર મધુનો રાજ્યાભિષેક કર્યો અને કૈટભને યુવરાજપદ આપ્યું તથા પોતે હજારો રાણી અને રાજ્યનો ત્યાગ કરીને વનમાં જઈને મુનિરાજ પાસે અનેક રાજાઓ અને રાજપુત્રો સહિત જિનદીક્ષા લઈ લીધી.

રાજા મધુ અને યુવરાજ કૈટભ પોતાના કુળક્રમથી ચાલ્યા આવતાં રાજ્યને પ્રજાના સુખ-શાંતિને લક્ષમાં રાખીને ચલાવતાં હતા. એક દિવસ રાજા મધુ સભામાં પોતાના સામંતો સહિત બેઠા હતા ત્યારે સભાની બહાર નગરમાં કોલાહલનો અવાજ સાંભળીને રાજાએ દ્વારપાળને પૂછ્યું કે આ કેવો કોલાહલ છે? આવો કોલાહલ મેં પહેલાં ક્યારેય સાંભળ્યો નથી.

દ્વારપાળે વિનયપૂર્વક નમસ્કાર કરી કહ્યું કે રાજન્! એક દુષ્ટ રાજા પોતાની સેના અને મજબૂત કિલ્લાના જોરથી રોજ નગરમાં આવીને લૂંટ મચાવે છે અને જ્યાંસુધી આપણી સેના તેને પકડવા જાય ત્યાં તે તરત જ ભાગીને પોતાના નગરમાં છુપાય જાય છે. આમ તેનાથી ડરીને પ્રજાજનો પોતાના પ્રાણની રક્ષા માટે વ્યાકુળ થતાં આવો કોલાહલ કરે છે.

દ્વારપાળના મુખથી કોલાહલનું કારણ સાંભળીને રાજા અત્યંત ક્રોધે ચડ્યો અને મંત્રીઓને પૂછ્યું કે આજસુધી મને આ વાતની ખબર કેમ ન કરવામાં આવી? ત્યારે મંત્રીએ કહ્યું કે રાજન્ ત્યારે આપની ઉંમર નાની હતી અને તે પોતાના કિલ્લાના જોરથી અનેક રાજાઓથી પણ જિતાયો નથી તેથી આ વાત આજસુધી આપને કરી નથી.

મંત્રીના વચનો સાંભળી રાજા બોલ્યા કે શું સૂર્યનો ઉદય થતાં જ રાત્રિના અંધકારનો નાશ નથી થતો?! તે રીતે મારી નાના ઉંમર હતી તો શું થયું? તમે મને આ સમાચાર ન આપીને બેવકૂફી કરી છે. હવે તરત જ આપણી પૂરી સેના તૈયાર કરો અને યુદ્ધ માટે તૈયાર થાવ; હું હમણા જ એના કિલ્લાને તોડીને તેને યમલોક પહોંચાડી દઉં છું. મંત્રીઓએ રાજાની આજ્ઞા પ્રમાણે સેના તૈયાર કરી. રાજા પોતાની સેના સાથે દુશ્મન પર ચઢાઈ કરવા નીકળી પડ્યા. રસ્તામાં વટપુરના રાજા હેમરથને ખબર પડી કે મધુરાજા અહીંથી નીકળ્યા છે કે તરત જ હેમરથે હૃદયથી રાજા મધુને પોતાને ત્યાં એક દિવસ રોકાવવાનું આમંત્રણ આપ્યું. રાજા મધુએ તેનાથી પ્રસન્ન થઈને તેનો સ્વીકાર કર્યો. હેમરથ મધુરાજાને પોતાના મહેલમાં લઈ ગયો અને રત્નનો ચોક પુરાવીને સુવર્ણના સિંહાસન ઉપર તેમને બેસાડ્યા.

ત્યારબાદ હેમરથ પોતાની પ્રિય રાણી ચંદ્રપ્રભા પાસે ગયો અને કહ્યું કે હે પ્રિયે! તું સ્વયં જઈને રાજા મધુના સત્કારમાં તેમની મંગલ આરતી ઉતાર. ત્યારે ચંદ્રપ્રભા બોલી કે હે નાથ! એવી નીતિ છે કે જે પોતાની મનોહર ચીજ હોય તે અન્ય રાજાઓને ન દેખાડવી જોઈએ કારણ કે તેને જોઈને રાજાઓનું ચિત્ત ચલાયમાન થઈ જાય છે. તેથી તમે તમારી બીજી કોઈ રાણીને મોકલો, મારાથી આ કામ ન કરાવો.

ત્યારે હેમરથે કહ્યું કે હે દેવી! તું ખૂબ ભોળી છો. તેને ત્યાં તારા સમાન રૂપવાન સેંકડો દાસીઓ છે. તેથી હે શુભમુખે! તારા ઉપર તે રંચમાત્ર પણ પાપદૃષ્ટિ નહીં કરે. તું તારા મનના શલ્યને દૂર કર અને તું મારી સાથે ચાલ અને રાજા મધુની આરતી ઉતારીને તેમનું સન્માન

કર. પોતાના સ્વામીનો અત્યંત આગ્રહ જોઈને રાણી ચંદ્રપ્રભાએ એક સુવર્ણના થાળમાં ઉત્તમોત્તમ મનોહર મોતી રાખ્યા અને દૂધ, અક્ષત આદિ માંગલિક દ્રવ્ય પણ તેમાં રાખ્યા અને રાજા હેમરથની આજ્ઞાથી સોળ શૃંગાર કરીને રાણીએ તંદુલ, મોતી આદિથી ઘણા વિનયથી અને ભક્તિથી મધુ રાજાની આરતી કરી.

રાજા મધુ પોતાની સામે ઊભેલી સર્વાંગ સુંદર, મનોહર રાણી ચંદ્રપ્રભાને જોઈને કામબાણથી ઘાયલ થઈ ગયો. તે મનમાં વિચારવા લાગ્યો કે આ ઈન્દ્રાણી છે કે પાર્વતી છે? રોહીણી છે કે સાક્ષાત્ રતિ છે? આ કોણ છે? તેનું સર્વાંગ સુંદર શરીર મને કામબાણથી ઘાયલ કરી રહ્યું છે. તે વિચારે છે કે તે જ આ ધરતી પર કૃતકૃત્ય છે અને તેને જ પૂર્વભવના પુણ્યનો પ્રબળ ઉદય છે જેની આ મનોહર સુંદરી પ્રાણવલ્લભા છે! રાજા મધુ જ્યારે આ પ્રમાણે ચિંતાતુર હતો તે જ સમયે ચંદ્રપ્રભા તેની આરતી કરીને પોતાના મહેલમાં જતી રહી પણ સાથે સાથે મધુરાજાનું ચિત્ત ચોરીને લઈ ગઈ!

મધુ રાજાના ચહેરાના હાવ-ભાવ ઉપરથી તેનો એક મંત્રી સમજી ગયો કે રાજાને કોઈ ગુપ્ત વાત સતાવે છે. તેથી તે એકાંતના સમયે રાજા પાસે ગયો અને કહ્યું કે હે રાજન્! તમે ઘણા સમયથી ચિંતિત દેખાવ છો. જો તમને શત્રુ તરફની ચિંતા હોય તો તમે તે ચિંતા છોડી દો. શત્રુને તો હું જોતજોતામાં મારી નાખીશ.

મંત્રીના વચનો સાંભળી મધુરાજાએ કહ્યું કે મંત્રીવર! શત્રુની મને જરા પણ ચિંતા નથી. મારી ચિંતાનું કારણ હું તમને બતાવું છું જે ગુપ્ત રાખજો અને તેનો ઉપાય શોધજો. જ્યારથી મેં આ ચંદ્રપ્રભા રાણીને જોઈ છે ત્યારથી હું કામબાણથી ઘાયલ થયો છું. જ્યાં સુધી હું તેને મેળવીશ નહીં ત્યાં સુધી મને શાંતિ નહીં મળે.

રાજાની વાત સાંભળી મંત્રીએ કહ્યું કે હે સ્વામી! આ તમે સર્વથા અનુચિત વાત કરી છે. આ કાર્ય તો આલોક અને પરલોક બંને બગાડનારું છે અને નિંદનીય છે. આ સાંભળતાં જ જગતમાં તમારો અપયશ ફેલાઈ જશે. નીતિનું વાક્ય છે કે લોકનિંદિત કાર્યને મનથી પણ ન વિચારવું જોઈએ.

મંત્રીના વચનો સાંભળી રાજાએ કહ્યું કે તમારી વાત તો સાચી જ છે પરંતુ ચંદ્રપ્રભા વગર મારું જીવન અશક્ય થઈ ગયું છે. જો મને જીવતો જોવા ઇચ્છતા હો તો કોઈપણ રીતે તેનો ઉપાય કરો કે ચંદ્રપ્રભા જલ્દી મને મળે.

જ્યારે મંત્રીને થયું કે રાજાનું ચિત્ત ચંદ્રપ્રભામાં જ લાગી ગયું છે ત્યારે તેણે મહારાજને ઘણા ધૈર્યથી સમજાવ્યું કે મહારાજ! અત્યારે તમારા પ્રેમને તમારા મનમાં જ રહેવા દ્યો. જો બીજા માંડલિક રાજાઓને ખબર પડશે કે તમે પરસ્ત્રીમાં આસક્ત થયા છો તો તેઓ અત્યારે

જ આપણને છોડીને ઘરે પાછા ચાલ્યા જતાં રહેશે અને આપણું યુદ્ધનું કાર્ય અધુરું રહી જશે. માટે પહેલાં માંડલિક રાજાઓની મદદથી યુદ્ધમાં દુશ્મનને જીતી લઈએ પછી અવશ્ય તમારી ઈચ્છા પૂરી થશે. રાજાના સંતોષ ખાતર મંત્રીએ તેમને વચન આપ્યું.

મંત્રીના મનોહર વચનો સાંભળીને રાજા મધુ સ્વસ્થચિત્ત થઈને વેરીને પરાસ્ત કરવાની ઉત્કંઠાથી સર્વ સેના સહિત રવાના થવા તૈયાર થઈ ગયો. મંત્રીના આગ્રહથી રાજા હેમરથ પણ પોતાની સમસ્ત સેના સહિત વટપુરથી નીકળી પડ્યા. રાત્રિ થતા રાજા મધુએ દુશ્મનના આખા નગરને ચારે બાજુથી ઘેરી લીધું. જ્યારે રાજા ભીમને સમાચાર મળ્યા કે મારું નગર ઘેરી લેવામાં આવ્યું છે ત્યારે તે અત્યંત ક્રોધિત થઈને પોતાની સમસ્ત સેના સહિત યુદ્ધ કરવા ઉધ્ધત હાથીની જેમ નગરના કિલ્લાથી બહાર નીકળ્યો અને રાજા મધુ સાથે મહા ભયંકર યુદ્ધ કર્યું. યુદ્ધના અંતમાં રાજા મધુએ મિત્ર રાજાઓની મદદથી ભીમને હરાવ્યો અને જીવતો પકડ્યો, તેના રાજ્યમાં પોતાના સામંતોને સ્થાપ્યા તથા ભીમ રાજાને બીજે સ્થાપ્યો.

અયોધ્યા તરફ પાછા ફરતી વખતે રાજા મધુએ પોતાના મંત્રીને એકાંતમાં બોલાવીને ચંદ્રપ્રભાની વાત યાદ કરાવીને કહ્યું કે હવે અવશ્ય આપણે વટપુર જશું અને ત્યાં જઈને ચંદ્રપ્રભાને મળીશ. રાજાની વાત સાંભળીને મંત્રી ચિંતામાં પડી ગયો. તેણે રાજાને ફરી ખોટું આશ્વાસન આપ્યું. રાજા નિશ્ચિંત થઈ ગયો. મંત્રીએ સેનાપતિને એકાંતમાં બોલવ્યો અને કહ્યું કે રાત્રિના અંધકારમાં વટપુરને ખૂબ દૂરથી જ છોડી સીધો અયોધ્યાનો રસ્તો લેજો અને સવારે જ્યારે મહારાજ પૂછે તો કહેજે કે અંધારામાં માર્ગ ભૂલી ગયો. સેનાપતિએ મંત્રીના કહ્યા પ્રમાણે જ કર્યું. સવાર થતાં મહારાજ અયોધ્યા પહોંચી ગયા. અયોધ્યા નગરી શણગારવામાં આવી. રાજાને જ્યારે ખબર પડી કે મંત્રીએ મારી સાથે કપટ કર્યું છે ત્યારે તેણે મંત્રીને બોલાવ્યો અને અત્યંત ક્રોધિત થઈને કહ્યું કે મારી સાથે આવી માયાચારી કેમ કરી? ત્યારે મંત્રીએ સેનાપતિને બોલાવીને પૂછ્યું કે વટપુરનો રસ્તો કેમ છોડી દીધો? ત્યારે હાથ જોડીને ડરતાં ડરતાં સેનાપતિ બોલ્યો કે ક્ષમા કરો! રાત્રિના અંધકારમાં માર્ગ ભૂલાઈ ગયો અને ભૂલથી બીજા માર્ગે આવી જવાયું. અજાણતા ભૂલ થઈ હોઈ ક્ષમા કરો! સેનાપતિના વચનો સાંભળીને રાજા ચૂપ થઈ ગયો અને નગરમાં પ્રવેશ કરી પોતાના મહેલમાં ગયો.

એક બાજુ રાજા મધુને ચંદ્રપ્રભા વિના ચેન પડતું ન હતું અને બીજું મંત્રીઓએ પણ રાજાને મળવાનું છોડી દીધું કારણ કે તેઓ જાણતાં હતા કે રાજા આપણી પાસે ચંદ્રપ્રભાના જ ગીતો ગાશે. રાજાનું શરીર ચંદ્રપ્રભાના વિયોગથી દુર્બળ થઈ ગયું તથા કામજ્વરથી પીડાવા લાગ્યા. રાજા મધુએ ખાવા-પીવાનું છોડી દીધું. રાજાની આવી સ્થિતિના સમાચાર સાંભળી પ્રમુખમંત્રી તેમની નજીક આવ્યો અને નમસ્કાર કરી કહ્યું કે હે પ્રભો! તમે આ શું કરો છો?

મને એમ હતું કે તમે ઘરે પાછા આવીને ચંદ્રપ્રભાને ભૂલી જશો તેથી હું કાંઈ પ્રયત્ન કરતો ન હતો પણ તમારી હાલત જોઈને હું નિશ્ચયથી કહું છું કે થોડા સમયમાં તમારી પ્રાણપ્યારી તમારી પાસે હશે. મંત્રીના વચનો સાંભળીને રાજા પોતાનું દુઃખ દબાવીને સ્વસ્થ થયો.

મંત્રીએ ઘણું વિચાર્યા પછી પોતાના દૂતોને અલગ અલગ અનેક દેશોમાં મોકલ્યા અને સંદેશ મોકલાવ્યો કે જે રાજા મધુના શાસનનું પાલન કરવાવાળા છે તેઓ સમસ્ત આ વસંત ઋતુમાં અહીં પધારે તથા રાજા મધુની સાથે વનમાં ક્રીડા કરે. આ જ રીતે રાજા હેમરથને પણ પત્ર લખી દૂતને મોકલ્યો તથા સાથે ચંદ્રપ્રભાને લાવવા કહ્યું. પત્ર વાંચીને હેમરથ ઘણો પ્રસન્ન થયો, તેણે પોતાની પ્રાણપ્યારી ચંદ્રપ્રભાને પત્ર વાંચવા આપ્યો. રાણી ચંદ્રપ્રભાએ પત્ર વાંચીને કહ્યું કે હે સ્વામી! રાજાઓનો સેવકો પર અત્યંત આદર દેખાડવો ઠીક નથી. આ કોઈ જાળ રચાયેલ લાગે છે. રાજાઓનું કોઈ પણ કાર્ય વિના પ્રયોજન નથી હોતું. તેથી હે નાથ! તમે ઈચ્છો તો જાવ પણ મને સાથે ન લઈ જાવ. કારણ કે આરતી ઉતારતાં સમયે જ હું તેની દૃષ્ટિ જાણી ગઈ હતી. હું ત્યાં આવીશ તો તે અવશ્ય મારું હરણ કર્યા વગર નહીં છોડે.

ત્યારે હેમરથે કહ્યું કે હે મૂઢમતે! તું શું આવા નિંદિત વચનો કહે છે. તારા સમાન સુંદર તેના મહેલમાં અનેક દાસીઓ છે. ત્યારે દૂરદર્શી રાણીએ કહ્યું કે મેં જે ઉચિત સમજ્યું તે કહી દીધું. જે ભવિતવ્યમાં લખ્યું છે તે તમને પછી ખબર પડી જશે. ત્યારે રાજાએ કહ્યું કે બધું સારું જ થશે, તું ચિંતા ન કર. આમ ઘણું સમજાવી કરીને રાજા હેમરથ ચંદ્રપ્રભા તેમજ બીજા ઘણા દાસ-દાસીઓ સહિત અયોધ્યા પહોંચી ગયો. રાજા મધુએ તેનું ઘણું સન્માન કર્યું તેમજ તેને એક સુંદર મહેલ રહેવા માટે આપ્યો. બીજા બધા રાજાઓ પણ પોતાની રાણી સાથે આવી પહોંચ્યા. તેમને પણ યથાયોગ્ય સન્માપૂર્વક આવકાર્યા. જ્યારે વનની સજાવટ થઈ ગઈ ત્યારે રાજા મધુ પોતાની રાણીઓ તથા સામંત રાજાઓ તેમજ તેમની સ્ત્રીઓ સહિત વનક્રીડા કરવા ચાલ્યો. રાજા મધુએ એક મહિના સુધી વનક્રીડા કરી.

ત્યારબાદ રાજા મધુ પાછો પોતાના મહેલમાં આવ્યો અને બધા રાજાઓને અનેક ભેટો આપીને વિદાય આપવા લાગ્યો. હેમરથને બોલાવીને કહ્યું કે હે મિત્ર! તારા અને તારી સ્ત્રી માટેના ઉત્તમ આભૂષણો હમણા તૈયાર નથી. સોની તમારા માટે આભૂષણો તૈયાર કરી રહ્યા છે, તે જલ્દી તૈયાર થઈ જશે. તમે અત્યારે તમારી ચંદ્રપ્રભા રાણીને અહીં છોડી નિશ્ચિંતપણે વટપુર જાઓ કારણ કે રાજા વગરના રાજ્યમાં કોઈ પણ ચડાઈ કરી શકે છે. પાછળથી તમારે યોગ્ય ઘરેણા બની જતાં હું તમારી રાણી સાથે જલ્દી મોકલી આપીશ. ભોળા રાજા હેમરથે તે કામીના વચન સાચા સમજીને 'જેવી તમારી ઈચ્છા' એમ કહીને ત્યાંથી નીકળ્યો.

રાજા મધુને મળીને હેમરથ પોતાની રાણી ચંદ્રપ્રભા પાસે આવ્યો અને તેને બધી વાત કરી

કે હું અત્યારે જાવ છું અને તું પાછળથી આભૂષણો લઈને આવજે. તારી પાસે વિશ્વાસપાત્ર વૃદ્ધ મંત્રીઓ અને દાસીઓને છોડીને જાવ છું. રાજા હેમરથની વાત સાંભળીને ચંદ્રપ્રભાને ઘણું દુ:ખ થયું અને કહ્યું કે હે નાથ! હવે હું સમજી ગઈ કે એક તો તમે તમારા અભાગ્યને વશ થઈને મને અહીં લઈ આવ્યા તેમજ હજી અહીં એકલી છોડીને જાવ છો. તમે નિશ્ચય સમજો કે મધુ મને બળાત્કારથી પોતાની રાણી બનાવશે અને તેના અંત:પુરમાં દાખલ કરી દેશે ત્યારે તમે કાંઈ જ નહીં કરી શકો. તમારે પછી પસ્તાવાનો સમય નહીં મળે. ચંદ્રપ્રભાએ દુ:ખી હૃદયે ઘણું સમજાવ્યું પણ દુર્ભાગ્યને વશ હેમરથ કાંઈ માન્યો નહીં અને ચંદ્રપ્રભાને છોડીને ચાલ્યો ગયો.

હેમરથના ગયા પછી રાજા મધુ ચંદ્રપ્રભા રાણીને મળવા માટે ખૂબ જ આતુર થઈ ગયો. સૂર્ય આથમી ગયો અને અંધારું થવા લાગ્યું. મધુ રાજાએ મંત્રીને ચંદ્રપ્રભા રાણી પાસે એક દૂતી મોકલીને રાણીને પોતાના પાસે લઈ આવવા કહ્યું. મંત્રીએ તરત જ એક દૂતીને ચંદ્રપ્રભા રાણી પાસે મોકલી. દૂતીએ ચંદ્રપ્રભા રાણીને નમસ્કાર કરીને કહ્યું કે રાજા મધુ પોતાના મહેલમાં બિરાજમાન હતા અને અચાનક રાજા હેમરથના દૂતે આવીને પોતાના રાજાનો સંદેશ સંભળાવ્યો કે હે રાજન્! જો તમારો મારા ઉપર સાચો સ્નેહ હોય તો મારી રાણીને જેમ બને તેમ જલ્દી મારી પાછળ મોકલી આપો, વિલંબ ન કરો. આ સંદેશ સાંભળીને રાજા મધુએ તમને આજે જ વિદાય કરવાનું નક્કી કર્યું છે. તેથી આપ અત્યારે જ ત્યાં પધારો અને રાજા તમને પોતાની સ્ત્રીઓના ઘરેણા આપશે તેનો સ્વીકાર કરો.

દૂતીના વચનો સાંભળીને ચંદ્રપ્રભા ચિંતામાં પડી ગઈ. તે વિચારવા લાગી કે જો હું જઈશ તો રાજા બળાત્કારથી મને રાણી બનાવશે અને જો નહીં જાવ તો તેનું અપમાન થવાથી ગુસ્સો કરશે. આ પ્રકારની મુંઝવણમાં પડી. અંતે તે ડરતાં ડરતાં પોતાના વિશ્વસ્ત મંત્રીઓને સાથે લઈને ચંદ્રપ્રભા દૂતીની સાથે ચાલી. મધુ રાજા મહેલના સાતમા માળે બેઠો હતો. દૂતીએ તેની સખીઓ અને મંત્રીને નીચે ઊભા રાખીને ચંદ્રપ્રભાને લઈને સાતમે માળે પહોંચી અને ત્યાં તેને એકલી છોડીને પોતે પોતાના સ્થાનકે ચાલી ગઈ. ત્યાં ખંડમાં રાજા મધુને એકલો જોઈને ચંદ્રપ્રભા તેનો ભાવ સમજી ગઈ. તે ઊભા ઊભા ધ્રુજવા લાગી. રાજા મધુએ તેને બળજોરીથી પોતાની નજીક બેસાડીને કહ્યું કે હે સુંદરી! શાંત થા! પ્રસન્ન થા! તારો પતિ તો મારો અનુચર છે. આ તો તારું સૌભાગ્ય છે કે તું નીચી દશાને છોડીને મારી પ્રાણપ્યારી બની છે. આમ, ઘણું સમજાવવા છતાં જ્યારે ચંદ્રપ્રભા સમજી નહીં ત્યારે મધુ રાજાએ બળજબરીપૂર્વક ચંદ્રપ્રભા સાથે રમણ કરવાનું ચાલુ કર્યું અને પોતાની કામચેષ્ટાઓથી ચંદ્રપ્રભાને પણ કામાસક્ત કરી દીધી. જેથી ચંદ્રપ્રભા પણ પોતાના પતિ હેમરથને ભૂલીને મધુ સાથે સુખપૂર્વક રમણ કરવા લાગી, રતિક્રિયામાં મગ્ન બંનેએ વ્યતીત થતો સમય ન જાણ્યો.

આ બાજુ હેમરથના જે વિશ્વસ્ત મંત્રીઓ ચંદ્રપ્રભા પાસે રોકાયા હતા તેમને જ્યારે ખબર પડી કે મધુ રાજાએ ચંદ્રપ્રભાને પોતાની રાણી બનાવી લીધી છે ત્યારે તેઓ દુ:ખી થઈને પોતાના નગરમાં પાછા ફર્યા અને આવીને રાજા હેમરથને બધી હકીકત કહી. પોતાની રાણીનું છળથી હરણ સાંભળીને હેમરથ બેહોશ થઈ ગયો. ભાનમાં આવતાં જ મધુ પર ખૂબ ક્રોધિત થયો અને તેની સાથે યુદ્ધની મંત્રીઓને આજ્ઞા કરી. મંત્રીઓએ હેમરથને સમજાવ્યું કે રાજન્! આપણી એટલી શકતિ નથી કે મધુને યુદ્ધમાં જીતી શકીએ માટે રાણીને હવે ભૂલી જાઓ. મંત્રીઓના આવા વચનો સાંભળીને હેમરથ ખૂબ દુ:ખી થયો. ચંદ્રપ્રભા વિના તે પાગલ થઈ ગયો. તેણે રાજ્યનું કામ છોડી દીધું અને નગરની ગલીઓમાં ભટકવા લાગ્યો અને કોઈ પણ સ્ત્રીને જોઈને ચંદ્રપ્રભા....ચંદ્રપ્રભા...કહીને બોલાવવા લાગ્યો.

આવી રીતે ભટકતાં ભટકતાં એક દિવસ દૈવયોગે તે અયોધ્યા નગરીમાં આવી ચડ્યો અને ત્યાં પણ પોતાની પ્યારી ચંદ્રપ્રભાને પોકારતો ફરતો રહ્યો. એક દિવસ રાણી ચંદ્રપ્રભા મહેલના ઝરુખામાં સુખમગ્ન બેઠી હતી અને નીચે પોતાના પતિને આવી રીતે પાગલ થઈને ફરતા જોઈને તે ઘણી જ દુ:ખી થઈ અને રડવા લાગી. તે સમયે રાજા મધુ ત્યાં પહોંચ્યો. ચંદ્રપ્રભાએ પોતાના મનના દુ:ખને છુપાવીને મધુની સાથે પ્રેમથી વાતો કરી અને મહેલની છત ઉપર જઈને બેઠી.

તે જ સમયે નગરનો ચંડકર્મા નામનો કોટવાળ એક યુવાન સુંદર પુરુષને દૃઢ રીતે બાંધીને ત્યાં લઈ આવ્યો. આવીને તેણે રાજાને પ્રણામ કરીને કહ્યું કે હે રાજન્! આણે પરસ્ત્રીનું સેવન કર્યું છે. તેને યોગ્ય સજા કરો. ત્યારે રાજાએ ક્રોધિત થઈને કહ્યું કે આને શૂળીની સજા કરો કે જેથી મારા રાજ્યમાં કોઈ આવો અપરાધ કરવાની હિંમત ન કરે. રાજાના આવા વચનો સાંભળીને મનમાં અત્યંત ક્રોધિત થઈને રાણી ચંદ્રપ્રભા વિનયથી બોલી કે હે નાથ! આ પુરુષ યુવાન અને રૂપવાન છે તેને તમે મૃત્યુદંડ કેમ આપો છો? પરસ્ત્રીગમનાં એવું શું મોટું પાપ છે? મને તો આ પાપનું કાર્ય નથી લાગતું. તમે વૃથા બિચારાને મૃત્યુદંડ આપો છે. ત્યારે રાજા મધુએ શાસ્ત્રપ્રમાણ સહિત જવાબ આપ્યો કે આ તો મહાન વજ્ર પાપ છે, આનાથી મોટું કોઈ પાપ નથી.

**શાસ્ત્રમાં કહ્યું છે કે પરસ્ત્રીસેવન કરવાથી અને દેવદ્રવ્ય વાપરવાથી મનુષ્ય સાતમી નરકે જાય છે તેમા સંદેહ નથી. જો બધા પાપને એક બાજુ રાખવામાં આવે અને પરસ્ત્રી સંગમરૂપ પાપ બીજી બાજુ રાખવામાં આવે તો પરસ્ત્રીસેવનરૂપ પાપ સૌથી વધારે થશે એમ શાસ્ત્રમાં લખ્યું છે. નિશ્ચય સમજ કે આનાથી મોટું કોઈ પાપ નથી. પરસ્ત્રીલંપટ જીવો આ લોકમાં કલંકિત થાય છે, રાજા દ્વારા દંડ પામે છે અને બીજા ભવમાં નરકાદિના દુ:ખ પામે છે. તેથી પરસ્ત્રી સર્વથા ત્યાગવા યોગ્ય છે. પરાઈ સ્ત્રી ભોગવેલી વસ્તુ અર્થાત્ ઉચ્છિષ્ટ સમાન છે.**

**સ્ત્રી મોક્ષદ્વારની મજબૂત અર્ગળા છે, સંસારરૂપ વૃક્ષને પોષણ આપનારી જળની ઝારી છે, મનુષ્યરૂપી હરણોને પકડવા માટે જાળ છે, જેના સંગમાત્રથી આજ સુધીમાં કેટલાય ઉત્તમ આત્માઓ પોતાના અમૂલ્ય જ્ઞાન-શ્રદ્ધાનરૂપ પરમ જીવીતવ્યને ગુમાવી બેઠા છે, જેનું નામમાત્ર પણ મોટા મોટા મુનિવરોનું મુનિત્વ નષ્ટ કરી નાખે છે તો તેના શરીરનો પ્રત્યક્ષ રાગ શું શું અનર્થ ન કરે! જ્યારે સ્વસ્ત્રી પણ આટલા અનર્થોનું દ્વાર છે તો પરસ્ત્રી ક્યા ક્યા અનર્થ ન કરે!!!**

**પરસ્ત્રીમાં અનુરાગબુદ્ધિ રાખનાર વ્યક્તિને આ જન્મમાં જે ચિંતા, આકુળતા, ભય, દ્વેષભાવ, બુદ્ધિનો વિનાશ, અત્યંત સંતાપ, ભ્રાંતિ, ભૂખ, તરસ, આઘાત, રોગ અને મરણરૂપ દુઃખ પ્રાપ્ત થાય છે એ તો દૂર રહો પરંતુ પરસ્ત્રીસેવનજનિત પાપના પ્રભાવથી અન્ય જન્મમાં નરકગતિ પ્રાપ્ત થતાં અગ્નિમાં તપાવેલ લોહમય સ્ત્રીઓના આલિંગનથી જે ચિરકાળ સુધી ઘણું દુઃખ પ્રાપ્ત થવાનું છે તે તરફ પણ જીવનું ધ્યાન જતું નથી એ કેટલા આશ્ચર્યની વાત છે!**

રાજા મધુના આવા વચનો સાંભળીને રાણી ચંદ્રપ્રભાએ કહ્યું કે જો પરસ્ત્રીસેવન કરવું સાચે જ પાપ છે અને તમે પુણ્ય-પાપના સ્વરૂપને સારી રીતે જાણવાવાળા છો તો હે નાથ! મને– પરાઈ સ્ત્રીને તમે છળ કરીને કેમ હરી? તમે મારી કુંવારી અવસ્થામાં મારા પિતાને ત્યાં જઈ મારી સાથે સગાઈ ન કરી કે ન લગ્ન કર્યા; તો પછી તમે મારું હરણ કેમ કર્યું? મારું શીલભંગ કેમ કર્યું?

ચંદ્રપ્રભાના આવા વચનો સાંભળીને રાજા મધુ અત્યંત લજ્જિત થયો અને ઉત્કૃષ્ટ વૈરાગ્યને પ્રાપ્ત કરી વિચારવા લાગ્યો કે **હાય હાય! મેં આવું જગત્‌નિંદ્ય કર્મ કેમ કર્યું! ધર્માત્માઓએ પરસ્ત્રીહરણ અને પરસ્ત્રીસેવન કરવું સર્વથા અનુચિત છે. હું તો ધર્મ-અધર્મનું સ્વરૂપ અને તેના ફળને સારી રીતે જાણતો હતો તોપણ મોહને વશીભૂત થઈને હું અંધ કેમ થઈ ગયો? જે અસત્ય છે તે સત્ય ક્યારે પણ ન થઈ શકે અને જે અધર્મ છે–પાપ છે તે ત્રણકાળમાં ધર્મ-પુણ્ય ન થઈ શકે! આમ જાણીને જ્ઞાનીઓએ અધાર્મિક સકળ નિંદનીક કાર્ય ક્યારે પણ ન કરવા જોઈએ. આ શરીર માતાના રુધિર અને પિતાના વીર્યથી ઉત્પન્ન થયું છે, મળ-મૂત્રાદિ અશુચિ પદાર્થયુક્ત ગર્ભસ્થાનમાં રહ્યું છે, માતાના ગર્ભની ગરમીથી વધ્યું છે, અતિશય નિંદ્યદ્વારથી નીકળ્યું છે, અપવિત્ર સપ્તધાતુમય છે તથા ચામડાથી આચ્છાદિત અસ્થિ અને જાળનો પિંડ છે! આવા શરીરને જોઈને મોહ કેવી રીતે થાય? હાય! આ જીવ સંસારની અવસ્થાને ઇન્દ્રજાળ સમાન અસ્થિર જાણતો હોવા છતાં પણ મૂઢ થઈને કેમ આમા જ મોહિત થાય છે એ મોટી વિચિત્રતા છે! મારા ઘરમાં શું સુંદર રાણીઓ ન હતી કે જે મેં જડમતિએ આ પરસ્ત્રીનું હરણ અને સેવન કર્યું? જેવું મેં આ ભવમાં પાપકર્મ ઉપાર્જિત કર્યું છે તેવું જ ફળ મારે ભોગવવું પડશે. કારણ કે જેવું ફળ વાવીએ તેવું જ ફળ મળે છે! આ**

મોહ જ નરકમાં લઈ જવાનું અને સંસારનું કારણ છે. ધન, ધાન્ય, સ્ત્રી, યૌવન, પંચેન્દ્રિયના વિષય, સેના, બંધુવર્ગ, પુત્ર, મિત્રાદિક તથા આ જીવનમાંથી કાંઈ પણ સ્થિર નથી.

અંધ મનુષ્ય તો નેત્રથી દેખતો નથી પણ વિષયાંધ મનુષ્ય કોઈ પ્રકારે દેખી શકતો નથી; તેથી તે સર્વ અંધોમાં પણ મહા અંધ છે.

અહો! વિવેક-શૂન્ય મૂઢ આત્મા સર્વ ઇન્દ્રિયવિષયોથી તપ્તાયમાન થયો થકો એટલો બધો તીવ્ર તૃષાતુર થયો છે કે મનોવાંછિત વસ્તુ નહીં મળતાં તેને જ મેળવવાની કામનામાં અનેક પાપરૂપ ઉપાય કરી કરી અત્યંત વ્યાકુળ થઈ રહ્યો છે.

આ કુટુંબાદિ બંધુજનો અનંત સંસારબંધના કારણરૂપ જે કર્મબંધ તેને નિપજાવવામાં સહાયક છે. પરમાર્થથી તો તે વેરી છે એમ જાણી તેઓને હિતસ્વી માની તેઓ પ્રત્યે રાગ કરવો કે તેઓના રાગે અંધ થવું તે ઉચિત નથી.

હે ભવ્યાત્મન્! જેમ સમુદ્રમાં મધ્યભાગે પડેલું રત્ન ફરી પામવું દુર્લભ છે તેમ તું નિશ્ચયથી માન કે આ મનુષ્યપણું પામવું અતિ અતિ દુર્લભ છે.

હાય! ઘણા જ દુઃખની વાત છે કે જેઓ પોતાને પંડિત માને છે તેવાઓને પણ એ પ્રચંડ કામે ઇષ્ટ સ્ત્રીઓના નિમિત્તે જ્ઞાનીપણાથી ખંડ ખંડ કરી મહા દુઃખી દુઃખી કરી નાખ્યા! છતાં એ જ પંડિતો એ કામને ધીરજથી સહન કરી રહ્યા છે પણ તેને તપરૂપ પ્રચંડ અગ્નિથી ભસ્મ કરવામાં જરાય ઉત્સાહવંત થતાં નથી એ પરમ આશ્ચર્ય છે!

ભોગનું પૂર્ણ નિમિત્ત પ્રાપ્ત થવા છતાં તેને ભોગવ્યા સિવાય કે ભોગવવાની વૃત્તિ સિવાય જેઓ તેને છોડે છે તેમને ધન્ય છે! અને તે જ મોટું આશ્ચર્ય છે!

હે ભવ્ય! તું જો મોક્ષલક્ષ્મીરૂપી નાયિકાને ચાહતો હોય તો અન્ય લૌકિક સ્ત્રીઓની વાતો સરખી પણ છોડી, મોક્ષલક્ષ્મીમાં જ તારો અનુરાગ વધારી રત્નત્રયાદિ સર્વોત્તમ અલંકારોથી તેને તું સાધ્ય કર! અને એ જ માત્ર તે સર્વોત્તમ નાયિકાને વરવાનો સાચો ઉપાય છે.

સ્ત્રીરૂપ અગાધ અને અમર્યાદિત ઊંડા અને ઘેરા જળમાં કેટલાય જીવોને વિષયરૂપ મગરમચ્છો પકડી પકડીને ગળી ગયા જેનો ફરી પત્તો પણ લાગવો મુશ્કેલ થઈ પડ્યો. માટે સ્ત્રીઓનો વિશ્વાસ કરવો યોગ્ય નથી.

જેમ કીડો કે ભૂંડ વિષ્ટામાં રતિ માની રહ્યો છે તેમ તું કામથી અંધ થઈ સ્ત્રીના ગંધાતા સડી ગયેલા ક્લેવર વિષે રતિ માની રહ્યો છે કારણ કામાંધ પુરુષને ભલા-બુરાનો વિવેક જ હોતો નથી! હે ભવ્ય! મહા અંધકારસમ એ કામાંધપણું છોડી હવે તો કાંઈક વિવેકી થા!

આ રીતે વિષયાભિલાષાથી વિરક્ત થઈને અને સંસારની અસારતાનો વિચાર કરતાં રાજા મધુએ પરસ્ત્રી સેવન કરવાવાળા પુરુષને છોડવાની આજ્ઞા આપીને એકાંતમાં જઈને વધુ વિચાર કરવા લાગ્યો. તે જ સમયે એક મુનિરાજ આહાર લેવા માટે મહેલ બાજુ આવ્યા. તેમને આવતાં જોઈને રાજા મધુ ચંદ્રપ્રભા સહિત અત્યંત હર્ષિત થઈને તેમની સામે ગયા. મુનિરાજની અતિશય ભક્તિપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈને રાજાએ કહ્યું કે ભગવન્! તિષ્ઠો...તિષ્ઠો...આહાર-પાણી શુદ્ધ છે. ત્યારબાદ તેમણે મુનિરાજ પાસે તે જ ચંદ્રપ્રભા રાણીની સાથે કુશીલાદિ પાપનો ત્યાગ કર્યો તથા શુદ્ધ પરિણામોથી નવધા ભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન કર્યું અને મહાન પુણ્ય ઉપાર્જન કર્યું. આહાર બાદ મુનિરાજ વનમાં ગયા. ત્યાં તેમણે ચાર ઘાતિકર્મોનો નાશ કર્યો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. મુનિરાજના કેવળજ્ઞાનના સમાચાર સાંભળીને રાજા પરિવાર સહિત વનમાં ગયા. ત્યાં શ્રી કેવળી ભગવાનનો ઉપદેશ સાંભળીને રાજા મધુ પરમ વૈરાગ્યને પ્રાપ્ત થયા. તેમણે પોતાના મોટા પુત્રને રાજ્ય સોંપીને પોતે જિનદીક્ષા ધારણ કરી. રાજા મધુની સાથે તેમની પટ્ટરાણી, ચંદ્રપ્રભા રાણી, નાનો ભાઈ કૈટભ તેમજ તેમની પત્નીએ પણ દીક્ષા ગ્રહણ કરી અર્થાત્ નાનાભાઈએ દીક્ષા લીધી તેમજ રાણીઓ આર્યિકા થઈ.

પુણ્યના યોગથી તેઓ બધા સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયા. ચંદ્રપ્રભાના જીવે દેવાંગનાની અવસ્થામાં રાજા મધુના જીવ સાથે ચિરકાળ સુધી સુખ ભોગવી, સ્વર્ગમાંથી ચ્યવીને મલિનકર્મના યોગથી ગિરિપતન નામના નગરમાં રાજા હરિ અને હરિવતી નામની રાણીને કનકમાલા નામની પુત્રી થઈ. એ કનકમાલાના રાજા કાળસંવર સાથે લગ્ન થયા. રાજા મધુનો જીવ શ્રીકૃષ્ણ નારાયણની રાણી રુક્મણીના ગર્ભમાં આવ્યો. પૂર્વભવનો શત્રુ રાજા હેમરથનો જીવ કૂતપથી મરીને ધૂમકેતુ નામનો અસુરોનો નાયક દેવ થયો અને પૂર્વના વેરથી પ્રદ્યુમ્નને જન્મતાં જ ઉપાડી ગયો. અત્યારે તે રાજા કાળસંવરને ત્યાં મોટો થાય છે, તે સોળ વર્ષની ઉંમરે સોળ પ્રકારના લાભ અને બે વિદ્યાઓ સહિત પોતાના માતા-પિતાને આવીને મળશે.

આ કૃષ્ણપુત્રનું સમગ્ર વૃત્તાંત સાંભળીને નારદજી ખૂબ પ્રસન્ન થયા તથા નમસ્કાર કરીને રાજા કાળસંવરને ત્યાં જઈને તેના અંતઃપુરમાં જઈ કૃષ્ણપુત્રને જોયો. ત્યાંથી નીકળીને શ્રીકૃષ્ણ નારાયણને તેમજ રુક્મણીને મળીને તેમના પુત્રનો સમસ્ત વૃતાંત કહી સંભળાવી તેમને પ્રસન્ન કર્યા.

**અહીં પ્રશ્ન થાય કે જ્યારે શ્રીકૃષ્ણને ખબર પડી કે તેમનો પુત્ર વિદ્યાધર રાજા કાળસંવરને ત્યાં છે તો તેમને એવો વિચાર કેમ ન આવ્યો કે હું મારા પુત્રના સોળ વર્ષ થવાની રાહ જોવાને બદલે હમણા જ જઈને લઈ આવું. શ્રીકૃષ્ણમાં શક્તિ ઘણી હતી. જ્યારે દ્રૌપદીનું અપહરણ થઈ ગયું હતું ત્યારે શ્રીકૃષ્ણ દેવને સાધીને વિદેહમાંથી દ્રૌપદીને પાછી લાવ્યા હતા; તો પછી ભરતક્ષેત્રમાં જ રહેલા પોતાના પુત્રને લઈ આવવાનો ઉદ્યમ કેમ ન કર્યો? તેનું શું કારણ?**

**સર્વજ્ઞના જ્ઞાનની દૃઢ શ્રદ્ધા!!! ક્રમબદ્ધની યથાર્થ શ્રદ્ધા!**

**જો તરત જ પ્રદ્યુમ્નને લઈને આવે તો સર્વજ્ઞ ભગવાને જે કહેલું કે સોળ વર્ષે સોળ પ્રકારના લાભ અને બે વિદ્યા લઈને આવશે–તે ખોટું ઠરે.**

**પૂર્વભવની ચંદ્રપ્રભા રાણી જે આ ભવમાં પાલક-માતા બની છે તેને પ્રદ્યુમ્નની યુવાન વયે તેની સાથે રમણ કરવાનો જે વિકાર ઉત્પન્ન થવાનો છે તે પ્રદ્યુમ્નની બાળવયમાં રાણીને શી રીતે ઉત્પન્ન થાય?**

**કનકમાલાના જૂઠા દોષારોપણને કારણે પ્રદ્યુમ્ન અને કાળસંવર વચ્ચે જે યુદ્ધ થવાનું છે તે કેવી રીતે થાય!**

**આ ઉપરાંત સોળ વર્ષના સમયગાળામાં નાના-મોટા જેટલા પ્રસંગો બનવાના હોય તે સર્વજ્ઞ કેવળી ભગવાને પોતાના જ્ઞાનમાં જોયેલા છે તે બધા પ્રસંગો ન બનવાથી સર્વજ્ઞનું જ્ઞાન ખોટું ઠરે જે ત્રણકાળ ત્રણલોકમાં શક્ય નથી!**

**જ્યાં સુધી શ્રીકૃષ્ણને ખબર ન હતી કે બાળક ક્યાં જતો રહ્યો–કોણ તેનું અપહરણ કરી ગયું ત્યાં સુધી શક્તિભર પ્રયત્ન કર્યો કે બાળકને ગોતીને પાછું લઈ આવું. પણ જ્યાં તેમણે નારદજીના મુખે સાંભળ્યું કે સીમંધર ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે કે બાળક સોળ વર્ષે અનેક લાભ અને વિદ્યાઓ સહિત પાછો આવશે ત્યારે તેઓ દુઃખી થવાને બદલે સુખી થયા અને તેને મેળવવાનો–ક્રમબદ્ધથી વહેલાં પુરુષાર્થ કરીને મેળવવાનો–સર્વજ્ઞના જ્ઞાનને ખોટું પાડીને મેળવવાનો પુરુષાર્થ ન કર્યો અને શાંતિથી ધર્મધ્યાનપૂર્વક દિવસો વ્યતીત કરતાં પાછા આવવાની રાહ જોવા લાગ્યા.**

**ધારો કે મોહની તીવ્રતા વશ, ૧૬ વર્ષની રાહ જોવાને બદલે તરત જ પ્રદ્યુમ્નને પાછો લાવવા પ્રયત્નો કર્યા હોત તો? તો તે બધા પ્રયત્નો વ્યર્થ જાત; કેમ કે કાળલબ્ધિ પામ્યા વિના કોઈ પણ કાર્યની ઉત્પત્તિ થવી અસંભવ છે; તેનું તેવું પરિણમન કરાવવા તેનું દ્રવ્ય પણ સક્ષમ નથી તો અન્ય દ્રવ્યો–ચાહે ઇન્દ્ર હો તોપણ–શું કરી શકે?**

**પોતાના પુત્રને જલ્દી પાછો લાવવા કાંઈ પ્રયત્ન કરવો તેનું નામ પુરુષાર્થ નથી, પણ વાસ્તવમાં તો સોળ વર્ષ સુધી બાળકને મેળવવા કાંઈ પ્રયત્ન ન કરતાં જ્ઞાતાદૃષ્ટાપણે રહીને ફક્ત રાહ જોયા કરવી તે જ સાચો પુરુષાર્થ છે! તેનું જ નામ સર્વજ્ઞની સાચી શ્રદ્ધા છે! તે જ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતની સાચી શ્રદ્ધા છે! અને અકર્તાપણે રહેવું તે જ ખરો પુરુષાર્થ છે!!**

પૂર્વપુણ્યના પ્રભાવથી પ્રદ્યુમ્નકુમાર રાજા કાળસંવરને ત્યાં વૃદ્ધિગત્ થતો ગયો. થોડા સમયમાં જ તે સર્વ શાસ્ત્રો અને શસ્ત્રવિદ્યામાં પારંગત થઈ ગયો અને બધામાં અગ્રેસર થઈ ગયો.

જે જે શત્રુઓ તેના ઉપર ચડાઈ કરતાં તેની સાથે સ્વયં પ્રદ્યુમ્ન યુદ્ધ કરતો અને યુદ્ધમાં શત્રુને ભગાવીને જીત મેળવીને આવતો. તેની કીર્તિ દશે દિશાઓમાં ફેલાઈ ગઈ. તે મોટી સેના લઈને દિગ્વિજય કરવા નીકળ્યો અને થોડા જ સમયમાં દિગ્વિજય કરીને ઘણી વિભૂતિ સહિત પાછો ફર્યો. પ્રદ્યુમ્નના દિગ્વિજયના સમાચાર સાંભળીને રાજા કાળસંવરે આખી નગરી શણગારાવી અને દેશ-દેશના રાજાઓને બોલાવી બધાની ઉપસ્થિતિમાં પ્રદ્યુમ્નને યુવરાજપદ પર સ્થાપિત કર્યો.

રાણી કનકમાલા સિવાય રાજાને બીજી પાંચસો રાણીઓ હતી, જેનાથી તેમને પાંચસો પુત્રો હતા. પ્રદ્યુમ્નને યુવરાજપદ મળવાથી પાંચસોએ પુત્રોની માતા ક્રોધે ભરાઈ અને તેના પુત્રોને કહ્યું કે તમારા હોતા પ્રદ્યુમ્ન રાજ્ય લઈ જાય તો તમારા જીવનથી શું? હવે તમે ગમે તેમ કરીને છળથી તેને મારી નાખો કારણ કે તેના જીવતાં તમને કાંઈ નહીં મળે. દુષ્ટ પુત્રોએ માતાઓનો અભિપ્રાય સમજી લીધો અને નક્કી કર્યું કે કોઈપણ ઉપાયથી પ્રદ્યુમ્નને મારી નાખવો જોઈએ.

પ્રદ્યુમ્નને મારવાના ભાવથી તેઓ પ્રદ્યુમ્ન સાથે માયાચારી ભર્યો પ્રેમ રાખવા લાગ્યા. તેઓ પ્રદ્યુમ્નની એક એક વાતનું ધ્યાન રાખવા લાગ્યા. તેના ખોરાકમાં ઝેર પણ ઘણીવાર ભેળવ્યું પણ પૂર્વપુણ્યને લઈને તે અમૃતરૂપે પરિણમી જતું. ઝેરથી મૃત્યુ ન થતાં બધા ભાઈઓએ ક્રોધિત થઈને બીજો ઉપાય વિચાર્યો. બધાએ વડીલ બંધુ વજ્રદંષ્ટ્રને પોતાનો આગેવાન બનાવીને પ્રદ્યુમ્નને વિશ્વાસમાં લઈને વિજયાર્ધના શિખર ઉપર લઈ ગયા. ત્યાં તેઓએ એક ગોપુર જોયું. વજ્રદંષ્ટ્રે કહ્યું કે જે કોઈ આ ગોપુરની અંદર જશે તેને ઘણો લાભ મળશે એમ વૃદ્ધ વિદ્યાધરો કહેતાં આવ્યા છે. તેથી તમે અહીં ઊભા રહો હું તમારા માટે લાભ લઈને આવું છું.

પરાક્રમી, સરળચિત્ત પ્રદ્યુમ્નકુમાર ભાઈની આજ્ઞા લઈને તેને બદલે પોતે લાભ લેવા ગોપુરની અંદર ગયો અને જોરથી અવાજ કરી દ્વારને જોરથી લાત મારી. અવાજ સાંભળી ત્યાંનો ભુજંગ નામનો રક્ષક દેવ ક્રોધિત થઈને આવ્યો અને બંને વચ્ચે મહા ભયંકર યુદ્ધ થયું. પ્રદ્યુમ્નકુમારે યુદ્ધમાં દેવને હરાવી દીધો. દેવ કુમારના પગમાં પડ્યો, કુમારને સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન કર્યા. ભુજંગ નામના દેવે કહ્યું કે હે સ્વામી! હું અહીં આપના માટે જ ચિરકાળથી નિવાસ કરું છું તેનું કારણ એ છે કે—

આ વિજયાર્ધ પર્વત પર અલંકાર નામનું એક ઉત્તમ નગર છે. તેમાં ગુણોનો સાગર કનકનાભિ નામનો રાજા, પતિવ્રતા અનિલા નામની રાણી સાથે રાજ્ય કરતો હતો. તેમના પુત્રનું નામ હિરણ્યનાભિ હતું. રાજા કનકનાભિએ લાંબો સમય રાજ્યનો ભોગ કર્યા બાદ પોતાના પુત્રને રાજ્ય સોંપીને શ્રી પિહિતાશ્રવ મુનિરાજ પાસે દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી. થોડા સમયમાં જ તેમણે ચાર ઘાતિ કર્મોનો નાશ કરી ચાર અઘાતિ કર્મોનો પણ નાશ કર્યો અને સિદ્ધાલયમાં જઈને બિરાજમાન થઈ ગયા.

એક દિવસ રાજા હિરણ્યનાભિ પોતાના મહેલની ઉપર બેઠા હતા કે તેણે ખૂબ વિશાળ સેના અને મોટી વિભૂતિસહિત કોઈક દૈતેન્દ્રને જોયો. તેણે વિચાર્યું કે મારી વિભૂતિ તો આનાથી ઘણી હીન છે માટે મારે મારી વિભૂતિ વધારવી જ જોઈએ. આવો દૃઢ સંકલ્પ કરીને નાનાભાઈને રાજ્ય સોંપીને પોતે સિદ્ધ નામના વનમાં ગયો. ત્યાં રોહિણી વિદ્યા સિદ્ધ કરીને પાછો આવી રાજ્ય પોતાના હાથમાં લઈને ઈન્દ્રસમાન રાજ્યસુખ ભોગવ્યું.

એક દિવસ હિરણ્યનાભિ સંસારને અસાર જાણી વૈરાગ્ય પામ્યો. પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી શ્રી નમિનાથસ્વામીના સમવસરણમાં જઈને ત્યાં દીક્ષા લેવા તૈયાર થયો ત્યાં તેની વિદ્યાઓએ સામે આવીને વિનતી કરી કે હે નાથ! તમારા વિના અમે અનાથ થઈ જશું. અમે ક્યાં જશું? ત્યારે હિરણ્યનાભિએ શ્રી ગણધર ભગવાનને પૂછતાં તેમણે કહ્યું કે હરિવંશ શિરોમણિ શ્રી નેમિનાથ તીર્થંકરના મોટાભાઈ નવમાં નારાયણ દ્વારિકાનાથ શ્રીકૃષ્ણને રાણી રુક્મણિથી પ્રદ્યુમ્ન નામનો મહાબલિ પુત્ર થશે. તે જ્યારે ગોપુરમાં આવશે ત્યારે આ બધી વિદ્યાઓનો સ્વામિ થશે. તેથી હિરણ્યનાભિરાજની આજ્ઞાથી હું આ ગોપુરમાં આપની રાહ જોઈને અત્યાર સુધી અહીં રહ્યો. હવે તમે આ બધી વિદ્યાઓનો સ્વીકાર કરો એમ કહી કુમારને રત્નમુકુટ અને દિવ્ય આભરણ આપી તેની પૂજા કરી. વિદ્યાઓ બોલી હે નાથ! આજથી અમે તમારી કિંકરી છીએ. અમારા લાયક આજ્ઞા કરો. કુમારે કહ્યું કે જ્યારે તમને હું યાદ કરું ત્યારે હાજર થજો.

આ બાજુ વજ્રદંષ્ટ્રએ વિચાર્યું કે પ્રદ્યુમ્નને ગોપુર ગુફામાં ઘણીવાર થઈ ગઈ છે. તેથી તે નક્કી મરી ગયો હશે. આમ વિચારી બધા ભાઈઓ આનંદિત થઈ ઊભા થઈને જ્યાં ઘર તરફ જવા લાગ્યા ત્યાં પ્રદ્યુમ્નને અનેક લાભ અને ઉત્તમ આભરણો સહિત આવેલો જોઈને કપટપૂર્વક હર્ષ વ્યક્ત કર્યો અને બીજી કાળની ગુફા પાસે લઈ ગયા. વજ્રદંષ્ટ્રે પહેલાંની જેમ આ ગુફામાં પણ લાભ બતાવ્યા અને પોતે જવા તૈયાર થયો ત્યાં પ્રદ્યુમ્નકુમાર મોટાભાઈની આજ્ઞા લઈને પોતે ગુફામાં ગયો. ત્યાં પણ તેના અદ્દ્ભુત પરાક્રમ સામે તે કાળ નામની ગુફાનો રક્ષક દેવ તેની સામે ટકી ન શક્યો અને કુમારને પ્રણામ કરીને બે સુંદર ચામર, એક નિર્મળ છત્ર, એક પવિત્ર રત્ન, એક સુંદર તલવાર, વસ્ત્રાભૂષણ અને પુષ્પ ભેંટમાં આપ્યા. પ્રદ્યુમ્નકુમાર આ બધા લાભ લઈને દેવને ત્યાં જ ગુફામાં સ્થાપી કાળગુફામાંથી બહાર આવ્યો.

જ્યારે આ કાળગુફામાંથી પણ પ્રદ્યુમ્ન જીવતો બહાર આવ્યો તો બધા ભાઈઓ દુઃખી થયા પણ ઉપરથી ખુશી બતાવીને ત્રીજી નાગની ગુફામાં લઈ ગયા. ત્યાં પણ વજ્રદંષ્ટ્રે દૈવી લાભ બતાવ્યો જે લેવા પ્રદ્યુમ્ન ગુફામાં ગયો અને ત્યાંના સ્વામી નાગરાજથી ભયંકર યુદ્ધ કરી તેને જીત્યો. નાગરાજે કુમારને એક નાગશય્યા, વીણા, કોમળ આસન તથા ગૃહકારિકા ને સૈન્યરક્ષિકા

નામની બે વિદ્યા આપી. નાગરાજને આજ્ઞાકારી બનાવી બધા લાભ લઈને ત્યાંથી પણ કુમાર બહાર આવ્યા.

ત્યારબાદ બધા ભાઈઓ પ્રદ્યુમ્નને દેવરક્ષિત વાવડી (તળાવ) દેખાડવા લઈ ગયા. વજ્રદંષ્ટ્રના મુખેથી તેના લાભનું વર્ણન સાંભળીને પ્રદ્યુમ્નકુમાર તળાવમાં કુદી પડ્યા. ત્યાનાં રક્ષકદેવ સાથે યુદ્ધ કરી, તેને હરાવીને પોતાને આધિન કર્યો. દેવે તેને એક મકરની ધ્વજા ભેટ આપી. ત્યારથી પ્રદ્યુમ્નકુમાર મકરકેતુના નામે જગતમાં પ્રસિદ્ધ થયો.

ત્યાંથી આગળ પ્રદ્યુમ્નકુમારને અસુરસેવિત અગ્નિકુંડ જોવા લઈ ગયો. ત્યાં પણ વજ્રદંષ્ટ્રે કહ્યું કે જે આ અગ્નિકુંડમાં જાય તેને અનેક લાભ મળે તથા રાજ્ય પણ મળે. આ સાંભળી પ્રદ્યુમ્નકુમારે તે અગ્નિકુંડમાં નિશંક થઈ પ્રવેશ કર્યો. ત્યાં પણ દેવ સાથે ઘોરયુદ્ધ કર્યું અને દેવને હરાવી તેની પાસેથી અગ્નિથી ધોયેલા તથા સુવર્ણતંતુના બનાવેલા બે વસ્ત્ર ભેટમાં મેળવી કુંડમાંથી બહાર આવ્યા.

પ્રદ્યુમ્નને મારવાની ઈચ્છાથી બધા ભાઈઓ તેને બીજા એક મેષાકાર પર્વત ઉપર લઈ ગયા. ત્યાંના લાભનું વર્ણન સાંભળી પ્રદ્યુમ્નકુમારે ભાઈની આજ્ઞા મેળવી તે પર્વત ઉપર ગયો. જ્યારે કુમાર પર્વતના બે શિખર વચ્ચે પહોંચ્યો ત્યારે તે બંને દિવ્ય શિખર એકબીજા સાથે મળીને કુમારને દબાવવા લાગ્યા. ત્યારે કુમારે પોતાના હાથથી બંને શિખરને ભેગા થતાં રોકી લીધા. આથી ગુસ્સે થઈને ત્યાંનો રહેવાસી અસુરદેવ પ્રગટ થયો અને ફરી બંને વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધમાં અસુરદેવ હાર્યો અને બે રત્નના કુંડલ ભેટમાં આપી કુમારને વિદાય આપી. તેને પાછો આવતાં જોઈને બધા ભાઈઓ ખૂબ ગુસ્સે થયા અને વજ્રદંષ્ટ્રને કહ્યું કે હવે તો આપણે જ આને મારી નાખીશું કારણ કે જ્યાં જાય છે ત્યાંથી બચીને પાછો આવી જાય છે. ત્યારે વજ્રદંષ્ટ્રે કહ્યું કે થોડી ધીરજ રાખો હજી ઘણી જગ્યા બાકી છે, ક્યાંક તો લોભને કારણે મરશે જ.

ત્યારબાદ બધા ભાઈઓ પ્રદ્યુમ્નને કૌતુકવશ વિજ્યાર્દ્ધ પર્વત જોવા લઈ ગયા. ત્યાં એક વન હતું અને વનમાં એક આમ્રવૃક્ષ હતું. વજ્રદંષ્ટે કહ્યું કે જે કોઈ આ વૃક્ષના અમૃતતુલ્ય ફળ ખાય તે સદાય યૌવનયુક્ત રહે. વજ્રદંષ્ટ્રની આજ્ઞા મળતાં જ પ્રદ્યુમ્ન તે વૃક્ષ પાસે ગયો અને વૃક્ષ પર ચડી નિઃશંક થઈ ડાળીઓ જોરથી હલાવવા લાગ્યો. ત્યાંનો દેવ ભયંકર વાંદરાનું રૂપ લઈ પ્રગટ થયો અને જેમતેમ બકવા લાગ્યો. કુમાર ખૂબ ક્રોધે ભરાયા અને બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું અને અંતે દેવ હારી ગયો. તેણે કુમારને એક મુગુટ, એક અમૃતમાળા અને બે આકાશગામિની પાદુકા ભેટ આપ્યા. ત્યાંથી પણ જીવીત પ્રદ્યુમ્નને આવતાં જોઈને બધા ભાઈઓ ખૂબ ક્રોધે ભરાયા પણ વજ્રદંષ્ટ્રે તેમને શાંત કર્યા.

ત્યાંથી આગળ વધીને વજ્રદંષ્ટ્ર કપિલ નામના વનની નજીક પ્રદ્યુમ્નને લઈ ગયો. ત્યાં પણ વજ્રદંષ્ટ્રે અનેક લાભ વર્ણવ્યા. પ્રદ્યુમ્નકુમાર તરત જ નીડરતાથી વનમાં જઈ એક વૃક્ષ પર ચડી ગયા. એટલામાં એક અસુરદેવ અંજનસમાન કાળા હાથીનું રૂપ લઈને ગર્જના કરતો કુમાર તરફ દોડતો આવ્યો. કુમારે થોડીવારમાં જ તેને પરાસ્ત કરી દીધો. દેવે કહ્યું કે હે નાથ! હું તમારો સેવક છું, જ્યારે જરૂર પડે ત્યારે યાદ કરજો હું હાજર થઈ જઈશ. દેવે કુમારને વિદાય આપી.

ત્યારબાદ વજ્રદંષ્ટ્ર પ્રદ્યુમ્નકુમારને અનુબાલક શિખર પાસે લઈ ગયા. ત્યાં જઈને પ્રદ્યુમ્નકુમાર સાહસપૂર્વક શિખર ઉપર ચડી ગયો. એટલામાં અસુરદેવ સર્પનું રૂપ ધારણ કરીને આવ્યો. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અંતમાં દૈત્ય પરાજય પામ્યો. ત્યારે દૈત્યે કુમારને અશ્વરત્ન, ધરી, કવચ અને મુદ્રિકા ભેટમાં આપી અને વિદાય કરી.

ત્યારબાદ ભાઈઓ પ્રદ્યુમ્નકુમારને શરાવાકાર નામના મહાપર્વત પાસે લઈ ગયા. ત્યાં ઉપર ચડી ત્યાંના દેવને યુદ્ધમાં હરાવી તેની પાસેથી કંઠી, બાજુબંધ, બે કડા અને કટિસૂત્ર મેળવી પ્રદ્યુમ્ન પાછો આવી ભાઈઓને મળ્યો. ત્યાંથી વજ્રદંષ્ટ્ર પ્રદ્યુમ્નકુમારને બરાહાકાર પર્વત ઉપર લઈ ગયા. તે પર્વતનો આકાર શૂકર સમાન હતો. પ્રદ્યુમ્ન દોડીને તે પર્વત પર ચડી ગયો. તે શુકરાકાર મુખ ભેગું થવા લાગ્યું જેને પ્રદ્યુમ્નએ કોણીના મારથી તોડી પાડ્યું. તેમાંથી બરાહમુખ નામનો દેવ પ્રગટ થયો અને પ્રદ્યુમ્નની સાથે યુદ્ધ કર્યું પણ યુદ્ધમાં તો પુણ્યની જ જીત હતી અર્થાત્ પ્રદ્યુમ્નએ દેવને હરાવ્યો અને જયશંખ નામનો શંખ, પુષ્પમયી ધનુષ્ય ભેટ મેળવીને ભાઈઓ પાસે આવીને મળ્યો.

ત્યાંથી વજ્રદંષ્ટ્ર પ્રદ્યુમ્નકુમારને પદ્મ નામના વનમાં લઈ ગયો. લાભ મેળવવાની ઈચ્છાથી તરત જ તે વનમાં ચાલ્યો ગયો. ત્યાં જઈને જુએ છે કે એક મનોજ્વ નામનો વિદ્યાધર એક વૃક્ષની નીચે બાંધેલો છે. નીડર પ્રદ્યુમ્નએ તેને પૂછ્યું કે હે વિદ્યાધર! તને આ નિર્જન વનમાં કોણે બાંધ્યો? વિદ્યાધરે કહ્યું કે વસંતક નામના મારા પૂર્વના વેરીએ તેને બાંધ્યો હતો. તેની વિનંતી સાંભળીને પ્રદ્યુમ્નકુમારે તેને છોડ્યો. મનોજ્વ વિદ્યાધર તરત જ તેના શત્રુ વસંતકને પકડીને પ્રદ્યુમ્નકુમાર પાસે લઈ આવ્યો. કુમારે બંને વિદ્યાધરોમાં મિત્રતા કરાવી. મનોજ્વ નામના વિદ્યાધરે કુમારને એક બહુમૂલ્ય હાર અને એક ઈન્દ્રજાળ નામની વિદ્યા ભેટ આપી. વસંતક નામના વિદ્યાધરે કુમારને પોતાની નવીન યૌવન ધારણ કરનારી અતિશય સુંદર કન્યા આપી. આચાર્ય કહે છે કે પુણ્યથી શું પ્રાપ્ત નથી થતું! અર્થાત્ બધું જ પ્રાપ્ત થાય છે.

ત્યારબાદ દુષ્ટ ભાઈઓ પ્રદ્યુમ્નને કાળ નામના વનમાં લઈ ગયા. ત્યાં પણ લાભ મેળવવાના અભિપ્રાયથી કુમાર તરત જ વનમાં ઘુસી ગયા. ત્યાં જઈને તે વનના મહાબળ નામના દુષ્ટ દેવને જીતી લીધો. તેનાથી પ્રસન્ન થઈને તે અસુરદેવે કુમારને મદન, મોહન, તાપન, શોષણ અને ઉન્માદન નામના પાંચ વિખ્યાત બાણ સાથે એક પુષ્પધનુષ્ય આપ્યું.

ત્યારબાદ બધા ભાઈઓ પ્રદ્યુમ્નકુમારને ભીમા નામની સર્પાકાર ગુફામાં લઈ ગયા. ત્યાં પણ જલ્દીથી ગુફામાં ગયા અને ત્યાંના અધિકારી દેવને જીતી તેની પાસેથી એક પુષ્પમયી છત્ર અને એક પુષ્પમયી સુંદર શય્યા ભેટ મેળવી. કુમારને આ ગુફામાંથી પણ જીવતો આવતાં જોઈને બધા ભાઈઓ ક્રોધિત થયા અને તેને જાતે જ મારવાનું નક્કી કર્યું પણ વજ્રદંષ્ટ્રે કહ્યું કે હજી બે જગ્યા બાકી છે જ્યાં તે મરી શકે છે માટે હજી થોડીવાર રાહ જોઈ લો.

ત્યારબાદ બધા ભાઈઓ પ્રદ્યુમ્નકુમારને વિપુલ નામના વનમાં લઈ ગયા. લાભ મેળવવાના લોભથી ફરી પ્રદ્યુમ્ન એ વનમાં ગયો. વનમાં જતાં જ જ્વંતક પર્વત ઉપર તેની દૃષ્ટિ ગઈ. ત્યાં એક તમાલવૃક્ષની નીચે પડેલી શિલા ઉપર એક કામિની ધ્યાન લગાવીને બેઠી હતી. તે રૂપ અને યૌવનથી લબાલબ ભરેલી હતી. તેના રૂપનું શું વર્ણન કરવું? જેણે ત્રણલોકની સ્ત્રીઓના રૂપને જીતી લીધું હતું. તેનામાં મોહિત થઈને કુમાર કામદેવના બાણોથી ઘાયલ થઈને તેની સામે જ બેસી ગયો. એટલામાં જ વસંતક નામના દેવનું આગમન થયું. તેણે કુમારના ચરણોમાં નમસ્કાર કર્યા અને તેની સમીપ બેસી ગયો. કુમારે તેને પૂછ્યું કે મને જલ્દી કહો કે આ સુંદરી કોણ છે? કોની પુત્રી છે? અહીં કોના માટે તપ કરે છે? ત્યારે દેવ બોલ્યો કે હે નાથ! એક પ્રભંજન નામનો વિદ્યાધર છે. તેની વાક્ નામની સ્ત્રીની ઉદરથી આ રતિ નામની કન્યા ઉત્પન્ન થઈ છે. એક દિવસ પ્રભંજન વિદ્યાધરને ત્યાં એક યોગી આવ્યા. આહાર ગ્રહણ કર્યા પછી વિદ્યાધરે વિનયથી પૂછ્યું કે હે સ્વામિન્! મારી રતિ નામની પુત્રીનો પતિ કોણ થશે? ત્યારે મુનિરાજે કહ્યું કે દ્વારિકાના રાજા કૃષ્ણની રુક્મણિ રાણીનો પ્રદ્યુમ્ન નામનો સર્વગુણસંપન્ન અને સર્વવિદ્યાવાન પુત્ર છે, તે જ તારી પુત્રીનો પતિ થશે. તે ઘણા સાહસસહિત વિપુલ નામના વનમાં આવશે. તેથી ઉત્કૃષ્ટ પતિ પ્રાપ્ત કરવા માટે આ રતિ નામની કન્યા અહીં તપ કરે છે. જેના વિષયમાં મુનિરાજે કહ્યું હતું તે રૂપ અને લક્ષણથી તો તમે જ છો એ નક્કી થઈ ગયું છે. કન્યાના પુણ્યના ઉદયથી તમે અહીં પધાર્યા છો. પછી તે વસંતક નામના દેવે બંનેના વિધિપૂર્વક લગ્ન કરાવ્યા. સ્ત્રીના લાભને મેળવીને પ્રદ્યુમ્નકુમારને ખૂબ સંતોષ થયો.

લગ્ન થઈ ગયા બાદ તે જ મનોહર વનમાં એક સકટ નામનો અસુર આવીને કુમારને મળ્યો. તેણે પણ કુમારને પ્રણામ કર્યા અને એક કામધેનુ અને એક સુંદર ફૂલોનો રથ ભેટ આપ્યો. ત્યારબાદ કુમારે તે જ પુષ્પરથમાં પોતાની પ્રાણપ્યારી રતિ સાથે બેસીને વનની બહાર પ્રયાણ કર્યું. પ્રદ્યુમ્નને સોળેય લાભ લઈને આવતો જોઈને બધા ભાઈઓના મુખ કાળા થઈ ગયા. બધા ભાઈઓ આગળ ચાલ્યા અને પ્રદ્યુમ્નકુમાર રતિ સાથે રથમાં ભાઈઓની પાછળ ચાલતાં નગરીમાં પહોંચ્યા. નગરના સ્ત્રી-પુરુષો રતિ સહિત કામદેવને જોવા માટે પોતાના કામકાજ પડતાં મૂકીને નગરના મુખ્ય માર્ગ પર આવ્યા. નગરજનોને પોતાના દર્શન આપતાં કુમાર મહેલમાં પહોંચ્યા

કે જ્યાં રાજા કાળસંવર બિરાજમાન હતા. કુમારે પિતાને પ્રણામ કર્યા અને પિતાએ પણ પુત્રને આલિંગન કર્યું.

પિતાને મળીને કુમાર પોતાની માતાને મળવા માટે ગયા. માતાને પણ ચરણસ્પર્શ કરી તથા આલિંગન કરી તેમની સામે બેસી ગયો. કનકમાલાએ સોળ લાભ લઈને આવેલા પોતાના પુત્રને આશીર્વાદ આપ્યા. અનેક ઉપમા સમૂહથી સંયુક્ત સંપૂર્ણ ગુણવાળા એ પ્રદ્યુમ્નના રૂપને જોઈને કનકમાલા કામથી પ્રેરાઈને કામદેવના બાણો દ્વારા મર્મ ભેદાવાથી કરમાઈ ગઈ. વિરહની અગ્નિથી તેનું શરીર સંતપ્ત થવા લાગ્યું. દુઃખને કારણે ચિંતિત થઈ વિચારવા લાગી કે હાય! હું શું કરું? ક્યાં જાવ? લાવણ્યથી ભરેલું મારું આ નવયૌવન, મારું રૂપ, મારી કાંતિ અને મારા ગુણ આદિ ત્યારે જ સફળ થશે જ્યારે હું આ સર્વ વિદ્યાઓથી યુક્ત અને સુંદર કુમારનું સેવન કરીશ. જેણે તેના મુખકમલના મધુર મધુનું પાન ન કર્યું, જેણે પોતાની આંખોથી તેના મુખપંકજને ન જોયું, જેણે પ્રેમથી તેનું આલિંગન ન કર્યું તે સ્ત્રીના વિફળ જીવનથી શું? અર્થાત્ તેને મેળવ્યા વિના કોઈપણ સ્ત્રી ભાગ્યશાળી ન થઈ શકે! જ્યાં સુધી કનકમાળા આ વિચારોમાં રહી ત્યાં સુધીમાં તો કુમાર નમસ્કાર કરીને પોતાના મહેલમાં ચાલ્યા ગયા.

કુમારના ગયા પછી કનકમાલા દુઃખી થતી વિચારવા લાગી કે હાય! મને આ શું થઈ ગયું છે! કામના બાણોથી મારું શરીર ઘાયલ થઈ ગયું છે. મારાથી તેની વિરહ-વેદના સહન થતી નથી. તે સમયે કનકમાલા નિર્લજ્જ થઈને વિવિધ વિકાર ચેષ્ટા કરવા લાગી. શરીરની નિંદા કરવા લાગી. વિરહથી વ્યાકુળ તે વિદ્યાધરીની ભૂખ, તરસ, ઊંઘ જતી રહી. કોઈ પણ શારીરિક સુખ ન રહ્યું. ઘણા વૈદોએ આવીને તેને જોઈ પણ કાંઈ ફળ ન થયું, કારણ કે તેનું દુઃખ અસાધ્ય હતું.

એક દિવસ રાજ્યસભામાં રાજા કાળસંવરે પ્રદ્યુમ્નકુમારને કહ્યું કે બેટા! તારી માતા રોગથી અતિશય પીડિત છે, તેના જીવવામાં પણ શંકા છે તોપણ તું તેની પાસે કેમ નથી ગયો? ત્યારે પ્રદ્યુમ્નકુમારે વિનયપૂર્વક પિતાને કહ્યું કે મેં માતાની બિમારીની વાત જાણી જ નથી, તેથી નથી ગયો. આપની આજ્ઞાથી હું હમણા જ જાવ છું. આમ કહીને તે તરત જ માતાના મહેલમાં ગયો. ત્યાં જઈને જોવે છે કે તેની માતા જમીન પર પડી હતી. તેનું શરીર વિરહથી ઘાયલ થઈ રહ્યું હતું. માતાને દુઃખી જોઈને પ્રદ્યુમ્ન વિનયપૂર્વક પ્રણામ કરીને તેની પાસે બેસી ગયો. તેના શરીરની ચેષ્ટા જોઈને પ્રદ્યુમ્ન તેના રોગનું સ્વરૂપ વિચારવા લાગ્યો. જ્યારે પ્રદ્યુમ્ન આમ વિચારી રહ્યો હતો ત્યારે કનકમાલા અંગડાઈ લેતી ઊભી થઈ અને દાસ-દાસીઓને દૂર કર્યા. તેણે પ્રદ્યુમ્નને કહ્યું કે મદન! તારા માતા-પિતા અમે નથી. આમ કહીને બધી હકીકત પ્રદ્યુમ્નને કહી સંભળાવી. તેણે કહ્યું કે જ્યારે તું મને વનમાં મળ્યો ત્યારે મેં વિચારેલું કે જ્યારે તું યુવાન

થઈશ ત્યારે તારી સાથે રમણ કરીશ. હવે તું કામને યોગ્ય થઈ ગયો છે તેથી મારી સાથે રમણ કર. જો એમ નહીં કરે તો હું મરી જઈશ અને તારે માથે સ્ત્રી હત્યાનું મોટું પાપ લાગશે.

માતાના મુખથી આ પ્રકારના બંને લોકથી વિરુદ્ધ વચન સાંભળીને પ્રદ્યુમ્નની આંખોની સામે અંધારું છવાઈ ગયું. પોતાને સંભાળીને તે બોલ્યો કે હે માતા! તેં આ નિંદ્યથી પણ અતિશય નિંદ્ય વચનો કેમ કહ્યા? શું ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલાને આવી વાત શોભા દે છે? હે માતા! કુમાર્ગમાં ગયેલા તારા ચિત્તને તારે રોકવું જોઈએ જેથી શીલવ્રતમાં રહેતા તારી પ્રશંસા થાય. આ રીતે માતાને વારંવાર સમજાવીને તરત જ તેના મહેલમાંથી નીકળી ગયો અને ચિંતિત થઈને વનમાં ગયો. ત્યાં એક શ્રીવરસાગર નામના અવધિજ્ઞાની મુનિરાજ બિરાજમાન હતા. પ્રદ્યુમ્નએ તેમને પ્રણામ કરી માતાના વિકારી પરિણામ કે જે ગુપ્ત હતા તે મુનિરાજને કહ્યા અને પૂછ્યું કે તે મારામાં આસક્ત કેમ થઈ છે?

પ્રદ્યુમ્નની વાત સાંભળી મુનિરાજે કહ્યું કે હે કુમાર! કારણ વિના કોઈ કાર્ય નથી થતું. સ્નેહ અને વેર બધુ પૂર્વજન્મના સંબંધથી થાય છે. હે વત્સ! પૂર્વજન્મમાં જ્યારે તું મધુ નામનો રાજા હતો ત્યારે તેં હેમરથની સ્ત્રી ચંદ્રપ્રભાને બળાત્કારે પોતાની રાણી બનાવી હતી. ત્યાંથી પ્રસંગ પામી તપ કરી બંને સ્વર્ગમાં ગયા અને ત્યાંથી ચંદ્રપ્રભા કનકમાલા થઈ અને મધુનો જીવ તું શ્રીકૃષ્ણ અને રુક્મણીનો પુત્ર પ્રદ્યુમ્ન થયો. આ સમયે પૂર્વના મોહને વશ તને જોઈને કનકમાલા અતિશય સંતાપિત થઈ. કારણ કે મોહ મહા મુશ્કેલીથી છોડવામાં આવે છે. તે તને મોહને વશ બે વિદ્યા આપવા માગે છે જે તારે જલ્દી લઈ લેવી જોઈએ.

મુનિરાજના વચનો સાંભળીને તેણે મુનિરાજને પ્રણામ કર્યા અને કહ્યું કે આપના વચનોનું હું પાલન કરીશ. પ્રભુ! મને હજી એક શંકા છે તેનું સમાધાન કરો. મારી માતા રુક્મણીને જે દુઃખ આવી પડ્યું તે મારા કારણે છે કે માતાના પાપના ઉદયે છે?

મુનિરાજે કહ્યું કે હે વત્સ! સાંભળ, તારી માતાને તારો વિરહ તારી માતાના પોતાના પૂર્વના પાપના ઉદયથી થયો છે. તે કથા સાંભળ.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં એક મગધ નામનો દેશ છે. તે દેશમાં એક લક્ષ્મી નામનું ગામ છે. જેમાં સોમશર્મા નામનો એક બ્રાહ્મણ રાજા રહેતો હતો. તેને કમલા નામની પત્ની હતી. તે બંનેને લક્ષ્મીવતી નામની પુત્રી હતી. તેને પોતાના રૂપને લઈને ખૂબ અભિમાન રહેતું હતું. એક દિવસ એક મહાતપસ્વી મુનિરાજ એક માસના ઉપવાસનું પારણું કરવા તેના ઘર તરફ આવ્યા. તે જ સમયે કમલા પોતાનું રૂપ દર્પણમાં જોઈ રહી હતી અને તેમાં પાછળથી આવેલા મુનિરાજનું કૃશ શરીરને જોઈને કમળાએ મુનિરાજની પોતાના મનમાં ઘણી નિંદા કરી જેના કારણે થોડા જ સમયમાં તેને કોઢ થયો અને દુઃખ સહન ન કરી શકવાથી અગ્નિમાં પડીને મરી ગઈ.

મરીને આર્તધ્યાનનાં ફળમાં ગધેડી થઈ, ત્યાંથી મરીને ગૃહશૂકરી થઈ, ત્યાંથી પણ કોટપાળના મારવાથી કૂતરી થઈ. એક દિવસ ઠંડીની ઋતુમાં પોતાના બચ્ચાઓ સહિત ઘાસમાં બેઠી હતી. ઘાસમાં અચાનક આગ લાગવાથી બચ્ચાઓના મોહથી બહાર નીકળી ન શકી અને આગમાં બળીને મરી ગઈ. ત્યાંથી મરીને પાપના ફળમાં ભેકનિગમ નગરમાં ધીવરીની પુત્રી થઈ. તેનું શરીર અતિશય નિંદ્ય અને દુર્ગંધયુક્ત હતું. તેના શરીરની દુર્ગંધ તેના ઘરના લોકોથી પણ સહન ન થવાથી તેને ઘરમાંથી કાઢી મૂકી. સત્ય છે કે પાપીઓને સુખ ક્યાંથી મળે!

પોતાના પરિવારના લોકોથી પણ ઠોકર ખાઈને તે ગંગા નદીના કિનારે એક ઝૂપડી બનાવીને રહેવા લાગી. ત્યાં લોકોને હોડીના સહારે નદીપાર કરાવીને પૈસા મેળવીને પોતાનું ગુજરાન ચાલવતી હતી. ત્યાં રહીને કમાયેલા ધનમાંથી થોડું દ્રવ્ય પોતાના પિતાને ઘેર મોકલાવતી હતી. ત્યાં રહેતાં તેનું નામ દુર્ગંધા પડી ગયું. એક દિવસ માઘ મહિનામાં સંધ્યા સમયે જ્યારે અતિશય ઠંડી પડી રહી હતી ત્યારે તે નદીને કિનારે તે જ મુનિરાજ આવ્યા જેની દુર્ગંધાએ પૂર્વભવમાં નિંદા કરી હતી. મુનિરાજ તો કોઈ એક સ્વચ્છ સ્થાનમાં બિરાજમાન થઈ ગયા.

દુર્ગંધાએ તે મુનિરાજને જોયા અને વિચાર્યું કે હું અહીં ઝુપડીમાં અગ્નિ પ્રગટાવીને અને કપડા ઓઢીને રહું છું તોપણ મને ઠંડી લાગે છે તો આ યોગીરાજ આવી ઠંડીમાં બહાર કેવી રીતે રહી શકશે? આમ વિચાર કરીને તે રાતના મુનિરાજ પાસે ગઈ અને મુનિરાજની બાજુમાં અગ્નિ સળગાવી તથા ગરમ વસ્ત્ર ઓઢાડીને ઠંડીનું નિવારણ કરવા લાગી. આ રીતે, આખી રાત જાગતાં રહીને પસાર કરી.

સવાર થતાં મુનિરાજે ધ્યાન છોડ્યું અને દુર્ગંધાને જોઈને કહ્યું કે સોમશર્મા બ્રાહ્મણની પુત્રી, બેટી લક્ષ્મીવતી, તું કુશળ તો છે ને? દુર્ગંધાએ મનમાં વિચાર્યું કે આ સત્યવચન બોલનારા મુનિરાજ મને ક્યા નામથી બોલાવે છે અને શું કહે છે? વિચાર કરતાં કરતાં અચાનક મૂર્છિત થઈ ગઈ. તે જ સમયે તેને જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું. થોડીવાર તે પોતાના પૂર્વભવોનું ચિંતવન કરવા લાગી. જાગૃત થઈને મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરી અતિશય રુદન કરવા લાગી. તેણે મુનિરાજને કહ્યુ કે હે નાથ! આ મારી શું દુર્દશા થઈ? ક્યાં તો એ બ્રાહ્મણીનો ભવ અને ક્યાં તો આ ધીવરીનો જન્મ? હે વિભો! મુનિનિંદાના પ્રભાવથી જે મોટું પાપ બાંધ્યું હતું તે પાપના ફળથી જ હું ભવભ્રમણ કરી રહી છું.

દયાવાન યોગીરાજે તે રોતી ધીવરીને કહ્યું કે હે બેટી! તું દુઃખી ન થા, કારણ કે આ દુઃખ જ સંસાર વધારનાર છે. હવે તું જિન ભગવાને કહેલાં ધર્મને ધારણ કર. આ જીવ પૂર્વમાં કમાયેલા કર્મોનું ફળ ભોગવે છે. તેથી મુનિનિંદાના ફળમાં તું નીચ કુળમાં જન્મી છે. તું ગૃહસ્થધર્મમાં અનુરક્ત થઈને દયામયી ધર્મને ધારણ કર. આમ કહી મુનિરાજે તેને સમ્યક્ત્વ સહિત બાર પ્રકારના ગૃહસ્થધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ત્યારબાદ મુનિરાજે દુર્ગંધાને આશીર્વાદ

આપ્યા અને પોતે વિહાર કરી ગયા. દુર્ગંધા પણ અર્જિકા સાથે રહેવા લાગી. એક દિવસ રાજગૃહી નગરીની બહાર ગુફામાં દુર્ગંધા ધ્યાન લગાવીને બેઠી હતી. રાત્રિના સમયે વ્યાઘ્ર આવ્યો અને દુર્ગંધાને ખાઈ ગયો. ધ્યાનના પ્રભાવથી મરીને દુર્ગંધા સોળમાં સ્વર્ગના ઈન્દ્રની ઈન્દ્રાણી થઈને ચીરકાળ સુધી સુખ ભોગવ્યા. આયુના અંતમાં દુર્ગંધાનો જીવ સ્વર્ગમાંથી કુંડનપુર નગરના રાજા ભીષ્મની રુકમણી નામની ગુણવતી પુત્રી થઈ.

આ સાંભળી પ્રદ્યુમ્નએ મુનિરાજને પૂછ્યું કે હે પ્રભો! મારા કેવા કર્મના ઉદયે મારી માતાથી મારો વિરહ થયો? ત્યારે યતિરાજે કહ્યું કે આમા તારા પાપનો ઉદય નથી પણ તારી માતાએ જ્યારે તે લક્ષ્મીવતી નામની બ્રાહ્મણ-પુત્રી હતી ત્યારે તેણે સોળ ઘડી સુધી મોરના બચ્ચાને તેની માતાથી અલગ રાખ્યા હતા. તેથી તે પાપના ફળમાં સોળ વર્ષ સુધી પુત્રનો વિરહ થયો. હે વત્સ! આ પ્રકારે ધર્મ-અધર્મનું સ્વરૂપ સમજીને પાપને દૂરથી જ છોડવું જોઈએ.

મુનિરાજના વચન સાંભળી તેમને નમસ્કાર કરી પ્રદ્યુમ્ન આનંદથી કનકમાલા માતાના મહેલમાં ગયો. કનકમાલા પાસે જઈને તેણે માતાને નમસ્કાર કર્યા વિના જ તેની બાજુમાં બેસી ગયો. આ જોઈને કનકમાલા વિચારવા લાગી કે નિશ્ચયથી પ્રદ્યુમ્ન તેની મોહજાળમાં ફસાઈ ગયો છે. હવે હું તેને જેમ કહીશ તેમ મારી સાથે ભોગ ભોગવશે, તેમાં સંદેહ નથી. આમ વિચાર કરી તેણે પ્રદ્યુમ્નને કહ્યું કે હે મહાભાગ કામદેવ! જો રમણીય અને મનોહર વચન અનુસાર રમણ કરશો તો હું તમને રોહિણી આદિ બધા મંત્રો શિખડાવી દઈશ.

આ સાંભળી પ્રદ્યુમ્ન બોલ્યો કે શું આજ સુધી મેં તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે? કૃપા કરી મને રોહિણી આદિ મંત્રગણ આપી દો. અગર આપો કે ન આપો પણ હું તમારું કહેલું કાર્ય અવશ્ય કરીશ. પ્રદ્યુમ્નની વાતમાં આવીને કનકમાલાએ સમસ્ત મંત્રગણ વિધિપૂર્વક પ્રદ્યુમ્નને આપ્યા. પ્રદ્યુમ્નએ એ મંત્રોને વિધિપૂર્વક ગ્રહણ કર્યા અને કનકમાલાને કહ્યું કે હે પુણ્યરૂપે! જ્યારે હું જંગલમાં નિરાધાર શિલાની નીચે દબાયેલો હતો ત્યારે મને મારા માતા-પિતા શરણ થયા ન હતા; તે સમયે તમે બંનેએ મને બચાવ્યો હતો તેથી તમે જ નિશ્ચયથી મારા માતા-પિતા છો. તેથી પુત્રને યોગ્ય જે કાંઈ કાર્ય હોય તે મને કહો, હું અવશ્ય કરીશ.

વજ્રપાત સમાન પ્રદ્યુમ્નના વચનો સાંભળી કનકમાલા ખૂબ જ ક્રોધિત થઈ. પોતાને ઠગાયેલી જાણી તે પ્રદ્યુમ્નને કાંઈ કહે તે પહેલાં પ્રદ્યુમ્ન કનકમાલાને નમસ્કાર કરીને પોતાના મહેલમાં જતો રહ્યો. કનકમાલા ખૂબ દુઃખી થઈ ગઈ. વિદ્યાઓ જતી રહેવાથી તે ખૂબ ચિંતિત થઈ ગઈ અને જેમ બને તેમ પ્રદ્યુમ્નને મારવાના વિચાર કરવા લાગી. થોડીવાર વિચાર કરી તેણે પોતાના હાથે જ પોતાના કપડા ફાડ્યા, પોતાના વાળ વીખ્યા તથા આંખોનું કાજળ મુખ ઉપર લગાવીને રોતી રોતી રાજા પાસે ગઈ અને દુઃખથી ગદ્ગદ્ થઈ કહેવા લાગી કે હે

મહાભાગ! તમે મને જે બાળકનું પાલન કરવા કહ્યું હતું તેણે જ મારી સાથે મારું યૌવન જોઈને આવી કુચેષ્ટા કરી છે. તે દુષ્ટબુદ્ધિ અવશ્ય નીચ કુળમાં ઉત્પન્ન થયો છે. અગર તે નીચ ન હોત તો માતાના વિષયમાં આવી પાપબુદ્ધિ ન કરેત. આપના પુણ્યના પ્રભાવથી અને મારા ભાગ્યથી મારા શીલની રક્ષા થઈ છે. હવે હું જ્યારે તે દુષ્ટનું મસ્તક રક્તથી લથપથ જોઈશ ત્યારે જ મારા જીવનને ધન્ય સમજીશ.

કનકમાલાના વચનો સાંભળી કાળસંવરના ક્રોધનો પાર ન રહ્યો. તેણે પોતાના બધા પુત્રોને એકાંતમાં બોલાવ્યા અને કહ્યું કે આ પાપી પ્રદ્યુમ્નને તમે બધા ભેગા થઈને મારી નાખો. કોઈને ખબર ન પડે એવી રીતે મારજો. પિતાના વચનો સાંભળી બધા પુત્રો ખુશ થઈ ગયા. પિતાને પ્રણામ કરીને બધા પુત્રો પ્રદ્યુમ્ન પાસે ગયા અને લોકોપવાદ ન થાય તે માટે જલક્રીડાના બહાને વાપિકા પાસે લઈ ગયા. બધા ભાઈઓ વાપિકામાં કુદવા માટે કપડા બદલીને એક વૃક્ષ ઉપર ચડી ગયા.

એટલામાં પ્રદ્યુમ્નકુમારના પુણ્યના યોગથી વિદ્યાએ આવીને તેના કાનમાં કહ્યું કે હે મહાભાગ વત્સ! આ બધા તારા ભાઈઓ વેરભાવથી તને મારવા માટે અહીં લાવ્યા છે માટે તું તેમની સાથે વાપિકામાં કુદીને જલક્રીડા કરતો નહીં. હું તારું હિત ચાહવાવાળી છું.

વિદ્યાના આવા વચનો સાંભળીને તે ચકિત થઈ ગયો. તેણે તરત જ વિદ્યાની મદદથી પોતાનું બીજું રૂપ બનાવ્યું અને પોતે અદૃશ્ય થઈને કૌતુક જોવા લાગ્યો. એટલામાં વૃક્ષ ઉપર જે નકલી પ્રદ્યુમ્ન હતો તે વાપિકામાં કુદી પડ્યો, તેને પાણીમાં પડતો જોઈ બધા ભાઈઓ તેને મારવા માટે કુદી પડ્યા. જ્યારે તે બધા ભાઈઓ એકસાથે તેને મારવા વાપિકામાં કુદ્યા ત્યારે પ્રદ્યુમ્નને તે દૃશ્ય જોઈને ખૂબ ગુસ્સો આવ્યો. તે વિચારવા લાગ્યો કે આ બધા મને મારવા કેમ તૈયાર થયા છે? પિતાની આજ્ઞાથી મારવા આવ્યા હશે? કદાચ માતાના ઉશ્કેરવાથી જ મને મારવા આવ્યા હશે. આમ વિચારી વિદ્યાની મદદથી વાપિકા જેટલી મોટી એક શિલા લાવીને વાપિકાને ઢાંકી દીધી. બધાને તેમાં ઉલટા લટકાવી દીધા. એકને પિતાની પાસે મોકલ્યો અને કહ્યું કે મેં જે કાંઈ કર્યું છે તે પિતાને સમાચાર આપી દેજે.

તેણે જઈને પિતા કાળસંવરને બધી વાત કરી. પોતાના પુત્રોને વાપિકાના જળમાં બંધાયેલા જાણીને રાજા ખૂબ જ ક્રોધિત થયો. તે તત્કાળ હાથમાં ખડ્ગ લઈને પ્રદ્યુમ્નને મારવા ઊભો થઈ ગયો. આ જોઈ મંત્રીઓએ રાજાને રોક્યા અને કહ્યું કે હે નાથ! જેણે તમારા પાંચસો પુત્રોને વાપિકમાં બાંધ્યા છે તથા જેને અનેક લાભ પ્રાપ્ત થયા છે તે તમારા એકલાથી નહીં જીતાય. તેથી વિશાળ સેના સહિત જવું જોઈએ. મંત્રીઓની વાત માનીને રાજા વિશાળ સેના સહિત યુદ્ધ માટે રવાના થઈ ગયો. આ બાજુ પ્રદ્યુમ્નકુમાર વિચાર કરતો હતો કે પિતાની મૂર્ખતા તો જુઓ કે તે એક સ્ત્રીની વાતમાં આવીને મને મારવા તૈયાર થયા છે. દિશાઓને વ્યાપ્ત કરવાવાળી વિશાળ

સેનાને જોઈને પ્રદ્યુમ્નકુમાર પિતાની મૂર્ખતા ઉપર જરા હસ્યા અને પોતાના દેવોને યાદ કરીને વિદ્યાની મદદથી ખૂબ વિશાળ સેના તૈયાર કરી.

બંને તરફની સેનાઓ સામસામે આવી ગઈ. રણભેરી વાગતાં જ યુદ્ધ ચાલુ થઈ ગયું. બંને તરફની સેના એકબીજા સાથે યુદ્ધ કરવામાં મગ્ન હતી. થોડીવારમાં જ પ્રદ્યુમ્નની સેનાએ કાળસંવરની સેનાને ચારેબાજુથી ઘેરીને ખતમ કરી નાખી. કાળસંવર વિચારવા લાગ્યો કે હવે મારે પ્રદ્યુમ્નને કઈ રીતે જીતવો? તેને અચાનક વિચાર આવ્યો કે તેની રાણી પાસે બે વિદ્યા છે તે વિદ્યાની સામે પ્રદ્યુમ્ન ઊભો નહીં રહી શકે.

મહારાજ કાળસંવરે તરત જ મંત્રીને બોલાવ્યો અને કહ્યું કે તું થોડીવાર મારી જગ્યા સંભાળીને યુદ્ધ કર. હું હમણા જ નગરમાં જઈને રાણી પાસેથી બે વિદ્યા લઈને આવું છું અને આવીને તેને જીતીશ. આમ કહીને રાજા પોતાના નગરમાં ગયો અને તેની જગ્યાએ મંત્રી યુદ્ધ કરવા લાગ્યો. રાજા કાળસંવરે મહેલમાં જઈને પોતાની રાણી પાસે રોહિણી અને પ્રજ્ઞપ્તિ નામની બે વિદ્યાઓ માંગી અને કહ્યું કે મને જલ્દી આ બે વિદ્યા આપ જેનાથી હું હમણા જ શત્રુને મારીને તારી ઇચ્છા પૂરી કરીશ.

રાજાની વાત સાંભળીને કનકમાલા સ્ત્રીચરિત્ર બનાવીને કપટથી રડવા લાગી. ત્યારે રાજા સમજી ગયો કે આણે પાપીણિએ વિદ્યા જરૂર કોઈને આપી દીધી છે. આમ વિચારી ફરીવાર રાજાએ કહ્યું કે તું રડે છે કેમ? મને જલ્દી વિદ્યા આપી દે. ત્યારે વધારે જોરથી રડતી રડતી કપટી કનકમાલા બોલી હે નાથ! તે પાપીએ મને એકવાર નહીં પણ અનેકવાર ઠગી છે. તે જ્યારે બાળક હતો ત્યારે એક દિવસ દૂધ પીવડાવતાં વિચાર્યું કે મોટો થઈને આપણી રક્ષા કરશે એમ વિચારીને મેં તે બંને વિદ્યા દૂધ દ્વારા તેને આપી દીધી હતી. મને ક્યાં ખબર હતી કે મોટો થઈને આવું પાપ આચરશે.

આ ઢોંગ જોઈને રાજાએ તેનું દુષ્ચરિત્ર જાણી લીધું. તે મનમાં વિચારવા લાગ્યો કે અહો! સ્ત્રીઓના ચરિત્રનું કોણ વર્ણન કરી શકે છે!! આણે બંને વિદ્યા ગુમાવી અને પુત્ર પણ ગુમાવ્યો છે. આવી અવસ્થામાં મને જીવનથી કોઈ પ્રયોજન નથી. હવે તો પ્રદ્યુમ્નની સામે જઈને જલ્દી જ મરી જઈશ.

આમ વિચારતો રાજા મહેલમાંથી નીકળીને રણમાં જ્યાં પ્રદ્યુમ્ન હતો તેની સામે ગયો અને કહ્યું કે તું પહેલાં બાણ ચલાવ કારણ કે એક તો તું બાળક છે અને બીજુ કે યુદ્ધવિદ્યાથી અપરિચિત છે. ત્યારે પ્રદ્યુમ્નએ કહ્યું કે હે તાત! સ્ત્રીની વાતમાં તલ્લીન થયેલા મૂર્ખ પિતાને હું નથી મારી શકતો. તેથી પહેલાં તમે જ બાણ ચલાવો જેથી પછી મારો દોષ ન રહે. આ સાંભળી કાળસંવરે ખૂબ જ દુઃખી થઈને પુત્ર ઉપર બાણ ચલાવ્યું. પ્રદ્યુમ્નએ પણ તેનો સામનો કર્યો.

પરસ્પર બંનેમાં ઘણો સમય યુદ્ધ ચાલ્યું. અંતમાં પ્રદ્યુમ્નએ નાગપાશમાં પિતાને બાંધીને પોતાની બાજુમાં રાખ્યા અને શરમથી મુખ નીચું કરીને બેસી ગયો.

તે જ સમયે નારદજી આકાશમાંથી નૃત્ય કરતાં કરતાં નીચે ઊતર્યા અને આવીને પ્રદ્યુમ્નને મળ્યા. તેમણે જાણતાં હોવા છતાં પણ પૂછ્યું કે આ યુદ્ધ શા માટે થયું? ત્યારે પ્રદ્યુમ્નએ શરૂથી અંત સુધીની બધી વાત પિતા સાંભળે એ રીતે કહી. એ સાંભળતાં જ નારદજીએ પોતાના કાન બંધ કરી દીધા અને કહ્યું કે હે વત્સ! આ લોકનિંદ્ય ચર્ચા હવે બંધ કર. આ દુષ્ટા કુપિત થઈને પોતાનાથી પ્રીતિ કરવાવાળા પોતાના પતિને, પિતાને, પુત્રને, ભાઈને તથા ગુરુને મારી નાખે છે!

નારદજીની વાત સાંભળીને પ્રદ્યુમ્ન તેમને કહે છે કે હવે હું પિતા રહિત થઈ ગયો; હવે હું કોની પાસે જાવ? આ કાળસંવર મહારાજ નિશ્ચયથી મારા પિતા છે અને મને દૂધ પીવડાવવાવાળી કનકમાલા જ મારી માતા છે પણ તેમણે જ મારી સાથે આવો વ્યવહાર કર્યો; હવે હું ક્યાં જાવ? હું અનાથ થઈ ગયો.

પ્રદ્યુમ્નની વાત સાંભળી નારદજી બોલ્યા કે હે વત્સ! તું ખેદ ન કર. દ્વારિકાના સ્વામી શ્રીકૃષ્ણ નામના નારાયણ તારા પિતા છે અને રુક્મણી નામની તેમની પટરાણી તે તારી માતા છે. તેમણે ઘણા જ આદરથી તને લાવવા માટે મને અહીં મોકલ્યો છે. માટે હવે તું મારી સાથે ચાલ. નારદના વચનોમાં શ્રદ્ધા રાખીને અને તેમના જ કહેવાથી પ્રદ્યુમ્નએ કાળસંવર રાજાને પણ નાગપાશમાંથી મુક્ત કર્યા.

મહારાજ કાળસંવર ન તો નારદને કાંઈ કહી શકે તેમ હતા અને ન તો પ્રદ્યુમ્નને કાંઈ કહી શકે તેમ હતા. અંતમાં દીન અને મલીનમુખ કરીને નગર પાછા ચાલ્યા ગયા. નગરમાં જઈને કનકમાલાને કહ્યું કે આમાં તારો કોઈ દોષ નથી. પૂર્વમાં જે કર્મ બાંધ્યા છે તેનું જ ફળ પ્રાપ્ત થાય છે. તેથી કર્મના ઉદયમાં ન તો દુઃખી થવું જોઈએ કે ન તો સુખી થવું જોઈએ. તે જ સમયે તેમના પાંચસો પુત્રો ગર્વરહિત થઈને ઘરે આવ્યા જેમને દયાળુ પ્રદ્યુમ્નએ મુક્ત કર્યા હતા.

**જગતમાં પાપીઓનો જય ક્યારે પણ નથી થતો, ધર્માત્માઓનો જ જય થાય છે. માટે ભવ્ય પુરુષોએ દૂરથી જ પાપનો ત્યાગ કરવો જોઈએ. જીવને પુણ્યના ઉદયથી જ મનુષ્યલોક અને સ્વર્ગલોક સંબંધી સુખ પ્રાપ્ત થાય છે. માટે ભવ્ય પુરુષોએ નિરંતર ધર્મ-પુણ્ય કરતાં રહેવું જોઈએ તથા પાપનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. કારણ કે એવું ક્યું દુઃખ છે કે જે પાપથી ઉત્પન્ન નથી થતું? અર્થાત્ બધા દુઃખ પાપના ફળથી થાય છે.**

ત્યારબાદ નારદજીએ પ્રદ્યુમ્નકુમારને કહ્યું કે હે વત્સ! હવે વિના વિલંબ દ્વારિકા નગરી જવું જોઈએ. ત્યારે કૃતજ્ઞ કુમારે કહ્યું કે માતા-પિતાને પૂછ્યા વિના જવું ઠીક નથી. તેથી તમે અહીં જ રહો, હું હમણાં જ નગરમાં જઈને માતા-પિતાને પૂછીને હમણાં જ તમારી પાસે પાછો

આવું છું. આમ કહીને નારદજીને ત્યાં જ છોડીને પોતે જ્યાં કાળસંવર અને કનકમાલા બેઠા હતા ત્યાં ગયો અને માતા-પિતાને નમસ્કાર કરીને કહ્યું કે મહાભાગ પિતા! તમે જેમ માનો છો તેમ મેં અજ્ઞાનતામાં જે અનિષ્ટકર્મ કર્યું છે તે ક્ષમા કરો. કારણ કે જે દીન છે, અનાથ છે તથા પરાધીન છે તેના ઉપર સજ્જન પુરુષ ક્યારે પણ કોપ નથી કરતાં. હે નાથ! હું આપનો કિંકર છું કારણ કે આપના આધારે જ હું જીવ્યો છું અને આજે પણ જીવું છું. માટે મારા ઉપર કૃપા કરો અને મને ક્ષમા કરો.

હે માતા! તું પણ મુજ બાળકના પાપકાર્યોને ક્ષમા કર. હવે હું તમારા બંનેની આજ્ઞાથી મારા પિતાને ઘરે તેમને મળવા જાવ છું; માટે મને આજ્ઞા આપો. હું વિના આપની આજ્ઞા નહીં જાવ. હે પિતા! હું આપનો બાળક છું તેથી નિરંતર મારું સ્મરણ રાખજો. ત્યાં માતા-પિતાને મળીને જલ્દી પાછો આવી જઈશ. હે નાથ! તમે મારા મહેલને સર્વદા સુરક્ષિત રાખજો. હું હંમેશ માટે અહીં જ આવીને મળીશ. હે માતા! તમારે પણ મારા ઉપર સદાય પ્રસન્નદૃષ્ટિ રાખવી જોઈએ કારણ કે પુત્ર ભલે કુપુત્ર થઈ જાય પણ માતા ક્યારે પણ કુમાતા નથી થતી! તમારે એમ વિચારવું જોઈએ કે હું તમારા ઉદરથી જ જન્મ્યો છું. હું તમારો જ પુત્ર છું તેમાં સંશય નથી. તે બંને પ્રદ્યુમ્નની બધી વાતો સાંભળતાં રહ્યા અને લજ્જાવશ કાંઈ ઉત્તર ન આપી શક્યા. પ્રદ્યુમ્ન ફરી ફરી માતા-પિતાને નમસ્કાર કરીને તથા ભાઈઓ, મંત્રીઓ આદિ બધાને મળીને નારદજી પાસે પહોંચી ગયો.

નારદજી પાસે પહોંચીને પ્રદ્યુમ્નએ નારદજીને પૂછ્યું કે હે તાત! અહીંથી દ્વારિકા કેટલી દૂર છે? ત્યારે નારદે કહ્યું કે આ વિદ્યાધરોની ભૂમિ છે અને દ્વારિકા તો મનુષ્યોની નગરી છે, તેથી ઘણી દૂર છે. હું હમણાં જ શીઘ્રગામી વિમાન બનાવું છું, તેમાં બેસીને આપણે જલ્દી દ્વારિકા પહોંચી જઈશું. નારદજીએ બનાવેલા વિમાનમાં પ્રદ્યુમ્નએ બેસવા માટે જેવો પગ મૂક્યો કે વિમાન તૂટી ગયું. ત્યારબાદ પ્રદ્યુમ્નએ પોતાની વિદ્યાથી બીજું વિશાળ વિમાન બનાવ્યું જેમાં બંને બેઠા અને તરત જ દ્વારિકા જવા રવાના થઈ ગયા. રસ્તામાં ક્યારેક પ્રદ્યુમ્નકુમાર વિમાનને ખૂબ ધીરે ચલાવતો, ક્યારેક ખૂબ ઝડપથી ચલાવતો તો ક્યારેક ઊભું રાખી દેતો. આ રમતોથી વ્યાકુળ થઈને નારદજીએ કહ્યું કે બેટા! આ રમતોથી મને કેમ આકુલિત કરે છે? તારે અત્યારે ઝડપથી ઘરે પહોંચીને તારી માતાને મળવું જોઈએ. વળી તારા માતા-પિતાએ તારા માટે ઘણી સુંદર કન્યાઓ માંગી રાખી છે. તું જો સમય પર નહીં પહોંચે તો તારા નાનાભાઈને વરી જશે. નારદજીના આવા મધુર વચનો સાંભળી પ્રદ્યુમ્ન પોતાના વિમાનને ઝડપથી દ્વારિકા તરફ ચલાવવા લાગ્યો.

ઘણું અંતર કાપ્યા બાદ પ્રદ્યુમ્નકુમારે નીચે પૃથ્વી ઉપર એક વિશાળ સેના જોઈ. તેણે નારદજીને પૂછ્યું કે મહારાજ! આ વિશાળ સેના કોની છે? ત્યારે નારદજી હસ્યા અને કહ્યું કે

આ દુર્યોધનની સેના છે. પૂર્વમાં દુર્યોધને પોતાના લાવણ્યથી ભરપૂર ઉદધિ નામની પુત્રી તારી સાથે પરણાવવાનું નક્કી કર્યું હતું પણ પાછળથી તારું હરણ થયા બાદ તારો પતો ન લાગતાં દુર્યોધને પોતાની પુત્રી તારા નાના ભાઈને વરવા માટે મોકલી છે. તેની સાથે જ આ ચતુરંગ સેના છે.

નારદના આ પ્રકારના વચનો સાંભળીને કુમારે કહ્યું કે હે તાત! મને આ સેનાને નજદીકથી જોવાનું ઘણું મન છે. તમે આજ્ઞા આપો તો હું જઈને તરત જ પાછો આવું. નારદજી બોલ્યા કે જો તું ત્યાં જઈને કોઈ ચપળતા ન કરવાનો હોય તો જા અને જલ્દી પાછો આવી જા. કુમારે પ્રણામ કર્યા અને વિમાન આકાશમાં જ ઊભું રાખીને પોતે નીચે ઉતર્યા.

નીચે ઉતરીને કુમારે એક ભીલનું રૂપ ધારણ કર્યું. તે ભીલનું રૂપ ખૂબ જ ભયાનક હતું. તેને જોઈને દુર્યોધનની સેનાના સેવકો અને યુવાન રાજકુમારો હસવા લાગ્યા અને કહ્યું કે હે પાપી! તું સામેથી ખસી જા અને રસ્તો છોડ, અમારે આગળ જવું છે. હે દુર્મુખ! તું વચ્ચે કેમ ઊભો છે?

ત્યારે ભીલે અત્યંત ક્રોધિત થઈને કહ્યું કે હું અહીં શ્રીકૃષ્ણ મહારાજની આજ્ઞાથી કર વસૂલ કરીને રહું છું. તેથી તમે મને કર ચૂકવીને આગળ વધી શકશો. ત્યારે રાજકુમારોએ તેને શ્રીકૃષ્ણ મહારાજનો અનુચર જાણી કહ્યું કે હે ભાઈ! તને શું જોઈએ છે? હાથી, ઘોડા, રથ, અનાજ વગેરે બધું જ અમારી પાસે છે તને જે જોઈએ તે લઈ લે અને અમને જવા દે. ત્યારે ભીલે કહ્યું કે મને નથી ખબર કે તમારી સેનામાં સર્વોત્તમ અને સુંદર વસ્તુ શું છે? જે સર્વોત્તમ વસ્તુ તમારી પાસે હોય તે મને આપી દો પછી આગળ જઈ શકો છો.

ભીલની વાત સાંભળી કુમારો હસ્યા અને કહ્યું કે અમારી સેનામાં તો રાજપુત્રી ઉદધિકુમારી સર્વોત્તમ છે તો શું તું તેને લઈ જઈશ? ત્યારે ભીલે કહ્યું કે જો રાજપુત્રી જ તમારી સેનામાં સર્વોત્તમ હોય તો તે મને આપી દો અને પછી આગળ જઈ શકો છો. મારી સેના તમને માર્ગમાં મદદરૂપ થશે. ત્યારે રાજકુમારો ક્રોધિત થઈને બોલવા લાગ્યા કે હે પાપી! તને શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું હોય તોપણ શું છે, અમે તારા જેવાને રાજકુમારી થોડી આપી દઈશું! બીજા રાજકુમારો ક્રોધિત થઈને બોલ્યા કે આની સાથે વાર્તાલાપ કરવામાં સમય ન બગાડો. આને રસ્તામાંથી દૂર ખસેડી આગળ ચાલો.

રાજકુમારોની વાત સાંભળી પ્રદ્યુમ્નએ વિદ્યાની મદદથી ખૂબ જ વિશાળ વિકરાળ ભીલોની સેના તૈયાર કરી દીધી. બંને સેના વચ્ચે થોડો સમય યુદ્ધ ચાલ્યું. પછી ભીલોએ દુર્યોધનની સેનાને હરાવી દીધી. ભીલના વેશમાં પ્રદ્યુમ્નએ ઉદધિકુમારીને બે હાથે પકડી અને આકાશમાં ઉડી ગયો અને જ્યાં નારદજી વિમાનમાં બેઠા હતા ત્યાં તેની બાજુમાં કુમારીને બેસાડીને પોતે નીચે કુરુવંશીઓની સેનાની હાલત જોવા લાગ્યો.

ઉદધિકુમારી નારદજીને જોઈને રડવા લાગી અને કહ્યું કે હે પિતા! તમે મને આ ભીલથી બચાવો, મારી રક્ષા કરો. વળી તમે આવા પાપીના સંગમાં ક્યાંથી આવ્યા? કે પછી તમને પણ આ પાપીએ બંદી બનાવ્યા છે? આકાશમાં ઉડવાની વિદ્યા આવા દુરચારીને ક્યાંથી મળી? રાજપુત્રીના આવા વચનો સાંભળી નારદજીએ કહ્યું કે પુત્રી! તું હર્ષના સ્થાનમાં નાહકનો શોક ન કર. આ કોઈ ભીલ નથી, રુક્મણીનો જ પુત્ર છે જેને દેવ હરી ગયો હતો. તે આજે અહીં તને લેવા જ આવ્યો છે. આમ, કહીને નારદજીએ કુમારને પોતાના મૂળ સ્વરૂપમાં આવવા કહ્યું. ત્યારે કુમાર ભીલનું રૂપ ત્યાગી પોતાના મૂળ રૂપમાં આવ્યો. તેનું રૂપ જોઈને કુમારી ખૂબ ખુશ થઈ અને કુમારમાં આસક્ત થઈ ગઈ. કુમાર પણ ઉદધિકુમારીના રૂપમાં મોહિત થઈ ગયો પણ નારદજીની હાજરીને કારણે સંકોચ થવાથી બંને શાંત થઈ પોતાના ભાવને દબાવીને બેઠા રહ્યા. વિમાનમાં તેઓ નારદમુનિની સાથે પ્રસન્નતાથી ત્યાંથી આગળ આકાશમાર્ગે ચાલવા લાગ્યા.

થોડે દૂર આગળ જતાં કુમારે એક વિશાળ નગરી જોઈને નારદજીને પૂછ્યું કે હે નાથ! આ કઈ નગરી છે? ત્યારે પ્રસન્નતાપૂર્વક નારદજીએ કહ્યું કે હે વત્સ! પૃથ્વીમાં અતિ પ્રસિદ્ધ આ જ દ્વારિકા નામની નગરી છે કે જ્યાં શ્રીકૃષ્ણ નારાયણ વસી રહ્યા છે. આ નગરીનું વર્ણન કરવા હું એટલું જ કહી શકું છું કે ત્રણલોકમાં આવી બીજી કોઈ નગરી નથી. નારદજીના મુખેથી નગરીનું વર્ણન સાંભળતાં કુમારને નગરી જોવાનું મન થઈ ગયું અને નારદજીની આજ્ઞા લઈને તથા કોઈ ચપળતા ન કરવાનું વચન આપીને ઉદધિકુમારીને અને નારદજીને વિમાનમાં બેસાડીને તથા આકાશમાં જ થંભાવી પોતે નીચે ઉતર્યા.

દ્વારિકાની ભૂમિ ઉપર પ્રદ્યુમ્નકુમારે જેવો પગ મૂક્યો કે તેમને ભાનુસમાન ભાનુકુમારના દર્શન થયા. તેને જોઈને આશ્ચર્યસહિત પ્રદ્યુમ્નકુમારે પોતાની વિદ્યાને પૂછ્યું કે આ કુમાર કોણ છે? વિદ્યાએ જવાબ આપ્યો કે આ ભાનુકુમાર તમારી માતાની શોંકનો પુત્ર છે. વિદ્યાના વચન સાંભળી પ્રદ્યુમ્નકુમારે તરત જ પ્રજ્ઞપ્તિ નામની વિદ્યાની મદદથી એક સર્વગુણસંપન્ન ઘોડો બનાવ્યો અને પોતે ઘોડો વેચવાવાળો વૃદ્ધ બની ગયો અને ઘોડો લઈને જ્યાં ભાનુકુમાર હતો ત્યાં ગયો.

ઘોડાને જોઈને ભાનુકુમાર ખુશ થયો અને પૂછ્યું કે આ કોનો ઘોડો છે અને તું તેને ક્યાંથી લઈને આવ્યો છો? ત્યારે ઘોડાવાળાએ કહ્યું કે આ મારો જ ઘોડો છે અને હું તમારા માટે જ અહીં સુધી લઈને આવ્યો છું. ભાનુકુમારે પૂછ્યું કે જો મને વેચવા માટે જ ઘોડો લાવ્યો હોય તો તેની કિંમત મને કહી દે. ત્યારે ઘોડાવાળાએ કહ્યું કે કુમાર! આ ઘોડા માટે હું એક કરોડ સોનામહોર લઈશ. એ માટે પહેલાં ઘોડાની પરીક્ષા કરીને જોઈ લો કે આ ઘોડો આટલી કિંમત આપવા લાયક છે કે નહીં. ભાનુકુમાર ઘોડાની પરીક્ષા કરવા માટે તરત જ તે ઘોડા ઉપર ચડી ગયો અને કુશળતાપૂર્વક ચલાવવા લાગ્યો પણ અચાનક ઘોડાએ પોતાની ગતિ ખૂબ વધારી

અને ભાનુકુમારને ઉછાળીને ધરતી ઉપર પછાડ્યો અને પોતે શાંત થઈને ઘોડાવાળાની બાજુમાં જઈને ઊભો રહી ગયો.

આ દૃશ્ય જોઈને વૃદ્ધ ઘોડાવાળો ખૂબ હસ્યો અને કહ્યું કે હે કુમાર! મેં તો તમારી અશ્વકળાના વખાણ સાંભળ્યા હતા એટલે આ ઘોડો હું તમને વેચવા કેટલે દૂરથી આવ્યો, પણ આજે લાગે છે કે તમને ઘોડો ચલાવતાં આવડતો જ નથી. ત્યારે ભાનુકુમાર ખૂબ ક્રોધિત થઈને બોલ્યો કે હે મૂર્ખ બુઢ્ઢા! તને જ્યારે ઘોડો ચલાવતાં નથી આવડતું તો પછી બીજાની મજાક ન કરાય. ત્યારે બુઢ્ઢાએ કહ્યું કે તારી વાત સાચી છે. હું હવે વૃદ્ધ થઈ ગયો હોવાથી ઘોડા ઉપર ચડી શકતો નથી. જો તું મને તારા સાથીઓ દ્વારા ઘોડા ઉપર બેસાડે તો હું તને મારું અશ્વ-કૌશલ્ય બતાવી શકું.

આ સાંભળીને ભાનુકુમારે પોતાના સુભટોને કહ્યું કે આ અભિમાની બુઢ્ઢાને ઘોડા ઉપર બેસાડો કે જેથી હું તેનું કૌશલ્ય જોઈ શકું. ભાનુકુમારના સુભટો બુઢ્ઢાને ઉપાડીને ઘોડા ઉપર મૂકવાઈ ગયા ત્યાં તો બુઢ્ઢાએ પોતાનું વજન એટલું વધારી દીધું કે બધાની ઉપર પડ્યો અને પોતાની કોણીથી બધાની છાતી, મોઢું આદિ તોડી-મરોડી નાખ્યા. ફરીવાર તે બુઢ્ઢાને ઉપાડ્યો તો ફરીવાર તેવી રીતના જ બધાની ઉપર પડ્યો. પછી ભાનુકુમાર પોતાના સુભટો સહિત બુઢ્ઢાને ઉપાડવા લાગ્યા, ત્યાં તો પહેલાંની જેમ પોતાનું વજન ખૂબ વધારીને બધાની ઉપર પડ્યો. પછી તરત જ ભાનુકુમારની છાતી ઉપર પગ મૂકીને ઘોડા ઉપર ચડી ગયો. ત્યારબાદ તેણે અશ્વ ચલાવવાની પોતાની બધી કુશળતા બધાને દેખાડીને ઘોડાને આકાશમાં ચલાવવા લાગ્યો અને તરત જ બધાની નજર સામે ઘોડા સાથે અદૃશ્ય થઈ ગયો.

ત્યાંથી આગળ જતાં એક બગીચો આવ્યો. વિદ્યા દ્વારા પ્રદ્યુમ્નને ખબર પડી કે તે સત્યભામાનો બગીચો છે. તેણે વિદ્યા દ્વારા પાંચ-સાત દુર્બળ ઘોડા બનાવ્યા અને પોતે ઘોડા વેચનારનું રૂપ બનાવીને ઘોડાને ચરાવવાના બહાને બગીચામાં ગયો અને જેવું રક્ષકોનું ધ્યાન હટ્યું કે તરત જ બગીચાને રણ બનાવી નાખ્યું અર્થાત્ બગીચામાં એક પણ વૃક્ષ ન રહ્યા અને વાપિકાઓ સુકાઈ ગઈ.

ત્યાંથી આગળ જતાં બીજો બગીચો આવ્યો. તે પણ સત્યભામાનો જ બગીચો હતો. પ્રદ્યુમ્નકુમારે વિદ્યા દ્વારા એક ખૂબ જ ભૂખ્યો વાંદરો બનાવ્યો અને પોતે તેના માલિકનું રૂપ કર્યું. બગીચા પાસે જઈ રક્ષકોને કહ્યું કે મારા વાંદરાને એક ફળ ખાવા આપો, તે ખૂબ ભૂખ્યો છે. રક્ષકોએ ફળ આપવાની ના પાડી તો કુમારે વાંદરાને છૂટો મૂકી દીધો. વાંદરો તો અંદર બગીચામાં ગયો અને અંદર જતાં જ બીજા સેંકડો વાંદરા થઈ ગયા અને તે બગીચાને પણ ઉજ્જડ કરી નાખ્યો.

આગળ જતાં સત્યભામાની એક સુંદર વાપિકા આવી. પ્રદ્યુમ્નકુમારે વિદ્યાના બળથી બ્રાહ્મણનું રૂપ લઈને તે વાપિકાનું જળ પોતાના કમંડળમાં ભરી રખેવાળ સ્ત્રીઓને ઠગીને આગળ ચાલ્યો. આગળ બજારમાં પહોંચતાં ત્યાં પણ ગરબડ કરવા લાગ્યો. ઝવેરાતની દુકાનને કોડી વેચનાર બનાવ્યો અને કોડીના વેપારીને ઝવેરાતનો વેપારી બનાવ્યો, કંદોઈને કપડા વેચનાર બનાવ્યો અને કપડા વેચનારને કંદોઈ બનાવ્યો, હાથીની જગ્યાએ ગધેડા રાખ્યા અને ગધેડાની જગ્યાએ હાથી લાવ્યા. ઈત્યાદિ અનેક પ્રકારની ચેષ્ટા કરતો કુમાર આગળ વધ્યો.

બ્રાહ્મણનો વેષ ધારણ કરી આગળ જતાં જુએ છે કે ચાર રસ્તાઓ ઉપર કેટલા માળીઓ ભાનુકુમારના લગ્ન માટે ફૂલની માળા બનાવી રહ્યા છે. બ્રાહ્મણના રૂપમાં રહેલા કુમારે માળી પાસે થોડા ફૂલ માગ્યા પણ માળીએ તેમાંથી એક ફૂલ તો શું પણ ફૂલની પાંખડી પણ આપવાની ના પાડી. ત્યારે ગુસ્સે થઈને બ્રાહ્મણે એક ફૂલને હાથ અડાડ્યો કે તરત જ તે મંદર, પારિજાત, બકુલ, કુમુદ, ચંપા, કમળ, નાગકેશર, જુહી આદિના બધા ફૂલ આંકડાના ફૂલ બની ગયા.

આ રીતે અનેક પ્રકારના કૌતુક કરતો પ્રદ્યુમ્નકુમાર આગળ વધ્યો. રસ્તામાં એક મોટો મહેલ આવ્યો. વિદ્યા દ્વારા કુમારને ખબર પડી કે તે મહેલ શ્રીકૃષ્ણ મહારાજના પિતા અર્થાત્ પોતાના દાદા વસુદેવનો છે. કુમારે વિદ્યાને પૂછ્યું કે તેમને શું પ્રિય છે? વિદ્યાએ કહ્યું કે તેમને ઘેંટાની લડાઈ જોવી ખૂબ પ્રિય છે. ત્યારે કુમારે વિદ્યાથી એક અતિ બળવાન ઘેંટુ બનાવ્યું અને તેને લઈને વસુદેવ મહારાજની સભામાં અંદર ગયો. મહારાજને પ્રણામ કરીને ઊભો રહ્યો. પોતાના દાદાને જોઈને કુમાર ખૂબ પ્રસન્ન થયો. મહારાજ વસુદેવ પણ તે યુવાન પુરુષને ઘેંટા સાથે જોઈને ખુશ થયા.

વસુદેવ મહારાજે યુવાનને પૂછ્યું કે આ ઘેંટુ કોનું છે અને અહીં શા માટે લાવવામાં આવ્યું છે? કુમારે કહ્યું કે આ ઘેંટુ મારું છે અને અહીં આપના માટે જ લાવવામાં આવ્યું છે. આપ ઘેંટાનું યુદ્ધ જોવાના શોખીન છો અને આપ સમાન ઘેંટાની કસોટી કરવામાં કોઈ ચતુર નથી. આ ઘેંટુ ખૂબ જ બળવાન અને દુર્જય છે. વસુદેવ મહારાજે કહ્યું કે જો તે સાચે જ દુર્જય છે તો મારી જાંઘ ઉપર ટક્કર લગાવવા છોડી દે. જો તે મારી જાંઘ તોડી નાખે તો સમજીશ કે આના સમાન કોઈ બળવાન ઘેંટુ નથી. યુવાન પુરુષે મહારાજ પાસે અભયદાન માગ્યું અને પછી ઘેંટાને મહારાજની જાંઘને ટક્કર મારવા છોડ્યું. જાંઘ ઉપર ઘેંટાની ટક્કર લાગતાં જ મહારાજ બેહોશ થઈ ગયા. સેવકો તો તેમને ચંદનાદિ છાંટીને જાગૃત કરવામાં લાગ્યા એટલી વારમાં કુમાર ત્યાંથી પણ નીકળી ગયા.

નગરીને જોતાં આગળ એક મહેલ આવ્યો. વિદ્યાએ કહ્યું કે આ સુંદર મહેલ મહારાણી સત્યભામાનો છે. કુમારે એક ચૌદ વર્ષના બ્રાહ્મણનું રૂપ લીધું અને અંદર જઈને મહારાણી

સત્યભામા પાસે ગયો અને ભોજન માટે યાચના કરી. ભાનુકામારના લગ્ન માટે જેટલું ભોજન બનાવ્યું હતું તે બધું કુમારે વિદ્યાના બળથી ક્ષણવારમાં ભક્ષણ કરીને ત્યાંથી નીકળી ગયા.

થોડે દૂર આગળ ચાલીને જુએ છે તો બીજો એક સુંદર મહેલ આવ્યો. વિદ્યાએ કહ્યું કે આ સુંદર મહેલ તમારી માતા રુક્મણીનો છે. પોતાની માતાનું ઘર જોઈને કુમાર ખૂબ જ ખુશ થયા. કુમારે તે જ સમયે એક ક્ષુલ્લકનો વેષ ધારણ કર્યો જેનું શરીર દુબળું-પાતળું અને કુરુપ હતું, જેના દાંત મોટા હતા, મુખ દુર્ગંધયુક્ત હતું, આખું શરીર કુલક્ષણયુક્ત હતું. આવું રૂપ બનાવીને કુમાર પોતાની માતાના મહેલમાં ગયો.

ક્ષુલ્લકનો વેશ ધારણ કરવાવાળા પુરુષને આવતાં જોઈને જિનધર્મમાં રુચિ રાખવાવાળી રુકમણી પોતાના સ્થાનથી ઊભી થઈ ગઈ અને મસ્તક ઝુકાવીને નમસ્કાર કર્યા. રુક્મણીએ ક્ષુલ્લક મહારાજને સિંહાસન ઉપર બેસાડ્યા અને પોતે નીચે બેસી ગઈ. થોડા સમય સુધી બંનેએ ધર્મચર્ચા કરી. ત્યારબાદ ક્ષુલ્લક મહારાજે કહ્યું કે હું ખૂબ દૂરથી આવ્યો છું અને મને ભૂખ લાગી છે. રુક્મણી રસોડામાં ભોજન લેવા ગઈ પણ ક્ષુલ્લક મહારાજે પહેલેથી જ વિદ્યા દ્વારા બધું ભોજન ગાયબ કરી દીધું હતું તેમ જ અગ્નિને પણ થંભાવી દીધી હતી. શ્રીકૃષ્ણ માટે રાખેલા લાડવા જે તેઓ એકલા જ એક-એક ખાતા હતા તે દસ પડ્યા હતા. રુક્મણી દ્વિધામાં પડી ગઈ કે જો ક્ષુલ્લક મહારાજને આ લાડવા આપીશ તો પાચન ન થવાથી તેઓ મરી જશે અને જો નહીં આપું તો ભૂખથી મરી જશે. આમ દ્વિધામાં હોવા છતાં અંતે એક લાડવો આપ્યો. આમ એક પછી એક દસે લાડવા મહારાજ ખાઈ ગયા. ભોજનથી સંતુષ્ટ થઈ રુક્મણીને આશીર્વાદ આપ્યા અને બહાર બીજા આસન પર જઈને બેઠા.

હવે, સીમંધર ભગવાને પ્રદ્યુમ્નના આગમન સમયના જે ચિહ્નો બતાવેલા હતા જેવા કે સુકાયેલું અશોકવૃક્ષ હર્યુભર્યુ થઈ જવું, મૂંગા માણસો બોલતા થવા, કુરુપવાન લોકો સુંદર થઈ જવા, અંધ લોકો દેખતાં થઈ જવા આદિ ચિહ્નો જોઈને રુક્મણી વિચારવા લાગી કે આ સમયે મારો પુત્ર અહીં આવવો જોઈએ પણ મારા પાપના ઉદયે હજી મને દેખાતો નથી. તેને વિચાર આવ્યો કે આ ક્ષુલ્લક જ મારો પુત્ર હોવો જોઈએ. તે જ વિદ્યાના બળથી મને હેરાન કરવા રૂપ બદલીને આવ્યો હશે. આમ વિચારી તેણે ક્ષુલ્લકને કહ્યું કે તું ક્ષુલ્લક નથી લાગતો. તું નારદજી સાથે આવ્યો હોવો જોઈએ, તેથી તું મારો પુત્ર જ છે. મને હવે વધારે પરેશાન ન કર. આ સાંભળી ક્ષુલ્લકના વેષમાં આવેલ પ્રદ્યુમ્નએ કહ્યું કે હા; હું જ નારદજી સાથે આવ્યો છું. હું જ તારો પુત્ર છું પણ આવો કુરુપ પુત્ર તો દુઃખનું કારણ બને છે, માટે મને રોકીશ નહીં. હું બીજે ક્યાંક રહીને જીવન વ્યતીત કરી દઈશ.

પુત્રના વચનો સાંભળીને રુક્મણીની આંખમાં આંસુ આવી ગયા. તેણે કહ્યું કે બેટા! મેં

તને સોળ વર્ષ પછી જોયો છે. હવે તારે ક્યાંય જવાનું નથી. તું જેવો છો તેવો મારો જ પુત્ર છે! તેમાં મને દુઃખી થવાનું કોઈ કારણ નથી. માતાના વચનો સાંભળી પ્રદ્યુમ્નએ ક્ષુલ્લક વેશ છોડ્યો અને પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયો. પુત્રનું આવું કામદેવ જેવું રૂપ જોતાં રુકમણીને સંતોષ થતો ન હતો. પ્રદ્યુમ્નએ વિનયપૂર્વક માતાના ચરણોમાં પ્રણામ કર્યા. રુકમણીએ તેને તરત જ ઊભો કરીને છાતીએ લગાવ્યો.

રુક્મણીએ કહ્યું કે બેટા! હું કેટલી ભાગ્યહીન છું કે તારું બાળપણ મને જોવા ન મળ્યું. આમ દુઃખી માતાને જોઈને પ્રદ્યુમ્નએ કહ્યું કે માતા! તારે મારું બાળપણ જોવું છે ને તો હું તને દેખાડીશ. મારા માટે કોઈ પણ કાર્ય અશક્ય નથી. હું બધું જ કરી શકું છું. એમ કહીને તરત જ પોતે નાના બાળકનું રૂપ લઈ લીધું કે જે બોલી-ચાલી શકતો નથી. આમ, થોડીવાર પોતાની બાળલીલા માતાને બતાવીને પાછો પોતાના યુવાન રૂપમાં આવી ગયો.

રુક્મણીએ કહ્યું કે બેટા! મને મારા અકારણ બંધુ નારદજીને મળવું છે, તે ક્યાં છે? ત્યારે પ્રદ્યુમ્નએ કહ્યું કે તે તારી વહુની સાથે વિમાનમાં બેઠા છે. પછી પ્રદ્યુમ્નએ ઉદધિકુમારીને કેવી રીતે મેળવી તે બધી વાત કરી. ત્યારબાદ નગરમાં જે ઉપદ્રવો કર્યા તે બધી વાતો પણ કરી. ત્યારબાદ કુમારે માતાને કહ્યું કે મને વચન આપો કે હું જે માંગુ તે મને આપશો. માતાએ કહ્યું કે બેટા બોલને તને શું જોઈએ છે? જે માગીશ તે આપીશ. કુમારે કહ્યું કે માતા! તમે મારી સાથે ચાલો અને વિમાનમાં બેસીને નારદજી તથા તમારી પુત્રવધૂને મળો ત્યાં સુધીમાં હું મારા પિતાશ્રીને મળી આવું. પછી તમને બધાને નીચે લાવીશ. માતાએ કહ્યું કે જેવી તારી મરજી.

માતાની આજ્ઞા મળતાં જ પ્રદ્યુમ્નકુમાર પોતાની માતાને પોતાના બે હાથે ઉપાડીને યાદવોની રાજસભાની ઉપર લઈ ગયો અને બળદેવ તથા શ્રીકૃષ્ણની સમક્ષ કહ્યું કે હે યાદવો! હે ભોજવંશીઓ! હે પાંડવો! જો તમે બધા સારા કુળથી ઉત્પન્ન થયા હો અને જો તમે લડાઈમાં વિજય મેળવ્યો હોય તો સાવધાન થઈને મારા વચન સાંભળો. ભિષ્મરાજની પુત્રી અને શ્રીકૃષ્ણજીની પ્યારી સાધ્વી સ્ત્રી કે જે રુકમણીના નામથી પ્રસિદ્ધ છે તેને હું વિદ્યાધરનો પુત્ર તમારી સામે લઈ જાવ છું. જો હું એકલો રુકમણીને હરીને લઈ જાઉં તો પછી તમારા બધાના જીવનથી શું પ્રયોજન? જો તમારામાં અદ્‌ભુત શક્તિ હોય તો મારી પાસેથી રુક્મણીને છોડાવી લો. હે ઉત્તમ શૂરવીરો! તમે બધા ભેગા મળીને પ્રયત્ન કરો. નિશ્ચય સમજો કે તમારાથી યુદ્ધ કર્યા વગર હું નહીં જાઉં. જ્યારે લડાઈમાં તમને જીતી લઈશ પછી શ્રીકૃષ્ણજીની ભામિનીને વિદ્યાધરના નગરમાં લઈ જઈશ. હું ચોર નથી અને ચિટ અર્થાત્ વ્યભિચારી પણ નથી.

પ્રદ્યુમ્નના વચનો સાંભળીને શૂરવીર લોકોથી ભરેલી યાદવોની સભા અચાનક ક્ષોભિત થઈ ગઈ. શૂરવીરોને ખૂબ જ ક્રોધ આવ્યો. તરત જ રણભેરી વગાડવામાં આવી અને યુદ્ધની

તૈયારી થઈ ગઈ. યુદ્ધ માટે નીકળ્યા ત્યારે રસ્તામાં પોતાની હારના સૂચક અનેક અપશુકન થયા છતાં પણ તેને નજરઅંદાજ કરીને શૂરવીર યોદ્ધાઓ આગળ ચાલ્યા.

આ બાજુ પ્રદ્યુમ્નકુમારે પોતાની માતાને વિમાનમાં જઈને બેસેડી દીધી કે જ્યાં નારદજી અને ઉદધિકુમારી બેઠા હતા. ત્યારબાદ તે ત્રણેને વિમાનમાં જ બેસાડીને કુમાર રણમાં નીચે ઉતર્યા અને એક વિશાળ અચરજકારી સેના તૈયાર કરી. શ્રીકૃષ્ણજીની સેનામાં યોદ્ધાઓના જે નામ હતા તેવા જ નામ, તેવો જ દેખાવ, તેવો જ પહેરવેશ આદિ પ્રદ્યુમ્નની સેનામાં પણ થઈ ગયા.

બંનેની સેના સામસામે આવી ગઈ અને ભયંકર યુદ્ધ ચાલુ થઈ ગયું. આ સમયે આકાશમાંથી દેવો કૌતુકથી આ યુદ્ધ જોવા લાગ્યા. યુદ્ધમાં અનેક સુભટો કપાઈને મરી ગયા, કેટલાય હાથીઓ કપાઈ ગયા, ઘોડાઓના પગ કપાઈને પડ્યા આદિ પ્રકારે ભયંકર રણસંગ્રામ થયો. અંતમાં આ મહાયુદ્ધમાં પ્રદ્યુમ્નએ પોતાની માયાથી પાંડવાદિને બળદેવ સહિત મારી નાખ્યા. આ જોઈને શ્રીકૃષ્ણજી ખૂબ ક્રોધિત થયા અને હાથી છોડી રથ ઉપર સવાર થઈને યુદ્ધ માટે આગળ વધ્યા. સ્ત્રી અને બાંધવોના વિયોગથી ઉત્તેજિત થઈને પોતાના શત્રુને બળપૂર્વક નષ્ટ કરવાની ઇચ્છા કરીને આગળ વધ્યા.

જ્યારે શ્રીકૃષ્ણજીનો રથ પ્રદ્યુમ્નના રથની સામે આવ્યો ત્યારે આડંબર સહિત શત્રુને જોઈને શ્રીકૃષ્ણનું હૃદય પ્રેમથી ભરાઈ ગયું. તેથી શ્રીકૃષ્ણજીએ શત્રુને કહ્યું કે હે વિચક્ષણ શત્રુ! મારા વચન સાંભળ; તું મારી સ્ત્રીને હરનાર, બાંધવોને મારનાર તથા બીજા પણ અનેક દુષ્ટકર્મ કરવાવાળો છે તોપણ શું કરું? તારા ઉપર મારો અંતરંગ સ્નેહ વધતો જાય છે તેથી તું મારી ગુણવતી ભાર્યાને શીઘ્ર મને સોંપી દે અને મારી સામેથી જીવતો કુશળતાપૂર્વક ચાલ્યો જા.

આ સાંભળી પ્રદ્યુમ્નકુમારે હસીને કહ્યું કે હે સુભટ શિરોમણિ! આ તે ક્યાં સ્નેહનો અવસર છે? આ તો મારવા કાપવાનો અવસર છે. હું તારા બંધુઓનો હણનાર અને તારી સ્ત્રીનો હર્તા, તેના ઉપર પણ તને સ્નેહ આવે છે તો પછી તારો શત્રુ કેવો હશે!! અગર જો તું યુદ્ધ કરી શકે તેમ ન હોય તો મને કહે કે હે ધીર વીર! મને સ્ત્રીની ભિક્ષા પ્રદાન કરો.

આવા કટાક્ષપૂર્ણ વચન સાંભળીને શ્રીકૃષ્ણજી ક્રોધથી લાલપીળા થઈ ગયા અને હાથમાં ધનુષ લઈને શત્રુ ઉપર તૂટી પડ્યા. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થવા લાગ્યું. બંનેએ એકબીજા ઉપર દિવ્ય અસ્ત્ર ચલાવ્યા. શ્રીકૃષ્ણજીએ ચલાવેલા દિવ્ય અસ્ત્ર જોકે અમોઘ હતા, ક્યારે પણ ખાલી ન જાય તેવા હતા પણ એવો નિયમ છે કે દિવ્ય અસ્ત્ર પોતાના કુળ ઉપર ક્યારે પણ કામ ન કરે. પોતાના અસ્ત્ર ખાલી જવાથી શ્રીકૃષ્ણજી અચરજ પામ્યા અને મલ્લયુદ્ધ કરવા તૈયાર થયા.

બંનેને મલ્લયુદ્ધ માટે તૈયાર થયેલા જોઈને વિમાનમાં બેઠેલી રુક્મણીએ નારદજીને કહ્યું

કે હે તાત! હવે તમે વિલંબ ન કરો અને જલ્દી આમને યુદ્ધ કરતાં અટકાવો. રુક્મણીના મોકલવાથી નારદજી તરત જ શ્રીકૃષ્ણ અને પ્રદ્યુમ્નની વચ્ચે આવીને ઊભા રહ્યા અને શ્રીકૃષ્ણને કહ્યું કે હે માધવ! તમે આ સમયે તમારા પુત્ર સાથે આ કેવું કાર્ય શરૂ કર્યું છે? આ તે જ પ્રદ્યુમ્નકુમાર પોતાના પિતાને મળવા આવ્યો છે કે જે વિદ્યાધર રાજા કાળસંવરના ઘરમાં મોટો થયો છે, જેને સોળ લાભો પ્રાપ્ત થયા છે તથા ગુણોનું ઘર છે. હે જનાર્દન! પોતાના પુત્ર સાથે યુદ્ધ કરવું આપના માટે યોગ્ય નથી. એ રીતે પ્રદ્યુમ્નને પણ કહ્યું કે હે કામકુમાર! તું પણ તારા પિતા સાથે આ શું કરે છે? તારે પણ જગતમાં પૂજ્ય અને સ્નેહના ગૃહસ્વરૂપ પિતાની સાથે બીજી ચેષ્ટા છોડીને પુત્રને જે ઉત્તમ કર્તવ્ય હોય તે કરવું જોઈએ.

નારદજીના વચનો સાંભળી બંનેએ મલ્લની ચેષ્ટા છોડી દીધી. શ્રીકૃષ્ણજી પોતાના પુત્રને સોળ વર્ષ પછી મળવાથી અતિ પ્રસન્ન હતા પણ સાથે પોતાના બંધુઓ અને સૈન્યના નાશથી દુઃખી પણ હતા. પિતાના ભાવ પ્રદ્યુમ્નકુમાર સમજી ગયો. કુમારે પોતાના પિતાના ચરણોમાં ઝુકીને પ્રણામ કર્યા ત્યારે શ્રીકૃષ્ણએ તેને ઊભો કરીને પોતાની છાતીએ લગાવ્યો. બન્નેની આંખોમાં ખુશીના આંસુ હતા. કુમારે પોતાની વિદ્યાથી આખા સૈન્યને, નિદ્રામાંથી જાગૃત કરે તેમ, ઊભું કરી દીધું. પોતાના બંધુઓ અને સૈન્ય જીવતું જોઈને શ્રીકૃષ્ણની ખુશીનો પાર ન રહ્યો. પછી પ્રદ્યુમ્નકુમાર બધાને યથાયોગ્ય રીતે મળ્યો.

જે સમયે અહીં મેળ-મિલાપ ચાલી રહ્યો હતો તે જ વખતે ભાનુકુમાર સેનામાંથી નીકળી શીઘ્ર પોતાના ઘરે આવ્યો અને આવીને પ્રદ્યુમ્નકુમારની બધી વાત કરી. એટલામાં જ સત્યભામાના બધા નોકરોએ તેમના બગીચા, વાપિકા, વન આદિના સત્યાનાશના સમાચાર આપ્યા. ઉદધિકુમારીનું હરણ સાંભળીને સત્યભામા અને ભાનુકુમાર અત્યંત દુઃખી થયા.

આ બાજુ શ્રીકૃષ્ણજીએ કહ્યું કે બેટા! હવે તું તારી માતાને અહીં લઈ આવ. ત્યારે કુમાર નીચે જોઈને કાંઈક વિચારવા લાગ્યો અને કાંઈ જવાબ ન આપ્યો. શ્રીકૃષ્ણજીએ ફરી પૂછ્યું કે તું તારી માતાને કેમ નથી લાવતો? નીચું જોઈને શું વિચારે છો? ત્યારે નારદજીએ કહ્યું કે સંસારમાં પોતાની સ્ત્રી બધાને પ્યારી હોય છે. તમે તેની માતાને લાવવાનું કહ્યું પણ તેની સ્ત્રીને લાવવાનું ન કહ્યું તેથી તે વિચારતો હશે કે એકલી માતાને કેવી રીતે લાવું. આ સાંભળી શ્રીકૃષ્ણજીએ પૂછ્યું કે આને સ્ત્રી ક્યાંથી મળી ગઈ? મને તો કાંઈ ખબર જ નથી. ત્યારે નારદજીએ ઉદધિકુમારીની બધી હકીકત કહી. તે સાંભળીને શ્રીકૃષ્ણ ખૂબ ખુશ થયા અને કુમારને કહ્યું કે તારી માતા અને સ્ત્રી બંનેને લઈ આવ.

પિતાની આજ્ઞા મળતાં જ પ્રદ્યુમ્નકુમારે વિમાન ધરતી ઉપર ઉતાર્યું. તે વિમાન જોઈને બધા યાદવો ખૂબ પ્રસન્ન થયા કારણ કે તેમના માટે તે અપૂર્વ વસ્તુ હતી. વિમાનમાં રુક્મણી

અને ઉદધિકુમારી બંને બેઠા હતા. રુક્મણીએ આકાશરૂપી આંગણામાંથી વધૂની સાથે નીચે આવીને બંનેએ વિનયથી શ્રીકૃષ્ણને નમસ્કાર કર્યા. શ્રીકૃષ્ણજી બંનેને જોઈને અતિ પ્રસન્ન થયા. તેમણે રુક્મણીને મંત્રીઓની સાથે ઘરે જઈને નગરીને શણગારવા કહ્યું. રુક્મણી તરત જ નગરમાં ગઈ અને પુત્ર આવવાની ખુશીમાં આખી નગરી શૃંગારીત કરી.

નગરી શૃંગારીત થયા બાદ શ્રીકૃષ્ણજીએ પોતાના પુત્ર પ્રદ્યુમ્નની સાથે નગરીમાં પ્રવેશ કર્યો. તેઓ નગરીમાં ફરીને રુક્મણીના મહેલમાં પહોંચ્યા. પોતાના સર્વગુણસંપન્ન પુત્રને આવેલો જોઈને રુક્મણીએ આરતી ઉતારીને મંગળ ક્રિયા કરી. આ સમયે પ્રદ્યુમ્નકુમારના આવવાથી એક સત્યભામા અને બીજો ભાનુકુમાર–એ બે સિવાય આખી દ્વારિકા નગરીના લોકો ઉત્સવ મનાવી રહ્યા હતા. સત્યભામાને ત્યાં ઉત્સવને બદલે શોક હતો.

કેટલાક દિવસો પછી શ્રીકૃષ્ણજીએ મંત્રીઓને કહ્યું કે હવે પ્રદ્યુમ્નના વિવાહ મોટા ઉત્સવ સાથે કરવા જોઈએ. આ સાંભળી કુમારે કહ્યું કે મહારાજ કાળસંવર અને રાણી કનકમાલાની હાજરીમાં જ હું વિવાહ કરીશ, નહીં તો નહીં કરું. તે મારું પાલન કરનારા સાચા માતા-પિતા છે.

કુમારનો ઉચિત વિચાર સાંભળીને શ્રીકૃષ્ણજીએ તરત જ એક દૂત કાળસંવર મહારાજ પાસે મોકલ્યો. તે દૂતે મહારાજ કાળસંવરને પ્રદ્યુમ્નની પ્રતિજ્ઞા કહી સંભળાવી. મહારાજ કાળસંવર પોતાની રાણી સાથે ચર્ચા કરીને ચાલવા તૈયાર તો થઈ ગયા પણ તેમનું મન પૂર્વકૃતિને કારણે થોડું વ્યાકુળ હતું. અંતે વિશાળ સેના સાથે અનેક કન્યાઓને લઈને તથા રતિકુમારીને તેના પિતા સાથે લઈને દ્વારિકા પહોંચ્યા. તેમના આવવાના સમાચાર સાંભળીને શ્રીકૃષ્ણ, રુક્મણી અને પ્રદ્યુમ્નકુમાર સામે લેવા ગયા. મોટા ઉત્સવ સાથે તેમનો નગર પ્રવેશ કરાવ્યો.

ત્યારબાદ વનમાં પ્રદ્યુમ્નકુમારના રતિકુમારી તથા ઉદધિકુમારી સહિત પાંચસો કન્યાઓ સાથે વિધિપૂર્વક વિવાહ થયા. વિવાહ પત્યા બાદ બધાએ નગરપ્રવેશ કર્યો. મહારાજ કાળસંવર અને રાણી કનકમાલા ઘણો સમય ત્યાં દ્વારિકામાં જ રહ્યા. એક દિવસ મહારાજ કાળસંવરે હાથ જોડીને શ્રીકૃષ્ણજી પાસે પોતાના નગરમાં પાછા ફરવાની આજ્ઞા માગી. ત્યારે શ્રીકૃષ્ણજીએ બંધુઓ તથા રુક્મણી સહિત ખૂબ સ્નેહપૂર્વક કહ્યું કે પ્રદ્યુમ્નના સાચા માતા-પિતા તમે જ છો તેથી તેના વિષે પણ તમારે જે નિર્ણય કરવો હોય તે ખુશીથી કરજો.

ત્યારબાદ રાજા-રાણી સહિત બધા વિદ્યાધરોને યથાયોગ્ય ભેટ આપી થોડે સુધી વિદાય કરવા ગયા. મોહવશ પ્રદ્યુમ્ન થોડો વધારે આગળ સુધી ચાલ્યો ગયો. પછી માતા-પિતાને પ્રણામ કરીને પાછો પોતાની નગરી દ્વારિકામાં આવી ગયો. પ્રદ્યુમ્નએ સુખસાગરમાં મગ્ન રહેતાં જતો સમય ન જાણ્યો.

ત્યારબાદ સત્યભામાએ પણ અનેક ઉત્તમકુળની કન્યાઓની માગણી કરીને બોલાવી અને તેમનો ભાનુકુમારની સાથે વિવાહ કર્યો. ભાનુકુમારે પણ પોતાની સ્ત્રીઓની સાથે સુખમાં વીતતો કાળ ન જાણ્યો.

**સંસારમાં જે કાંઈ ચિંતનીય તથા અમૂલ્ય પદાર્થ છે તે બધા પુણ્યથી જ પ્રાપ્ત થાય છે. સ્વજનોથી મેળાપ થવો, ચિંતિત, પાપરહિત તથા ઉત્તમ અર્થની પ્રાપ્તિ થવી તથા રાત-દિવસ દેવો અને મનુષ્યો દ્વારા સેવા પામવી તે બધા પુણ્યરૂપ વૃક્ષના ફળ છે. ધર્મથી-પુણ્યથી અનેક પ્રકારના સુખ મળે છે, નિર્મળ કીર્તિ થાય છે, વિવેક પ્રાપ્ત થાય છે તથા પુણ્ય જ સંસારના ક્લેષ આદિ તાપને હરણ માટે ચંદ્રમા સમાન સૌમ્ય છે. તેથી હે બુદ્ધિમાનો! જિન ભગવાને કહેલાં અતિશય કલ્યાણરૂપ ધર્મની ઉપાસના કરો.**

પ્રદ્યુમ્નકુમારના પૂર્વભવનો નાનો ભાઈ કૈટભ સોળમાં સ્વર્ગમાં હતો જ્યાં અનેક દેવો તેની સેવા કરતાં હતા. એક દિવસ જયારે તે પોતાના વિમાનમાં શાંતિપૂર્વક બેઠો હતો ત્યારે તેને સીમંધર ભગવાનના દર્શન કરવાના ભાવ થયા. તે તરત જ વિદેહક્ષેત્રમાં કે જ્યાં સીમંધર ભગવાન સમવસરણમાં બિરાજમાન હતાં ત્યાં પહોંચી ગયો. ત્યાં જઈને તેણે ભગવાનની દિવ્યધ્વનિનો લાભ લીધો. તેને પોતાના પૂર્વભવો જાણવાનો વિકલ્પ આવ્યો અને ભગવાનની વાણીમાં તેના ઉત્તરરૂપે બ્રાહ્મણના ભવથી લઈને ઈન્દ્ર સુધીના ભવોનું વર્ણન આવ્યું. દેવરાજને પાછો વિકલ્પ થયો કે પૂર્વનો મારો ભાઈ અત્યારે ક્યાં છે? અને મારો તેની સાથે મેળાપ થશે કે નહીં? તેના ઉત્તરરૂપે ભગવાનની વાણીમાં આવ્યું કે તારો પૂર્વનો ભાઈ અત્યારે દ્વારિકા નગરીમાં શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન તરીકે છે. તું પણ થોડા કાળમાં શ્રીકૃષ્ણના પુત્ર અને પ્રદ્યુમ્નના નાના ભાઈ તરીકે જન્મ લઈશ.

ભગવાનના મુખેથી પોતાના ભાવિ પિતા અને ભાઈને મળવાની વિગત જાણીને તે દેવરાજ દ્વારિકા નગરીમાં પહોંચ્યા. ત્યાં પહોંચી સભામાં જઈ શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને પોતાના જન્મનો વૃત્તાંત અને પ્રદ્યુમ્ન સાથેના પૂર્વના સંબંધની વાત કહીને એક દેવોપનિત દુર્લભ હાર આપતાં કહ્યું કે હે મહારાજ! તમે અમુક દિવસે અમુક સમયમાં મહારાણી સાથે સહવાસ કરજો તથા તે સમયે આ હાર મહારાણીને આપજો; તે જ સમયે હું સ્વર્ગમાંથી ચ્યુત થઈને મહારાણીના ગર્ભમાં આવીશ.

દેવરાજની વાત સાંભળી શ્રીકૃષ્ણ હર્ષિત થયા પણ તેમને ચિંતા થઈ કે પ્રદ્યુમ્નનો નાનો ભાઈ કોના ગર્ભમાં લાવું? તેમને વિચાર આવ્યો કે પ્રદ્યુમ્ન અને સત્યભામાને ભારે દ્વેષ રહે છે. તેથી જો પ્રદ્યુમ્નનો નાનો ભાઈ સત્યભામાના ગર્ભમાં આવે તો પ્રદ્યુમ્ન અને સત્યભામા વચ્ચે દ્વેષભાવ મટીને એકબીજા માટે પ્રેમ થાય. આમ વિચારી તેમણે તે સ્વર્ગના જીવને સત્યભામાના ગર્ભમાં લાવવાનું નક્કી કર્યું. પ્રદ્યુમ્નકુમારના ભયથી આ ગુપ્ત વિચાર તેમણે કોઈને પણ ન કહ્યો.

વિદ્યાઓ દ્વારા ભાઈના ઉત્પન્ન થવાની તથા હાર આદિ બધી વાતની પ્રદ્યુમ્નકુમારને ખબર પડી ગઈ. તે ખુશ થઈને ખૂબ એકાંતમાં પોતાની માતાના મહેલમાં ગયો અને વિનયથી નિવેદન કર્યું કે હે માતા! મારો નાનો ભાઈ કૈટભ જે સાત ભવથી મરી સાથે ભ્રમણ કરી રહ્યો છે તે અત્યારે સોળમાં સ્વર્ગમાં દેવનો ઇન્દ્ર છે અને થોડા જ દિવસોમાં મારા પિતા શ્રીકૃષ્ણ મહારાજના પુત્રરૂપે જન્મ લેવાનો છે. જોકે મારા પિતા તે પુત્ર સત્યભામા મહારાણીને આપવા ચાહે છે, તેમ છતાં જો આવો સર્વગુણસંપન્ન પુત્ર પ્રાપ્ત કરવાની તને ઇચ્છા હોય તો તે પુત્રનું હું તારા ગર્ભમાં અવતરણ કરાવી શકું છું.

પુત્રની વાત સાંભળીને રુક્મણીએ કહ્યું કે બેટા! મારે તો તું એક જ બસ છે કારણ કે તારા જેવો તું જ છે. સૂર્ય સમાન કોણ હોઈ શકે? અને આમ પણ તે તારા અધિકારની વાત નથી. માતાના વચનો સાંભળી કુમારે કહ્યું કે હે માતા! એ મારા અધિકારની વાત છે. જે સમયે મહારાજ સત્યભામા મહારાણીને બોલાવશે તે જ સમયે હું તને કૃત્રિમ સત્યભામા બનાવીને તેમની પાસે મોકલી દઈશ.

રુક્મણીએ કહ્યું કે બેટા! સંસારમાં મને એક તું જ પુત્ર બસ છે. જો તું મારો પુત્ર છે તો હું તને કહું એમ કર. જાંબુવતી રાણી મારી શોંક છે તોપણ મને પ્યારી છે. તારા પિતાને તેની સાથે ઘણો વિરોધ છે. તારા પિતા તેને નથી ચાહતા. જો તું આ દેવના જીવનું અવતરણ તે જાંબુવતીના ગર્ભમાં કરાવી આપે તો તારા પિતા અને તેનો વિરોધ મટી જાય. ઉત્તમ પુરુષોની વિભૂતિ પરાયા ઉપર ઉપકાર કરવા સમર્થ હોય છે માટે જેમ બને તેમ તેના દુઃખનું નિવારણ કર. ''માતાના વચન માનીશ અને નિશ્ચયથી તે જ પ્રમાણે કાર્ય કરીશ'' એમ કહીને અને નમસ્કાર કરીને કુમાર જાંબુવતીના મહેલમાં ગયો.

જાંબુવતીના મહેલમાં જઈને પ્રદ્યુમ્ન કુમારે, પોતાની માતાને જે વાત કહી હતી તે બધી વાત કહી દીધી તથા પોતાની વિદ્યા દ્વારા રૂપ બદલવાની વાત પણ કહી દીધી. તે સાંભળીને જાંબુવતીને ઘણો સંતોષ થયો. તેણે કહ્યું કે બેટા! તું ઉત્તમ છે, બુદ્ધિમાન છે; તને જેમ રુચે તેમ કર. આ પ્રમાણે સ્વીકારતાનો ઉત્તર સાંભળીને પ્રસન્ન થઈને કુમાર પોતાના મહેલ જતો રહ્યો. આ બાજુ જાંબુવતી તે સુખસમયની રાહ જોતી રહેવા લાગી.

દેવરાજે કહેલો દિવસ આવ્યો. શ્રીકૃષ્ણજી પોતાની પૂર્વ ઇચ્છાનુસાર સત્યભામાને આવવાનું નિવેદન કરીને વનક્રીડા કરવા માટે ગયા. આ બાજુ પ્રદ્યુમ્નકુમારે પણ જાંબુવતીના ઘરે જઈને તેનું રૂપ બદલવાવાળી દેવોપનિત મુદ્રિકા આપી જેના પ્રભાવથી જાંબુવતીએ પોતાનું રૂપ બદલીને સત્યભામાનું અચરજકારીરૂપ બનાવી લીધું. કુમારે કહ્યું કે હે માતા! જે સમયે તમારું કાર્ય સિદ્ધ થઈ જાય તે જ સમયે તમારું પ્રકૃતરૂપ ધારણ કરી લેજો. આમ કહીને કુમારે તેને પાલખીમાં

બેસાડી અને થોડા સેવકો સાથે વનમાં મોકલી દીધી કે જ્યાં શ્રીકૃષ્ણ મહારાજ બિરાજમાન હતા. શ્રીકૃષ્ણ મહારાજ તેને જોઈને ખૂબ ખુશ થયા અને તેને સત્યભામા જ સમજીને પેલો દેવોપનિત હાર જાંબુવતીને આપ્યો અને જાંબુવતીને ખુશ કરીને તેની સાથે રતિક્રિયા કરી. પોતાનું કાર્ય સિદ્ધ થઈ જતાં તરત જ જાંબુવતીએ પોતાનું પ્રકૃતરૂપ ધારણ કરી લીધું. એ જ વખતે દેવનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને જાંબુવતીના ગર્ભમાં આવી ગયો. શ્રીકૃષ્ણ જાંબુવતીને જોઈને આશ્ચર્ય પામ્યા અને સમજી ગયા કે આ બધું પ્રદ્યુમ્નકુમારે જ કર્યું છે. તેથી ખુશ થઈને શ્રીકૃષ્ણએ સત્યભામા આવી જાય તે પહેલાં જ તેને વિદાય કરી.

આ બાજુ જાંબુવતી ગઈ અને સત્યભામા આવી. શ્રીકૃષ્ણજી તો સત્યભામાની રાહ જોતાં બેઠા જ હતા. શ્રીકૃષ્ણજીએ થોડીવાર સત્યભામા સાથે પ્રેમાલાપ કર્યો અને પછી સત્યભામાને કોઈ બીજો સુંદર હાર આપ્યો જેને દેવોપનિત હાર જાણીને સત્યભામાએ પહેરી લીધો. રતિક્રીડાના અંતે સ્વર્ગમાંથી કોઈ દેવ ચ્યવીને તેના ગર્ભમાં આવ્યો.

સત્યભામા અને જાંબુવતીને ગર્ભ વધતાં જે કોઈ ઈચ્છા થતી તેને ભાનુકુમાર તથા પ્રદ્યુમ્નકુમાર પુરી કરતાં. દિવસો પૂરા થતાં બંનેને ત્યાં સુંદર પુત્રનો જન્મ થયો. જાંબુવતીના પુત્રનું નામ શંબુકુમાર પડ્યું તથા સત્યભામાના પુત્રનું નામ સુભાનુ. તેમના સાથે જ શ્રીકૃષ્ણ મહારાજના સારથીને સુદારક નામનો પુત્ર થયો, મહામંત્રીને બુદ્ધિસેન નામનો પુત્ર જન્મ્યો તથા સેનાપતિને જયસેન નામનો પુત્ર થયો. આ બધા બાળકો એક સાથે રમતા મોટા થયા અને બધી વિદ્યાઓમાં પારંગત થયા.

એક દિવસની વાત છે કે રાજસભા ભરાયેલી હતી અને તેમાં બળદેવજી પાંડવોની સાથે દ્યુત રમી રહ્યા હતા. તે સમયે બંને કામકુમાર સભામાં આવ્યા તથા વડીલોને પ્રણામ કરીને શંબુકુમાર તો પ્રદ્યુમ્નની પાસે જઈને બેઠો તથા સુભાનુકુમાર તે ભાનુકુમારની પાસે જઈને બેસી ગયો. બળદેવજીના આગ્રહથી તથા બંને મોટાભાઈઓની અનુમતિથી શંબુકુમાર તથા સુભાનુકુમાર પણ દ્યુત રમવા બેસી ગયા. પહેલાં તેમણે એક કરોડ મહોરની બાજી લગાડી તેમાં શંબુકુમાર જીત્યો અને સુભાનુ હારી ગયો. તે એક કરોડ મહોર શંબુકુમારે ગરીબોને આપી દીધી. આમ કરતાં કરતાં ધીરે ધીરે સુભાનુ પોતાની માતા સત્યભામા પાસે જેટલી મહોર હતી તે બધી જ હારી ગયો અને શંબુકુમારે તે બધી જીતેલી મહોર ગરીબ લોકોમાં વહેંચીને પોતે પ્રજાનો લાડલો બની ગયો, ખૂબ જ ખ્યાતિ મેળવી.

શંબુકુમારના કાર્યોથી બળદેવજી અને પાંડવોએ આગ્રહ કર્યો કે કુમારને હવે કોઈ મોટું કાર્ય સોંપો. શ્રીકૃષ્ણજીએ થોડીવાર વિચારીને એક મહિના માટે શંબુકુમારને રાજ્ય આપ્યું. બીજા દિવસે શંબુકુમાર સંપૂર્ણ રાજાઓ સહિત રાજ્યસભામાં આવ્યો અને આનંદથી સિંહાસન ઉપર

બિરાજમાન થયો. બલભદ્ર, પાંડવ, ભાનુ, સુભાનુ આદિ બધાએ તેને નમસ્કાર કર્યા. આ પ્રમાણે તે ત્રણખંડ પૃથ્વીનો સ્વામી થઈ રાજ્ય કરવા લાગ્યો.

શંબુકુમાર પોતાની સાથે જન્મેલા મિત્રોની સાથે બીજાને અતિશય દુર્લભ એવા ઇન્દ્રિયજન્ય સુખ ભોગવતો એક પાપકાર્યમાં પ્રવૃત્ત થઈ ગયો. પોતાના મિત્રોની સાથે કુલિન સ્ત્રીઓના ઘરમાં જતો અને બળાત્કારથી તેમનું શીલભંગ કરતો. માણસોને મોકલીને સ્ત્રીઓનું સારું-ખરાબ રૂપ નક્કી કરાવીને પછી રાત્રે જઈને સ્ત્રીઓનું શીલભંગ કરતો. આ પ્રકારના દુરાચરણથી નગરમાં રહેવાવાળા બધા લોકો અતિશય દુઃખી થઈ ગયા. સ્ત્રીઓનું શીલભંગ થવું તેનાથી મોટું દુઃખ ક્યું હોય? અંતે બધા લોકો રાજમહેલમાં ગયા અને શ્રીકૃષ્ણજીને કહ્યું કે હે નાથ! શંબુકુમાર કુલિન સ્ત્રીઓનું શીલભંગ કરવા લાગ્યા છે તેથી અમે દ્વારિકા છોડીને બીજે ક્યાંક જઈને રહીશું તથા જ્યારે તમારું રાજ્ય થશે ત્યારે પાછા આવી જશું. શ્રીકૃષ્ણજીએ કહ્યું કે હે મહાજનો! થોડા દિવસ હજી રોકાઈ જાવ. જ્યાં સુધી હું મારા વચનથી દીધેલું રાજ્ય પાછું ન મેળવી લઉં ત્યાં સુધી તમે ખૂબ બંદોબસ્તથી રહો. જ્યારથી હું રાજસભામાં જવા લાગીશ ત્યારથી તમારું કલ્યાણ થશે. આશ્વાસનના વચન સાંભળીને લોકો પોતાના ઘરે ખૂબ બંદોબસ્તથી રહેવા લાગ્યા.

**જુઓ પરિણામોની વિચિત્રતા! જે જીવ આ જ ભવમાં મોક્ષ જવાનો છે તેમજ સાગરોપમ કાળ સુધી સ્વર્ગમાં ભોગ ભોગવીને આવ્યો છે તે જ જીવ વિષયલંપટી બનીને પરાઈ સ્ત્રીનું શીલભંગ કરે છે! એ જ શંબુકુમાર થોડા સમયમાં જ આત્મસ્વરૂપની લીનતાથી આઠ કર્મોનો નાશ કરીને મુક્તિસુંદરી સાથે રમણ કરશે!**

**આ પ્રસંગ ઉપરથી ખ્યાલ આવે છે કે એક એક સમયના પરિણામ કેટલા નિશ્ચિત છે! સમ્યગ્દષ્ટિ જીવ હોવા છતાં જુગાર અને પરસ્ત્રીસેવન જેવા હીણા પાપ કરી બેસે છે. બરાબર છે કે મિથ્યાત્વ-સંસાર-કષાયભાવ જે એક સમયની પર્યાયમાં છે અને એક સમયનું જ જેનું અસ્તિત્વ છે તે જ્યાં ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરીને તેમાં લીન થયો ત્યાં તેનું અસ્તિત્વ જ નથી રહેતું.**

**એક સમયની પર્યાયમાં પર્યાયની પોતાની યોગ્યતાથી વિકાર ઉત્પન્ન થયો હતો તે વિકાર ત્રિકાળ દ્રવ્યનું લક્ષ કરતાં, નષ્ટ થઈને શુદ્ધભાવ પ્રગટ થયો.**

**માટે જો પોતાનાથી કોઈ ભૂલ થઈ જાય તો તે ભૂલને શાશ્વત માની હિણપ ન અનુભવતાં, સ્વચ્છંદી ન થતા, તે ભૂલને ભૂલી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવો તથા બીજો જીવ પણ જો પાપ-ભૂલ કરી બેસે તો તેને પણ પાપી ન સમજતાં એક સમયનો ભૂલેલો ભગવાન જાણી કરુણા કરવી.**

જ્યારે એક મહિનો થઈ ગયો ત્યારે શ્રીકૃષ્ણજી સભામાં આવ્યા અને પોતાનું રાજ્ય પ્રાપ્ત

કરીને શંબુકુમારને કહ્યું કે હે પાપી! તારે મારા રાજ્યમાં એક ક્ષણ પણ ન રહેવું જોઈએ. તું એવી જગ્યાએ જતો રહે કે જ્યાંથી તારું નામ પણ ન સાંભળવા મળે. તે જ સમયે શંબુકુમાર નમસ્કાર કરી સભા છોડીને ચાલ્યો ગયો. પ્રદ્યુમ્નકુમારે પિતાને પૂછ્યું કે હે તાત! શંબુકુમાર હવે ક્યારેય પાછો આવી શકશે કે નહીં? પિતાએ કહ્યું કે હા, આવી શકશે; જો સત્યભામા હાથી ઉપર બેસીને તેની સામે જઈને પ્રસન્નતાથી તેને લાવશે તો મારી સામે આવી શકશે, નહીં તો નહીં.

શંબુકુમાર રાજસભાથી નીકળીને પોતાની માતાના મહેલમાં જઈ નમસ્કાર કરીને પ્રદ્યુમ્નકુમારના આદેશ પ્રમાણે સત્યભામાના વનમાં ગયો. ત્યાં જઈને તેણે એક યુવતી સ્ત્રીનું રૂપ બનાવ્યું. સર્વાંગસુંદર અને નવયૌવન સ્ત્રીનું રૂપ બનાવીને શંબુકુમાર તે નિર્જન વનમાં બેઠો હતો ત્યાં જ સત્યભામા ત્યાં પહોંચી. સત્યભામાએ તેની પાસે જઈને પૂછ્યું કે હે બેટી! મને બતાવ કે તું આવા નિર્જન વનમાં એકલી કેમ બેઠી છે? તું તો દેવકુમારી જેવી સુંદર કન્યા છે.

કન્યાએ સત્યભામાને કહ્યું કે હે માતા! હું એક રાજકન્યા છું. હું મારા મામાને ઘરે રહેતી હતી. ત્યાં મને યુવાન થયેલી જાણીને મારા પિતા મારા વિવાહ કરવા માટે લેવા આવ્યા હતા. તેઓ ખૂબ મોટી સેના સાથે એક પાલખીમાં મને બેસાડીને રાત્રીના સમયે અહીં જ રોકાયા હતા. રાત્રિના બધા સૂઈ ગયા હતા પણ મને મામાની યાદ આવવાથી ઊંઘ આવતી ન હોઈ હું પાલખીમાંથી ઉતરીને ધરતી ઉપર સૂઈ ગઈ હતી. અર્ધરાત્રીએ જ્યારે પિતાએ આરામ કરી લીધો ત્યારે તેઓ પાલખી લઈને રવાના થઈ ગયા પણ હું પાલકીને બદલે નીચે સૂતી છું એમ ન જાણ્યું. હવે આ નિર્જન વનમાં હું એકલી રહી ગઈ છું. હું એ પણ નથી જાણતી કે તેઓ ક્યા માર્ગથી ગયા છે. તેથી હે માતા! લાચાર થઈને હું અહીં પડી છું. હજી સુધી મારા વિવાહ નથી થયા.

તે અનૂઢા અર્થાત્ કુંવારી કન્યાને રુપવતી અને ગુણવતી જાણીને સત્યભામા તેની નજીક બેસી અને બોલી કે હે અનૂઢે! તું જો મારા પુત્ર સુભાનુકુમાર સાથે વિવાહ કરે તો હું તને મારા મહેલમાં લઈ જાવ અને તારી ખૂબ સેવા કરાવીશ. એના ઉત્તરમાં કન્યાએ લજ્જિત થઈને કહ્યું કે એ તો નિશ્ચય છે કે મારા પિતા પણ મને ક્યાંક તો આપેત જ. તો પછી તમે તો શ્રીકૃષ્ણની પટ્ટરાણી હોઈ આપના પુત્ર સાથે મારા વિવાહ થવામાં શું દોષ હોઈ શકે? કન્યાના વચન સાંભળી સત્યભામા તેને પોતાના મહેલમાં લઈ ગઈ અને તેની ખૂબ સેવા કરાવા લાગી.

થોડા સમય બાદ યુક્તિપૂર્વક મંત્રીઓને કન્યાની યાચના કરવાના બહાને બહાર મોકલ્યા. તેથી લોકોએ જાણ્યું કે સુભાનુકુમાર માટે મંત્રીઓ કન્યાની યાચના કરવા ગયા હતા તે સફળતાપૂર્વક પાછા આવ્યા છે. પછી ગુપ્ત રીતે સત્યભામાએ તે કન્યાને નગર બહાર પહોંચાડી અને પોતે હાથી ઉપર બેસીને તેને લેવા નગર બહાર નીકળી. તે કન્યાને પોતાની ગોદમાં બેસાડીને

મોટા ઉત્સવ સાથે ચોકમાં થઈને પોતાના મહેલમાં આવી. લગ્નનો સમય થઈ ગયો હતો અને સુભાનુકુમાર તૈયાર હતો. દાસીઓએ કન્યાની જે જે માંગલિક ક્રિયા હોય તે કરી. ત્યાં સુધી તો કન્યા જેવી હતી તેવી જ રહી. જ્યાં પાણિગ્રહણનો સમય આવ્યો કે કન્યાએ વિકરાળ વાઘનું રૂપ લઈને સુભાનુકુમારને પંજાથી એવો માર્યો કે તે મૂર્છિત થઈને ધરતી ઉપર પડ્યો. આવું કૌતુક રચીને વ્યાઘ્રવેષધારી શંબુકુમાર હસતો હસતો શ્રીકૃષ્ણની સભામાં પહોંચ્યો તેને જોઈને શ્રીકૃષ્ણજીને અચરજ થયું. પછી તે બધી પ્રદ્યુમ્નની લીલા જાણી શંબુકુમારને આશ્વાસન આપી બેસાડ્યો. આ ચરિત્રથી શંબુકુમારની માતા અતિ આનંદિત થઈ અને સત્યભામા દુઃખી થઈ. સત્યભામાએ એક દૂતને પોતાના પિતાને ત્યાં સુભાનુકુમાર માટે કન્યાની માગણી કરવા મોકલ્યો જેથી પિતાએ સો સુંદર કન્યા મોકલી. સો કન્યા મેળવીને સુભાનુકુમાર આનંદિત થઈને તેમની સાથે આનંદક્રીડા કરવા લાગ્યો.

પ્રદ્યુમ્નકુમારે પણ શંબુકુમાર માટે પોતાના મામાની કન્યાઓની યાચના કરી કે જે અતિ સુંદર હતી. પણ મામાએ કન્યા આપવાની ના પાડતાં પ્રદ્યુમ્નકુમારે પોતાની વિદ્યાના બળથી મામાની બધી કન્યાઓને હરી લીધી. મંત્રીઓના સમજાવવાથી રુપ્યકુમારે યુદ્ધ ન કર્યું. દ્વારિકામાં પાછા આવીને પ્રદ્યુમ્નકુમારે તે બસો કન્યાઓના મોટા ઉત્સવ સાથે શંબુકુમાર સાથે વિવાહ કર્યા.

થોડા સમય બાદ પ્રદ્યુમ્નકુમારને તેમની રતિ નામની સ્ત્રીથી અનિરુદ્ધ નામનો પુત્ર થયો અને શંબુકુમારને પણ સો પુત્રો થયા. તે બધા સાથે રમતા કરતાં યુવાન થયા અને સર્વ વિદ્યાના પારગામી થયા.

**હે ભવ્યજનો! તમારે આ બધા સુખોને પુણ્યનું ફળ સમજીને પાપકાર્ય છોડી દેવું જોઈએ અને પુણ્યનો સંગ્રહ કરવો જોઈએ. ત્રણલોકમાં કોઈ પણ એવો પદાર્થ નથી જે પુણ્યથી પ્રાપ્ત ન થઈ શકતો હોય તથા પાપથી કોઈ એવું દુઃખ નથી જે ન ભોગવવું પડતું હોય! આવા લોકો પાપ કરવાથી પોતાનું પેટ ભરવા માટે જ રાત-દિવસ ચિંતિત રહે છે, વસ્ત્ર અને ભોજન વગર ધરતી ઉપર પડ્યા રહે છે, શરીર છોલાઈ જાય છે, બીજાના ઘરે નોકરી કરવી પડે છે, રૂપ-લાવણ્ય રહિત હોય છે, દીન હોય છે, ઠંડી-ગરમી સહન કરે છે અને જગ્યાએ જગ્યાએ તિરસ્કાર પામે છે. ધર્મથી સુખ, નિર્મળતા, સજ્જનતા અને સૌમ્યતા પ્રાપ્ત થાય છે. એમ જાણીને ભવ્યજનોએ નિરંતર જિનધર્મનું સેવન કરવું જોઈએ.**

ત્યારબાદ શ્રીકૃષ્ણ નારાયણે વિદ્યાધર અને મનુષ્ય જેની સેવા કરતા હતા તેવા જરાસંઘને યુદ્ધમાં મારી અને સુદર્શન ચક્ર પ્રાપ્ત કરી નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યા. કૌરવ-પાંડવોનું યુદ્ધ પણ થઈ ગયું જેમાં કૌરવોનો ક્ષય થઈ ગયો.

એક દિવસ શ્રીકૃષ્ણજી, બળદેવ અને પ્રદ્યુમ્નકુમાર સાથે સભામાં બિરાજમાન હતા.

એટલામાં કુમાર નેમિનાથ પોતાના મિત્રો સાથે સભામાં આવી પહોંચ્યા. ભગવાનની ભક્તિ કરવાવાળા બધા ઊભા થઈ ગયા. શ્રીકૃષ્ણજીએ તેમને પોતાની એકદમ નજીક ઉત્કૃષ્ટ સિંહાસન આપ્યું. જ્યારે બધા બેસી ગયા ત્યારે શૂરવીરોના બળની ચર્ચા થવા લાગી.

કોઈએ કહ્યું કે મહારાજ વસુદેવ બળવાન છે, કોઈએ કહ્યું કે બળદેવજી બળવાન છે, કોઈએ પ્રદ્યુમ્ન તથા કોઈએ ભાનુકુમાર તો કોઈએ પાંડવોનું નામ લીધું. કોઈએ કહ્યું કે મહારાજ શ્રીકૃષ્ણ સમાન બળવાન ન કોઈ છે અને ન કોઈ થશે. બધાની વાત સાંભળી બળદેવજી બોલ્યા કે અરે! તમે બીજા શૂરવીરોની શું વાત કરો છો? જ્યાં શ્રી નેમિકુમાર સ્વયં બિરાજમાન છે ત્યાં બીજાની વાત યોગ્ય નથી. મેરુપર્વત અને સરસોના દાણામાં જેટલું અંતર હોય છે તેટલું જ શ્રી નેમિકુમાર અને બીજા શૂરવીરોમાં છે. જ્યારે સંસારમાં તેમના સમાન બીજો શૂરવીર છે જ નહીં તો પછી હું, શ્રીકૃષ્ણ કે બીજા સુભટોની શું ગણતરી! જ્યારે બળદેવજી આ પ્રમાણે પ્રશંસા કરતાં હતા ત્યારે શ્રી નેમિકુમાર નિર્માનતાથી નીચે જોઈ ગયા.

તે સમયે શ્રીકૃષ્ણજીએ હસતાં હસતાં શ્રી નેમિકુમારને કહ્યું કે ચાલો આપણે અહીં મલ્લયુદ્ધ કરીએ. આમ કહીને શ્રીકૃષ્ણજી તૈયાર થઈ ગયા. શ્રી નેમિકુમારે કહ્યું કે આ કાર્ય સજ્જનોને યોગ્ય નથી. હા, આ મારો પગ સિંહાસન ઉપર રાખેલો છે તે તમે ત્યાંથી હટાવી દો. નેમિકુમારના આ વચનો સાંભળી શ્રીકૃષ્ણજી કમર કસીને એકદમ ઊઠ્યા અને વેગથી બધી શક્તિ લગાવીને તે વીરશિરોમણિનો પગ હટાવવા લાગ્યા, પરંતુ પગ જરા પણ ન હટ્યો ત્યારે બળવાન શ્રીકૃષ્ણજીએ ફરી ખૂબ શક્તિ લગાવીને મહેનત કરી પરંતુ આ વખતે પણ રંચમાત્ર પણ પગ હટ્યો નહીં. ત્યારે શ્રીકૃષ્ણજી ખૂબ જ વ્યાકુળ થઈ ગયા.

ભાઈને વ્યાકુળ થયેલા જોઈને શ્રી નેમિકુમારે કહ્યું કે હે જનાર્દન! પગને જવા દો, આ મારા ડાબા હાથની ટચલી આંગળીને સીધી કરો. ત્યારે ફરી શ્રીકૃષ્ણજી પોતાની બધી તાકાત લગાવીને બંને હાથ વડે તે આંગળી ઉપર લટકી ગયા પણ કાંઈ ફળ ન મળ્યું. નેમિકુમારે વિનોદથી હાથ ઊંચો કરીને તેમને હવામાં લટકાવી દીધા. શ્રીકૃષ્ણજીને તે સમયે ગુસ્સો તો ઘણો આવ્યો હતો પણ ગુસ્સાને છુપાવીને તેમણે પોતાના ભાઈની શક્તિના વખાણ કર્યા. ત્યારબાદ બધા પોતપોતાના મહેલમાં ચાલ્યા ગયા.

પોતાના મહેલમાં આવ્યા બાદ પણ શ્રીકૃષ્ણના મનને ચેન ન પડ્યું. તેમને ડર લાગ્યો કે શ્રી નેમિકુમાર ઘણા બળવાન હોવાથી પોતાનું રાજ્ય છીનવી લેશે. તેથી તેમણે પોતાની ચિંતા પોતાના મોટાભાઈ બળદેવને કહી. બળદેવજીએ કહ્યું કે હે ભાઈ! તું નકામી ચિંતા કરે છે. શ્રી નેમિકુમાર તો વૈરાગી છે. જો તેમને રાજ્ય જોઈતું હોય તો ક્યારનું લઈ લીધું હોત. તેથી નિશ્ચિંત થા. આટલું કહેવા છતાં પણ જ્યારે શ્રીકૃષ્ણજીને ચિંતિત જોયા ત્યારે એક નિમિત્તજ્ઞાનીને બોલાવીને

એકાંતમાં શ્રી નેમિકુમારનો બધો વૃત્તાંત પૂછ્યો. ત્યારે નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે હે નારાયણ! તમે વ્યર્થ ચિંતા ન કરો. શ્રી નેમિકુમાર રાજ્ય નહીં કરે. તેઓ જલ્દી દીક્ષા લઈ લેશે. જીવોનો વિનાશ જોઈને રાજ્ય છોડી દેશે અને ગિરનાર પર્વત ઉપર જઈ મોક્ષ પ્રાપ્ત કરશે, તેમાં સંદેહ નથી.

વસંતઋતુ આવતાં શ્રીકૃષ્ણજી વનક્રીડા માટે વનમાં જવા ઉત્સુક થયા. પહેલાં તેઓ પોતાની રાણીઓ પાસે ગયા તથા શ્રી નેમિકુમારના વિષયમાં કાંઈક સમજાવી પછી વનમાં જવા નીકળી ગયા. તેમના ગયા બાદ સત્યભામા, રુક્મણી, જાંબુવતી આદિ રાણીઓ શ્રી નેમિકુમાર પાસે ગઈ અને કહ્યું કે હે જિનરાજ! ઊઠો, આ વસંતના સમયમાં તમારા ભાઈ તો ક્યારના વનક્રીડા કરવા નીકળી ગયા છે, તમારે પણ ચાલવું જોઈએ. વૈરાગી શ્રી નેમિકુમારે કહ્યું કે ત્યાં મારું જવું ઉચિત નથી, તમે જાવ. પણ ભાભીઓએ તેમની વાત માની નહીં અને તેમને પરાણે લઈ ગયા.

શ્રીકૃષ્ણજી તે વનમાં પહેલાં જ પહોંચી ગયા હતા. શ્રી નેમિકુમારને આવવાનો સમય જાણીને પોતાની ગોપીઓને પણ જિનકુમારના વિષયમાં કાંઈક સમજાવીને પોતે બીજા વનમાં ચાલ્યા ગયા. તેમના ગયા પછી ગોપીઓએ જિનકુમાર સાથે ઘણો સમય મનોહર ક્રીડા કરી તથા તેમની ભાભીઓએ પણ પતિના કહેવાથી જિનકુમાર સાથે જલક્રીડા કરી. પણ વૈરાગી જિનકુમારને તેમાં ક્યાંય રુચિ ન થઈ. તેઓ વાપિકામાંથી બહાર આવ્યા અને પોતાની ભીની ધોતી ઉતારીને જાંબુવતીને કહ્યું કે હે દેવી! તમે મારી આ ધોતી નીચોવી દો. આ સાંભળી જાંબુવતી ઘણી જ નારાજ થઈ. તેણે કહ્યું કે તમારે મારા ઉપર આવી આજ્ઞા ન કરવી જોઈએ કેમ કે હું શ્રીકૃષ્ણ મહારાજની રાણી છું કે જે ત્રણખંડના સ્વામી છે, જેમણે સુદર્શન નામનું ચક્ર હાથથી ફેરવ્યું છે, જેમણે સારંગ નામના ધનુષને ખેંચીને ગોળાકાર કર્યું છે તથા નાગશય્યા ઉપર આરૂઢ થઈને પાંચજન્ય નામક શંખ વગાડ્યો છે. જો તમને આવો આદેશ કરવાની ઇચ્છા રહેતી હોય તો કોઈ ઉત્તમ કન્યાની માગણી કરીને વિવાહ કેમ નથી કરી લેતા?

જાંબુવતીના આવા ઉદ્ધતાઈભર્યાં વચન સાંભળીને શ્રી નેમિકુમાર ઘણા નારાજ થયા. રુક્મણીએ તેને રોકી અને કહ્યું કે અરી દુષ્ટની! આવું ન બોલ. ત્રણ લોકમાં આમના સમાન કોઈ બળવાન નથી. આમ કહીને રુક્મણીએ તે ધોતી પોતે નીચોવી દીધી. તેમ છતાં નેમિકુમાર તરત જ આયુધશાળામાં પહોંચ્યા, ચક્ર અને ધનુષ લઈને નાગશય્યા ઉપર ચડી ગયા. પછી તેમણે ચક્ર ચલાવી, ધનુષને ખેંચી ગોળાકાર કરી તથા સર્પોનું મર્દન કરી પોતાના નાકથી શંખ વગાડ્યો. તેનો પ્રચંડ અવાજ સાંભળીને શ્રીકૃષ્ણજી દોડતાં આવ્યા અને શ્રી નેમિકુમારને ઉક્ત અવસ્થામાં જોઈને કહ્યું કે હે જિનેશ્વર! આપે સ્ત્રીના વાક્યથી પ્રેરાઈને આ શું કરવાનું ચાલુ કર્યું છે? પછી ત્યાંથી તેમને ઊભા કરી પોતાના મહેલમાં લઈ જઈને સારી રીતે ભોજન આદિથી સંતુષ્ટ કર્યાં.

ત્યારબાદ શ્રીકૃષ્ણજી વિચારવા લાગ્યા કે હવે શું કરવું જોઈએ? ઘણો વખત વિચાર કરીને શ્રીકૃષ્ણજી માતા શિવાદેવીના મહેલમાં ગયા. તેમને પ્રણામ કરી વિનયપૂર્વક બોલ્યા કે હે માતા! શ્રી નેમિકુમાર યુવાન થઈ ગયા છે, વિવાહને યોગ્ય થઈ ગયા છે તેમ છતાં તમે તેમના વિવાહ કેમ નથી કરતાં? તેનું શું કારણ છે? માતા શિવાદેવીએ કહ્યું કે હે જનાર્દન! અમારા વંશમાં તો તું જ પ્રધાન છે, તો પછી આ વિષયમાં મને શું પૂછે છે? આ બધું કર્તવ્ય તો તારું જ છે. આ સાંભળી પ્રણામ કરી નારાયણ પોતાના મહેલમાં પાછા આવી ગયા. આ વિષયમાં પહેલાં બળદેવજીથી વિચારણા કરી પછી મહારાજ ઉગ્રસેનને ત્યાં જઈને તેમની પુત્રી રાજુલની માગણી કરી. પછી તેઓ પોતાના નગરમાં પાછા ફર્યા તથા શ્રી નેમિકુમારના વિવાહની તૈયારીઓ ચાલુ કરાવી દીધી. તે જ સમયે તેમણે સમસ્ત યદુવંશી અને ભોજવંશી આદિ રાજાઓને બોલાવ્યા, જેઓ પોતપોતાની સ્ત્રીઓ સહિત દ્વારિકા નગરી આવી પહોંચ્યા.

ઉગ્રસેન રાજાએ પણ જૂનાગઢમાં પોતાની પુત્રી રાજુલના વિવાહની પૂરી તૈયારી કરી દીધી. ઉગ્રસેન રાજાએ વરને લાવવા માટે ઉત્તમ ઉત્તમ સવારીઓ લઈને પોતાના ઘણા સારા સેવકોને ઉત્તમ આભૂષણોથી સજાવીને મોકલ્યા. સેવકો દ્વારિકા પહોંચી ગયા. તેમનું ખૂબ સ્વાગત કરવામાં આવ્યું. શિવાદેવી, દેવકી, રોહિણી, સત્યભામા, રુક્મણી આદિ બધી રાણીઓએ દ્વારિકામાં જ બધા મંગલ વિધાન કર્યા અર્થાત્ તેઓ જાન સાથે ન ગયા. જે સમયે કુમારની મંગલ આરતી ઉતારવામાં આવતી હતી તે વખતે શિવાદેવીની ઓઢણી દિવાની જ્યોતથી સળગી ગઈ તે માનો કે બધાને કહેતી હતી કે આ ઉત્સવ ન કરો અર્થાત્ જાન ન લઈ જાવ. ત્યારબાદ જાન જુનાગઢ તરફ ચાલી. વરની સાથે સમુદ્રવિજય, વસુદેવ, બળદેવ, શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન, ભાનુ, સુભાનુ આદિ અનેક રાજાઓ ચાલવા લાગ્યા. રસ્તામાં એક બાજુએ અનેક પશુઓ બાંધેલા હતા. તેઓ અતિશય દીનતા ભરેલા કરુણ પોકાર કરતાં હતા. નેમિકુમારે તેના શબ્દો સાંભળ્યા. જીવોનો પોકાર સાંભળીને દયામૂર્તિ નેમિકુમારે સારથીને પૂછ્યું કે આ જીવોનો સમૂહ કેમ બાંધી રાખ્યો છે? સારથીએ કહ્યું કે હે નાથ! યાદવવંશીઓ તેમજ અન્ય રાજા-મહારાજાઓ તો અભક્ષનું સેવન કરતાં નથી પરંતુ કેટલાક ભીલ આદિ નીચકુળના લગ્નમાં આવ્યા છે તેમના માટે તેઓના રક્ષકો દ્વારા આ બધા પ્રાણીઓ બાંધવામાં આવ્યા છે.

સારથીના વાક્યો સાંભળતા જ નેમિકુમારે તરત જ બધા પ્રાણીઓને બંધનથી મુક્ત કર્યા. મનમાં વૈરાગ્યનું ચિંતન કરવા લાગ્યા. તેઓ વિચારવા લાગ્યા કે **આ ગૃહબંધન-ગૃહસ્થમાર્ગ પાપનું કારણ છે. આ જીવોનો ઘાત કરવાવાળા દુષ્ટ લોકો આ હિંસાકર્મથી નરકમાં પડશે જ્યાં ખૂબ જ ભારે વેદના હોય છે. આ બિચારા નિરપરાધી જીવોને કે જેઓ જંગલોમાં રહે છે અને ઘાસ ખાઈને જીવે છે તેમને આ લોકો કેમ મારે છે? જે શૂરવીર પોતાને પગમાં કાંટા ન વાગી જાય તે ભયથી જૂતા પહેરે છે તે જ પાપી દયારહિત થઈને આ જીવોને કેવી રીતે**

**મારે છે? આ ઉત્સવથી જાણી લીધું કે વિવાહનું ફળ સંસાર વધારવાનું છે. પાપોનો આરંભ કરવાવાળા આ અસાર સંસારને ધિક્કાર છે.** આમ ચિંતવન કરતાં હતા તે જ સમયે લૌકાંતિક દેવો આવ્યા અને પ્રભુની વૈરાગ્ય ભાવનાની અનુમોદના કરી અને તેમાં વૃદ્ધિ કરી. લૌકાંતિક દેવો સહિત પ્રભુ દ્વારિકા પહોંચી ગયા.

શ્રીકૃષ્ણજીએ ભગવાનને ઘણા મનાવ્યા અને કહ્યું કે તમે વિવાહ કરી લો. માતા-પિતાએ પણ ઘણું સમજાવ્યું પરંતુ કાંઈ ફળ ન આવ્યું. ભગવાન તે બધાને સંબોધન કરીને સિંહાસન ઉપર બેસી ગયા. ભગવાનના વૈરાગ્યથી સૌધર્મ ઈન્દ્રનું આસન કંપાયમાન થયું. ઈન્દ્રએ અવધિજ્ઞાનથી ભગવાનના વૈરાગ્યનો પ્રસંગ જાણી તરત જ ભગવાન પાસે પહોંચી ગયા. તેમણે ખૂબ મોટા ઉત્સવ સાથે ભગવાનનો અભિષેક કર્યો, સુગંધિત મલયાગર ચંદનનું વિલેપન કર્યું, કલ્પવૃક્ષોના ફૂલોથી પૂજન કર્યું તથા સ્તુતિ કર્યા ત્યારબાદ સોળ પ્રકારના આભરણોથી શોભાયમાન શ્રી જિનભગવાન સ્વયં ચાલીને પાલખીમાં બેઠા. તે પાલખીને લઈને પ્રથમ સાત પગલા રાજા ચાલ્યા અને ત્યારબાદ દેવો આકાશમાર્ગથી લઈ ગયા. દ્વારિકાના લોકો, ભૂમિગોચરી તથા વિદ્યાધર રાજાઓ પણ પાલખીની પાછળ રૈવતક પર્વત અર્થાત્ ગિરનાર પર્વત તરફ ચાલ્યા. આ બાજુ જ્યારે રાજુલને સમાચાર મળ્યા ત્યારે તે પણ પગલે-પગલે આક્રંદન કરતી–વિલાપ કરતી પાછળ–પાછળ ચાલી.

ગિરનાર પર્વત ઉપર પહોંચી સહસ્રામ્ર વનમાં જઈને ભગવાને મહાન કાર્ય કર્યું અર્થાત્ મસ્તકના બધા વાળ પાંચ મુટ્ઠીથી લોંચ કરી ઉખાડી નાખ્યા અને "નમઃ સિદ્ધેભ્યઃ" કહીને સંપૂર્ણ આભરણ આદિક છોડી દીધા અર્થાત્ નગ્ન દિગંબર થઈ ગયા. (તીર્થંકરના જીવને કોઈ દીક્ષાગુરુ નથી હોતા. તેથી તેઓ જાતે જ દીક્ષા લે છે. (આ નિયમ છે.) સુર-અસુર ધન્ય ધન્ય કહીને સ્તુતિ કરવા લાગ્યા. નેમિ મુનિશ્વર તો પોતાના ધ્યાનમાં લીન થઈ ગયા. તેમની સાથે એક હજાર રાજાઓએ પણ દીક્ષા લીધી. ભગવાનના કેશ ઈન્દ્રએ ક્ષીરસાગરમાં વહાવી દીધા. આ પ્રકારે ત્રીજો તપકલ્યાણક મનાવી ઈન્દ્ર સ્વર્ગમાં જતો રહ્યો.

મુનિવરે ત્રીજા દિવસે ધ્યાન છોડી દ્વારિકામાં આવીને બ્રહ્મદત્તને ત્યાં પારણું કર્યું. ખીરના ભોજનથી વિધિપૂર્વક પારણું થઈ જતાં દેવોએ બ્રહ્મદત્તના ઘરે પંચાશ્ચર્યની વર્ષા કરી. ત્યારબાદ, ભગવાન રૈવતક પર્તવ પર પાછા આવ્યા અને ચાર ઘાતિયા કર્મોને ક્ષય કરવા માટે ધ્યાન લગાવીને બિરાજમાન થઈ ગયા.

આ બાજુ વિલાપ કરતી અને નેમિનાથનું ધ્યાન કરતી રાજુલ પોતાને ઘેર પાછી ફરી. જ્યારે તેણે જોયું કે ભગવાન દીક્ષિત થઈ ગયા છે ત્યારે તેણે પણ સંયમ અંગીકાર કરવાનો

દૃઢ નિર્ણય કરી લીધો. ઘરે આવતા તેને પિતાએ સમજાવ્યું કે બેટી! હવે તું દુ:ખી ન થા. હું કોઈ બીજા રાજા સાથે તારા વિવાહ કરાવી દઈશ. ત્યારે રાજુલે કહ્યું કે પિતાજી! હું નેમિકુમારને છોડીને બીજા બધા રાજાઓને તમારા સમાન ગણું છું. નેમિકુમાર સિવાય મારો કોઈ પતિ ન થઈ શકે. આ સાંભળી ઉગ્રસેન દુ:ખી થઈ ગયા. રાજુલ નેમિનાથનું ધ્યાન કરતી દિવસો વ્યતીત કરવા લાગી.

આ બાજુ નેમિનાથ મુનિવરે આત્માનું આત્મામાં ધ્યાન લગાવીને ક્ષપક શ્રેણી પર આરુઢ થઈને ચાર ઘાતિકર્મોનો નાશ કરીને લોકાલોકને પ્રકાશવાવાળું કેવળજ્ઞાન પ્રગટ કરી લીધું. મુનિરાજને ધ્યાનમાં લીન થયા બાદ ૫૬ દિવસે કેવળજ્ઞાન થયું. કેવળજ્ઞાન થતાં જ ઈન્દ્રનું ઈન્દ્રાસન કંપાયમાન થયું. તેણે અવધિજ્ઞાનથી ભગવાનને કેવળજ્ઞાન થયું જાણી સાત ડગ ચાલી પરોક્ષ પ્રણામ કર્યા. ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે ભવ્ય સમવસરણની રચના કરી.

ભગવાનના કેવળજ્ઞાનના સમાચાર સાંભળી દ્વારિકાથી તથા જૂનાગઢથી બધા ભવ્ય જીવો સમવસરણમાં આવી પહોંચ્યા. રાજુલ પણ પાંચ હજાર સ્ત્રીઓ સાથે સમવસરણમાં આવીને ભગવાનને નમસ્કાર કરીને દીક્ષિત થઈ ગઈ અને બધી આર્યિકાઓમાં મુખ્ય બની ગઈ. ત્યારબાદ શ્રી વરદત્ત ગણધરના પ્રશ્ન પૂછવાથી જિનભગવાનની મધુર વાણી છૂટી. જેમાં ચાર અનુયોગ, બાર અંગ, રત્નત્રય અને સાતે તત્ત્વોનું સ્વરૂપ તથા તેનો સાર આવ્યો. વાણીરૂપી અમૃત પીને ભવ્ય જીવો ધન્ય બન્યા. ત્યારબાદ ભગવાને ઘણા દેશોમાં વિહાર કર્યો. જ્યાં જ્યાં ભગવાનનું સમવસરણ લાગતું ત્યાં ત્યાં ભગવાન કલ્યાણકારી ઉપદેશ દેતા હતા. બધા દેશોમાં વિહાર કરીને ભગવાન પાછા રૈવતક પર્વત પર આવ્યા.

ભગવાનનું સમવસરણ આવ્યાના સમાચાર સાંભળી ફરી શ્રીકૃષ્ણ નારાયણ તેમજ બીજા બધા રાજાઓ દિવ્યધ્વનિ–તત્ત્વનું સ્વરૂપ સાંભળવા પહોંચી ગયા. ભગવાનના મુખથી ત્રેસઠ શલાકા પુરુષોનું વર્ણન સાંભળીને બધા જીવોના ચિત્ત ઉપર વૈરાગ્ય છવાઈ ગયો. તે વખતે સમવસરણમાં શ્રીકૃષ્ણના ભાઈ ગજસુકુમાર પણ હતા. તેમને એવો વૈરાગ્ય થયો કે તત્કાલ ભગવાન પાસે દીક્ષા લઈ લીધી તથા સ્મશાનમાં ચાલ્યા ગયા. સોમશર્મા નામનો બ્રાહ્મણ તેમનો સસરો હતો. તેને જ્યારે ખબર પડી કે ગજસુકુમારે દીક્ષા લઈ લીધી છે ત્યારે તે તેમની પાસે ગયો અને ગજમુનિરાજને સમજાવવા લાગ્યો કે દીક્ષા છોડી દો. ગજસુકુમાર તો પોતાના ધ્યાનમાં લીન થઈ ગયા હતા. સોમશર્માને તેની પુત્રીના મોહે અંધ કરી દીધો. પોતાની વાત ન માનવાથી સોમશર્માને ખૂબ ક્રોધ થયો. તેથી તેણે મુનિરાજના માથા ઉપર માટીની પાળ બાંધી સગડી બનાવીને તેમાં સળગતા અંગારા–કોલસા નાખ્યા પણ, મુનિરાજ તો પોતાના ધ્યાનમાં મસ્ત હતા. તેમને શરીરમાં ઉપયોગ ન હોવાથી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું.

ગજસુકુમાર મુનિશ્વરને કેવળજ્ઞાન થતાં નેમિનાથ ભગવાનના સમવસરણમાંથી દેવો જયધ્વનિ કરતાં ચાલવા લાગ્યા. તે જોઈને શ્રીકૃષ્ણજીએ ભગવાનને પૂછ્યું કે હે ભગવાન! અચાનક આ બધા દેવો ક્યાં જઈ રહ્યા છે? ત્યારે ભગવાનની વાણીમાં આવ્યું કે ગજસુકુમાર મુનિરાજને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોવાથી બધા દેવો ત્યાં જઈ રહ્યા છે. ઉત્તર સાંભળીને બધાને ઘણું આશ્ચર્ય થયું. શ્રીકૃષ્ણ પણ વિચારવા લાગ્યા કે આ સંસાર અસાર છે કેમ કે જેટલા શલાકા પુરુષો છે તેમને નષ્ટ થતાં સાંભળ્યા છે.

ત્યારબાદ બળભદ્રજીએ પૂછ્યું કે હે નાથ! જે પદાર્થ અનાદિ છે તે તો અકૃત્રિમ છે, તેથી તેનો ક્યારે પણ નાશ નથી થતો. પરંતુ જે પદાર્થ ઉત્પન્ન થાય છે તેનો અવશ્ય નાશ થાય છે. તેથી દ્વારિકાનો નાશ ક્યારે અને કેવી રીતે થશે? તથા શ્રીકૃષ્ણનું મૃત્યુ કેવી રીતે થશે? ઉત્તરમાં નેમિનાથ ભગવાને કહ્યું કે આ દ્વારિકા નગરી બાર વર્ષ પછી દ્વિપાયન મુનિના કોપથી નષ્ટ થશે તથા મદ્ય (શરાબ) નિમિત્ત થશે. કૌશાંબીવનમાં સૂતેલા શ્રીકૃષ્ણનું જરત્કુમારના બાણ વડે મૃત્યુ થશે. આ સાંભળીને બધા લોકો આકુલિત થઈ ગયા. કેટલાક લોકો નગર છોડી જતાં રહ્યા તથા કેટલાક લોકોએ વૈરાગ્યથી દીક્ષા લઈ લીધી.

પોતાના નિમિત્તે દ્વારિકાનો નાશ ન થાય તે માટે દ્વિપાયન મુનિ બમણા વૈરાગ્યથી વિદેશ જતાં રહ્યા. પણ જે થવાનું છે તે જ ભગવાને જોયું છે અને તે જ ભગવાને કહ્યું છે, તેને ટાળવા કે બદલવા ઈન્દ્ર-નરેન્દ્ર કે ખુદ જિનેન્દ્ર પણ સમર્થ નથી. જરત્કુમાર પણ, પોતાના હાથે ત્રણ ખંડના ધણી પોતાના ભાઈનું મૃત્યુ ન થાય તે માટે નગર છોડીને જંગલમાં જતાં રહ્યા. બધાએ તેમને ખૂબ રોક્યા પણ તે ન માન્યા.

**અહીં વિચારણીય વાત એ છે કે શું દ્વિપાયન મુનિને તથા જરત્કુમારને સર્વજ્ઞની વાણીમાં શ્રદ્ધા ન હતી? જો શ્રદ્ધા હતી તો દ્વારિકાનો નાશ થતો અટકાવવા દ્વિપાયન મુનિ દૂર દેશાવર કેમ જતાં રહ્યા અને શ્રીકૃષ્ણના મૃત્યુનું નિમિત્ત ન બનવા જરત્કુમારે રાજ્ય કેમ છોડી દીધું? અને જો શ્રદ્ધા ન હતી તો પછી પોતે જ્યાં હતા, જેમ હતા, ત્યાં કેમ ન રહ્યા?**

**અરે ભાઈ! તે બન્નેને ભગવાનની વાણીમાં પાકી શ્રદ્ધા હતી. તેઓને પૂરેપૂરી શ્રદ્ધા હતી કે ભગવાને જે કહ્યું છે તે તેઓએ કેવળજ્ઞાનમાં વર્તમાનવત્ જોયું છે અને વર્તમાનવત્ પરિણમતું જે જોયું છે તે જ દિવ્યધ્વનિમાં આવ્યું છે. આટલી શ્રદ્ધા હોવા છતાં તે બન્નેએ પોતાના મોહવશ 'આવું ન બને તો સારું'–એવા ભાવથી આવી પ્રવૃત્તિ કરેલી. દૂર દેશોમાં જતાં રહેવું ને રાજ્ય છોડવું એ તેમના મોહજન્ય વિકલ્પનું કાર્ય હતું; અને આવો વિકલ્પ એટલે જ આવ્યો કે 'સર્વજ્ઞે દીઠું છે તેમ જ થશે' એવી દૃઢ શ્રદ્ધા હતી; નહીં તો–શ્રદ્ધા ન હોત તો–આવો વિકલ્પ જ ન કરત! જ્યાં જેમ હતા ત્યાં તેમ જ રહેત!**

**આ પ્રસંગથી એક બીજી વાત બહુ સ્પષ્ટ થાય છે કે ''ભગવાને દીઠું છે તેમ જ થશે**

**પણ આપણને ક્યાં ખબર છે કે શું દીઠું છે? માટે આપણે તો પુરુષાર્થ જ કરવાનો ને!'' તેવા સંદેહનો આ પ્રસંગમાં ઉકેલ સમાયેલો છે કે ભગવાને શું દીઠું છે તે જાણ્યા પછી પણ તે કાર્ય બનીને જ રહે તેવો પુરુષાર્થ થવાનો એટલે કે ભગવાને જે દીઠું છે તે જાણીને જો તે બન્ને વૈરાગ્યથી જ્યાં હતા ત્યાં તેમ જ રહ્યા હોત તો? તો ન દ્વારિકા બળેત કે ન શ્રીકૃષ્ણનું મૃત્યુ થાત! પરંતુ, ભગવાને શું દીઠું છે તે જાણીને પણ તેઓએ એવો જ પ્રયત્ન કર્યો કે જેથી તે કાર્ય બનીને જ રહે. અર્થાત્ ભવિષ્યની કઈ પર્યાય થવાની છે તેનું વર્તમાનમાં જાણપણું હોય કે ન હોય પરંતુ જીવની ક્રમબદ્ધતા અનુસાર જ જીવનો પુરુષાર્થ હોય છે, ભલે અજ્ઞાનથી જીવ એમ ભ્રમમાં રહે કે હું મારા ધાર્યા પ્રમાણે પુરુષાર્થ કરી શકું છું.**

**''જીવની જેવી ભવિતવ્યતા અર્થાત્ પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવી જ તેની બુદ્ધિ હોય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને તેને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે''.**

**તેથી જ કહ્યું છે કે—**

**''જબ જિસકા જિસમેં જિસ થલમેં જિસ વિધિસે હોના જો કાર્ય,**
**તબ ઉસકા ઉસમેં ઉસ થલમેં ઉસ વિધિસે હોતા વહ કાર્ય;**
**અતઃ નહીં મેં પરકા કરતા ઔર ન પરમેં મેરા કાર્ય,**
**સહજ સ્વયં નિજ ક્રમસે હોતી હૈ મુજમેં મેરી પર્યાય.''**

એક દિવસ શ્રીકૃષ્ણ સભામાં બેઠા હતા ત્યારે પ્રદ્યુમ્નકુમાર સભામાં આવ્યા અને પિતાને નમસ્કાર કરીને યોગ્ય આસન ગ્રહણ કરીને બેઠા. તે સમયે તેનું મન વિષયવાસનાઓથી વિરક્ત થઈ ગયું હતું. થોડીવાર પછી ચાલતા વિષયનો અંત આવતા કુમારે મુશ્કેલીથી પણ ન છોડી શકાય તેવા મોહને છોડીને બે હાથ જોડીને કહ્યું કે હે પિતા! આપના પ્રસાદથી મેં બધી જ ભોગસામગ્રી મેળવી તથા ભોગવી છે. પરંતુ ભોગવીને જાણી લીધું કે કોઈપણ વસ્તુ શાશ્વત રહેવાવાળી નથી. હે પ્રભુ! સંસારની સ્થિતિ નિત્યતારહિત અર્થાત્ ક્ષણભંગુર છે. તેથી પ્રસન્ન થાવ અને આજ્ઞા આપો કે જેથી આપની કૃપાથી હું મોક્ષસુખની પ્રાપ્તિ માટે કે જે સદા શાશ્વત છે તેના માટે ઉપાય કરું. આ સમસ્ત સંસાર અસાર અને દુઃખદાયક છે માટે હે પિતા! હું સંસારભ્રમણનો નાશ કરવાવાળી જિનદીક્ષા લેવા ચાહું છું.

પ્રદ્યુમ્નકુમારના વચનો સાંભળીને બધા યાદવો દુઃખી થઈ ગયા. મોહથી વશ થયેલા વડીલોએ કહ્યું કે હે બેટા! આજે તું આટલો કઠોર કેમ થઈ ગયો છે? સંયમ ધારણ કરવાનો આ સમય નથી. તું હજી યુવાન અને રૂપવાન હોવાથી ભોગ ભોગવવા યોગ્ય છે. જોકે શ્રીકૃષ્ણ જાણતાં હતા કે ભગવાનના વચનોમાં જરાય પણ ફેર થતો નથી તેમ છતાં તેમણે મોહને વશ કુમારને કહ્યું કે દ્વારિકા વિષે ભગવાને જે કહ્યું તે થશે કે નહીં તે કોણે જોયું છે, તું ડર નહીં.

પોતાના બંધુઓને મોહને વશ જાણીને કુમારે કહ્યું કે હે પૂજ્ય પુરુષો! કેવળી ભગવાનના વચન ક્યારે પણ અન્યથા ન થઈ શકે. વળી, હું જરા પણ ભયભીત નથી. આખી પૃથ્વીમાં મને કોઈનો પણ ભય નથી. **જીવધારીઓને પોતાના જૂના બાંધેલા કર્મો સિવાય બીજો કોઈ ડર નથી. સંસારમાં ન કોઈ બંધુ છે તથા ન કોઈ શત્રુ છે, ન કોઈ કોઈને સુખ-દુઃખ આપી શકે છે અને ન કોઈ કોઈથી સુખ-દુઃખ લઈ શકે છે. આ અસાર સંસારમાં જીવ અનાદિ નિધન છે. અગણિત ભવોમાં જીવના અગણિત બંધુ થયા છે, તો બતાવો ક્યા ક્યા બંધુઓથી સ્નેહ રાખવો?** આમ વિચારી આપ શોક તજો. શોક મહા દુઃખકારી છે.

કુમારના આવા વચન સાંભળી શ્રીકૃષ્ણનું હૃદય ભરાઈ ગયું. તેને દુઃખી જોઈને કુમારે કહ્યું કે હે તાત! તમે શું શોક કરો છો? તમે તો બધાને ઉપદેશ દેવાવાળા છો! શું સૂર્યને દીપક દેખાડવાની જરૂર છે? શું તમે નથી જાણતાં કે મૃત્યુ આયુના અંતમાં બધાનું ભક્ષણ કરી જાય છે? **મૃત્યુ ન બાળકને છોડે છે ન કુમારને, ન વિદ્વાનને જોવે છે કે ન મૂર્ખને, ન રુપવાનને છોડે છે કે ન કુરુપને બચાવે છે. તો પછી શું હું યુવાન છું, ગુણવાન છું, ભોગ ભોગવવા યોગ્ય છું તેથી મૃત્યુ મને છોડી દેશે?** આ રીતે વૈરાગ્યપ્રેરક વચનોથી પિતાને સમજાવીને તથા શંબુકુમારને પોતાના પદ પર સ્થાપીને કુમાર પોતાના મહેલમાં ગયા.

માતાને નમસ્કાર કરીને કુમારે કહ્યું કે હે માતા! બાલ્યાવસ્થાથી લઈને અત્યારસુધી મેં જે કાંઈ ભૂલો કરી હોય તે ક્ષમા કરો. હું તમારો બાળક છું. હું હવે દિગંબરી દીક્ષા ગ્રહણ કરવા જાવ છું કે જે સંપૂર્ણ કર્મરૂપી તણખલાના સમૂહનો નાશ કરવા માટે દાવાનળ સમાન છે, શીલાદિ મોટા મોટા રત્નોનો રત્નાકર છે, ગુણોનું મંદિર છે, જે પૂર્વ–પુરુષોએ વનમાં જઈને ગ્રહણ કરી છે. હે માતા! આ વિષયમાં તારે મને રોકવો ન જોઈએ. પુત્રના વચનો સાંભળીને રુક્મણી ખૂબ જ દુઃખી થઈ, તેણે પુત્રને દીક્ષા ન ગ્રહણ કરવા ઘણું સમજાવ્યું. માતાને શોકાકુલિત જોઈને કુમારે કહ્યું કે **હે માતા! તું સંસારના સ્વરૂપને નિત્ય સ્થાયી સમજી રહી છે, પણ એ નથી જાણતી કે જીવધારી એકલો ઉત્પન્ન થાય છે અને એકલો જ મરે છે, એકલો જ કર્મ બાંધે છે અને એકલો જ તેનું ફળ ભોગવે છે. તેથી જે વિવેકી છે તેણે ક્યારે પણ શોક ન કરવો જોઈએ. જીવને ચારે ગતિમાં દુઃખ આપનાર મોહ જ છે. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી અધિકાધિક દુઃખ છે. જન્મની સાથે મરણ રહેલું જ છે જે વિષસમાન દુઃખદાયી છે. વિવેકી જીવ આ મોહને છોડીને સુકૃત કરવાનો પ્રયત્ન કરે છે, તેને જે રોકે છે તે શત્રુ છે; તેમાં કોઈ સંદેહ નથી!** આમ સમજીને મને દીક્ષા લેવાની આજ્ઞા આપો.

પુત્રના વચન સાંભળી રુક્મણીનો મોહ દૂર થઈ ગયો. વિષયોનું પરિણામ સમજીને કહ્યું કે હે પુત્ર! હું પુત્ર અને પુત્રવધૂના મોહથી મોહિત થઈ રહી હતી. તેં મને પ્રતિબોધિત કરી. હે ગુણધર! આ વિષયમાં તું મારા ગુરુ સમાન છે. **બેટા! જેવી રીતે સૂકા પાનનો સમૂહ હવા**

**લાગવાથી ઊડી જાય છે તેવી જ રીતે કુટુંબીજનોનો સંયોગ છે. જેમ વાદળોનો સમૂહ આકાશમાં દેખાય છે અને થોડીવારમાં જ હવાના પ્રભાવથી નષ્ટ થઈ જાય છે, તેમ સંપત્તિ પણ વાત-વાતમાં જ નષ્ટ થાય છે. એક તપ અને સંયમ જ સંસારમાં ધ્રુવ છે. વિષયોની પ્રીતિ અવશ્ય નાશ થવાની છે. સુખની સાથે દુઃખ રહેલું જ છે. વિષયભોગ વિષસમાન પરિપાક સમયમાં દુઃખ દેવાવાળા છે. જો સંસારના વિષયમાં કાંઈપણ સાર હોત તો શલાકા પુરુષો તેને શા માટે છોડત! અને મોક્ષ માટે શું કામ પ્રયત્ન કરત! આ રીતે સંસારની અનિત્યતા અને અસારતા જાણીને તારે મોક્ષનું શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટે જ પ્રયત્ન કરવો જોઈએ.** સન્માર્ગના આચરણમાં રક્ત અને કૃત્રિમ-ક્ષણસ્થાયી સુખોથી વિરક્ત એવા તને હું રોકી પણ નથી શકતી. પરંતુ હું પોતે જ સ્નેહ-મોહને છોડીને તપોવનમાં પ્રવેશ કરું છું–દીક્ષા ધારણ કરું છું કે જે સંસારરૂપી સમુદ્ર પાર કરવા માટે જહાજ સમાન છે. હે પુત્ર! આટલા સમયથી હું જે સુખમાં લવલીન થઈને ઘરમાં રહેતી હતી તે કેવળ તારા મોહથી જ રહેતી હતી.

માતાના વચન સાંભળી કુમાર અત્યંત પ્રસન્ન થયો. તેણે પોતાની બધી રાણીઓને બોલાવીને કહ્યું કે હે સ્ત્રીઓ! આ જીવ દુઃખથી ભરેલા સંસારમાં ચિરકાળ સુધી ભ્રમણ કરીને કોઈ પ્રકારે દૈવયોગથી મનુષ્ય જન્મ મેળવે છે. તેમાં પણ ઉચ્ચ કુળમાં જન્મ મેળવવો તો ખૂબ મુશ્કેલ છે. સુકુળમાં જન્મ મળવા છતાં પણ રાજ્ય તથા ધનવૈભવ મેળવવું તો અતિ મુશ્કેલ છે. સંસારમાં જે કાંઈ દુર્લભ હતું તે તો હું મેળવી ચૂક્યો છું. હવે મારું જે યથાર્થ કર્તવ્ય છે મોક્ષસુખ પ્રાપ્ત કરવાનું તે માટે જિનદીક્ષા ગ્રહણ કરું છું. આ જીવ સ્ત્રી માટે એવું ક્યું કાર્ય છે કે જે નથી કરતો? નિરંતર વિષયોમાં વિહ્વળ રહીને અંતમાં તે મૃત્યુના મુખમાં જઈ પડે છે. તમારા બધાની સાથે મેં નિરંતર અનેક પ્રકારના ભોગ ભોગવ્યા છતાં પણ તેનાથી તૃપ્તિ નથી થઈ. આવી અવસ્થામાં કે જ્યારે વિષયભોગોથી તૃપ્તિ જ નથી થતી, વધારે વધારે અભિલાષા વધે છે, હું ઘરમાં શા માટે રહું? હવે હું જિનદીક્ષા ધારણ કરવા તપોવનમાં જવા ચાહું છું તેથી તમારે બધાએ ક્ષમાભાવ ધારણ કરવો જોઈએ. પતિના વચન સાંભળી તેમની બધી સ્ત્રીઓએ કહ્યું કે હે નાથ! તમે જ અમારું શરણ છો, તમે જ અમારા આશ્રયદાતા છો, તમે જ રક્ષક છો! જો તમે આ ગૃહવાસનો ત્યાગ કરી દીક્ષા લેવા ચાહતા હો તો અમે પણ તમારી સાથે વનમાં આવીને આર્યિકાઓના વ્રત ધારણ કરીશું. તમે ખુશીથી દીક્ષા ધારણ કરો.

આ પ્રમાણે બધાથી ક્ષમા યાચના કરીને કુમાર હાથી ઉપર આરુઢ થઈને ગિરનાર પર્વત ઉપર પહોંચ્યા. ત્યાં દૂરથી જ સમવસરણને જોતાં જ હાથી પરથી ઉતરીને રાજ્યની વિભૂતિ છોડી દીધી. પૂર્વમાં પ્રાપ્ત કરેલા સોળ લાભો પણ ત્યાગ્યા અને વિદ્યાઓને છોડતાં સમયે તેની ક્ષમા માગી. સમવસરણમાં જઈને કુમારે ભગવાન શ્રી નેમિનાથની સાક્ષીમાં દીક્ષા લીધી. આ જોઈને વૈરાગ્યના રંગમાં રંગાયેલા ભાનુકુમારે પણ દીક્ષા લીધી. તેમની સાથે સત્યભામા, રુક્મણી, જાંબુવતી આદિ તથા પ્રદ્યુમ્નકુમારની સ્ત્રીઓએ આર્યિકાના વ્રત ગ્રહણ કર્યા.

પ્રદ્યુમ્નમુનિને વૈરાગ્યથી વિભૂષિત તપરૂપ લક્ષ્મીથી શોભિત અને ઘોર તપશ્ચર્યા કરતાં જોઈને શ્રીકૃષ્ણ, બળદેવ આદિ મોહને વશ દુ:ખી થઈને દ્વારિકા આવ્યા અને પોતાના રાજકાજમાં લાગી ગયા. આ બાજુ, પ્રદ્યુમ્નમુનિ કઠિન તપ કરવા લાગ્યા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સંયુક્ત દેવ-શાસ્ત્ર-ગુરુની ત્રિધા ભક્તિ કરતાં તેમણે અનેક લબ્ધિ પ્રાપ્ત કરી. કામ, ક્રોધાદિ કષાયોને તેમણે સર્વથા નષ્ટ કરી દીધા હતા. વિષયોથી તે સર્વથા નિસ્પૃહ હતા. પ્રદ્યુમ્નમુનિએ જેવું તપ કર્યું તેનું વર્ણન કરી શકાય તેમ નથી. ગિરનાર ઉપરથી અગિયારમાં દિવસે જ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી એક આસનમાં સ્થિર થઈ ધ્યાન લગાવી ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પ્રદ્યુમ્નમુનિને કેવળજ્ઞાન થતાં જ ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે ગંધકુટિની રચના કરી. ભવનત્રિક દેવો ભગવાન પાસે આવી પહોંચ્યા. વિદ્યાધર આદિ રાજાઓ પણ તેમના દર્શન કરવા આવી ગયા.

શ્રીકૃષ્ણ પણ પોતાના પુત્ર પરિવાર સહિત ભગવાનના દર્શન કરવા આવી પહોંચ્યા. તેમણે ભગવાનની ભક્તિ, પૂજા કરીને ધર્મોપદેશનો લાભ લીધો. પ્રદ્યુમ્ન કેવળી અનેક દેવો તથા રાજાઓથી ઘેરાયેલા હતા. ત્યારબાદ, પ્રદ્યુમ્નકેવળી પણ નેમિનાથ ભગવાન સાથે વિહાર કરવા લાગ્યા. નેમિનાથ ભગવાનની સાથે શ્રી રુક્મણી આર્યિકા તેમજ તેમની પુત્રવધૂઓ જે હતી તે બધી આર્યિકાઓ પણ દેશોદેશમાં વિહાર કરવા લાગી. ગિરનાર પરથી વિહાર કરીને પલ્લવ દેશમાં પહોંચ્યા.

આ સમયે એક બીજી ઘટના બને છે. દ્વિપાયન મુનિ કે જે દ્વારિકાને બચાવવા અન્ય દેશમાં ગયા હતા, તે બાર વર્ષ પૂરા થયા સમજીને દ્વારિકા જોવાની ઈચ્છાથી પાછા આવ્યા. પણ તેમની ગણતરીમાં ભૂલ થવાથી (કદાચ અધિક માસની ગણતરી કરતા ભૂલી ગયા હતા) બાર વર્ષમાં થોડો સમય બાકી હતો અને આવી ગયા. ઉનાળાનો સમય હતો. દ્વિપાયન મુનિ નગરની બહાર એક શિલા ઉપર બેસી ગયા. દૈવયોગથી શંબુકુમાર, સુભાનુકુમાર આદિ મિત્રો સહિત ગિરનાર પર્વત પર ક્રીડા કરવા ગયા હતા. ગરમીને કારણે તરસ લાગવાથી તેમણે ખાડામાં ભરાયેલું પાણી પીધું કે જેમાં શરાબ ભળેલી હતી (દ્વારિકાના નાશમાં શરાબ નિમિત્ત બનવાની હોવાથી શ્રીકૃષ્ણની આજ્ઞાથી તે બધી શરાબ જંગલમાં ફેંકાવી દીધી હતી તે વરસાદના પાણી સાથે ભળીને એક ખાડામાં પડી વધારે સડી ગઈ હતી).

તે શરાબવાળું પાણી પીતાં જ તેમને નશો થઈ ગયો. તેઓ જેમ તેમ બકવાદ કરતાં કરતાં દ્વારિકા તરફ આવતાં હતા ત્યારે રસ્તામાં એક શિલા ઉપર દ્વિપાયન મુનિને બેઠા જોયા. મુનિરાજને જોતાં જ તે ઓળખી ગયા કે આ મુનિના હાથે જ દ્વારિકાનો નાશ થવાનો છે, તેથી તેઓએ મુનિરાજને મારી નાખવાનું નક્કી કર્યુ કે જેથી દ્વારિકાને નુકશાન ન થાય. આમ, વિચારી ગાળો બોલતા પત્થર મારવાનું ચાલુ કર્યું. ત્યાં સુધી પત્થર માર્યા કે જ્યાં સુધી મુનિરાજ પડી

ન ગયા. આટલો ઉપસર્ગ કરવા છતાં મુનિરાજે ક્રોધ ન કર્યો. કુમારોને આટલાથી પણ સંતોષ ન થવાથી ચાંડાળો પાસે મુનિરાજ ઉપર પેશાબ કરાવ્યો. મુનિરાજ આ સહન ન કરી શક્યા અને ખૂબ ક્રોધિત થઈ ગયા. કુમારો તો આવી હાલતમાં મુનિરાજને છોડીને આવી ગયા.

શ્રીકૃષ્ણને આ સમાચાર મળતાં જ તેઓ બળભદ્રની સાથે તરત જ એ જગ્યાએ પહોંચ્યા જ્યાં દ્વિપાયન મુનિ પડેલા હતા. બંને ભાઈઓએ ખૂબ ભક્તિથી મુનિરાજને બેસાડ્યા અને નમસ્કાર કરી કહ્યું કે હે ભગવાન! અમારાથી જે કાંઈ ભૂલ થઈ ગઈ છે તે ક્ષમા કરો. તમે ક્ષમા ધારણ કરવાવાળા યોગીન્દ્ર છો. તેથી હે પ્રભુ! આ મૂર્ખ બાળકોની ક્ષુદ્ર ક્રિયા માફ કરો. ત્યારે મુનિરાજે બે આંગળીના ઈશારાથી કહ્યું કે તમે બે ભાઈઓ (શ્રીકૃષ્ણ-બળભદ્ર) સિવાય આખી દ્વારિકામાંથી કોઈ નહીં બચે. તે બે આંગળીનાં ઈશારો સમજીને બંને ભાઈઓ તરત જ નગરીમાં ગયા અને જાહેરાત કરાવી દીધી કે જે લોકો નગર છોડીને અણુવ્રત કે મહાવ્રત કરવા ઈચ્છે તે જઈ શકે છે. અહીં જે રહેશે તે નિશ્ચયથી મરશે.

આ જાહેરાત સાંભળતાં જ શંબુકુમાર, સુભાનુકુમાર અને પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ પ્રતિબોધિત થઈ ગયા. તેઓ તરત જ નેમિનાથ ભગવાનને પરોક્ષ નમસ્કાર કરી ગિરનાર પર્વત પર જઈને દીક્ષા લઈને ધ્યાનમાં બેસી ગયા. ત્યારબાદ દ્વિપાયન મુનિના શરીરમાંથી અશુભ તૈજસ શરીર નીકળીને દ્વારિકાને ભસ્મ કરે છે તથા જંગલમાં જતા શ્રીકૃષ્ણનું પણ જરત્કુમારના હાથે તીર વાગવાથી મૃત્યુ થાય છે. (આ વિષયનો વિસ્તાર હરિવંશપુરાણમાંથી જાણવો.)

**જુઓ પર્યાયની ક્રમબદ્ધતા! અનંતા કેવળીઓએ અનંત અનંત કાળ પહેલાં દ્વારિકાનો નાશ જે નિશ્ચિત હતો તે જોયો હતો, તે જ શ્રી નેમિનાથ ભગવાને બાર વર્ષ પહેલાં પોતાની વાણી દ્વારા કહેલું અને તે જ આજે બાર વર્ષ પછી દ્વારિકાનો દ્વિપાયન મુનિના હાથે નાશ થયો, તેમ જ શ્રીકૃષ્ણનું જરત્કુમારના હાથે મૃત્યુ થયું.**

**જુઓ, દ્વારિકાનો નાશ ન થાય તેમ વિચારી દ્વિપાયન મુનિ દેશ છોડીને ચાલ્યા ભગવાનની વાણી ખોટી પાડવા!! જરત્કુમાર પણ ભગવાનની વાણીને ખોટી પાડવા-પર્યાયની ક્રમબદ્ધતાને બદલવા માટે દેશ છોડીને જંગલમાં જતાં રહ્યા તેમ છતાં, જે પર્યાયની ક્રમબદ્ધતાને બદલવા-તોડવા ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ સમર્થ નથી તેને તેઓ કઈ રીતે બદલી શકે!**

**જુઓ, શ્રીકૃષ્ણની પર્યાયની તત્‌સમયની યોગ્યતા–પર્યાયની ક્રમબદ્ધતા! દ્વારિકાના નાશના સમાચાર સાંભળી સંસારની અસારતાનો ખ્યાલ આવતાં પ્રદ્યુમ્નકુમારે દીક્ષા લઈ લીધી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું! જ્યારે, શ્રીકૃષ્ણને દીક્ષાના ભાવ તો ન થયા પણ વ્રત અંગીકાર કરવાના પણ ભાવ ન થયા, કેમ કે જો શ્રીકૃષ્ણ દીક્ષા ધારણ કરે કે વ્રત અંગીકાર કરે તો તેને ઉર્ધ્વગતિમાં જવું પડે! પણ અનંતકાળ પહેલાંથી જ તેનું નરકમાં જવાનું તો નિશ્ચિત હતું, તેથી તે પર્યાયની ક્રમબદ્ધતાને બદલવા શ્રીકૃષ્ણ પણ સમર્થ ન હતા.**

**આ પ્રસંગ ઉપરથી ક્રમબદ્ધતા સચોટ સમજી શકાય છે કે જીવ પોતાની તે સમયની થવાયોગ્ય વર્તમાન પર્યાયને—રાગની વિકારી પર્યાયને તે સમયે ફેરવીને વીતરાગી પર્યાય કરવા સમર્થ નથી! પર્યાયની ક્રમબદ્ધતાનો આ સિદ્ધાંત યથાર્થદ્રષ્ટિમાં બેસતાં જીવ પરદ્રવ્યથી માંડી પોતાની પર્યાયનો પણ અકર્તા—જ્ઞાતા થઈ જાય છે. અકર્તા-જ્ઞાતા પોતાના સ્વભાવના આશ્રયે જ થઈ શકાય છે અને સ્વભાવનો આશ્રય લેવા જતાં ઉપયોગ અંતર્મુખ વળે છે અને નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. આ રીતે વિકારી પર્યાયનો નાશ થઈ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે.**

ત્યારબાદ શ્રી શંબુકુમાર આદિ ત્રણે કુમાર-મુનિરાજ ધ્યાનમાં લીન હતા. થોડા સમય બાદ શ્રી નેમિનાથ ભગવાન ફરી ગિરનાર પર પધાર્યા. ત્રણે રાજપુત્રોએ ભગવાનની સાક્ષીમાં ફરી દીક્ષા લીધી. અમુક વર્ષ થતાં ત્રણે મુનિરાજે ચાર ઘાતિકર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ શ્રી નેમિનાથ ભગવાન અનેક દેશોમાં વિહાર કરી ભવ્યોને અમૃતપાન કરાવીને ફરી એકવાર ગિરનાર ઉપર આવ્યા અને ત્યાંથી મોક્ષમાં બિરાજમાન થયા. તેમની સાથે પ્રદ્યુમ્નકુમાર આદિ પણ મોક્ષમાં બિરાજમાન થયા.

ન હું નિર્મળ વ્યાકરણશાસ્ત્રને જાણું છું, ન કાવ્ય જાણું છું, ન તર્ક આદિ જાણું છું અને ન અલંકાર આદિ ગુણોથી અલંકૃત છંદ જાણું છું. મેં આ પવિત્ર ચરિત્રનો અનુવાદ કોઈપણ પ્રકારની કીર્તિ આદિની વાંછા અથવા માનને વશ નથી કર્યો પરંતુ પાપોનો નાશ કરવા માટે કર્યો છે. જે વિશુદ્ધ બુદ્ધિવાળા છે, શાસ્ત્રોના પાર પહોંચેલાં છે, પરોપકાર કરવામાં કુશળ છે, પાપથી રહિત છે અને ભવ્ય છે તેમણે, મારા-મંદબુદ્ધિ દ્વારા કરાયેલા આ પવિત્ર ચરિત્રનો અનુવાદ સંશોધન કરીને પૃથ્વી પર પ્રચાર કરવો—એવી નિર્મળ ભાવના સહ—

—અનુવાદક

## 卐 અધિકારના બહાને કર્તૃત્વની ભૂલ ન કર 卐

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અસર-મદદ-પ્રેરણા કે ઉપકાર કાંઈ જ કરવા સમર્થ નથી. બે દ્રવ્યોની વચ્ચે વજ્રની દિવાલ ઊભી છે. આવી વસ્તુની સ્થિતિ છે. આમ, બે દ્રવ્યની ભિન્નતાની પાકી શ્રદ્ધાવાળા સમ્યગ્દ્રષ્ટિઓ છે, છતાં તેમને પણ બીજા દ્રવ્યોથી કામ લેવાના વિકલ્પો ઊઠે છે અને બીજા દ્રવ્યોથી કામ લેતાં દેખાય છે. જેમકે—ભગવાનનો જન્મ થવાનો હોય તે નગરીને કુબેર સોનાની બનાવે છે, રત્નોનો વરસાદ કરે છે, અદ્ભુત સમવસરણની રચના કરે છે, એવા અનેક અનેક પરદ્રવ્યોના કાર્યો કરે છે; તો આમાં બે દ્રવ્યોની ભિન્નતાની શ્રદ્ધા ક્યાં રહી? ભાઈ! તેમને બે દ્રવ્યોની ભિન્નતાની શ્રદ્ધાને જરાય આંચ નથી આવતી. બીજા દ્રવ્યોને કરવાના વિકલ્પો તે તે ભૂમિકાને યોગ્ય આવે છે અને પુણ્યનો યોગ હોય તો તે કાર્યો થતાં પણ દેખાય છે, તેમાં જ્ઞાની સમજે છે કે આ બધું તો પુદ્ગલો જ તેની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, મારા વિકલ્પનું જરાય કાર્ય નથી–તેમ સમજી સદાય જ્ઞાતાદ્રષ્ટા જ રહે છે અને આ જ સમ્યગ્દ્રષ્ટિના શ્રદ્ધા-જ્ઞાનની લીલા છે. હવે, આ જ વાતને દ્રષ્ટાંતરૂપે લઈને મૂળ સિદ્ધાંત સર્વજ્ઞનો સમજવો છે. ભવ્યજીવ પોતાના સંસાર અને મોક્ષના પરિણામને સર્વજ્ઞ જાણે છે તે પ્રમાણે જ થવાનું જાણે છે તો પોતે પોતાના સંસાર-પરિણામને વહેલાં મટાડી સમ્યગ્દર્શન કરી શકે કે ન કરી શકે? જો વહેલાં ન કરી શકાય તો મારે મારા પરિમાણ સુધારવાનો અધિકાર રહેતો નથી—એ વાત મને ખટકે છે. તેથી મારી સમજ અનુસાર પુરુષાર્થ કરું, જેથી મારો અધિકાર જળવાય! ભાઈ! તું તારી નવી નવી સમજ અનુસાર પુરુષાર્થ કરતો જાય તેમ સર્વજ્ઞ જાણતા રહે તો સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની રહેતા નથી. માટે તું અધિકારની ઓથમાં મોટી ભૂલ કરે છે. જો તારે તારો અધિકાર સાબૂત રાખવો હોય તો તું પહેલાં જ જ્ઞાયકસ્વભાવી હોવાનો સ્વીકાર કરી જ્ઞાતા થઈ જા! પ્રથમમાં પ્રથમ જ્ઞાતાદ્રવ્ય સંભાળ! જ્ઞાયકની દ્રષ્ટિ કરતાં પરિણામ પણ સ્વભાવ-સન્મુખ સુધરવા લાગશે અને ભૂમિકા અનુસાર ભાવનાના વિકલ્પો આવશે તેનો તું જ્ઞાતા જ રહી શકીશ. જેમ બે દ્રવ્યોની ભિન્નતા થયા પછી બીજા દ્રવ્યના કાર્યોના વિકલ્પનો જ્ઞાની જ્ઞાતા રહે છે તેમ તું જ્ઞાયકની દ્રષ્ટિ કર્યા પછી શુભાશુભ વિકલ્પો આવશે તેનો સહજ જ્ઞાતા રહી શકીશ. આવી વસ્તુ કોઈ ભાગ્યશાળીને જ ભાસે છે. નવી નવી સમજ અનુસાર કર્તૃત્વપૂર્વક પુરુષાર્થ કરવા જતાં એક તો સર્વજ્ઞતા ખોટી પડે છે અને પરિણામ કરવાના લક્ષમાં કર્તૃત્વ ઘૂંટાય છે. આ ક્રમબદ્ધ સાથે સર્વજ્ઞતા સંકળાયેલ છે પણ આ કોયડો નજીક મોક્ષગામીને જલ્દી સમજાય છે.

*—સ્વ. નાગરદાસ બી. મોદી*
*(સંપાદક, ગુજરાતી આત્મધર્મ)*


દૃષ્ટિનાં નિધાન
અધ્યાત્મ ગંગા
પરમાગમ-ચિંતામણિ
સમજ
દ્રવ્યદૃષ્ટિ પ્રવેશિકા
વૈરાગ્ય વર્ષા